બોધામૃત.

નામે

(વેદાંતનું વિવેચન.)

રચનાર.

વકીલ માણેકલાલ ચુનીલાલ સુતરિયા.
બી. એ. એલ. એલ. બી.
ફેલો ઑફ ધ થીઓસોફિકલ સોસાઇટી,
સબ જજ અને સે. ક. સીટી મેજીસ્ટ્રેટ,
રતલામ.

"દેશી મિત્ર" એનજીન પ્રિન્ટીંગ પ્રેસ. સુરત.

સંવત ૧૯૬૦. સને ૧૯૦૪.

મૂલ્ય રૂા. ૦-૮-૦.

પ્રસ્તાવના

બ્રહ્મવિત્ વરીષ્ઠ રા. બ્રા. લલ્લુભાઈ ગોવર્ધનદાસજી ગયા જુલાઈ સને ૧૯૦૩ માં બદલી થઈ સુરત આવ્યા બાદ ગયા નવેમ્બર સને ૧૯૦૨ માં સમાધીનિષ્ઠ એટલે નિર્વાણ પદ પામ્યા. તે દરમ્યાન હમેશ પ્રાતઃકાળે શ્રી યોગવાશિષ્ઠનું શ્રવણ મારજીનમાં લખેલા પાંચ ગૃહસ્થો ઉપરાંત તેમના બી-જન કેટલાએક સમાગમીઓને કરાવતા હતા. એઓમાંના રા. રા. માણેકલાલ બાબુએ તે શ્રવણવેળા નોંધ કરી લીધેલી તેનું આ અમૂલ્ય બોધામૃત પુસ્તક રૂપે અધ્યાત્મિક જીજ્ઞાસુઓના લાભમાટે અને સદરહુ લલ્લુભાઈ સાહેબની એમના સમાગમીઓ અને સ્નેહીઓમાં યાદદાસ્ત કાયમ રહેવા સારૂ આ "**બોધામૃત**" પુસ્તક મારજીનમાં લખેલા પાંચ ગૃહસ્થોની સંમતિથી પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

રા. રા. હીરાલાલ નરોતમદાસ.
રા. રા. રણછોડજી કસનજી.
શા. રૂપચંદ હીરાચંદ.
શા. મોરાચંદ હેમચંદ.
રા. રા. માણેકલાલ ચુનીલાલ.

તારીખ. ૧ જાનેવારી સને ૧૯૦૪

શા. રૂપચંદ હીરાચંદ.

બોધામૃત.

તા. ૪-૮-૦૩.

૧. વૈરાગ્ય.

ભગવાં પહેરીને જંગલમાં ગયા એટલે વૈરાગ્ય પ્રાપ્ત થયો એમ નથી. પણ વિચાર યુક્ત વૈરાગ્યની જરૂર છે. નહીંતો એક પૈસાનો ગેરૂ લાવી ભગવાં વસ્ત્ર પહેરી શકાય છે. તેથી કંઇ વૈરાગ્ય પ્રાપ્ત થયો એમ નિશ્ચય થાય નહીં. ઘણા બાવા વેરાગીમાંથી વિચાર યુક્ત વૈરાગ્ય પામેલા થોડા જ જડી આવે છે. એવો વૈરાગ્ય પામવાને પ્રથમ તો વિષયોપર દોષદ્રષ્ટિ થવી જરૂરની છે. વિષયને વિષવત્ ત્યજવા જોઇએ. માણસ રાત દીવસ આ જગતના વિષયોમાં મચ્યો રહે છે. પણ વિષયો તેને છોડીને જરૂર જતા રહેવાના છે. ભર્તૃહરિ કવિનું પણ કહેવું એમજ છે કે વિષયોને માણસ જાતે સમજીને છોડતો નથી. પણ વિષયો આખરે તેને છોડી જાય છે. આવી રીતે માણસ જગતમાં અને જગતના વિષયોમાં વધારે વધારે ગું-ચવાઇને સંસાર સમુદ્રમાં ગુંગળાતો વહ્યો જાય છે. આ દેહ પુત્રાદિ ઉપર વધારે વધારે મમતા કરતો જાય છે. તેથી વૈરાગ્યથી દૂર ને દૂર રહે છે. જે દેહને પોતાનો કરીને માને છે તે દેહ અનેક વ્યાધિઓથી પકડાઈ જાય છે; વખતો વખત બદલાતો રહે છે; પોતાના પોષણને માટે આપણને ફીકરમાં નાંખે છે. અને એના જેવા અનેક દેહો થઈ ગયલા ભાસે છે અને થવાના છે એમ ભુલાવામાં નાંખે છે. અને સ્વપ્નમાં અનેક બીજા દેહો ખડા થાય છે. અને આ દેહ હમણાની નજરે જોતાં પણ નાનપણમાં હતો તે યુવા વસ્થામાં નથી. પરમાણુઓ બદલાઇ ગયલા છે. છતાં કલ્પનાથી તેવીજ આ-કૃતિનો દેખાવ છે. એવા દુઃખદાઇ દેહને માટે માણુસ કેવા કેવા શ્રમ વેઠે છે. અને એવા દેહના ઉપભોગને માટે ચક્ષુ આદિ ઇંદ્રિઓ દ્વારા વિષયોમાં મનને જોડી દેછે. પુત્ર વગેરે બીજી વસ્તુઓ સુખદાઇ ભાસે છે. પરંતુ તે પણ વિવેક વિચારે વૈરાગ્યની દ્રષ્ટિથી જોતાં મોટે ભાગે દુઃખદાઇ છે. અને

છોડીને ચાલ્યા જનારા છે. અને તે વળી વિશેષ દુઃખ આપનારા છે. પુત્ર સ્ત્રી આદિ કેવી રીતે દુઃખદાઈ છે તે પંચદશીમાં ઠીક વર્ણવેલું છે. જે આદિમાં નહીં, અંતમાં નહીં, છતાં મધ્યમાં ભાસે છે, એવા સંસાર દેહ પુત્ર આદિ વિષયોની ભ્રાંતિ અને તેમાં મનનું જોડાવું થાય છે એવી કલ્પના, ઘણા વખતના દેહાધ્યાસથી ભાસે છે. અને તે સ્થિર થઈ બેઠી હોય એમ લાગે છે. વિષયોપર દોષ દ્રષ્ટિ ઉપરાંત **અહંભાવનો અને અભિમાનનો ત્યાગ કરવો તથા આર્જવ અથવા સરળતા અને નમ્રપણું રાખવું** એ વૈરાગ્ય પ્રાપ્ત કરવાનો બીજો ઉપાય છે. મૃત્યુ સર્વ કોઇને આવવાનું ભાસે છે. મૃત્યુનો ડર કોને રહેતો નથી? કઈ વખતે તે આવશે તે ખબર નથી. મોટા દેવાંશીઓને પણ મૃત્યુએ છોડયા નથી. જો કોઇને કહીએ કે તારૂં મોત આઠ દીવસ પછી છે, અથવા તને આઠ દીવસ પછી ફાંસી દેવાના છે, તો તેને આ સંસાર કડવો ઝેર જેવો લાગે છે. તેને ખાવું પીવું ગમતું નથી. તેને રાગ રાગણી નકામા છે. મેળા તમાશા તેને સુખ આપતા નથી. તેને સુંદર બાગ તે પણ આગ લાગે છે. વૈરાગ્યપર તેનું ચિત્ત જાય છે. અને સાત દીવસમાં ભાગવત સાંભળી આત્મજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. એવું પરીક્ષિત રાજાનું દ્રષ્ટાંત શાસ્ત્રમાં મોજુદ છે. મનનો સ્વભાવ એવો છે કે જેનું તે ચિંતન કરે તેમાં તે ગુંથાઈ જાય, જડનું દેહ વગેરેનું ચિંતન કરે તેથી જડ થઈ જાય અને મંદ બુદ્ધિનો થઈ જાય. વળી એકાદશ સ્કંધમાં કીટભ્રમરી ન્યાય કહ્યો છે તે એવીજ રીતે છે. કીડો ભ્રમરીના ચિંતનામાં ભ્રમરી થઈ જાય છે. તેમ છતાં આખું રામાયણ સાંભળે તો પણ રાવણના દશ માથાની ખબર પડે નહીં. અને આત્મજ્ઞાનની વાતો સાંભળે છતાં દ્રષ્ટા અને દ્રશ્યમાં સમજે નહીં. તો તેને પ્રતિબંધો સીવાય બીજું કોણ રોકતું હશે? વૈરાગ્ય અને પછી જ્ઞાન થવામાં અટકાવનારા ત્રણ પ્રતિબંધો છે, ૧. ભુત, ૨. વર્તમાન, અને ૩. ભાવી. ભૂત પ્રતિબંધ એટલે થઇ ગયલી વાતોનું સ્મરણ, વિષય વગેરેનું ચિંતન, મનનું અસ્થિર પણું, કથા ચાલતી હોય ત્યારે ઊંઘ આવે અથવા બીજા વિચાર આવે, અને શ્રવણમાં ચિત્ત રહે નહીં. વર્તમાન પ્રતિબંધ એટલે હમણાની અડચણો. જેવી કે કુતર્ક, દુરાગ્રહ વગેરે જે કહે તેનાથી ઊંધા ઊંધા વહેમ આવે. શ્રદ્ધા થાય નહીં. અહંભાવ વધતો જાય. હું કહું છું તે ખરૂં અને બીજા સમજે છે તે ખોટું એમ કલ્પના થાય. અને ભાવી પ્રતિબંધ એટલે બુદ્ધિમાં દેહાધ્યાસને લીધે નિશ્ચય કરવાની શક્તિ

ખુલે નહીં. અને તોટકાચાર્યની પેરે અમુક વખત પછી એકદમ જ્ઞાન થનારૂં હોય. એ પ્રતિબંધો દૂર કરી અહંભાવ કાઢી નાંખી વૈરાગ્ય પ્રાપ્ત કરવાને ત્રીજું સાધન સત્સંગ સચ્છાસ્ત્ર વગેરે છે. ગુરૂની સંપ્રાપ્તિથી શ્રવણ થતાં થતાં વૈરાગ્યની પ્રાપ્તિથી જ્ઞાન ખીલે છે. એક વખત ગુરૂના શિષ્યોને અભિમાન થયું કે અમે હોંશીયાર છઇએ. અને તોટકાચાર્ય તો કંઈ સમજતો નથી. તે ગુરૂ શ્રી શંકરાચાર્ય જાણી ગયા. એટલે ગુરૂએ તોટકાચાર્યને તોટક રચનારો વિદ્વાન બનાવી દીધો. જેનું નામ તે દીવસથી તોટકાચાર્ય પડયું. આથી બીજા શિષ્યો શરમાઈ ગયા. ગુરૂની અંદર ઇશ્વર કરતાં પણ અધિકતા માનવી. કહ્યું છે કે ગોવિંદસેં ગુરૂ બડા જીને ગોવિંદ દિયા બતાય. પણ પંચદશીમાં લખ્યું છે તેવા ગુરૂ જોઇએ. નહીં કે પોતે અસમર્થ હોઇ બીજાને અફળાવે. ગુરૂમાં અથવા મૂર્તિમાં ભાવના ફળે છે. જેવી ભાવના તેવું ફળ થાય છે. મુસલમાન મૂર્તિને ભાંગી નાંખે અથવા ગાળ દે તેને મૂર્તિ નુકશાન કરતી નથી. કેમકે તેની ભાવના પૂજ્ય ભાવે નથી. પણ પથ્થર સમજીને છે. પણ જે મૂર્તિને પૂજ્ય ભાવે દેવ સમજે છે, ને પછી તેની પૂજા યા નિંદા કરે છે તેની ભાવના તેને સારૂં યા માઠું ફળ આપે છે. દલપતરામ કવિ કહે છે કે "જો ગણીએ તો દેવ છે, નહીં તો છે પાષાણ." અને પ્રતિમા ખંડન વાદી કહે છે કે "ચૈતન્ય પૂછે જડકું, અબ કુછ મોકું દે. તેરી બેઠાઈમેં બેઠી તેરી એક ફુટી કે બે?" ઇશ્વરને ઓળખે તે ઇશ્વરને ગાળ દેતા નથી. અને જે ગાળ દેછે તેને ઇશ્વરની ઓળખાણ નથી. માટે કહેવત છે "સતિ શાપ દે નહીં અને શંખણીનો લાગે નહીં." વળી આપણે ગુરૂનો દોષ જોવો નહીં. પણ સદા ગુણગ્રાહક થવું. દરેક વસ્તુમાં ગુણ શું છે તે લઇ લેવા. અને તેના દોષ તરફ દોષ દ્રષ્ટિ માત્ર તેનાથી વિરક્ત થવાને માટેજ કરવી. તેનાપર દ્વેષ કરવાને માટે કરવી નહીં. મહાત્માના દેખાતા દોષો અથવા શાસ્ત્રમાં દેખાતી વિપરીતતા આપણી અણસમજને લીધે લાગે છે એમ શ્રદ્ધા રાખવી. બાકી મહાત્માઓ તો મીણ જેવા સરળ હોય છે. જેમ વાળીએ તેમ વળે છે. સર્વ સ્થળે સમાન થઇને રહે છે. આત્માની સુજનતા તેવીજ છે. સૂર્ય અથવા વૃક્ષ કંઇ ચંડાળને ઉપયોગી નથી થતા અને માત્ર સારા માણસનેજ ઉપયોગી થાય છે એમ નથી. તેનામાં ભેદ દ્રષ્ટિ નથી. તે તો સઘળાને સરખા ગણે છે. અગ્નિમાં અગ્નિ થઇને રહે છે. જળમાં જળ થઇને રહેછે. કહ્યું છે કે "સબસે હીલમીલ ચાલીએ નદીનાવ સંજોગ. પણ

ગુરૂની પ્રાપ્તિ સહેલી નથી. જોકે ગુરૂ કંઇ સંતાઇ બેઠા નથી. પણ પોતાની યોગ્યતા હોય તો મળી આવે છે. અને તેમાંથી સાર ખેંચી લેય તોજ ગુરૂની પ્રાપ્તિ થઈ સમજવી. પ્રાપ્ત પ્રાપ્તવ્ય થવું એજ આવશ્યક છે. ઝવેરીને ત્યાં હીરા મોતી લેવા ગામડીઓ જતો નથી. તેને તો કીડીઆની દુકાને કીડીઆં સારાં લાગે છે. તેમ જગતનો પ્રાણી સદ્ગુરૂની ઝવેરાતની કદર કેમ કરી શકે? હંસ હોય તેજ મોતીનો ચારો ચરી શકે. પુરાણ વગેરે વાંચીને તેમાંથી પણ વૈરાગ્ય બુદ્ધિ થઇ શકે છે. ઇંદ્રિ, વિષ્ણુ, વગેરે પણ હતા. અને હવે કયાં છે? તેને પણ કેવા કેવા પ્રપંચો અને દુઃખો વેઠવાં પડેલાં. તે જોઇને વૈરાગ્યની બુદ્ધિ કરવી. જુવો કે શંકરાચાર્ય, યાજ્ઞવલ્કય, જેવા પણ નિવૃત્તિથી બેસી શકયા નથી. ત્યારે વિચાર કરો કે ઇચ્છિત સ્થળ કયું છે? તે શોધી તે દિશા તરફ જવું. પછી રસ્તામાં રસળવું નહીં. કાશીના કૂતરાએ બાઇબંધો જોડે રસ્તામાં અટકી ફસાવું નહીં. અને બાળક વાણોતરે રસ્તામાં મદારીનો ખેલ જોવા ઊભું રહેવું નહીં. પણ સીધે રસ્તે ચાલી ટોચપર નજર રાખી ત્યાંજ વહેલા મોડા પહોંચવું. "અંતર મંદિરનો ચોક" વાંચી ઉચ્ચ સ્થીતિપર દ્રષ્ટિ રાખવી. પણ મુંબઈ જવું હોય તો અમદાવાદ તરફનું ઇંજીન નહીં ગોઠવવું. નહીં તો જેમ ઉતાવળે આગગાડી ચાલે તેમ આઘો આઘો જાય અને મુંબઇ તો આવે નહીં. તેમજ જગતમાં જેમ ઉતાવળે વહ્યા જાય તેમ સ્વરૂપની પ્રાપ્તિ આઘી આઘી જાય. ત્યારે સુખની સ્થીતિ કઈ છે તે ખોળી કાહાડવી. દરેક માણસને એકેક પાયરી વધવાનું મન થાય છે. પણ આખરે લોભનો થોભ નથી. ગરીબ જાણે કે શ્રીમંત સુખી હશે. પણ શ્રીમંત નિશાસા મુકી કહે છે કે હું ગરીબ હોતતો સારૂં. કેટલાક લોકને મારે નિરાશ કરવા પડે છે. કેટલાકનું અપમાન કરવું પડે છે. કેટલાકની ફીકર રાખવી પડે છે. લોકો કહેશે કે અંગ્રેજ સરકાર સુખી હશે. પણ તેમ નથી. જો એક રાજ્યમાં એક શબ્દ પણ રાજા કે દીવાન બોલે તો તેપરથી અંગ્રેજ સરકારને ઉથલપાથલના વિચાર કરવા પડે છે. તેને પણ ટંટા ફીસાદ બળવા વગેરેની રોજ ફીકર રહે છે. બડેકું બડી ફીકર. ગ્રહે ચંદ્ર ઓર સૂર. કદાપિ એમ માનીએ કે સ્વર્ગ લોકમાં અને ગોલોકમાં સુખ છે. તો તે સ્થીતિ પણ પૂર્ણ સુખની નથી. અખંડ નિવૃત્તિ યાને મોક્ષ એજ ખરૂં સુખ છે. અને તે વૈરાગ્ય તથા જ્ઞાનથી મળે છે. એક શિષ્ય બધું શીખી આવ્યો પણ એવી એક વસ્તુ નહીં શીખી આવ્યો કે જે જાણેથી બધું જણાય. મન તે વસ્તુને સારી રીતે ઓળખે છે. અને

તેવીજ મન કોઇપણ જગ્યાએ સ્થીર થઇને બેસતું નથી. મન જાણે છે કે મારૂં ઠેકાણું જ્યાં જીવ મને બઝાડે છે તેનાથી પણ વધારે સારી જગ્યાએ છે. તેથી બીજી જગ્યાઓમાં થોડીવાર ભટકી આખરે નિરાશ થાય છે. અને મૂળ જગ્યાએ જ્યારે પહોંચે છે ત્યારેજ તે સમુદ્રની વચ્ચેના કાગડાની પેઠે પછી ફરીથી આસપાસ ભટકતું નથી. પણ નૌકાપર આવી બેસે છે. એ ઠેકાણું પોતાનું આત્મ સ્વરૂપ છે, કે જે મનને લીન થવાની જગ્યા છે.

તા. ૫-૮-૦૩.

૨. વાણીવિલાસ.

વાણીથી આ સંસારનો વહેવાર ચાલી રહ્યો છે. જેટલા શબ્દ બોલીએ છઇએ તે સર્વે વાતાવરણમાં પ્રસરતાં વહ્યાં જાય છે. જેમ નદીના પાણીમાં ઘાસના તણખલાં અથવા માછલાં વહ્યાં જાય છે તેમ મનુષ્ય આ સંસાર સમુદ્રમાં ડુબકી ખાતા ખેંચાયા જાય છે. ખરૂં જોતાં માત્ર સોનું મૂળ વસ્તુ હોય પણ તેને જમીનમાંથી ખોદી કહાડીએ ત્યારે તે રાખ માટી વગેરે બીજા પદાર્થો સાથે મળેલું હોય છે. તેમાંથી અંદરના સોનાનું ખરૂં ભાન કરી લેવું. અને રાખ માટી તો ઉપર આવરણ છે. એમ સમજવું જરૂરનું છે. તે મુજબ જીવને અજ્ઞાન રૂપી રાખ વળગેલી ભાસે છે. તે દૂર થાય તો જીવપણું મટી પરમાત્માપણું સિદ્ધ થાય. કેમકે જગતમાં જે મોહ અથવા ભ્રાંતિ ભાસી રહી છે. તે નામ રૂપની છે. અને માત્ર જે વસ્તુ દેખીએ છઇએ તે તમામ માટી સીવાય બીજાની નથી. છતાં ઘડો, ચોપડી, માણસ, પશુ વગેરે નામ માત્ર વહેવાર ચલાવવાને માટે આપવા પડે છે. તેવીજ રીતે સ્વરૂપ સીવાય એટલે માત્ર સ્વયંપ્રકાશ અધિષ્ઠાન સીવાય બીજું કાંઇજ નથી. તોપણ ભાસનારા જીવરૂપ આપણે ભાસતી વસ્તુઓમાં વહેવારને માટે જુદાં જુદાં નામ રૂપ આપીએ છીએ. એમ ન કરીએ તો ખુરસીપર માણસ બેસે ત્યારે ખુરસી અને માણસ એવાં નામ ન આપ્યાં હોય તો માટી ઉપર માટી બેસે છે એમ કહેવું પડે કે જેનો અર્થ સમજાય નહીં. ખુરસી જોઇએ ત્યારે માટી લાવ એમ કહીએ તો કોઈ ખુરસી આપે નહીં. નામ રૂપ જુદાં રહે. પણ સમજવું જોઇએ કે ખુરસી કે ઘડો કે માણસ માટીમાંથી છે. અને આખરે માટી છે. છતાં માટી પોતે

પણ પરમાત્માની અપેક્ષાથી મોહરૂપ છે. માત્ર વામદેવ અને જડ ભરત એમ કહી શકે કે સુખપાળ પર બેઠેલો રાજા પોતે પોતાના ઉપર બેઠો છે. કેમકે તેમણે પોતાની સ્થીતિ તેવી બનાવી છે. તેમનો નિશ્ચય છે કે જગત ભ્રાંતિથી ભાસે છે. **મોહ અથવા ભ્રાંતિ એટલે ખરી વસ્તુ જાણવા છતાં તે ખોટે રૂપે માનવી.** જેમકે હોય દોરી અને દેખાય સર્પ. પણ ખરૂં જોતાં તે સર્પ હોય પણ નહીં અને કરડે પણ નહીં. તેમ સત્ય સ્વરૂપ પરમાત્માને જાણવા છતાં નામરૂપ વાળું જગત ખરૂં માનવું એ મોહ છે. અને એવી ભ્રાંતિમાં પડવું એ પ્રમાદ છે. જ્યાં સુધી હુંપણું ઊઠે નહીં ત્યાં સુધી નામ રૂપ તથા વાણીવિલાસ બને નહીં. ભિન્ન ભિન્ન નામો આપવાની જરૂર હુંપણું ઊઠયા પછી છે. હું મને એક નામે જાણું ત્યારે બીજાઓના જુદા જુદા નામ ઓળખવાને માટે આપવા પડે. પણ તે બીજાઓ જડ કે ચેતન સઘળા પોતાને તો હુંપણેજ જાણે છે અને વહેવાર કરે છે. તમે તમારે માટે કહેશો કે "હું જાઊંછું." અને હુંપણા સાથે વહેવાર ખડો થાય છે. અને તેથી જેનો ઉપયોગ તેને જ નામ આપીએ છીએ. રેતીનું કામ પડે છે તેથી તેનું નામ રેતી આપ્યું, પણ જુદા જુદા કણનું નામ આપતા નથી. કેમકે તેની ઓળખાણ કરવાની જરૂર નથી. બીલાડીના આખા વર્ગને આપણે બીલાડી કહીએ છઇએ. પણ માત્ર પાળેલી હોય તેને નામ આપીએ છઇએ. મનુષ્યપણા પર જુદા જુદા નામ અપાય છે. અને એ નામ હુંપણા પર આપવા પડે છે. પણ હુંપણું તો અખંડ છે. તેમાં સ્ફુરી આવતું હુંપણું અખંડ છતાં પરિચ્છિન્ન અથવા જૂદું ભાસે છે. એવો **પ્રગટ અને અપ્રગટ** નો ભેદ માયાનું આવરણ ઉત્પન્ન કરે છે. એક કાગળપર ચારણી ઢાંકીએ તો દરેક છિદ્રમાંથી કાગળ દેખાય છે. છતાં દરેક છિદ્રવાળો ભાગ પોતાને બીજા છિદ્રવાળા ભાગોથી જુદો માને છે. એ જુદા પણું ચારણીના આવરણથી ભાસે છે. બાકી કાગળ તો સલંગ એકજ છે. તેજ મુજબ પરમાત્માપર માયાનું આવરણ ચારણી રૂપે હોવાથી અંતઃકરણ રૂપી છિદ્રોમાં જુદું જુદું હુંપણું સ્ફુરે છે. પણ એ છિદ્રો પુરાઈ જાય અથવા નિદ્રામાં હુંપણું સ્ફુરે નહીં તો તે વખતે નામ રૂપ ખડા થતાં નથી. કેમકે નિદ્રામાં ચારણો તો છે, પણ છિદ્ર ઢંકાયલા છે. એટલે કે માયા છે, પણ અંતઃકરણ અથવા મન નથી. તેથી ભેદ જણાતો નથી. માયાનો અર્થ "જે નથી તે" એવો થાય છે. એટલે કે માયા અભાવ અથવા અજ્ઞાન રૂપે છે. અને **જેમ અંધારૂં એ વસ્તુ**

નથી. પણ પ્રકાશનો અભાવ છે. તેમ માયા એ વસ્તુ નથી પણ સ્વયં પ્રકાશનો અભાવ છે. અને અભાવ સદા ભાવને આધારે રહે છે. માટે ભાવ તથા અભાવ બેઉને દુર કરી તે જેને આધારે રહેલા છે એવા અધિષ્ઠાનને અનુભવવો. દીવો આવે ત્યારે અંધારૂં જતું રહે છે એમ કહીએ છીએ, પણ દીવો આઠયો ત્યારે અંધારાનું અનાદિપણું જણાયું. બાકી અભાવરૂપ અંધારૂં વર્તમાન કાળમાં છેજ નહીં. "અંધારૂં હતું" એમ આપણે કહીએ છીએ. "અંધારૂં ભાવરૂપે છેજ નહીં. એતો પ્રકાશનો અભાવ છે. આપણે આંખ મીંચીએ તો વસ્તુ જણાય નહીં, એ ખરૂં. પણ તેથી કંઈ આપણી જોવાની દૃષ્ટિ યા જોવાની શક્તિ જતી રહેતી નથી. પાછી આંખ ઉઘાડીએ ત્યારે આપણે જોઇ શકીએ છીએ. તેજ મુજબ અંતઃકરણ ખુલે ત્યારે તેમાં ઘણા વખતથી પડેલા સંસ્કારો સ્ફુરી આવે છે. જેમકે ખેતરમાં બી નાંખીએ તેમાં કેટલાકના અંકુર નીકળી આવે અને કેટલાકના અંદર પડી રહે. તેજ મુજબ અજ્ઞાન કહેવા માત્ર છે. તેની કાંઈ સ્થીતિ નથી. વર્તમામ કાળમાં અજ્ઞાન દેખાતું નથી. કોઈ કહેશે કે મેં કાશી જોયું નથી. એ તેનું અજ્ઞાન વૃત્તિ જ્ઞાનની અપેક્ષાથી કહી શકાય છે. બાકી કોઈ **અજ્ઞાની છેજ નહીં.** "કાશી" એવું નામ આપ્યું ત્યારથીજ કાશીનું પરોક્ષ જ્ઞાન થાય છે. જીવ રૂપે પોતાને માને છે તેથી તેને કાશીનું અપરોક્ષ જ્ઞાન નથી. માંટે "અજ્ઞાન હતું" એમ કહીએ છીએ તે જ્ઞાન થયા પછીજ કહી શકાય છે. પરમાત્માની અલૌકિક શક્તિથીજ માત્ર અંદર તથા બહાર અજ્ઞાન ભાસે છે. અને જ્ઞાન થતાં તે કોણ જાણે ક્યાં નાશી જાય છે, જેવી રીતે દીવો હોય ત્યાં અંધારૂં શોધ્યું પણ જડતું નથી તેમ. માટે ખાસ પ્રથક્કરણ કરવાની જરૂર છે. અને તે વિચાર વગર બની શકે નહીં. હંસ જેમ દુધમાંથી પાણી જુદું પાડે છે, અથૈ શાસ્ત્રી જેમ વસ્તુમાંથી ઝેર વગેરે જુદાં પાડે છે તેમ આપણે, જે દેહ ઈંદ્રિયો મન પ્રાણાદિ સાથે અંતઃકરણમાં આભાસ જોડાયલો છે તેને જુદો પાડી જડ ચૈતન્યનો ભેદ સમજવો જોઇએ. તથા **બહારના નામ રૂપને તથા અસ્તિ ભાતિ પ્રિય** ને જુદા પાડવા એ વિવેક તથા વિચારનું કામ છે. આપણે હરરોજ અનુભવથી એમ કહીએ છીએ કે ફલાણો સારો છે, ફલાણો નરસો છે. પણ એક અનુભવ જે સદા બની રહ્યો છે તેનો વિચાર કરતા નથી. એકવાર કહીએ છીએ કે "હું" માંદો છું. અને બીજીવાર કહીએ છીએ કે "મારૂં" માથું દુખે છે. જ્યારે "હું માંદો છું" એમ કહીએ

ઇએ ત્યારે હું એકજ છું એમ સમજાય છે. જ્યારે "મારૂં માથું દુઃખે છે" કહીએ છઇએ ત્યારે હુ અને માથું જુદા છે. અને માથું મારૂં છે એમ સમજીએ છઇએ. આવી રીતે એકજ વાતમાં એકજ અને જુદા એવા બે વિરોધી અનુભવ થાય છે. તે બેમાંથી એકજ એકી વખતે હોઈ શકે. અને તેથી સિદ્ધાંતમાં પણ સત્ય સ્વરૂપ સીવાય બીજું છેજ નહીં. એમ બુદ્ધિ નિશ્ચય કરે છે. સંસાર સમુદ્રમાં ડુબેલાએ સાધન રાખવાની જરૂર છે. જેમ નદીને તળીએ મોતી કહાડવા અથવા પૂલ બાંધવા કોઈ માણસ ઊતરે છે તો તે પણ ઉપરથી એક દોરીનું સાધન રાખે છે. તે મુજબ સંસાર સમુદ્રમાંથી તરવાને સ્વરૂપનું સાધન સદા રાખવું જોઇએ. અને તેવી દોરીઓ તે જાગ્રત સ્વપ્ન સુષુપ્તિ વગેરેનો વિચાર છે. તેજ બોધ છે. તેજ પુરાણ વેદ વગેરે છે. આવી રીતે જે વાણી બહાર પ્રસરી રહી છે. અને મોહ ઉત્પન્ન કરે છે, તેજ વાણી પાછી ઠેકાણે લાવી સ્વરૂપનો અનુભવ કરાવે છે. વાણીના ઉચ્ચાર પશુ પક્ષી પણ કરે છે. આગગાડી પણ બોલે છે. "પોલું તે બોલ્યું" એમ કહેવત છે. પણ અર્થવાળી વાણી તો મનુષ્ય યોનિમાંજ છે. અને મનુષ્ય વધારે ભેદ કરી શકે છે. પશુઓ એટલો બધો ભેદ કરતા નથી. તે માત્ર કેટલાકને પોતાનાથી જુદા જાણે છે. પણ પોતાને અનુકુળ વસ્તુ પોતે શોધી લે છે. મનુષ્યની માફક મિશ્રણ ભેદ વગેરે લંબાવતા નથી. નાનાં બાળકને ભેદ હોતો નથી. તેમ જંગલી લોકોને પણ ઝાઝાં નામ હોતાં નથી. પણ શબ્દ બ્રહ્મની ખુબી એવી છે કે જેમ જેમ નામ રૂપ વધતાં જાય અને ભેદ વધતો જાય તેમ તેમ બુદ્ધિ ખીલી એમ આપણે કહીએ છઇએ. અને એજ ખીલેલી બુદ્ધિ પાછી વિચાર દ્વારા નિશ્ચય કરાવી સ્વયં પ્રકાશવાળે ઠેકાણે આપણને લાવે છે. ક, ખ, વગેરે વર્ણમાં પણ સ્વર બધામાં વ્યાપેલો છે. અને તેને વ્યાકરણવાળા સ્ફોટ ધ્વનિ કહે છે. એ સ્વરમાં ભેદ નથી. એ ધ્વનિ તો એકજ છે. પણ તે પ્રગટ અપ્રગટ ભાસે છે. એમ એ ધ્વનિ તો એક રસ છે. પણ જેમ નદીમાં કાંકરી નાંખીએ અને અને તેના કુંડાળા વધ્યાં જાય છે. તેમ શબ્દ પણ વાતાવરણમાં ફેલાય છે. મરજાદ પાળવી. નઠારા શબ્દ કહાડનારા પાસે ઊભા રહેવું નહીં. શૌચ પાળવો. ચોખ્ખાં કપડાં પહેરવાં. દલપતરામ કવિ કહે છે કે "ચોખ્ખાં પહેરો ચીર." એમ સર્વ પ્રકારે શૌચ પાળવો. નાહી ધોઈ સંધ્યા વગેરે કરવાં અને સત્સંગમાં રહેવું. કે જેથી સારા સ્વરનાં તથા સારા શબ્દનાં કુંડાળાં આપણા સંબંધમાં આવે અને ગુરૂ કૃપાથી "તુંજ સર્વ છે." એવી વાણી

આપણને લાભ આપે. અને "અહંબ્રહ્મ" વગેરે મંત્રો તથા મહા વાક્યો-
નો બોધ તથા મહિમા જાણવામાં આવે.

તા. ૬-૮-૦૩.

૩. આત્મશક્તિ.

આત્મશક્તિ કેટલી બધી છે, અને કેવી જબરી છે, તેનો વિચાર નહીં કરતાં જીવપણું માની લેનારા માણસો પોતાને તુચ્છ માને છે. અને અતિદુર્લભ મનુષ્યદેહ નકામો કાઢે છે. અને વિષય ભોગની ઇચ્છા રાખી તેમાં મશગુલ રહે છે. અને વિષય સુખથી મળતી શાંતિ ક્ષણિક હોવાથી ખરી શાંતિ નથીજ; તરસ છીપતી નથી. તૃષ્ણા દિન પર દિન વધે છે. પરંતુ આત્મશાંતિ નિરંતર શાંતિ છે, તેને પીછાનતા નથી. એ માયાનું પરિણામ છે. એ સઘળું દુઃખ નિર્મળતામાં નથી. પણ મિશ્રિતપણામાં છે. દેહ વગેરે સાથે પોતાને મળેલો માને છે. તેથી પોતે જીવરૂપ થઈ હુંપણાને પ્રાપ્ત થાય છે. બાકી ચૈતન્યનો આરસો સદા તેવોને તેવો અસંગ રહે છે. આરસા આગળ થઇને જનારી વસ્તુઓ આરસામાં દેખાય છે. પણ તેથી કંઇ આરસામાં ફેરફાર થતો નથી. આરસો તો તેવોને તેવો રહે છે. તેમ ચૈતન્યમાં જગતની છબી પડે તેટલી ઘડી દેખાય. પણ ચૈતન્યનો આરસો પાછો તેવો ને તેવોજ નિર્મળ રહે છે. આકાશ જે કે ચૈતન્યની અપેક્ષાથી જોતાં જડ છે. એવા આકાશમાંથી પણ જે વરસાદ વરસે છે તે વચમાંની હવાને તથા જમીનને ભીની કરે છે. પણ પોતે જાતે કંઈ ભીનું થતું નથી. એમ આકાશ પણ અવિકારી તથા અસંગ રહે છે. વાયુમાં ગમે એવી ગંધ આવે પણ વાયુ પાછો તેવો ને તેવો રહે છે. સમુદ્રમાં હજારો તોફાનો થતાં દેખાય છે. પણ સમુદ્ર પાછો તેવોને તેવો ગંભીર અને શાંત નજરે આવે છે. તો પછી પરમાત્મા જે છેક સૂક્ષ્મ છે. તે તો અસંગ અને અવિકારી છે. તેથી તે તેમજ રહે એમાં નવાઇ નથી. ભલે એ પરમાત્મામાં અસંખ્ય જગતો પ્રતીત થાય. ઇંદ્રિયોનો વહેવાર જે ભાસ કરાવે છે તે કેવી રીતે થાય છે? પ્રથમ તો આંખ ઉઘાડીએ એટલે બહારની વસ્તુઓ આંખની કીકીમાં ભાસે છે. અને તેની છબી ત્યાંથી ઊઠી મન પર પડે છે. તેનું પછી આપણને જ્ઞાન થાય છે કે આ ફલાણી વસ્તુ છે. એજ પ્રમાણે કાને અવાજ આવે છે. જીભ રસ ચાખે છે. નાક સુંઘે છે. ચામડી સ્પર્શ

અનુભવે છે. એ પ્રમાણે રૂપાળું કદરૂપું, મધુર કઠોર, મીઠું કડવું; સુગંધીદાર ગંધાતું, ઊનું ટાઢું એ સઘળું ઇંદ્રિયો દ્વારા મન જાણી શકે છે. એ સઘળી છાપ અને છબીઓ ભલે પડે પણ અંતર્જ્ઞાન અથવા જાણવાપણું તો અવિકારી કાયમજ રહે છે. સોનું કાદવમાં નાંખ્યું હોય તો તેથી તે કાંઇ બગડી જતું નથી. પાછું ધોયું કે તે સાફ થાય છે. તેમ આત્મા કંઈ દેહ સાથે મળેથી બગડી જતો નથી. બલકે સોના પર કાદવ લાગ્યોજ નથી. એટલે કે આત્મા દેહ વગેરે સાથે મળ્યોજ નથી. દૂધમાં શાકર એક રૂપ થઇ જાય તેમ સોનામાં કાંદવ એક રૂપ થઇ શકે નહીં. પણ આત્મા ઉપર તો દેહ વગેરે લાગેલાજ નથી. ફક્ત હુંપણું ઊઠવાથી આત્મા દેહ જોડે મળેલો દેખાય છે. બાકી તો જળમાં કમળ જેમ અસંગ રહે છે, તેમ આત્મા દેહથી અસંગ છે. અને તે પણ દેહને ખરી માનનારાને સમજાવવા કહેવું પડે છે. બાકી દેહ નથી પણ માત્ર ભાસે છે. અને જીવપણું છે ત્યાં સુધી ભાસશેજ. આત્માં, હમણાં ભાસતા આ દેહ સાથે મળેલો હોય તો નિદ્રા સ્વપ્ન વગેરેમાં આ નો આ દેહ શું કામ કરે છે? એકનો એક આત્મા જુદી જુદી સ્થીતિમાં જૂદા જૂદા દેહને જોય છે. આપણે એમ કહીએ છીએ કે "મારો આત્મા". જો આત્માને દેહ સાથે મિશ્રિત માનીએ તો એવું બોલીએ નહીં. પણ એ બોલી ખોટી છે. કેમકે મિશ્રિત તો નહીં પણ હું આત્મ સ્વરૂપજ છું અને આત્મા કંઇ મારાથી જુદી વસ્તુ નથી. મેં "પોતે" કીધું એમ કહેવાનું કારણ એ છે કે હું પણું વધારે નક્કી સમજાય. તે પ્રમાણે આત્મા એકજ છે. પણ દેહપણું જુદું બતાવી તેને ત્યાગવાનું છે. દેહ નથી અને જગત નથી એમ કહેવું એ પણ સંકલ્પ છે, અને મનમાં સંકલ્પ તો ઊઠવા દેવો જોઇએ નહીં. સહજ જેમ થાય તેમ થવા દેવાનું છે. પણ આગ્રહ કરવાનો નથી. કેમકે આપણે મરદ છીએ તો તેમાં હું મરદજ છું અને સ્ત્રી નથી એમ ગોખવાની અથવા આગ્રહ કરવાની જરૂર નથી. કુદરતી રીતે પુરૂષપણાનો નિશ્ચય છે. એમાં કંઇ સ્ત્રીના લૂગડાં પહેરેથી સ્ત્રીપણું થઇ જવાનું નથી. માટે આત્મા સીવાય બીજું કંઇ નથી. એવો નિશ્ચય થવો જોઇએ. અને તેનુ નિઃશંકપણું થયું, પછી તેનું વિસ્મરણ થવાનું નથી. માત્ર બાળકની સરળ ચેષ્ટા થાય છે તેમ ત્રણે સ્થીતિ બની રહે છે. પ્રવૃત્તિ અપ્રવૃત્તિ કંઇ કરવાની જરૂર રહેતી નથી. પ્રવૃત્તિ અને અપ્રવૃત્તિનો સંકલ્પ ઊઠતોજ નથી. બાળકનો પગ હલાવવો હોય ત્યારે હાલે છે. આંખ જ્યાં પડે છે ત્યાં તે જુવે છે. જે પડ્યું હોય તે ખાય છે. નાના પ્રકારની તેને ઇચ્છા થતી નથી. ફલાણો જ્ઞાની

છું અને ફલાણો અજ્ઞાની છે, ફલાણો સારો છે ફલાણો બુરો છે, હું બંધનવાન છું કે હું મુક્ત છું એવા એવા સંકલ્પ વિકલ્પ તેને થતા નથી. પરંતુ આ જગતમાં માત્ર કેટલાક ધૂતારાઓ જે આપણાં સગાં-સ્નેહી રૂપે આપણા સંબંધી બનેલા છે તેજ આપણને નાનપણથી મોટા થઇએ તેમ તેમ સુધારવાને બહાને બગાડે છે. જેમ જેમ ભેદ બુદ્ધિ વધે અને કૂડ કપટ શીખે તેમ તેમ **હુશીયાર થયો** કહી ચડાવે છે અને નવી નવી કલ્પનાઓ ઊભી કરાવે છે. કે જેથી ખોટી વાત પણ ખરી તરીકે ઠસી જાય છે. ત્રણ ધૂતારાએ મળીને બ્રાહ્મણના બકરાને કૂતરો ઠેરવ્યો. એ પણ મનનો ધર્મ બાકી બકરો કંઇ કૂતરો બન્યો નહીં. ત્રણ જણા ત્રણ ચકલે ઉભા રહ્યા કે જે રસ્તે થઇ બ્રાહ્મણ જવાનો હતો. પહેલો ધૂતારો બોલ્યો મહારાજ આ તમારી ખાંધપર શું લઇ જાઓ છો? બ્રાહ્મણ કહે એ બકરો છે. ધૂતારો બોલ્યો બ્રાહ્મણ જૂઠું બોલે એ નવાઇની વાત છે. એક ગુન્હો છૂપાવવાને બીજો ગુન્હો જૂઠું બોલી ન કરો. કૂતરાને અડકવું અને ખાંધપર બેસાડી લઇ જવું એ બ્રાહ્મણને છાજે નહીં. કૂતરો છે તેને બકરો કહેતાં લજવાતા નથી? જરા વહેમાયલો બ્રાહ્મણ આગળ ચાલ્યો. એમ બીજો ધૂતારો અને છેવટે ત્રીજો ધૂતારો મળ્યો ત્યારે તો તેના કપટથી બ્રાહ્મણની ધીરજ રહી નહીં. અને પૂરે પૂરો વહેમાઇને બકરાને ત્યાંજ નાંખી દઈ દોડ્યો તે પાછળ જોવા પણ ઊભો રહ્યો નહીં. અને ધૂતારા બકરો લઈ જઈ ઉપયોગમાં લઈ રાજી થયા. એતો વાત છે. પણ મન બીજાના ભરમાવવાથી વહેમાય છે એના ઘણા દાખલા મળી આવશે. માટે ગજવામાંનો રૂપીઓ તો તેનો તેજ છે. પણ તેને ખરો ખોટો કહેનારા સલાહકારોથી મનમાં સંકલ્પ વિકલ્પ ઊઠે છે. તેથી રૂપિઆને કાંઈ અસર થતી નથી. તેમ આ જગત ખોટું છે એવો એક રૂપિઓ આપણા ખીસામાં નાંખીએ અને સદ્‌ગુરૂ રૂપી નાણાવટી એમ કહે કે ભાઇ જે રૂપીઓ તેં ખીસામાં નાંખ્યો છે તે તું ખરો ધારીને લાવેલો છે. પણ તે તો ખોટો છે. મનરૂપી ખીસામાંનો રૂપીઓ ખોટો છે માત્ર ઇંદ્રજાલિક કલ્પિત છે એમ સાંભળતાં નાણાવટી ઉપર વિશ્વાસ હોય તો એ રૂપીઓ ખીસામાં ભલે પડી રહે, નહીં છતાં છે એમ ભાસ્યાં કરે, તોપણ તેને હવે ખોટો માનવામાં આવે છે. એજ રૂપિઓ એકવાર ખરો મનાતો હતો. અને હવે ખોટો મનાય છે. માટે પેઠેલો વહેમ યાને સરડો નીકળાવો એજ જરૂરનું છે. એક જણ વાડ પાછળ મોટે કામે (દીર્ઘશંકા) બેઠો હશે. બિચારો ગામડીઓ હશે. તેણે વાડમાંથી સરડો જતો દીઠો અને પછી તે પાછો દેખાયો નહીં

તેથી પોતાના અપદ્વાર વાટે પેટમાં બસાઇ ગયાનો વહેમ પેઠો. તે પેટમાં ગુંચળા વળવા માંડયા પણ સરડો નીકળે નહીં, આખરે એક ચતુર વૈદે ઓકારીનું ઓસડ આપી તેનાં દેખતાં ઓકારી કરેલા વાસણમાંથી એક મુવેલો સરડો કહાડી દેખાડયો. ત્યારથી તેનો વહેમ ગયો અને પેટમાં ગુંચળા વળવા નરમ પડયા. આવી વાતો માત્ર દૃષ્ટાંત રૂપે છે. પરંતુ માણસને વહેમ ખાઈ જતાં વાર લાગતી નથી. અને તેની અસર નબળા મનપર દિનપર દિન વધી સત્ય જેવી દૃઢ ભાસે છે. પેલા ખોટા માનેલા રૂપિઆને ખરો, મનાવવાને વળી કોઇ ધુતારાઓ પ્રયત્ન કરે તો મન ચળવિકળ થાય પણ ખરા નાણાવટી પરનો વિશ્વાસ તથા પછી પોતાની પરીક્ષા એકઠા મળે તો બીજા ધુતારાઓનું કાંઈ ચાલે નહીં. અને પછી ખોટો રૂપીઓ ગજવામાં પડયો ભાસે છતાં પોતાને વાપરવાનું મન થાય નહીં. કેમકે તેની અસત્યતા, ઉપયોગ રહીતતા, અને અસંભવતાની ખાત્રી થઈ ચૂકી છે. તેમ આ જગતને ખોટું માનવાને માટે દ્રષ્ટા દ્રશ્ય 'કાર્ય કારણ વગેરે 'અનેક યુક્તિઓ તથા ગુરૂની અને પોતાની પરીક્ષા બસ છે. અને ખોટું અને ખરૂં એ વિવેક કર્યા પછી બંનેને છોડી દેવાનું છે. આગ્રહ કેથે રાખવાનો નથી. જુઓ કે હઠ યોગ એ કંઇ જીવનમુક્તિ નથી. એ પણ એક જાતનો આગ્રહ છે. તેમાં પણ પ્રયત્ન કરવો પડે છે. આંખ મીંચી રાખવી છે અથવા મોઢેથી બોલવું નથી એમ સંકલ્પ રહે છે. અને ભૂલ થશે એવી કાળજી રહે છે. માટે **સંકલ્પ ઉપર સંકલ્પ ન કરવો.** એ જીવનમુક્ત છે. માત્ર એક યંત્રની મા ક ચાલવું જોઇએ. કેમકે યંત્ર જે કરે છે તેમાં તેને સારૂં કર્યું કે માઠું કર્યું એમ લાગતું નથી. એતો ચક્કર ચક્કર ફર્યાં કરે છે. પછી તેમાં કોઇની આંગળી આવે તો કપાઈ પણ જાય. અથવા કંઈ સારૂં કામ કરવા મુકયું હોય તો તે કરી આપે. સૂતર તુટી જાય તોપણ રેંટીઓ તો ફર્યા કરે. સંકલ્પ ઉપર સંકલ્પ કરીએ કે ફલાણું તો મેં પાપનું કામ કર્યું તો આગલા કામની સત્યતા ઠરે પણ પાપ પુણ્ય કંઈ વાસ્તવિક જોતાં છેજ નહીં. લોઢાની અને સોનાની બેડી બંને ભારવાળી અને હરકત કરનારી છે. પાપ અને પુણ્ય બંને જન્મ આપનારાં છે. આકાશમાં ચિત્ર કહાડીએ તે સારૂં નીકળ્યું કે નરસું નીકળ્યું તે જોવાનું શું કામ છે? મૂળ જેનું નથી તેને શાખા કયાંથી? જે મૂળે નથી તેમાં સારૂં નરસું શું? સંકલ્પ કરીએ ત્યારે તો કર્તા અને પરીક્ષક બે જુદા ઠરે છે. અને એ પણું તો છેજ નહીં. ત્રિગુણાતીત સ્થીતિ પીછાનવાની છે. માટે થઈ ગયું અથવા થનાર છે. તેનો શોક કરવો નહીં. આંખનો ધર્મ છે કે બધું જોવું. પણ ધારી ધારીને જોય

તો બંધન થાય છે. માત્ર જોવામાં દોષ નથી. કાન સાંભળે તેની ફીકર નહીં. પણ મનમાં ચણચણાટ થાય કે મને ગાળ દીધી અથવા મારાં વખાણ કીધાં તો તેનું બંધન છે જીભ નાક અથવા ચામડી પોતાના કાર્ય સહજ કરે તેની ફીકર નથી. પણ તેમાં રાગદ્વેષ માને તેથી બંધન છે. ઇંદ્રિયદ્વારા જે આવે તેને મન પ્રકાશે તેની ફીકર નહીં. પણ સારા નરસાનો વિભાગ કરે તેમાં બંધન છે. અપરોક્ષાનુભૂતિમાં કહ્યું છે કે દેહ તથા આત્મા જૂદા પાડીએ છીએ તે વિવેક, વહેવારમાં એટલે સાધન દશામાં ચલાવવાનો છે. "ન પાપ પુણ્યં ન ચ સુખ દુઃખમ્ ચિદાનંદ રૂપં 'શિવોહમ્ શિવોહં'" એ જાણવાને માટે એ પણ પાપ પુણ્ય સુખદુઃખ નો વિવેક કરવાનો છે. ચિદાનંદરૂપ અથવા આનંદસ્વરૂપ કહેવું એ પણ અજ્ઞાન છે. કારણ કે એ પણ મુકાબલે કહી શકાય. અને એ વગર મુકાબલો થાય નહીં. માટે સત્ય ભાસતા સંસારમાં બોલવાનું ખાવાનું પીવાનું વગેરે શારીરિક ભલે રહે, પરંતુ મનનો સ્વતંત્ર વ્યાપાર છોડી દેવાય તો બંધન નથી. પણ મુક્તિ છે. આપણામાં અમૂલ્ય વસ્તુ એવી કઇ છે અને તેની શક્તિ કેવી અગાધ છે તે જુઓ કે જેથી આંખ ઉઘાડીએ કે આખી રમણિક સૃષ્ટિ નજરે પડે છે! તેનો વિચાર કરો. એક મિનીટમાં એ કોણ બનાવે છે! આંખ મીંચી દો તો જબરા સૂર્યના કિરણો પણ અંદર પેશી શકતા નથી. વાણી કેવું અદ્ભૂત કામ કરી આપે છે! એવી શી કળા છે કે એક બીજાનું કહેલું સમજી શકાય છે! જીભ મધનું ગોળનું શાકરનું જુદું જુદું ગળપણ કેવી ચતુરાઇથી પારખી કહાડે છે! દરેક ઇંદ્રિયની તથા મનની એવી અદ્ભૂત શક્તિ છે. અને તે સઘળી શક્તિઓનો ખજાનો માણસમાં ભરેલો છે, તે છતાં માણસ તેનો વિચાર કરતો નથી. અને પોતાને તુચ્છ ગણે છે. અને લોભમ સિદ્ધિ મેળવવાની ઇચ્છા રાખે છે. અને જીવપણાને તથા જડતાને પ્રાપ્ત થાય છે. ખરૂં જોતાં આપણે સિદ્ધ છઇએ. કે જેથી સઘળી વસ્તુઓ સિદ્ધ થાય છે. બીજી સિધ્ધિ શું મેળવવાની છે? આપણે સૂપડાં બાંધીને ઊડીએ અથવા અધર ચાલીએ તેથી કંઇ વધારે શક્તિ આવી? એમ તો પક્ષીઓ જોઇએ તેટલું ઊડે છે. તેથી કંઇ તે આપણા કરતાં વધારે શક્તિવાળા ગણાશે? માટે **સ્વરૂપનો પ્રમાદ કદી કરવો નહીં.** સ્વરૂપને ઓળખીને સ્વરૂપમાં એકરસ થઇ રહેવું રોજ જેનો ઉપયોગ થાય છે, એવા ચૈતન્યને ભૂલવું નહીં. "હું મને ઓળખતો નથી" એમ કહેવું એ આત્મહત્યારાનું કામ છે. આત્માનો સાક્ષાત્કાર થતો નથી એમ કહેવું એ ભૂલ છે.

કુતર્કીઓ કહેશે કે તમને આંખ છે એમ તમે શાપરથી માનો છો. તેનાથી આંખ બહાર કહાડી તમે તેને કદી જોઇ છે? આંખ બહાર કહાડીને જોવાનું બનતું નથી. પણ હું જાણું છું કે મને આંખ છે. કેમકે આંખ નહીં હોત તો હું દેખત કેવી રીતે? આંખને કંઇ કહાડીને જોવાની કે બીજાને બતાવવાની જરૂર નથી. તેજ પ્રમાણે ચૈતન્યનો ચમત્કાર હાજરા હજુર સર્વત્ર છે. દરેક ઠેકાણે દરેક કામમાં દરેક ક્ષણે પ્રકાશી રહ્યો છે. તે જૂદો હોયતો જૂદો કહાડીને બતાવીએ કેની? માત્ર અનુભવથી જોઇ લેવાનું છે.

તા. ૭-૮-૦૩.

૪. મનનો ધર્મ.

મન સંકલ્પ વિકલ્પ કરનારૂં છે. અને હું સુખી છઊં, દુઃખી છઊં, એમ માની બેસે છે. માટે મનુષ્યનું કર્તવ્ય એ છે કે મનમાં સંકલ્પ જ ઊઠવા દેવો નહીં. કેમકે સઘળો શ્રમ સંકલ્પમાંજ છે. જે વાત સહજ બને છે તેમાં કાંઇ શ્રમ પહોંચતો નથી. આપણે ઊંઘી જઇએ છઇએ તેમાં કંઇ મહેનત પડતી નથી. ક્રિયા ત્રણ જાતની છે- કાયિક વાચિક અને માનસિક. તેમાં મનની જે સ્વતંત્ર ક્રિયા તે માનસિક અથવા સંકલ્પ કહેવાય છે. અને તેવી ક્રિયા કરવી નહીં. કાયિક અને વાચિક ક્રિયા મન વગર થતી નથી એ વાત ખરી. પણ તેમાં મન કંઇ સ્વતંત્રપણે કામ કરતું નથી. તેથી તે ક્રિયા શારીરિક ગણવી. અને તે ભલે થાય. તેનો હરખ શોક જાણવો નહીં. જે દેહ થયો જ નથી તેનું અભિમાન અને તેની સાથેના વર્ણાશ્રમ વગેરેનું અભિમાન એ પણ હુંપણા સાથે મનનું કાર્ય ખડું થયેલું છે. અને જ્યાં સુધી અંતઃકરણનું અંધારૂં દુર થયું નથી, ત્યાંસુધી સાધન દશામાં એ સઘળું સત્ય છે. પણ અંતઃકરણનું અંધારૂં કંઇ ચંદ્રમાના તેજથી કે દીવા અથવા અગ્નિના તેજથી કે બારે સૂર્યના પ્રકાશથી મટે એમ નથી. એતો માત્ર જ્ઞાન સ્વરૂપના જ્ઞાનથી દૂર થાય છે. જ્ઞાનસ્વરૂપ પરમાત્મા અસંગ છે. નિર્વિકારી છે. જેમ આકાશમાં ધૂળકોટ વખતો વખત થાય અને ઘણો વખત રહે અને તે ધૂળ ઝાડને પર્વતને જમીન વગેરેને લાગે. પરંતુ આકાશ તો પાછું તેવુંને તેવું જ નિર્મળ છે. આકાશને તેની અસર કદી પણ લાગી જ નથી. એજ પ્રમાણે જળમાં કમળ રહે છે. પણ જળને કમળનો સ્પર્શ

વધે. જળ વધે છે તો કમળ પણ ઊપર આવે છે. બૌધ અને સાંખ્ય મતવાળાઓ એમ કહે છે કે જીવ અનેક છે. એ વાત એવી રીતે સમજવાની છે કે જળ તેનું તે છે. અને તેનો સ્પર્શ કમળોને કદી નથી. કમળો તો જળમાં ખીલેલાં ઉપર ઉપર ભાસે છે. અને તેમને સિદ્ધ કરનારૂં જળ એકરસ છે. એકજ કમળના જુદાં જુદાં પાંદડા પાણીની સપાટીપર જૂદાં દેખાય અને દાંડીઓ તથા મૂળ જળમાં હોવાથી આવરણને લીધે ન દેખાય, તેમ છતાં જુદા ભાસતાં પાંદડાં એકજ કમળનાછે એટલુંજ નહીં પણ કમળ આખું એકજછે. જુવોકે આ દેહ પથારીમાં પડયો રહે છે. અને એમાંનું મન વિસ્તાર પામીને સ્વપ્નની સૃષ્ટિ રચે છે. સ્વપ્નમાં આખું જગત ખડું થાયછે. પણ આખા જગતનો ભાર પથારીમાં પડેલા દેહને જરા પણ જણાતો નથી. અને એ સ્વપ્નનું જગત ખડું કરવા સૂતેલા દેહને જરા પણ પરિશ્રમ પડયો નથી. તેમ તેને ગાર માટી લાવી ઘર બાંધવાં પડયા નથી. તેમજ એક ઘડીના સ્વપ્નમાં છોકરોંના છોકરાં થાય એટલો કાળ થએલો ભાસે છે. તથા વખતે પોતાનું મરણ થયલું પોતે જુવે છે. અથવા સુરતમાં સૂતેલો મુંબઇમાં બીજા સાથે વાતો કરતાં પોતાને જુવે છે. છતાં જાગે છે તો મુંબઈ અથવા મુંબઇના માણસો કોઈ નજર પડતાં નથી. તેમજ મુંબઇના માણસો સ્વપ્નમાં મળ્યાની ખાત્રી આપતાં નથી, તે ઉપરથી એમ સિદ્ધ થતું નથી કે મન ભટકતું ભટકતું મુંબઈ ગયું હોય. આ ઉપરથી સ્વપ્નનું ખોટાપણું સ્વપ્ન જોનાર સ્વપ્ન નરનું ખોટાપણું તથા સ્વપ્નમાં જણાતી બીજી સર્વ વસ્તુનું ખોટાપણું સિદ્ધ થાય છે. અને પથારીમાં પડેલા દેહને તો ખબર પણ નથી કે સ્વપ્ન કયાં થયું છે ? તેજ મુજબ આ જગતને જીવ જોય છે. જગત અને જીવ કયાં છે તેની પરમાત્માને ખબર પણ નથી. તે તો માત્ર ચૈતન્યમાં ભલે દેખાયાં કરે. દીવો ઘરની વસ્તુઓને ભલે પ્રકાશે. તેમાં દેખાતી વસ્તુઓ ખરી છે કે ખોટી છે તેની દીવાને શી દરકાર છે ? તેવીજ રીતે પરમાત્માને વિષે જગત દેખાય છે ખરૂં. પણ જગતના નરો તથા જગતને જોનારો જીવ ભાવ એ ખોટી વસ્તુઓ ભાસે છે. અને એ જગત તથા આ દેહ અને જીવ એ સર્વેની સૃષ્ટિ તથા હીલચાલ ઉપર ચૈતન્યનો પ્રકાશ છે. પરંતુ ચૈતન્યને તે વસ્તુઓ છે કે નહીં તેની દરકાર પણ નથી. વળી સ્વપ્નની અંદર જેટલા જીવ ઉત્પન્ન થાયછે. તે સર્વે પથારીમાં પડેલા પુરૂષના એકજ મનમાંથી ઉત્પન્ન થાય છે. અને તે સર્વે અહમ્ અહમ્ કરતા પોતપોતામે જૂદા માને છે. અને એક બીજા જોડે વખત આવે ત્યારે લડે પણ છે. પણ તે એમ નથી જાણતા કે તે સર્વે એકજ મનુષ્યના મનના પ્રતિબિંબ છે. તે એકી વખતે ઉત્પન્ન થયા છે અને એકી વખતે

લય થવાના. અને તે એક બીજાને જુદા જુદા માને છે, એ એક તેની મોટી ભૂલ છે. અને લડે છે એ વળી વિશેષ ભૂલ છે. એ રીતે હજારો માણસ જો હજારો સ્વપ્નની સૃષ્ટિ હજારો રાત્રીમાં ખોટી ખોટી રચી શકે એવી મનુષ્યના મનની શકિત છે. તો પરમાત્મામાં આવું જગત રચાય એમાં શી નવાઈ છે. આ જગતનું વહેવારમાં સાચાપણું અને તત્વમાં ખોટાપણું સિદ્ધ કરવું ઘણું સહેલું છે. સર્વે બાજુએ કાચના કડકાઓથી જડેલા ઓરડામાં ઊભો રહેલો એક પુરૂષ બધા કાચમાં પોતાની છબીઓ દેખે છે. તે સઘળી છબીઓ એકજ પુરૂષની છે. બલકે એટલા બધા માણસો છે એમ કહેવાશે નહીં પણ માણસ તો એકનો એકજ છે. એ મુજબ આ સંસારમાં એવી રચના છે કે આપણે વડે જગતની સઘળી વસ્તુઓ સિદ્ધ થાય છે. આપણા સીવાય બીજી વસ્તુ છેજ નહીં. અને જે છે તે આપણાજ પ્રતિબિંબ છે. ફેર એટલોજ છે કે કાચના ઓરડામાં સઘળી છબીઓ સરખી પડે છે. પણ આ જગતમાં આપણું એકપણું સિદ્ધ કરવાને માટે બીજી તમામ વસ્તુઓ આપણાથી તદ્દન જુદી નિરનિરાળી ભાસે છે. સરખી ભાસે તો એકપણું સિદ્ધ થાય નહીં. એ ખુબી આપણા વાતાવરણ રૂપી માત્ર ભાસતા ઈશ્વિરી કાચની છે. હું "વાઘ નથી" એ વાત સિદ્ધ કરવાને માટે વાઘ ભાસે છે. બાકી વાઘ પણ મારી છબી છે, હું "સ્ત્રી નથી" એ વાત સિદ્ધ કરવાને માટે સ્ત્રી ભાસે છે. "હું વૃક્ષ પાષાણ કે દેહ નથી." એ વાત સિદ્ધ કરવાને માટે વૃક્ષ પાષાણને દેહ ભાસે છે. સૂતેલા પુરૂષના મનમાં અહંકાર નથી. પણ સ્વપ્નના જીવોમાં અહંભાવ છે. જગતમાં જીવભાવ ઈશ્વિરભાવ અને ચૈતન્ય ભાવ એવી ત્રણ સ્થીતિ માનવી એ જીવની કલ્પના છે. બાકી **ચૈતન્ય સીવાય બીજું કંઈ છેજ નહીં.** જીવ કલ્પના કરે છે કે મારા જેવા જીવો બધા, જગતમાં ઉત્પન્ન થયા છે, ઇશ્વર જગતને રચે છે, અને આ જીવ ઇશ્વિર તથા જગત માયાએ કરી રચાયું છે, અને ચૈતન્ય, જીવ ઇશ્વર અને જગતને સ્ફૂર્તિ આપે છે. પણ એ સઘળું મનની માત્ર કલ્પના છે. બાકી ચૈતન્ય તો જ્યાં છે ત્યાંજ છે. અને તેમાં જગતની પ્રવૃત્તિ માત્ર ભ્રાંતિ છે. દોરીમાં જેમ સર્પની ભ્રાંતિ પડે તેમ છે. દોરીને જ્યાં સુધી સર્પ માનીએ ત્યાં સુધી ભય રહે છે. પણ જ્યારે દોરી સિદ્ધ થાય ત્યારે ભય નાશ પામે છે. ભ્રાંતિકાળે વા જ્ઞાનકાળે કોઇપણ સમયે દોરી અને સર્પ બંને એકી વખતે એકજ સ્થળે સિદ્ધ થતા નથી. તેમજ જગત અને ચૈતન્ય એકી વખતે બેઉ સિદ્ધ થાય નહીં. તેથી મુખ્ય સામાનાધિ કરણ્ય લાગુ પડતો નથી. માટે બાધ સામાનાધિકરણ્ય લાગુ પાડી જોઇએ તો જણાશે કે બાધ

સામાનાધિકરણ્ય લાગુ પડવું જોઇએ. એટલે કે એકને મુકીને બીજું તે સ્થળે બેસી શકે. જે સ્થળમાં દીવો છે તે દીવો ખસે અને તેની જગો ઉપર બીજું આવે ત્યારે તે બીજું તે જગ્યાએ દાખલ થાય. એક જગો ઉપર એકી વખતે બે વસ્તુ રહી શકે નહીં. તેથી ભ્રાંતિકાળમાં જે જગો ઉપર ચૈતન્યને બદલે જગત ભાસે છે. તેનો બાધ થાય ત્યારેજ જ્ઞાનકાળમાં પાછું ચૈતન્ય સિદ્ધ થાય. અને " સર્વં ખલુ ઇદમ્ બ્રહ્મ. " એમ કહેવાય. ખરૂં જોતાં જડને તો અસ્તિત્વ છેજ નહીં. જડ પોતાને પોતે પ્રમાણુ ભૂત કરી શકતું નથી. ચૈતન્યથીજ પ્રમાણુ ભૂત થાય છે. એક ચોપડી બીજી ચોપડીને ઓળખી શકતી નથી. પણ દીવો તમામ ચોપડીઓને અને તમામ વસ્તુઓને સિદ્ધ કરી આપે છે. તેથી ચૈતન્ય વગર જડ વસ્તુને પ્રકાશ છેજ નહીં. દીવા વગર જેમ ઘરની સઘળી વસ્તુઓ અંધારામાં એકરૂપ છે. અને સૂર્ય વગર જગતની સઘળી વસ્તુઓ અંધારામાં એકરૂપ છે. તેમ ચૈતન્ય વગર બ્રહ્માંડોમાં કોઇપણ વસ્તુ સિદ્ધ થતી નથી—અસ્તિત્વ ધરાવતી નથી તથા શક્તિહીન છે. અને જેને શક્તિ નથી તે વસ્તુ છેજ નહીં એમ માનવું જોઇએ. કારણકે પુરૂષપણું હોય નહીં તો તે પુરૂષ શાનો ? જેનામાં બાળવાની શકિત નથી તે અગ્નિ શાનો ? જેનો ઝેરી દાંત કહાડી લીધો તે સર્પ શાનો ? અને જે જગતનું મિથ્યાપણું જાણ્યું તે જગત શાનું ? ઉપનિષદમાં ચૈતન્યની શકિત વિના ઇંદ્ર અગ્નિ કે વાયુ એક તણખલા સામે પણ પોતાની સ્વાભાવિક શકિત અજમાવવામાં નિષ્ફળ થયાનું લખેલું છે. એક પાંદડું પણ મૂળ શકિત વિના હાલી શકે એમ નથી. માટે ચૈતન્ય સિવાય બીજું કાંઇ છેજ નહીં. અથવા છે તો ચૈતન્ય વગરના શકિત હીન નહીં જેવા છે. જીવતા મનુષ્યમાં અને મુડદામાં ફેર છે તેમ વળી જડની શકિત જો કંઇ જણાય તો તે ભાડુતી છે. અને ચૈતન્ય પાસેથી ચોરી આણેલી છે. લોહ ચુંબકના બળથી લોખંડ ચાલે છે. સૂર્યને તેજે ચંદ્ર તેજ વાળો થઈ ફરે છે. શેઠીઆઓના નોકર શેઠને પૈસે કડાં સાંકળાં સારો પોશાક પહેરે છે. એવા ભાડુતી પોષાક પહેરનારને શેઠ કહાડી મુકે ત્યારે પાછા અસલ સ્થીતિમાં નહીં જેવા થઈ પડે છે. તેમજ લગ્ન પ્રસંગે ભાડુતી દાગીનાથી સાંબેલા શણગારે છે. તેથી કાંઇ તે શ્રીમંત કહેવાતા નથી. પાડોશી તો એનું અસલ રૂપ જાણે છે. અને દાગીના ભાડુતી છે એમ પણ સમજે છે. તેજ મુજબ જડની સત્તા જુદી નથી. ચૈતન્ય વડેજ તેનું ભાડુતી રૂપ સિદ્ધ થાય છે. માટે ચૈતન્યમાં જડ અને ચૈતન્ય એવા વિભાગ માનવા એ પણ મનની કલ્પના છે. કારણ કે ચૈતન્ય તો બની

જ રહેલું છે. પણ તેમાં જડની અપેક્ષા આવી 'ચૈતન્ય એવું જુદું નામ આપવું પડયું. કારણ કે નામ માત્ર નિષેધરૂપ છે. વિધિરૂપ નથી. "આત્મારામ" એવું નામ આપવાથી મગનભટ, નારશંકર, મોહનલાલ વગેરે બીજા નહીં. એમ સિદ્ધ થાયછે: બાકી "આત્મારામ" એવા નામમાં બીજો કશો વિધિ છે નહીં. માત્ર બીજી વસ્તુઓથી અલગ પાડી ઓળખવાને માટે નામ આપવામાં આવે છે. બાકી વેદ પણ જેને "નેતિ નેતિ" કહે છે, તે નિરાકાર છે. અને તેમાં આકાર ભાસે છે. તે ચૈતન્યનું પ્રકટ અપ્રકટપણું છે. જગતમાં આકાર ભાસે છે તે આકાશનું પ્રકટ અપ્રકટપણું છે. આકાશ તો તેનું તેજ છે. પણ વચમાં વસ્તુઓ આવવાથી એક બીજાની અપેક્ષાએ આકાર ભાસે છે. બાકી આકાશ વગર આકારની સ્થીતિ છેજ નહીં. લખેલા અક્ષરનો સ્થીતિ કાગળ વગર છેજ નહીં. કાગળ એકનો એક છે. પણ જેટલા ભાગપર અક્ષરો આવ્યા તે અપ્રકટ થયો 'અને અક્ષરો સીવાયનો ભાગ પ્રકટ રહ્યો. એ પ્રકટ અને અપ્રકટ જેના ઉપર ભાસ્યા તે સલંગ કાગળ એકજ અખંડ છે. છતાં અક્ષરો એક બીજાથી પોતે જુદા માને છે. તોપણ દરેક અક્ષરને પોતાની સ્વતંત્ર સ્થીતિ નથી. પોતાપુરતા કાગળ પર એ દરેક અક્ષરનો આધાર છે. છતાં પોતાપુરતા કાગળ સાથે પોતાના કાગળપણાનું ભાન થવું એ સાહી રૂપી માયાના બળથી ઢંકાઈ ગયું છે. માટે સ્વતંત્રપણે જોતાં તો દરેક અક્ષર કાગળજ છે. વા સાહીજ છે. પણ અક્ષર એતો માત્ર નામ છે. કાગળપર અક્ષરને સાહીરૂપી માયાથી હું પણું ઊઠયું છે તેથી બીજા અક્ષરોથી પોતાને ભિન્ન અને સ્વતંત્ર સત્તાધારી માને છે. ખરૂં જોતાં અદ્વૈત જ છે. જ્યાં વિરોધી હોય ત્યાં દ્વૈત હોય. પણ સ્વતંત્રતા વિરુદ્ધ હોયજ નહીં. વિરોધ તો ભાસે છે. દરેક અક્ષર જુદો જુદો જણાતાં છતાં કાગળ રૂપે વિરોધી નથી. માટે બેપણું છેજ નહીં. દરેકપર આંગળી મૂકતાં તે એકજ છે. અને તે એક બતાવીએ ત્યારે બીજા પર આંગળી નથી. જે ગણાવશું તે એકી વખતે એકજ છે. માળાના ૧૦૮ દાણામાંથી જેનાપર આંગળી પડશે તે દાણો તે વેળા એકજ છે. અને દરેકપર આંગળી પડતી વેળા આ "રામ" આ "રામ અને આપણ "રામ" એમ દરેક રામ સ્વરૂપ ગણી માળા જપવામાં આવે છે. આ મણકો "રામ" અને આ બીજો મણકો "રામ" નહીં એમ કોઈ સંજ્ઞા ગોખતું નથી. માટે બે પણું છેજ નહીં. એકને અભાવે બીજું છે. અને તે પણ તે વેળા એકજ છે. તેથી એકજ અખંડ અભેદપણું સિદ્ધ થાયછે. દ્વૈત નિ-

વૃત્ત થવા "જાણવું" એજ સાધન છે. ભ્રાંતિ દૂર થાય કે જ્ઞાન થાય છે. પણ દ્વૈત એવું તો મનમાં ઠસી ગયું છે, નિરંતર લાંબા અભ્યાસથી ખાવું પીવું મોજ મઝા એવાં તો પ્રિય થઇ બેઠાં છે, કે તે કેમ નિવૃત્ત થાય? એ કેમ છોડાય? એ તો નહીંજ છોડાય એમ માનવું એ પણ મનનો સંકલ્પ માત્ર છે. **મનની ખાણ** એવી છે કે એ એક ભંડાર રૂપ છે. એને ખોદીએ તો એનું તળીયું જણાય એમ નથી. જૈન સિદ્ધાંતમાં અને બીજે સ્થળે કહ્યું છેકે "સબ બાતાં હે સ્હેલ, પરંતુ મન વશ કરન મુસ્કેલ." એટલે કે મન વશ કરતાં તો જનમો હજારો ને લાખો વહી જાય તોપણ મન વશ થાય નહીં. શ્રી ભગવદ્ગીતામાં કહ્યું છે કે "ચંચલો હિ મનઃ કૃષ્ણ" તો પણ અભ્યાસે એવું ચંચળ મન પણ વશ થાય છે એમ પછી શ્રી કૃષ્ણ ઉત્તર આપે છે. પરંતુ મનની ખુબી જુઓ કે મન કોઈ દહાડો હું ભરાઈ ગયું એમ કહે છે? હજારો અનુભવ લેવા છતાં ખાલીનું ખાલી છે. એજ અદ્ભૂત માયા છે. રોજ ખાધેલો ખોરાક કોઠીમાં પડ્યો હોય તો તે કોઠી ભરાઈ જાય. પણ પેટની કાણી કોઠી રોજ ખાલીને ખાલી. તેમજ મનનો ધર્મ તેવોજછે. એક સાધારણ માણસનો અનુભવ એકઠો કરીએ તો પુસ્તક ભરાય અને એવા હજારો માણસની દરેકને મનમાં હજારો અનુભવની હજારો છબી મનમાં ભરેલી છે. એતે જેમ છબી વાળો નેગેટીવ કાચ એટલે કાચપર પહેલી લીધેલી ઊંધી ઝાંખી છબી રાખી મુકે છે. અને જ્યારે પાછી છબી પાડવી હોય ત્યારે તે ઉપરથી પાછી તેવીજ આબેહૂબ સીધી છબી પાડી શકે. અને જેમ ફોનોગ્રાફમાં પડેલું ગાયન જયારે સાંભળવું હોય ત્યારે ભુંગળું ચડાવ્યું કે આબેહૂબ મૂળ ગવાયલું તેવુંજ સાંભળી શકાય છે. તેમ મનમાં ભરેલી છબી અતિ વિચિત્ર છે. એવી મનની શક્તિ અગાધ છે. દશ વરસ પર આપણે મળેલા તે છબી આજે મનમાં ખડી થાય છે. સ્વપ્નમાં ખડી થાય છે. આજે તમે મળ્યા તો જાગ્રતમાં ખડી થાય છે કે આપણે ફલાણે ઠેકાણે મળેલા તમને જોતાંજ તે સ્થળ તે વાત તે દેખાવ સઘળું એકદમ ખડું થાય છે. તેમજ જગતની કલ્પના ઘણા લાંબા અભ્યાસથી ખડી થઈ બની રહેલી છે. પણ **મિથ્યા છે. મનોમય છે. અસત્ય છે.** મનનો કે જગતનો અભાવ કરવાનો નથી. તેનું મિથ્યાપણું જાણવાનું છે. અભાવ તો થાયજ નહીં. કેમકે અભાવ તો દુઃખરૂપ છે. લાકડાનો સાપ લાવીને મુકીએ તેનાથી જે બાળક બ્હીે તેની બીક દૂર કરવા તે સાપને બહાર ફેંકી આવીએ તોપણ તેની છબી તે બાળકના મનમાંથી ગઈ નથી. સાપનો સ્વભાવ

કડવાનો છે એ વાતની તે બાળકને ખાત્રી છે. તે જાણે છે કે રખેને પેલો સાપ પાછો આવશે અને કરડશે, એમ અભાવ તો થયો, પણ તે મનમાંથી ખસે નહીં ત્યાં સુધી બાહ્ય અભાવ છે. અને તેથી તે દુઃખરૂપ છે. પણ લાકડાનો સાપ છો-પડયો રહ્યો. તે કરડે એવો ખરો સાપ નથી. પણ લાકડુંજ છે. બલકે લાકડું સાપના આકારમાં સાપરૂપે ભાસે છે. પણ જાતે લાકડું છે. એમ ખાત્રી થઈ તો પછી બાળક કહેશે કે અમારે ત્યાં સાપ છેજ નહીં. એક લાકડાનો સાપ જેવો આકાર છે. તે તમારે નવાઈ જોવી હોય તો ચાલો બતાવું. એ તો લાકડાનો સાપ છે. લો કરડાવું? એમ દરેક વસ્તુનો જેમ સ્વભાવ છે; અગ્નિનો બાળવાનો સ્વભાવ, જળનો શીતળતા, શાંતતા, મધુરતાદિ સ્વભાવ, તેમ પરમાત્મામાં અનુભવની લહેરો સ્વભાવેજ ચાલી રહી છે. પરમાત્મા પોતે અનુભવ સ્વરૂપ હોવાથી એનો એજ સ્વભાવ છે. **સ્વભાવેજ આ અનુભવો થતાં જગતરૂપી લહેરો ભાસે છે.** પણ બાળક વળી લાકડાનો સાપ ખરો તો નહીં હોય એમ ભુલાવામાં પડી જાય તેમ જગતનો ચમક ફરી ફરી ફસાવે. પણ **શ્રવણ, મનન, નિદિધ્યાસનથી** તે ઓછી થઇ નિવૃત્ત થઈ જાય છે. જ્ઞાનીને પણ એ ચમક થઈ આવે છે. કોઇ કંઈ સળવળતું દીલપર નાંખે અથવા ઉપરથી કંઈ એકદમ પડે તો જ્ઞાની પણ કદાપિ ચોંકે. એ પ્રથમના દીર્ઘ અભ્યાસથી શારીરિક ચેષ્ટા થઇ જાય. પણ પછી વિચારથી જુદી સ્થીતિ થાય છે. આખો જન્મ અભ્યાસ રાખેથી પણ પછી ઊઠતી નથી. **જન્મથી મરણ સુધી નિરંતર આત્મ અભ્યાસ અવશ્યનો છે.** માટે સરળ રસ્તો છોડીને ખાડાને અથવા કાંટાને રસ્તે શું કામ જવું? કદાપિ કાંટાને રસ્તે જતાં સુભાગ્યે બચી જઇએ તોપણ તેથી બહાદુરી માનવાની નથી કે હું કેવો બચી ગયો? ખાડા ખબોચીઆમાં પડવુંજ નહીં. જે ગામ જવું નહીં તેનું નામ નહીં લેવું. બાકી પાપ પુણ્ય તથા સુખદુઃખ તો ભ્રમ માત્ર મનનો ધર્મ છે. એ કાંઈ આત્માનો ધર્મ નથી. પરંતુ સાધન દશામાં ભયાનક રોચક વાકયોની જરૂર છે. સુખદુઃખ વગેરેની ભ્રાંતિ કોના જેવી છે? જેમ આરસમાં અથવા કાચમાં ઉપર મુકેલા લાલ ફુલની લાલાશ છે. તે પોતાની નથી. પણ ફુલની છે. તેમજ સુખદુઃખની ભ્રમણા મનની છે. તે આત્મારૂપી આરસામાં આત્માની હોય એમ ભાસે છે. એજ મુજબ ભ્રાંતિથી આકાશમાં બે ચંદ્રમા અને આકાશની નીલતા ભાસે છે. અને આપણે ભૂલને જાથુકની કરવા ઉપલકીઆ સ્વભાવે આશમાની રંગ પણ કહીએ છઇએ. બાકી વાદળી કે આ-

શમાની રંગ શો ? આશમાનને રંગ કેવો ? આકાશમાં માત્ર ઘનતા રંગ આપે છે. ઘનતાને લીધે રંગ ભાસે છે. પાણીમાં પણ ઘનતાને લીધે રંગ ભાસે છે. તેમજ **ચૈતન્યની ઘનતાથી જગત ભાસે છે.** બાકી આ એક ચમત્કાર છે. એ વાતને પાયોજ નથી. એકને વાગે છે અને બીજો રડે છે. એ તે ભ્રમ કેવો ! જેને વાગે છે તે બોલતો એ નથી. જેને નથી મારતા તે રડે છે. જેને નથી વાગી શકતું તે રડે છે. ત્યારે વાગ્યાની વાતજ ખોટી ઠરે છે. એક મારે અને બીજો રડે. એતો અંધેરી નગરી જેવું થાય. દેહને માર પડે તે દેહ તો ચામડાનો છે. અને ચામડામાં મારીએ તો તે કંઈ બોલે છે ? આત્મા તો નિર્લેપ છું, એને મારનાર કોણ ? એતો “અદાહ્યો અશોષ્યો” વગેરે છે. ત્યારે બચારૂં મન ફોગટમાં બૂમાબૂમ કરી રડે છે. માટે આપરથી સ્પષ્ટ જણાય છે કે સુખદુઃખની સ્થીતિ છેજ નહીં. કયાં છે ? મનનો ધર્મ છે કે મન સંકલ્પ વિકલ્પ કરી સુખ દુઃખ માની બેઠું છે. માત્ર કલ્પના છે. બાકી મન પણ કયાં છે ? કે સુખદુઃખ હોય ?

તા. ૮-૮-૦૩

૫. સુખદુઃખ.

સુખદુઃખ મનને વિષે છે. આત્માને વિષે નથી. આત્મા અહંકાર રહીત છે. અને સ્વભાવે કરીને પ્રકાશે છે. જેવી રીતે સૂર્ય અહંકાર રહીત છે. અને સ્વભાવે પ્રકાશે છે. તેમ અહંકાર રહીત પ્રકાશવું એટલે મામા માશીનું કરવું નહીં તે. સારા નરસા સઘળાને સમાન પ્રકાશવું. એનું પ્રકાશવું એ પોતાની ઇચ્છા ઉપર આધાર રાખતું નથી. પોતે ધારે તો કોઇના ઉપરથી પ્રકાશ લઈ લેવો એમ બનતું નથી. ઘરમાં દીવો બધાપર પ્રકાશે છે. તે ધારે કે મારે મેજને પ્રકાશવી છે, અને ખુરસીને પ્રકાશવી નથી, તો તેમ તે કરી શકે નહીં. દીવાને અને સૂર્યને તો હજી પણ બીજી વસ્તુઓની અપેક્ષાએ પરિચ્છિન્નતા છે. અને તેથી તે અહંકાર કરે. પણ પરમાત્મામાં અહંકાર સંભવતો નથી. કેમકે અહંકાર બીજાની અપેક્ષાથી છે. અને આત્મા તો એકજ છે. બીજો ભાગ પડાવનાર નહીં હોય ત્યાં સુધી મહારૂં તારૂં સંભવતું નથી. આત્મા સીવાય બીજી વસ્તુ છેજ નહીં. દ્રષ્ટારૂપે રહીએ તો તેમાં અહંકાર છે. કે મેં જોયું. પણ **સાક્ષીરૂપે રહેવું**

કે જેથી લેવા દેવા રહે નહીં. દીવો ઘરની સઘળી વસ્તુનો સાક્ષી છે. સૂર્ય જગતની વસ્તુઓનો સાક્ષી છે. તેમ આત્મા જે કંઇ ભાસે છે તે તમામનો સાક્ષી છે. તેથી દીવાને સૂર્યને અથવા આત્માને સુખ દુ:ખ શું કામ થાય? પક્ષકાર હારે જીતે તેમાં સાક્ષીને લેવા દેવા નથી. એ આત્માનું સાક્ષીપણું સ્પષ્ટ છે. જાગ્રત અવસ્થામાં મન પ્રકટ છે. સુષુપ્તિમાં મનનો લય છે. અને અહંકાર નથી. તો પણ જાગ્રત સુષુપ્તિ અને સ્વપ્ન દરેક અવસ્થામાં આત્મા તો છેજ. નિદ્રામાં મન નથી. શરીર ઇંદ્રિય પ્રાણુ અને મનનો અભાવ છે. તેની સાથે જગતનો પણુ અભાવ છે. સુખ દુ:ખનો પણુ અભાવ છે. એ સર્વે અભાવનો સાક્ષી આત્મા હાજર છે. ગમે એવો રોગી હોય તેને પણુ ઊંઘ આવે એટલે તેનું દુ;ખ નાશી જાય છે. મોટો રાજા હોય અને જય મેળવી ઘણો આનંદ પામ્યો હોય તેનું સુખ પણુ ઊંઘમાં કોણુ જાણે કયાં જતું રહે છે? તેનું કારણુ એજ છે કે સુખ દુ:ખનો ધક્કો મન સુધી પોંચે છે. મનની પેલી તરફ આત્મા તરફ નથી. છાપરાપર વરસાદ વરસે અને તેનુ પાણી નેવાં વાટે બહાર જતું રહે તો છાપરા તળે ઘરમાં રહેલો માણુસ ભીંજાવાની બુમ શા માટે પાડે? વરસાદ છાપરાની અંદરની બાજુમાં પેશી શકે એમ નથી. અંદરના માણુસને ભીંજવી શકે એમ નથી. છતાં તે એમ કહે કે હું ભીંજાણો છું તો તેની મૂર્ખતા છે. તેવીજ રીતે સુખ દુ;ખનો વરસાદ મન રૂપી છાપરા સુધી પહોંચે છે. છાપરા તળેના આત્માને ભીંજવતો નથી. અને વિચાર કરો તો સુખ દુ:ખજ ખોટાં છે. છેજ કયાં? બહારના પદાર્થમાં સુખ દુ:ખ નથી. કોઇ પણુ પદાર્થ નીયમે કે સ્વભાવે સુખ કે દુ;ખ આપવાવાળો નથી. જેનો સુખ આપવાનો સ્વભાવ હોય તેતો સુખજ આપે. તે કદી દુ:ખ આપે નહીં. કડવો પદાર્થ હોય તે અંધારે અજવાળે જયાં ખાય ત્યાં કડવોજ લાગે. ગળ્યો લાગેજ નહીં. જયારે આપણુને ભુખ લાગી હોય છે, ત્યારે ખાવાના પદાર્થો સોના જેવા લાગે છે. તે વખત ખોરાક ન મળે તો સોનાનો ગઠ્ઠો પણુ તેટલી ઘડી નકામા જેવો જણાય છે. પણુ જયાં ખાઇને તૃપ્ત થયા અને પછી જો કોઈ આગ્રહ કરે અને મિષ્ટાન્ન જોરથી મુકે તોપણુ તે લેવા ના પાડીએ છઇએ. ને તેમ છતાં જોરથી ઇંચી ઇંચીને ખાઇએ તો ઉલટી પણુ થાય છે. આવી રીતે પા કલાક ઉપર જે અતિ પ્રિય હતી, જેના વગર કેમ ચાલશે એ ચિંતા રહેતી હતી, જે સ્ત્રી પુત્રાદિક સોના રૂપાથી અધિક વહાલી હતી તેજ વસ્તુ, તેજ મિષ્ટાન્ન હવે ન ગમતું થઈ પડયું. માટે વ-

સ્તુમાં સુખદુઃખ નથી. આપણે માનીએ ત્યાં સુધી વસ્તુ સારી લાગે છે. મનની ભાવના દરેકને સારો યા નરસો માની લે છે. ગરીબના છોકરો ગંદો હોય તોપણુ તેને તે અતિ વહાલો છે. શ્રીમંતને તેનો છોકરો તેટલોજ વહાલો છે. એ દરેકની મનની ભાવના ઉપર આધાર રાખે છે. શ્રીમંતના છોકરાને ગરીબના ખોળામાં મુકો તો તે ગરીબને પોતાના છોકરાપર જેટલું હેત હોય તેટલું શ્રીમંતના છોકરાપર ઉત્પન્ન થશે નહીં. અને શ્રીમંતના ખોળામાં ગરીબના છોકરાને મૂકો તો તે ગંદો ગંદો કહી આઘો કહાડશે. વસ્તુ તેની તે છે. ગંદી કદરૂપી કે સારી. પણુ જેના મનની ભાવના જેના ઉપર ચોંટી છે અને જેને પોતાનું વહાલું ગણે છે તે તેને વહાલું લાગે છે. ગરીબનું ઝુપડું ગમે એવું ખરાબ હોય તે કોઇના સુંદર મહેલમાં બેઠો હોય તો ત્યાંથી પણુ તેને પોતાના ઝુંપડામાં જવાનું મન થાય છે. સોનાના પાંજરામાંના પોપટને તેમાંથી નિકળી જંગલમાં ભટકવાનું વલણુ થાય છે. અને મનને આત્મસ્વરૂપ છોડી જગતમાં ભટકવાની ઇચ્છા થાય છે. છતાં મનનું વલણુ ફેરવી શકાય છે. દાખલા તરીકે જુઓ કે મોટાંને તંબાકુ ખાતાં જોઈ નાનાં છોકરાં તંબાકુ ખાતાં શીખે છે. અથવા બીડી પીતા શીખે છે. પણુ શરૂઆતમાં તેમને દુઃખ મહેનત અને ઓકારી જેવું લાગે છે, તો તે પણુ હોંસમાં સહન કરે છે. દેખાદેખીથી નઠારાં કામમાં પણુ ઉમેદ થાય છે. એમ અભ્યાસે તમાકુ ખાવાનો મહાવરો થાય છે. અને પછી ન મળે તો ગોઠતું નથી. છતાં પણુ જ્યારે તમાકુ ખાવાનો છોડી દેવાનો અભ્યાસ કરે છે તો પ્રથમ દુઃખરૂપ લાગે પણુ પછી ધીમે ધીમે સુખરૂપ થઈ જાય. અને પછી તો તમાકુનું એક પણુ પાંતરૂં ભૂલથી મોંમા આવી જાય તોપણુ તે તેનો અણુગમો કરે છે. આ પ્રમાણે મનમાં પણુ અમુકરીતે સુખદુઃખ રહેલાં નથી. તેથી મનને સુખરૂપ બનાવવાનું આપણુા હાથમાંજ છે. **મનને સાધ્ય કરવું. દુઃખ તરફ દ્રષ્ટિ જવાજ ન દેવી.** કે જેથી કલેશ થવા પામેજ નહી. સર્વ સ્થીતિમાં સુખ બુદ્ધિજ રાખવી. રોગમાં પણુ "સુખી છું" એમ માનવું. ઉપલક જોતાં એમ લાગે કે રોગમાં સુખી છું એમ કેમ મનાય? એમ પણુ વિચાર કરો કે રોગમાં જે દુઃખ થાય છે તેટલીજ પ્રતિકૂળતા છે. તેને વિસારી નાંખવાને બીજી તમામ અનુકૂળતા બસ છે. કેમકે રોગી માણુસને કંઈ કામ કરવું પડતું નથી. પથારીમાં સુઈ રહેવાનું હોય છે. બીજા બધા તેની ચાકરી કરે છે. શીરો ખાવાનો મળે છે. અને ભયંકર

રાગ હાય તો તો ખાવું પીવું તેને કંઇપણ જોઇતું નથી. ખાવાનું સાંરૂ સારૂં લાવે તો તે લેવા તે ના પાડે છે. તમામ ઇંદ્રિયો તેને વશ રહે છે. જીભના સ્વાદ હોતો નથી. મધુર ગાયન સાંભળવું ગમતું નથી. અને મહા મહેનતે યોગીઓ પણ ઇંદ્રિયો વશ કરી શકતા નથી તે તમામ ઇંદ્રિયો એને વશ જેવી થઈ જાય છે. જોકે એ સ્થીતિ જ્ઞાન વિનાની હોય છે તોપણ આવી અનુકુળતાનો વિચાર કરી વૈરાગ્ય બુદ્ધિથી એ સ્થીતિ પણ સુખરૂપ માની શકાય છે. મહીંતો મોટો રાજા હોય, ઇંદ્ર હોય, તોપણ તે પોતાને દુઃખી માનવા ધારે તો તે દુઃખીજ છે. દુઃખ દ્રષ્ટિમાં દુઃખજ હોય. હવે વિચાર કરો કે સુખ શું છે? બધા સુખ મેળવવા પ્રયત્ન કરી રહ્યા છે. અને સુખ શેમાં છે તે સમજવું જોઇએ. સાધન ખોટાં પકડે અથવા ખરાં પકડે અને તે સાધનનેજ સુખ માને તો તે પણ ઠીક છે. પરંતુ સાધન એ કંઈ ફળ નથી. ફળતો સાધનથી જુદું અને સાધનમાંથી ઉત્પન્ન થનારૂં છે. ભક્તિ ઉપાસના ને કેટલાક ફળ માને છે. ભક્તજનને ભગવાન પૂછે કે વરદાન માગો તો તે કહેશે કે મારે મુક્તિ નહીં જોઇએ. સદાકાળ તમારા ચરણ કમળની ભક્તિ આપો. વૈરાગીને પુછીએ તો કહેશે કે સદાકાળ મારો વૈરાગ્ય કાયમ રહે. જગતના મનુષ્ય, વહેવારમાં મશગુળ મનુષ્યોને પુછીએ તો તે કહેશે કે દ્રવ્ય એકઠું કરવામાં સુખ છે. સેવીંગ્સ બેંકમાં રૂપીઆ એકઠા કરવા, ઘરેણાં કરવા, એમાં સુખ માને છે. દ્રવ્યનો ઉપભોગ યાને ઉપયોગ કરવામાં તત્પર રહેતા નથી. દ્રવ્યનો બોજો વહે છે. દુઃખરૂપ સોના રૂપાની બેડીઓ પહેરે છે. અને તેમાંજ સુખ માની લેછે. પણ સુખ જો કંઇ પણ હોય તો તે પલટાઇ જાય એવું સુખ હોવું ન જોઇએ. સદાકાળ નીભે એવું સુખ ખરૂં સુખ છે. અને તે મનને ચંચળતાથી રહીત કરવાથી ચિંતાથી તથા વિક્ષેપથી મનને રહીત કરવામાં સમાયલું છે. હરેક વસ્તુ સ્વભાવે અચળ છે. તેને ચૈતન્યની સત્તા ચલાયમાન કરે છે. તેમજ મનને બહારના નિમિત્તે જે ચંચળતા ઉત્પન્ન થાય છે, તે તેની સ્વભાવિક માની લેવામાં છે. મને સ્વાભાવિકપણે તો સ્થીર છે. પણ દીવાને જેમ પવન આવવાથી હાલવું પડે છે. તેમ મન પણ બહારના નિમિત્તે ચંચળ થાયછે. કર્મનો ધકકો મનના ઉપર આવેછે. તૃષ્ણા ઉત્પન્ન થાય છે. અને પછી તો મન અને તૃષ્ણા એક બીજાને પરસ્પર ધકકો આપે છે. અને પછી પહેલ ક્યાં થઈ તે પણ પરખાતું નથી. જેમ મંદીરની બે પાસાની પૂતળી એક મધ્યબિંદુના દાંડાપર રહી એક તરફથી હલાવેલી પછી

તા બેઉ તરફ દોલાયમાન થયાંજ કરે છે. એ મંદીરની પૂતળી ઉપરથી મનની આ સ્થીતિ વિષે બોધ લેવાનો છે. ઇચ્છા ઉત્પન્ન થાય, ભોગની પ્રાપ્તિ થાય, તેના સંસ્કાર વડે વળી ઇચ્છા થાય, એ પ્રમાણે ચક્ર ફર્યા કરે છે. સ્વપ્નની સ્થીતિ તપાસીએ તો તેમાં હજારો પદાર્થ દેખાય છે. પણ ખરૂં જોતાં તે પદાર્થ છેજ નહીં. પદાર્થ ખડા કરવા એ મનની ભાવનાજ છે. સુખદુઃખ માનવું એ મનને નવરાનો ધંધો છે, મનનો નાટક સઘળો બની રહ્યો છે. અને એ નાટક આપણે મનના દ્રષ્ટા રૂપે જોવાનો છે. અથવા તો સાક્ષી રૂપે જોવાનો છે. નાટકમાં લગ્નનો આનંદ આવે. ઘડીમાં મરણનો વિલાપ ભજવાય. પરંતુ જોનારને તો બેઉ પ્રસંગે સરખોજ આનંદ થાય છે. માત્ર બાળક લગ્ન પ્રસંગે હસે છે. મરણનો વિલાપ જોઈ રડે છે. કાળા કપડાં પહેરવાથી કાળો માણસ કહેવાય અથવા બ્લૅક પ્રિન્સ યાને કૃષ્ણકુંવર ને નામે ઓળખાય પરંતુ શરીરનો રંગ તો અસલ હોય તેજ રહે છે. તેવી રીતે મન રૂપી વસ્ત્રથી જુદો જે આત્મા તે વસ્ત્રના રંગ રૂપી સુખ દુઃખથી રંગાતો નથી. મનને દુઃખ થાય તે દુઃખ આત્મા પોતાનું માને એ અજ્ઞાનનું પરિણામ છે. અજ્ઞાનમાં વિપરીત જ્ઞાન મળે છે એટલે મોહ ઉત્પન્ન થાય છે. માત્ર અજ્ઞાન નુકશાન કરતું નથી. કેમકે નિદ્રામાં પણ અજ્ઞાન તો છેજ. પણ ત્યાં આત્મા અજ્ઞાનના પડદામાં ઢંકાયલો છે. ત્યાં અજ્ઞાન એજ તેનો વિષય છે. અને અજ્ઞાનને જ ત્યાં તે પ્રકાશે છે. પોતાને પરિચ્છિન માનવું એ વિપરીત જ્ઞાન છે. અને વિપરીત જ્ઞાન એટલે કલ્પના છે. નથી ત્યાં ઊભું કરવું એનું નામ કલ્પના. દોરી હોય તેને સર્પ માનવો એ ભ્રાંતિ છે. શરીર સંધાત મરણશીલ છે. આત્મા મરણશીલ નથી. મરવામાં શું દુઃખ છે ? એક ઘર છોડીને બીજા ઘરમાં જતાં અવઘડ તથા દુઃખ જણાય છે. પણ નવા ઘરમાં ગયા પછી ત્યા ગોઠી જાય છે. અને પછી ત્યાંનું સુખ એવું લાગે છે કે પાછલા સુખને યાદ પણ કરતા નથી. છોડીઓને બાપનું ઘર છોડી સાસરે જવાનું દુઃખ પ્રથમ લાગે છે. પણ સાસરામાં વળી સુખ હોય તો પછી પીયેરનું નામ પણ દેતી નથી. જે લોકો પુનર્જન્મને માને છે તે આ જન્મમાં એવા મશગુલ થઈ રહ્યા છે કે તેને ગયા જન્મનો દેહ યાદ પણ આવતો નથી. અને આ જન્મનો દેહ છોડવો બહુ દુઃખરૂપ લાગે છે. પણ તેણે ભવિષ્ય જન્મને માટે એવી રીતે વર્તવું કે જેથી તેનો નવો જન્મ આના કરતાં ઉત્તમ થાય. અને તેથી મરવાનું દુઃખ રહે નહીં. અહીં કરતાં ઉત્તમ સ્થાનકે જવાની હોંસ ર-

હે. કેમકે સર્વે તયારી કરી રાખી છે એવા સારે રસ્તે ચાલનારા પુરૂષને મરણનું દુઃખ કેમ હોય? અને જે માણસ પોતાને સર્વત્ર બ્રહ્મરૂપ સમજી ચાલે તેને તો મરણ છેજ ક્યાં? અને તેના દેહાદિને મરણ હોય તો તેની તેને શી પરવા છે કે તેને દુઃખ થાય? પણ પાપીનેજ જીવતાં, મરણ સમયે, અને મરણ પછી કષ્ટ છે. પુનર્જન્મ માનવામાં તો ઉત્તમ જન્મ પણ લેવો પડે. પણ શરીર ન આવે એવો ઉપાય કરવો જોઇએ. કેમકે માને તેને જન્મ છે. જેને જન્મની કલ્પના નથી તેને પુનર્જન્મ છેજ નહીં. અષ્ટાવક્ર કહે છે કે "મુક્તાભિમાની મુક્ત છે. બંધાભિમાની બદ્ધ છે." તથા જેવી મતિ તેવી ગતિ એમ પણ કહેવાય છે. ભૂતની કલ્પના કરે છે તેને જ્યાં જોઇએ ત્યાં ભૂતજ દેખાય છે. "એ ભૂત આવ્યું" કહી ભડકી ઊઠે છે. માટે સારી ભાવના કરવી. અથવા તો ભાવના જ ન કરવી. આત્મા સીવાય બીજું કંઈ છેજ નહીં એવી દ્રઢ ભાવના થવી જોઇએ. અને તે થયા પછી રોમ રોમ વ્યાપી જવી જોઇએ. નસે નસ હૃદય યા કોઇપણ ભાગ ચીરી જુવે તો એ ભાવના સીવાય બીજું નજરે પડે જ નહીં એવી સુદ્રઢ થવી જોઇએ. જ્ઞાનની અવધી એજ છે કે દેહાદિક વિષે અધ્યાસ છૂટે. અને નિઃશંક બ્રહ્મમાં એક તાર લાગી રહે અને પછી બદલાય નહીં. ઘર વધે તેની સાથે આપણે વધતા ઘટતા નથી. તેમ શરીર સંઘાતમાં સુખદુઃખ થાય તેની અસર આપણને થવી જોઇએ નહીં. સૂક્ષ્મ શરીરમાં અનાદિ સ્થૂલ શરીર ગણવાં. કેમકે પૂતળાંને અથવા મૃતકને શરીર કહેવાય નહીં. શરીર સંઘાતમાં સુખ દુઃખ છે. બાકી મનુષ્યને સુખદુઃખ નથી અને પ્રાણી માત્ર પણ સુખદુઃખથી રહીત છે. એક ઓરડામાં પચીશ માણુસ સુતા છે. આસપાસ સઘળું શાંત છે સહુ ગાઢ નિદ્રામાં પડયા છે. તેમાંના એક જણને સ્વપ્નુ આવે છે કે અંગ્રેજ સરકારનું આખું લશ્કર લાખો માણસપર તોપના ગોળા ચલાવી જય મેળવી રહ્યું છે. જ્યાં ત્યાં ઉત્પાત અને પ્રવૃત્તિ ચાલુ છે, પણ આ સઘળા ઉત્પાત છતાં જેને સ્વપ્નુ થયું છે તે માણુસ તો જાગી ઊઠે ત્યાં લગી નિરાંતે સુતેલોજ છે. અને તેના ઓરડામાં સઘળે ઠેકાણે શાંતિ તેવી ને તેવીજ છે. આ સ્વપ્નની દોડાદોડની કોઇને ખબર કે અસર પણ નથી. તે જેવી પેલા માણસની કલ્પના છે. તેવાંજ આ જગતના ઉત્પાત પ્રવૃત્તિ અને દોડાદોડ એ પણ કલ્પના છે. જાદુના ખેલ જેવી માયા છે. જાદુગર ઘડીમાં બગીચો બનાવી દે તો પણ તે જગ્યા અસલ જેવીજ છે. માત્ર બગીચો થોડો વખત ભાસે છે. મેજીક

લૅન્ટર્ન એટલે જાદુઇ ફાનસપેટીમાં નવા નવા દેખાવો દેખાય છે. પણ તે ખરા હોતા નથી. કોઈ કહેશે કે અહીં તો બીજી વસ્તુઓને લીધે ભાસે. પણ આત્મામાં જગત કેમ ભાસે છે? તો જાણવું કે ભાસ્યું તેમાં શું બગડી ગયું? લોટાનું પાણી હાલે તો પણ પાણીજ છે. હાલવું નહીં હાલવું તેનો અનુભવ છે. તેમાંના જળમાં તરંગ થાય ન થાય એ જળજ છે. કેમકે સ્થીરતા અને ચંચળતા એ એમાંથી કાંઈ ખરૂં નથી. એ બેઉ આભાસ છે. આરસામાં આકાશનો આભાસ પડે છે. અને દોડતા પક્ષીનો પણ આભાસ પડે છે. તેથી આરસામાં કોઈ સ્થીર થયું નથી, કે કોઈ અંદર ભરાઇને દોડયું નથી. તેવી રીતે ચૈતન્યમાં સઘળું આભાસજ છે. આત્માનું સ્વરૂપ અનુભવ છે. માટે ચંચળતા અચંચળતાનો અનુભવ આત્મામાં ભાસે એ તેનો સ્વભાવજ છે. એ નિવૃત્ત થાય તો આત્મા કહેવાયજ નહીં. જળ ઠંડુ ન હોય, અગ્નિ બાળે નહીં, તો તેને જળ અથવા અગ્નિ કેમ કહેવાય? માટે વિષયમાંથી અનુભવને જુદો કરીને ઓળખવો. કેમકે જાણવાપણું તો એક રસજ છે. અનુભવના આકારોમાં, વિષયોમાં ફક્ત ભેદ છે. અનુભવ તો સત્ય છે. પ્રકટ છે. એ અનુભવ સમાધીથીંજ થાય અને વહેવારમાં નહીં થાય એમ નથી. કહ્યું છે કે "યત્ર યત્ર મનો યાતિ, તત્ર તત્ર સમાધયઃ" એટલે જ્યાં મન જાય ત્યાં સમાધીજ છે. ભેદનું ભાન નહીં થવું જોઇએ. ભેદ દેખાતાં પણ અભેદ ગણવો. જ્યાં સુધી બહિર્દ્રષ્ટિ ત્યાં સુધી અંતર્મુખ કરવાને પ્રથમ પ્રયત્ન કરવાની જરૂર છે. પણ પછી તો બેઉ વૃત્તિ કાહાડી નાંખવી. એટલે અખંડ સુખ રહેશે. અને તેજ ખરૂં સુખ છે.

તા. ૯–૮–૧૩

૬. સ્વાર્થ.

અખંડ સ્વરૂપ આત્માને વિષે કલ્પના કેમ સંભવે. આત્માને શો સ્વાર્થ સાધવાનો છે? મનુષ્યને સ્વાર્થ બુદ્ધિ હોવાથી મનુષ્ય હજારો કલ્પના કરે એ સંભવે છે. ઉપર મુજબ શંકા થાય એ સ્વભાવિક છે. પરંતુ આત્મા જ્ઞાનસ્વરૂપ છે. અનુભવ સ્વરૂપ છે. અને અનુભવ અભેદ છે. કલ્પના એ શી વસ્તુ છે? માત્ર એતો જ્ઞાનનો ચમકારો છે. આત્મા શાંત છે. છતાં ભાવના

કંઈ કંઈ વસ્તુને ઉત્પન્ન કરે છે. સૂર્યનું તેજ અરીસાપર પડી ભીંતપર ઓ- ળો જાય છે. જેથી લોકો ભીંતપરના ઓળાને પ્રકાશ કહે છે અને મૂળ સૂર્ય પ્રકાશ સ્વરૂપને ભુલી જાય છે. તેમજ મૂળ આત્માનો પ્રકાશ અંતઃકરણમાં અને ત્યાંથી જીવાત્મા પર ઓળો પડે જેથી જગત સત્ય મનાય છે. અને મૂળ આત્મા ભુલી જવાય છે. કોઈ કહેશે કે નિદ્રા અને સમાધિમાં અજ્ઞાન જ છે. પણ તેમ નથી. ત્યાં પણ સામાન્ય જ્ઞાન છે. વિશેષ જ્ઞાનનો અભાવ છે. ત્યાં અસ્તિત્વ નાસ્તિત્વ ભાસતા નથી. કેમકે એ સાપેક્ષિક શબ્દો છે. આપણને પૂછે કે "ઘરમાં કોઈ છે ? આપણે એમી શંકા "કોઈ છે કે નહીં "નું નિવારણ કરવા કહીએ કે "હું છું" તો આ સાપેક્ષિક વાત થઇ. "છું" એ શબ્દ વિધિ મુખ નથી પણ 'નથી' ની અપક્ષાથી. છે. દ- રેક નામ નિષેધરૂપ છે. બીજાથી નિરાળા પડી ઓળખાવા માટે છે. "બ્રહ્મ" શબ્દ પણ નિષેધ મુખ છે. અને દરેક શબ્દ એટલે નામરૂપ તો ભેદને દ્રઢ કરે છે. કેમકે જગત એટલે શબ્દ જાળ. જેમ ફૂલની જાળ ગુંથી તેમાં આકારોની જાળી પાડી હોય. તેમ શબ્દજાળ ભેદ પાડી નામો આકારો દે- ખાડે છે. શબ્દનો અભાવ હોય તો ભેદ છેજ નહીં. હજારો ઘડા નળીઆં કુંજા વગેરે માટીના વાસણો પડેલા છતાં મોટો વિદ્વાન હશે તો તેને પણ પુછશું કે માટી છે ? તો કહેશે કે ના ભાઈ માટી તો નથી. પણ તે એમ નહીં કહે કે આ ઘડા વગેરે માટીના વાસણો માટી જ છે. એ તો કસમ ખાઇને પણ કહેશે કે ભાઈ માટી તો નથી. કારણ કે ઘડો અને મા- ટી જુદા છે એમ સૌની કલ્પનામાં જચી ગયું છે. પણ ખરૂં પુછો તો મા- ટીમાં અનેકપણું થયુંજ નથી. ભાવના દરેકને જુદા કહે છે. એ દરેકમાંથી માટી પણું મટયુંજ નથી. માટી પણું, તો એક કાયમજ છે. સોનાના જુદા જુદા દાગીના છતાં વિદ્વાનની નજર એમ રહે છે કે મારા ઘરમાં આટલા તોલા સોનું છે. તેની દ્રષ્ટિ તો સોના તરફજ છે. વળી એક ડગલું આગળ જઇએ તો પરંપરાએ સઘળું જ માટી છે. માટીમાં બી વાવીએ. તે બી તો માત્ર યંત્ર રૂપ છે. તે કંઇ ફેલાઇને વૃક્ષ થતું નથી. પણ જમીનના રસ સાથે મળીને ઝાડ થાય છે. બીતો તેવુંને તેવું રહે અથવા નાશ પામે. પણ વૃક્ષ ઉત્પન્ન થાય છે. એ યંત્ર પૃથ્વીના રસને પોતાના જેવા રૂપમાં લાવે છે. કાળો ઘોડો લાલ ઘોડો યંત્રો છે. તેમને બધાને એકજ જાતનો ઘાસ દાણો આપીએ તો પણ તેના વાળ આદી કાળાના કાળા અને લાલના લાલ થશે કેમકે યંત્ર તેની તે વસ્તુને પોતાના જેવા બનાવી લે છે. શબ્દ એટલે શું છે ? કલ્પ-

નાની માત એ શબ્દ છે. જે જે વસ્તુની ઓળખાણુની જરૂર પડે તેને આપણી મરજી મુજબ નામ આપીએ છઇએ, વસ્તુ જુદી તરીકે જાણે પણ નામ જુદા જુદા લોક જુદા આપે છે. તેથીંજ ભાષાઓ જુદી જુદી હોય છે. હવે એ શબ્દની ગરજ જ્ઞાનવાનને છે. મનુષ્યને છે. પશુઓ તો ઘણું તો હર્ષ શોકના ધ્વનિ કાઢે છે. અને તેપરથી તેના મનની સ્થીતિનો ભાસ થાય છે. પણ જેમ જેમ જુદાપણું વધતું ભાસ્યું. તેમ તેમ સ્વાર્થ બુદ્ધિ વધતી ચાલી. આતો મારૂં. બીજો ખાઈ જશે. એમ ભાવના થવા લાગી. પછી કાયદા ઘડાયા. કાયદા તો આ દુનીયામાં શિક્ષા કરે. પણ પરલોકનો ભય આપવો જોઇએ. તેથી શાસ્ત્રો રચાયાં. દરેક ગુન્હાનું મૂળ જોશો તો સ્વાર્થજ છે. પશુ પક્ષીમાં પણ સ્વાર્થ તો છે. પણ તેમનો સ્વાર્થ કંઇક નીયમમાં અને હદમાં છે. અને તેઓ સ્વભાવની બહાર જતાં જણાતા નથી. પશુ પક્ષીને બ્રહ્મચર્ય પાળવાનો કોઈ બોધ કરતું નથી. તે બોધતો મનુષ્યનેજ છે. કેમકે મનુષ્યની ઇચ્છાને મર્યાદા નથી. પશુ પક્ષી તો પોતાની રૂતુઓમાંજ કામની તૃપ્તિ કરી લે છે. આ પચીશ વર્ષમાં જુઓ કે કેટલી નવી શોધો થઇ. કેવા કેવા ભોગાદિના વિષયોમાં વૃદ્ધિ થઈ. જે જે અકલની વાતો નવી નીકળે તે તે ભોગને વધારતું આવ્યું. અને તેથીંજ ભોગ મળવા લાગ્યા. સુધારો નહીં. પણ એક રીતે કહીએ તો બગાડો થયો કેમકે ભેદ બુદ્ધિ સ્વાર્થ બુદ્ધિમાં ભોગાદિકમાં વધારો એજ જાળ છે અને ફસાવટ છે. વિષયમાં ગુંથાયેલો પોતાનું ભોકતાપણું સ્વતંત્રપણું છોડીને ભોગ્ય પરતંત્ર પરાધીન થઈ જાય છે. પાન ખાઈ મોઢું લાલ રાખવાની હોંસમાં ટેવ એવી તો પડી ગઇ કે પાનને આપણા વિના ચાલે પણ પાન વિના આપણને ચાલે નહીં. ત્યારે પાન સ્વતંત્ર થયું. અને આપણે જે સ્વતંત્ર હતા તે પાનના ગુલામ પરાધીન થયા. પરંતુ એ આપણી કલ્પના ભાવના છે. આપણી પાડેલી ટેવ છે. તે પાડવી નહીં. અને પાડી હોય તો છોડી દેવી. દરેક ટેવ એવીજ આપણે નકામી હોરી લીધેલી છે. બાકી એવી એક પણ ચીજ નથી કે જેની આપણને ટેવ પાડવાની જરૂર હોય. પરમાત્માએ આપણને તો તદન સ્વતંત્રપણાનું સુખ આપેલું છે. જુવો કે જેની જરૂર છે તે તો મફત મળે છે. અને છેકજ છૂટું મુકી દીધું છે. હજારો ખરચતાં પણ નહીં મળે તે જ્યાં જોઇએ ત્યાં ભરપુર છે. વાયુ વગર જરા ચાલે નહીં. તેજ જ્યાં જોઇએ ત્યાં. અને શ્વાસો શ્વાસ જાગતા ઊંઘતા એની મેળે બની રહ્યા છે. વાયુ લેવાની ફીકર મહેનત કે તસ્દી પણ નથી. પાણી વગર થોડો વખત ચાલે

તો તે હાથે વતી લેવાની મહેનત. બાકી જ્યાં જોઇએ ત્યાં ભરપુર છે. નદી નાળાં. વરસાદ–વગેરે છે. અન્ન વના નહીં ચાલે તો તે મહેનત કરી ખેડો અથવા તો ફળફળાદી ખાવો. લૂગડાં, વલ્કલ શ્રી રામચંદ્રજી પહેરતાં તેવાં કુમળાં સુવાળાં શરીરને રક્ષણ કરતા પહેરો. પણ અનાજ જળના પણ પૈસા–માટીના પણ પૈસા પડે એ આપણી પોતાની ભુલનું પરીણામ છે. એક ખીચડો થઈ રહીએ. તેથી બધું મોંઘું થાય. મુંબાઇના કાતરીઆમાં મરકી પણ થાય. જમીન કંઈક ખુલી પડેલી છે. પણ ત્યાં એકલાં રહેવું કોને ગમે ? આપણી પોતાની કૃપણુતા અને વિષયાસક્તિ દુઃખ આપે તેમાં પરમાત્મા શું કરે ? કોઈ વસ્તુની આવશ્ય નથી. જેવી આદત પાડીએ તેટલી મહેનત. અને વગર જરૂરના વસ્તુ મેળવવા મથીએ ત્યારે તેમાં મહેનત વિશેષ, માટે જ્ઞાનવાન મહાકર્તા મહા ભોકતા છે, કેમકે તે ફળની દરકાર કરતો નથી. અર્જુનને શ્રીકૃષ્ણનો ભગવદ ગીતામાં એજ બોધ હતો “ કર્તવ્ય કર.” એનુંજ નામ કર્મયોગ. “ફળની દરકાર રાખ્યા વિના કર્મ કરવાં” જેથી સ્વાર્થનો નાશ થાય છે. અને સ્વાર્થ એજ બંધન છે. ઘીનો ગઠો જેમ પીગળાવવો તેમ સ્વાર્થને ઝીણો કરી કાઢી નાંખવાનો છે. કર્મ ભક્તિ અને જ્ઞાન એ ત્રણ યોગ એ સ્વાર્થને પીગળાવનારા છે. તેમાં જ્ઞાનયોગ તો એક રસજ કરી નાખે છે. ઉદ્ધતપણું એ કંઈ સ્વતંત્રતા નથી. સંકલ્પની દ્રઢતા ફળ આપે છે. કોઈ કામમાં સંકલ્પ વિકલ્પ કરી પ્રથમથીજ પગમાં કુહાડો મારવો નહીં. દ્રઢ સંકલ્પ ઠેઠ સુધી મક્કમ પણે નીભાવવો. દેવીના ઉપાસકે પ્રથમ સમય પત્યા પછી વાયદો કરવો નહીં. કે આઠ દહાડા વળી બીજા–કેમકે અડગનેજ ફળ મળે છે. કેમકે સંશયાત્મા વિનશ્યતિ. કોઇ બી વાવે અને કાઢી કાઢીને જોયાં કરે કે કેટલું ઊગ્યું? કે ઉગ્યું કે નહીં ? એવી રીતે તો બી અંકૂર લેયજ નહીં. અને લીધું હોય તો તે પણ તૂટી જાય. આ દેહ પરમેશ્વરનું કાર્ય કરવાનેજ સ્રજેલો છે. એમ જાણવું. એક રોમ પણ નકામું નથી. કેમકે આપણે પણ વિરાટ સ્વરૂપના એકાદા અવયવ રૂપે છઇએ. જુવો કે એક હાથ કોઇને મારવા જાય તો બીજા અવયવ બેસી રહેતાં નથી. તે પણ સહાય કરે છે. હાથ મારતો જાય તો મોઢું ગાળ દેવા લાગે, આંખ ડોળા કાઢે. પગ પાટુ મારવા તત્પર થાય. તેમ વિરાટના બીજા અવયવોને આપણે પણ મદદ રૂપ છઇએ. અને બનતી મદદ કરવી જોઇએ. એમાં આપણું શું છે ? કંઈજ નથી. આપણે માત્ર સૃષ્ટિક્રમ નીભાવવાનો છે. વિશ્વનું રક્ષણ એમજ થાય છે. આપણું રક્ષણ તાકેથી બીજા બગડેલાં હોય

ત્યાં લગી થતું નથી. અને વિશ્વના રક્ષણમાં તો આપણું રક્ષણુ આવીજ ગયું. "શરીર અને તેના અવયવોની" વાતથી જણાશે કે એકલું પેટ કે મોં કંઇ કરી શકે નહીં. સર્વેની ગરજ છે. કોઈ નકામું નથી. માટે યજ્ઞની જરૂર છે. અને યજ્ઞનું મુખ્ય અંગ ત્યાગ છે. ગીતાજીમાં યજ્ઞનું કારણ દર્શાવ્યું છે. યજ્ઞ વેળા મંત્રનો ઉચ્ચાર કરવાનો છે. અને મંત્રની શક્તિ અગાધ છે. શબ્દ સાધારણ હોય તેની શક્તિ જુવો. કોઇ ગાળ દે તો લાલ ચોળ થઈ આખા શરીરમાં અસર થાય છે. કોઈ વખાણ કરે તો ફુલાઇને જાણે સોના કરતાં વધારે સ્વર્ગનું સુખ મળ્યું ગણીએ. પછી તે ખોટાં વખાણ કરતો હોય કે ખરાં. પણ એવા ખોટાં વખાણના શબ્દો પણ એવી શક્તિ ધરાવે છે. તો મંત્રાદિકની અદ્ભૂત શક્તિતો નિઃસંશય છે. શ્રીરામ શ્રીકૃષ્ણ એ શબ્દોનો મહિમા અગાધ છે. કતકરેણુ માટીનું કાર્ય છે. છતાં પાણીમાં નાંખે તો તમામ કચરો સાફ કરે છે. હવે અગ્નિ દેવંતાનું મુખ છે. માટે તેમાં જે યજ્ઞને વિષે પડે તે દેવતાઓને પહોંચે છે. કોઇ કહેશે કે પંચતત્વ તો જડ છે. પણ જુવો કે વાયુ વીફરે તો શું નહીં કરે? મનુષ્યોના મહા મહેનતે બાંધેલા મહેલોને એક મીનીટમાં તોડી ફોડી નાંખે. જળ રેલમરેલ કરે. અગ્નિ લાહ્ય લગાડે. પૃથ્વી, દારૂગોળા ધરતી કંપ ટોર પીડો (આગઓટ) વગેરેથી શું નહીં કરે? જુવો કે વગર કારખાને જંગલમાં ઝાડો ઉગે છે! ઓસડો થાય છે. એ પંચ તત્વો જડ અને આપણે ચેતનવાળા એ કેવો ઇનસાફ કેવી માન્યતા. આપણે જરા અમથું ચેતન તો એ લોકોનું ચેતન તો વિશેષ છે. પણ ચેતનમાં નાના મોટું કયાં છે? એ વસ્તુઓ પણ ચેતન મય છે. અને બધુંજ ચૈતન્યમય છે. અરે એટલુંજ નહીં પણ ચેતનમાં ચેતન છે. તપેલામાં તપેલું ને માંહી કલંકી ઘોડો. ખોલાય તો ખોલો નહીં તો બેઠા માથું ફોડો. એ તાળું તુટે એમ નથી. કળે ખોલવાનું છે. કુંચી સહેલી છે. પણ હાથ લાગવી જોઇએ. પછી છુટો કાયડો કંઇ નથી. મોટા દેવના પેટમાં જેમ આપણા પેટમાં બીજા જીવો છે તેમ આપણે છઇએ. સુર્યાદિ દેવતા જેવા તેવા છે? રૂતુ વૃષ્ટિ પ્રકાશ, નક્ષત્ર ચક્ર વગેરે સૂર્ય વડે છે. તેને ચૈતન્ય નહીં હોય એમ બને? એતો ચૈતન્યને ધીરવાવાળો છે. આપણે જરામાં ચેતનનું અભીમાન લઇએ અને જુવો ચંદ્રની શીતળતા. તેથી આવા આવા દેવતાઓને આપવા યજ્ઞની જરૂર છે. ત્રણ અંશ છે. પાર્થિવ વાયુનો અને જળનો. સૂક્ષ્મ અંશ ઉપર જાય છે. તે દેવતાઓ સ્વીકારે છે. પવિત્ર થઈ વળી અંન થાય છે. તેમાંથી શુદ્ધ સંસ્કાર થાય છે. અને પછી

શુદ્ધતા કાયમ રહે છે. કતકરેણુની પેઠે પૃથ્વીનો અંશ મલીન સંસ્કારને દૂર કરે છે. કર્તવ્યમાં બાધ નથી. શાસ્ત્ર પ્રમાણ છે. સ્વાર્થ બુદ્ધિ રાખવી નહી. ફળની આશા ઊંધા દોરવે છે. સ્વાર્થી યથાર્થ દેખે નહીં. આંધળો છે. ક્રોધમાં ખુન કરે તે શાંત થાય ત્યારે ખુનને સારૂં નહીં કહે. દુનીયા આખી બગડે તોપણ આપણે તો સરળ ચાલવું. અને દુઃખ પડે તો તે સહી લેવું. સહીએ સંકટ સર્વ પણ કહીએ સાચી વાત, લઇએ સુખ પરલોકમાં, રહીએ સુખી દીન રાત. સુખનો સ્થાય રહીત અભેદમાંજ છે.

તા. ૧૦–૮–૦૩

૭. કલ્પના.

આખા જગતનો આધાર કલ્પના ઉપર છે. જેવી ભાવના તેવું ભાસે છે. જેમ જળમાં તરંગ ભાસે છે. પણ તે કંઇ જળથી જુદો નથી. અને આકાશમાં તરવર ભાસે છે. પણ તે આકાશથી જુદી નથી, તેમજ આત્મામાં જગત ભાસે છે. પણ તે આત્માથી જુદું નથી. આકાશમાં મોતીની માળા જેવું કોઇ વખત દેખાય છે તેને તરવર કહે છે. જગત વગેરે દેહાદિક દેખાય છે તે સર્વ આત્મ સ્વરૂપ છે. **નથી એક, નથી બે, જે દેખાય છે તે ભાસે છે. અને નથી દેખાતું તેતો છે તે છેજં.** દોરીમાં સર્પ ભાસે છે. નથી દોરી, નથી સર્પ. આત્માને કેટલાક અભાવ રૂપે સમજે છે. પણ આત્મા કંઈ અભાવ નથી. જે કંઇ પોતાનું જ્ઞાન સ્વરૂપ છે, અથવા જેને આપણે જાણવું કહીએ છઇએ, તે આત્મા છે. અને જે જાણ્યામાં આવે એવું છે તે તો અનાત્મ છે. જેવું કે શરીરાદિ. શરીર એજ જગતનું બીજ છે. અને આ દેહ છે તે પણ જાણવાની અંદર ભાસે છે. ભાવ અભાવ સઘળું જાણવામાં ભાસે છે. દીવો હોય તો દરમાંથી નીકળેલી ઉંદરડી ભાસે છે. અંધારામાં ભાસતી નથી. જ્ઞાનતો સ્વતંત્ર છે. તે કાંઈ વિષયની અપેક્ષા રાખતું નથી. પ્રથમ જેનો અભાવ હતો તે ભાસ્યું. પછી તેનો લય થયો. એવી રીતે અભાવ "ભાસ" અને લય એ સઘળાને પ્રકાશનાર દીવો તો કાયમ જ છે. પદાર્થને દીવાની અપેક્ષા છે. નહીંતો તે ભાસે નહીં. કાગળ તથા કાગળમાં ભાસતી સફેતી જુદા પાડી શકાતા નથી. કેમકે સફેતી જુદી પાડીએ તો તેનું કાગળપણું

કાયમ રહેતું નથી. પણ આત્માથી જગત જુદું પાડીએ તોપણ આત્માનું આત્માપણું કાયમ રહે છે. જગત ન ભાસે ત્યારે આત્માનો અભાવ નથી. કોઈ કહેશે કે નિદ્રામાં સૂઝતું નથી. તે વાત ખરી. પણ જ્ઞાનતો છે. માત્ર તે જ્ઞાન અજ્ઞાનના પડદાથી ઢંકાયેલું છે. જાગ્રતમાં પણ અજ્ઞાનનો પડદો કાયમ છે. પણ ફેર એટલો છે કે એ પડદાને એક બાજુ સાદી ને બીજી બાજુ વેલ બુટ્ટા વાળી છે. નિદ્રામાં પડદાની સાદી બાજુ આપણી તરફ રહે છે. અને જાગ્રતમાં વેલ બુટ્ટા વાળી રહે છે તેથી નવા નવા બુટ્ટા ઉઠે છે કે આ જગત આ દેહ ઇત્યાદિ. એને લોકો ભ્રમ અથવા ભ્રાંતિ કહે છે. તેના ત્રણ અંશ છે. ૧. સામાન્ય જ્ઞાન ૨. વિશેષ જ્ઞાનનો અભાવ અને ૩. અન્યથા જ્ઞાન. "વિશેષ જ્ઞાનનો અભાવ" એનું નામ અજ્ઞાન છે. જ્ઞાનનો અભાવ એ કંઇ અજ્ઞાન નથી. કેમકે સામાન્ય જ્ઞાનનો અભાવ સંભવતો નથી. તે તો સદા વ્યાપી રહેલું છે. તેમ ન હોય તો અંધારૂં કેવી રીતે દેખાય? કંઈ નહીંતો અંધારાને જોવાને નેત્ર તો જોઇએ યા મનનો પ્રકાશ તો જોઇએ. વસ્તુના અસ્તિત્વનો અભાવ એનું નામ અજ્ઞાન છે. સામાન્ય જ્ઞાન કંઇ બજારમાંથી લાવવાનું નથી. તે તો સ્વભાવે જ પ્રકાશે છે. કંઇક છે એમ" જે સમજાય છે, તે સામાન્ય જ્ઞાન છે. દોરી જણાતી નથી એ અજ્ઞાન છે. સર્પ જણાય છે એ અન્યથા જ્ઞાન છે. આત્મ જ્યોતિ એવી છે કે તે ઘરના દીવા માફક બારીને તથા બારી આગળ મુકેલા પદાર્થને તથા ઘરના પલંગ આદિને તથા પોતાના ગ્લાસને તથા તેમાંના તેલને સર્વેને પ્રકાશે છે. એ આત્મ જ્યોતિ કોઇને આધારે નથી. એ આપણું પોતાનું સ્વરૂપજ છે. "મારૂં જ્ઞાન" એ પ્રમાણે કહેવું એ વાક્ય વિરોધ છે. કારણ કે પોતે જ્ઞાન સ્વરૂપ છે. પ્રકાશ વગર વસ્તુ જોવાતી નથી. પણ પ્રકાશ બધી વસ્તુ સાથે એવી રીતે મિશ્ર જણાય છે કે લોકો વસ્તુને જોઇએ છઇએ એમ કહે છે. અને પ્રકાશ જોવા છતાં પ્રકાશ જોય છે એમ કહેતા નથી. અને વસ્તુપરનો પ્રકાશ વસ્તુથી જુદો કહાડી બતાવાય નહીં. પણ એતો ભૌતિક પ્રકાશ જાણવો. જ્ઞાન પ્રકાશની વાત તો એવી છે કે સૂર્ય તેજસ્વી છે એ પણ જ્ઞાનમાં જણાય છે. જે લોકો માત્ર પોપટની પેઠે કહે છે કે "આત્મા સત્ય જગત્ મિથ્યા" તે લોકો તત્વને ઓળખીને જ કહે છે તેમ નથી. જગતનો નિષેધ થાય તો "મયિ એવ સકલં જાતં, મયિ એવ લયં એતિ ચ" એટલે "સઘળું મારામાં ઉત્પન્ન થયું છે અને મારામાંજ લય થાય છે." એ વાત સિદ્ધ

થાય નહીં. જગત પોતામાં ઊઠે છે એ બોધ તયાર થવો જોઇએ. એમ તેની કુંચી જાગ્રત સ્વપ્ન આદિ અવસ્થા નિરંતર અનુભવ આપે છે. માટે બહિર્મુખ દ્રષ્ટિ છોડવી. અને નિદ્રામાં જે અભાવ છે તે અભાવને અંતે હું રહું છઉં એમ જાણવું અને કલ્પનાથી અતીત થવું. ઉંઘમાંથી જાગે ત્યારે પડદો ઉઘડે છે. અને કલ્પના જગતને ખડું કરે છે. જેથી રાતે ઉંઘમાં અદ્રશ્ય થયલું દ્રશ્ય જગત પાછું દ્રશ્યમાન થાય છે નાટકનો પડદો ખેંચનાર કોઇ બીજું હોય છે. પણ સ્વપ્નનો પડદો બંધ કરી જાગ્રતનો પડદો ઉઘાડનાર તો પોતેજ છે. પોતાની મેળે પોતે જાગ્રતનો પડદો ઉઘાડે છે એટલે સુખદુઃખ સત્ય જેવા ભાસે છે. ફક્ત બાજુ ફેરવવાની છે. અને પડદાની બાજુ ફેરવાતી કોઇકિ બારીક તપાસ કરનારને માલૂમ પણ પડે છે. સ્વપ્ન એ અડધા કલાકનું જગત કહીએ તો એક દીવસનું જાગ્રત બાર કલાકનું જગત છે. લોકો અડધા કલાકના જગતને છોડીને બાર કલાકના જગતમાં સત્યતા માને છે. પણ કલાક એ પણ કલ્પના છે. શાસ્ત્રપુરાણ વગેરે એવી એવી વાતો કહે છે કે જે રોજના અનુભવથી વિરૂદ્ધ ભાસે છે. કેમકે ભૂલમાં ભેદ છે. અને ભેદમાં ભય છે. એક ડુબકી મારે તો ઉપરના લોકને પાંચ મીનીટ ભાસે પણ પાણીમાં વરસો વીતી ગયા જેવું ભાસે. સ્વપ્ન પાંચ મીનીટનું હોય પણ તેમાં છોકરાંના છોકરાં થઇ ગયાં ભાસે. એવી કાળની કલ્પના છે. ભેદમાં ભય છે તેનો દાખલો જુવો. ભૂલ અનાદિ ચાલી આવી છે. એક ખેડુત ગાંસડીમાં ઘાસ નાખી પોતાને વાંસે રાખી ઘેર આવતો હતો. તેને કંઇ કરડયા જેવું જણાયું, તે તેની બહુ દરકાર નહીં કરતાં ઘેર આવ્યો અને પોટલી ઘેર મુકી વાળુ કરવા બેઠો. બીજે દીવસે ખેતરે રોટલા ખાઇ કામે ગયો. ત્યાર પછી એની સ્ત્રીએ પોટલી છોડી તેમાં એક સર્પ ઘાસની સાથે હતો. તે તેને કરડયો. અને તેના ભયમાં ઝેર ચડવાથી તે સ્ત્રી મરવા જેવી થઇ ગઇ. તેની ખબર ખેડુતને ખેતરમાં કહાવતાં તે દોડતો દોડતો આવ્યો. અને બધી વાતની ખબર કહાડતાં તેને જણાયું કે તેને જે કરડયો હતો તે પણ આજ ઝેરી સાપ હતો. તેથી તેને હવે ધીમે ધીમે ઝેર ચડવા માંડયું. અને તે મરી ગયો. પણ પેલી બાઇને તો તરત ઉપાય થવાથી તે બચી. આ પરથી જણાશે કે કલ્પના કેટલું કામ કરી શકે છે. એવા દાખલા મળી આવે છે કે મન પર અસર થવાથી માણસ ગાંડા થઇ જાય છે. એટલુંજ નહી પણ ભાવનાથી મૃત્યુને પણ પામે છે. એક જણની આંખે પાટા બાંધી તેને કહેવામાં આવ્યું કે શસ્ત્રવડે તારૂં લોહી કાઢી તારૂં મરણ નીપજાવવું છે. પછી

માત્ર એક ઝીણી સોઇનો તેને સ્પર્શ કરવામાં આવ્યો. એટલે તેને આસપાસની વાતચિત પરથી જણાયું કે શસ્ત્રોપચાર શરૂ થયો. પછી પાસે નિર્મળ પાણી એક એક ટીપું પાસેની તપેલીમાં ટપક ટપક. એક જણે રેડવા માંડયું અને એમ બોલતો ગયો કે અરે બિચારાનુ લોહી કેટલું વહી જાય છે. થોડા વખતમાં નબળાઇ આવશે. એમ કહેતાંજ આસપાસના બોલોની અસરથી પેલા માણસની ભાવના દૃઢ થતી ગઇ. નબળાઇ આવી. અને મરણ પામ્યો. આ બનેલી વાત છે. એવો પ્રયોગ કરવામાં આવેલો એમ કહેવામાં આવે છે. અને એ સંભવિત પણ છે. નબળા મનપર અસર વિશેષ થાય છે. માટે કહ્યું કે મનોમય, ભાવના માત્ર સર્વ માની લીધેલું છે. માટે જીવપણું અને પરમેશ્વરપણું જુદું જુદું એમ ઘણા વખતથી દૃઢ ભાવના થઇ ગઇ છે, તે એકદમ છૂટતી નથી. પણ દૃઢ સંકલ્પ કર્યો હોય તો જ તે ફળે છે. નેપોલીઅન એક સીપાઇમાંથી મોટો રાજા થવા પામ્યો. શીવાજી એક લુટારામાંથી મહારાજા થવા પામ્યો. એ તેમની ભાવના વગર બન્યું નથી. માણસ ગમે તેવો હોય તોપણ કોને ક્યારે કેવી તક મળશે એ કહી શકાય નહીં. જે તક મળી તે ખરી. કોઇ એવી ઘડી આવી જાય કે જે વેળા તેને આત્મ દર્શન તત્વ સમજાઇ જાય. પુરૂષના નશીબ આડું માત્ર એક પાંતરૂં જ છે. તે પાંતરૂં ઉડી ગયું કે બસ. સર્વ કલ્પના છે તે જગતની સત્યતાથી જ છે. માટે જ પ્રથમ ઉત્તમ અધિકારી થવાની જરૂર છે. ઉત્તમ અધિકારી કોને કહેવો કે જે જ્ઞાન સ્વરૂપને જાણી વર્તે. જ્ઞાનનો ડબો ઉઘાડવો હોય ત્યારે ઉઘાડે; બંધ કરવો હોય ત્યારે બંધ કરે. એ પોતાના સ્વાધીનની વાત છે. મારે મારી આંખ ઉઘાડવી અથવા બંધ કરવી એ મારી ખુશીની વાત છે. મન ઉઘાડવું કે નહીં એ પોતાના હાથમાં છે. પણ જેને મન સાધ્ય નહીં તેને ભ્રાંતિ થાય છે. અને અતિ લાડથી મન સાધ્ય રહેતું નથી. અને મનના ઉપરનું ઉપરીપણું જતું રહે મન સ્વતંત્ર થાય છે. અને આપણને વશ કરી લેછે. આરસીમાં મોહું જોવું એમાં કંઇ બંધન નથી. પણ તેમાં વાઘ છે એમ કલ્પના થાય એજ ભયનું કારણ છે. તેમ મનરૂપી દર્પણમાં જે જે દેખાય તે આપણામાં જ છે એમ જાણવું. અને સારૂં નરસું છે એમ ભાવના લાવવી નહીં. કેમકે આપણું મહોડું હોય તેવું અંદર દેખાય. તેથી આરસી કંઈ ભાંગી નંખાય નહીં. પણ મનનો આરસો તો એવો છે કે દેખાડે છે દ્વૈત, અને સિદ્ધ કરે છે અદ્વૈત. માટે દ્વૈત છે તે અદ્વૈતને જો-

વાનો આરસો છે. અને તે વડે જે દેખાય છે તે "નેતિ નેતિ" એટલે હું આ નહી, "હું આ નહીં" એમ સિદ્ધ કરે છે. બાકી જેમ અગ્નિમાં બરફના કડકા સંભવતા નથી. તેમ આત્મામાં જગતનો સંભવ નથી. દર્પણમાં ઊકરડો દેખાય તેથી કંઇ દર્પણ મલીન થતું નથી. તેમ જ્ઞાનમાં સારૂં નરસું ગમે તે ભાસે તોપણ જ્ઞાન તો નિર્મળ રહે છે. અને જ્ઞાનીને કંઇ અસર થતીજ નથી. મનને એવું કરવું એને માટે તેવી ભાવનાની જરૂર છે. અને મન સાધ્ય થયા પછી તે કલ્પના પણ છોડી દઇ સ્વાભારૂપમાં રહેવાય છે.

તા. ૧૧-૮-૦૩

૮. સંકલ્પ જાળ.

માણુસ પોતાને જીવ માની બેઠો છે. અને કંઈ કંઈ સંકલ્પ કર્યો જાય છે. એક પછી એક સંકલ્પની ગુંથણીથી મોટી સંકલ્પ જાળ બની રહી છે. અને તેમાં તે પોતાને હાથેજ ફસાઈ રહેલો છે. તે છતાં બૂમ પાડે છે કે મને મૂક્તિ મળતી નથી. પણ **સંકલ્પ જાળમાંથી પોતાની મેળે જો છૂટે તો મુક્તજ છે.** બીજો કોણ આવીને છોડવે એમ છે? આત્માને વિશે કંઈ સંકલ્પ છેજ નહીં. આત્મા તો શબ્દાદિથી પણ અતીત છે. કેમકે આત્માનું વ્યાપકપણું કહીએ તો તે પરિચ્છિન્નતાની અપેક્ષાથી છે. દરેક માણુસ મુકાબલો કર્યા વિના કંઇ કહી શકતો નથી. પ્રથમ પોતાને મુકાબલે નાનું મોટું કહે છે. કે ફલાણો મારાથી મોટા છે. અને ફલાણો મારાથી નાના છે. પણ આત્મામાં કંઈ પણ ગુણનો આરોપ કરીએ તો દ્વૈતાપત્તિ થાય. તેથી આત્મા ઈંદ્રિય અથવા મને કરી જણાય એવો નથી. તે તો સંકલ્પની અથવા ધારણાની મર્યાદાની પેલી પાર પણ છે. જેમ દ્રષ્ટિની મર્યાદા છે, કે જ્યાં આકાશ અને પૃથ્વી મળી ગયલા દેખાય છે, તેમ જગતની મર્યાદા અને દરેક ઈંદ્રિયની મર્યાદા છે. તેમજ મનની મર્યાદા પણ અમુક છે. તેથી આત્મા તેટલે દરજ્જે મન ગોચર થઈ શકે. આપણે પોતે કલ્પનાના વિષય થતા નથી. કેમકે અનાત્મ દેહે સંસારની કલ્પના થાય છે. અને તે પણ સત્ય માનીએ છઇએ તેથીજ થાય છે. બાકી ખરૂં જોતાં સ્વપ્નના પદાર્થની પેઠે ત્રણે કાળમાં જગત છેજ નહીં. વળી જગત એતો અભાવ છે. અને અભાવ સ્વતંત્ર હોઈ શકે નહીં. પ્રતિયોગીને લઇને છે. જેમ આત્માને

વિશે સંકલ્પ નથી, તેમ અભાવ એવા જગતને વિશે પણ સંકલ્પ નથી. કેમકે જગત કંઈ સંકલ્પનો વિષય. નથી. અંધારૂં એ અજવાળાને લઇને છે. તેથી ખરૂં. જોતાં જે નથી, તેનો સંકલ્પ કરીએ છઇએ. તેથીજ એનું નામ ભ્રાંતિ કહેવાય. જગતને સત્ માને માટે સંકલ્પ ઊઠે છે. પણ એની ભ્રાંતિ દેહાભિમાનીને છાજે. બુદ્ધિવાનને શોભતી નથી. એ ભ્રાંતિ માયાનું સ્વરૂપ છે. અને માયા અથવા અજ્ઞાન વર્તમાન કાળમાં નથી. "માયા છે" એ તો વદતો વ્યાઘાત દોષ થયો. અથવા વિરોધી વાત થઈ. કોઈ કહેશે કે "મને જીભ નથી" એ વદતો વ્યાઘાત દોષ છે. કેમકે તને જીભ નથી તો તું "મને જીભ નથી" એમ બોલ્યો કેવી રીતે ? "માયા" એનો અર્થ "જે કંઇ નથી તે" એવો થાય છે. માટે "માયા છે" એ વાત મિથ્યા છે. અને માયાનો મળ તે ભેદ બુદ્ધિ છે. કે જે ભેદ બુદ્ધિ બંધન કરે છે. અને જેમાંથી બીજામાં ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિ થાય છે. જેમાંથી ગ્રહણ ત્યાગ બુદ્ધિ થાય છે. તેમાંથી રાગદ્વેષ, પછી કર્મ, પછી ધર્મ, પછી પાપ પુણ્ય, પછી સુખ દુઃખ રૂપી ફળ, પછી સંસ્કાર, પછી પાછા રાગદ્વેષ, એમ ચક્ર ચાલી રહ્યું છે. પણ એ સઘળાનું મૂળ ભેદ બુદ્ધિ છે. અને ભેદ બુદ્ધિ જાગ્રતમાં છે. નિદ્રામાં ભેદનો અભાવ છે. જગતમાં આપણને સાંકળે કે દોરડે કોઇએ બાંધ્યા નથી. આપણે તદન છૂટા છઇએ. પણ ઘરની તથા કુટુંબની પ્રીતિની સાંકળે આપણે હાથે કરીને બંધાયલા છઇએ. અને કવિ ગોલ્ડ સ્મિથ કહે છે તેમ એ પ્રીતિની સાંકળ જ્યાં જઇએ ત્યાં લંબાતી અને ખેંચાતી આપણી સાથે સાથે આવે છે. આ પ્રમાણે આપણી આસક્તિ આપણને બંધનમાં નાંખે છે. બાકી બાહ્ય બંધન તો કંઇએ નથી. આપણે હાથે બંધાયલા આપણી ખુશી હોય તો છૂટીએ. ને નહીંતો બીજો કોઇ છોડવી શકે એમ નથી. ઝાડને બાઝેલો પુરૂષ બૂમ પાડે કે આ ઝાડ મને છોડતું નથી. તો તે વાત ખોટી છે. ઊલટો એ ઝાડને છોડતો નથી. તેમ તમે સંસારને પકડયો છે. અને છોડતા નથી. અને ઊલટી બૂમ પાડો છો કે સંસાર તમને છોડતો નથી. પણ તેમ નથી. જો સગાં અને સંસાર તમને પકડી રાખતાં હોય તો તેઓ તમને મરવા દે નહીં. માટે ભેદ બુદ્ધિ ટાળ્યા વિના કાંઈ વળે એમ નથી. તિરોભાવ થાય, પણ અંકુર જાય નહીં. માટે બધું પોતા સ્વરૂપ છે, એમ જાણીએ તો પોતાને વિશે રાગદ્વેષ કરવાની જરૂર નથી. પછી પોતાને સારી ઇચ્છા થાય તો પણ તે વિચાર કરે કે શું હું ઇંદ્ર નથી કે ઇંદ્ર થવાની ઇચ્છા કરૂં ? આત્મા કંઇ ઇંદ્રિય

ગોચર નથી. કોઇ કહે કે મેં, આત્મા દીઠો. કોઇ કહે અંગુષ્ઠ તેજ જોયું. હવે એ વાતોમાં એમ સમજવું કે જેને પોતાનાથી ભિન્ન માન્યો તે આત્મા નહીં. પણ અનાત્મ કોટીમાં સમજવો. કેમકે તે કલ્પનાનું સ્વરૂપ છે. અને કલ્પના એ મનનો વિષય છે. "યતો વાચો નિવર્તંતે" એ આત્માનું સ્વરૂપ છે. મીઠાનું પૂતળું દરીઆનું તળીયું શોધવા ચાલ્યું. તે તળીએ જતાં પહેલાં તેમાં લય થઈ ગયું. તેમ મન: આત્માને શોધતાં લય થઇ જાય ત્યાં સુધી આત્મા જણાય નહીં. કૂવામાં પડેલી મોતીની વાળી કહાડવા ઉતરનારો માણસ વાળી નજરો નજર જોયા પછી પાણીમાંથી નશીબ સંજોગે બહાર નીકળવા ન પામે તો તેણે વાળી જોઇ છે એ વાત તે બીજાઓને શી રીતે કહી શકે? ગુંગો ગોળ ખાય ને મનમાં ગલકાય તેમ કેટલાક અનુભવ બલકે તમામ અનુભવ શબ્દમાં આબેહુબ વર્ણવી શકાતા નથી. "અહં બ્રહ્માસ્મિ" થી સાક્ષાત્કાર થાય. કેમકે કર્મ, ઉપાસના, શ્રવણ, મનન, નિદિધ્યાસન એ સર્વેનું ફળ "અહં બ્રહ્માસ્મિ" વૃત્તિ ખડી કરવાની છે. એ પણ મનની વૃત્તિ છે. તોપણ એ સાક્ષાત્કાર કરનારી વૃત્તિ છે. બીજી રીતે સાક્ષાત્કાર થતો નથી. મન, ભાવનાથી આત્મા સાથે એક રૂપતા કરે છે. અને તે મન અને આત્માનો ભેદ કલ્પિત, ભેદપુરતો થાય છે. શરીરમાં નેત્ર દેહને જોય છે. તેથી દેહ અને નેત્ર કંઇ જૂદા થતા નથી. પણ કલ્પિત ભેદ ખડો થાય છે. નેત્ર દેહને જોય તો હું પણામાં અભેદ છે. તેમ મન આત્માને જોય એવો કલ્પિત ભેદ થાય તો પણ આત્મા અભેદ છે. અને અભ્યાસે પારકું પોતીકું થાય છે. અને પોતાનું પારકું થાય છે. ભાવના હોય તેવું થાય. મુંબઇમાં એક ઘર વેચાતું લીધું અને રૂપીઆ મોકલી દીધા. તો પણ તે ઘર જોયું નહી હોય અને ગમે તો ત્યાં થઇને આપણે જતા હોઇએ તો પણ તે મારૂં છે એમ કહ્યા વિના તે ઘર આગળથી પસાર થઈ જશું. અને નહીં તો ઘેર બેઠા મારૂં ઘર છે એવી ભાવના કરીએ છઇએ. અને ત્યાં જઇ જોઇએ ત્યારે મારૂં છે એવી ભાવના દ્રઢ થાય છે. જગત પણ ભાવના મય છે. જુવો કે ક્રોધ કાળે પોતાના પુત્રને પણ વીસરી જવાય છે. માટે જગત પણ અધિષ્ઠાન પર સ્વપ્નું છે. આત્મવેત્તાના સઘળાં શરીરો છે. તે કંઈ અમુકનેજ પોતાનું શરીર ગણતો નથી. પર્વતના શીખરની માફક રહે છે. કે જ્યાં વા વાઝોરડાની ચિંતા તેને અસર કરતી નથી. હમેશા ઉદાર બુધ્ધિ રાખવી. પૈસાની ઉદારતાને તો મર્યાદા છે. જો કે દેહ પણ આપી દેવામાં કોઇ ઉદાર થઇ શકે છે. પણ તેને પણ મર્યાદા છે. કેમકે એક

દેહ તે કોને કોને આપી શકાશે ? પણ લેનાર આપનારનો ભેદ છેજ નહીં, એ ઉદારતા અનુભવ સિદ્ધ છે. કોઇ લેનારે નથી, અને કોઇ આપનારે નથી, એવી ઉદારતા સદા રાખવી. આપણું ઓછું થાય અને બીજાનું વધે એનુંજ નામ ઉદારતા નહીં. પરંતુ જે ઉદારપણાનું પરાધીન પણું નથી, અને જેને સાધનની જરૂર નથી, તે ઉદારપણું રાખવું. પણ એવી ઉદારતા કરવી દુર્લભ જણાય છે. પ્રયત્નથી થાય તે કરવા સૌ તૈયાર થાય છે. અને વગર મહેનતે થાય તે કોઇ કરતું નથી. ધર્મિષ્ઠ લોકો જાત્રા વગેરે કરે છે, કષ્ટ વેઠે છે, પણ પરમેશ્વરનું નામ સ્મરણ કરવામાં પૈસો કે મહેનત જોઇતા નથી તે ઘણાં થોડા લોકો કરે છે. અને કરે છે તો થોડા વખતમાં થાકી જાય છે. અથવા ભૂલી જાય છે. "જીભલડી રે તને હરી ગુણ ગાતાં આવડું આળસ ક્યાંથી રે ?" વાતોના ગપાટા મારવા હોય અને તેમાં કદાપિ શ્રમ પડે તો પણ તેમાં તૈયાર. તેમાંથી અનર્થ થાય તો પણ વેઠે. આ પ્રમાણે દુનીયાની, બધી રીતે વિપરીતતા છે. છતાં આનંદનો ભંડાર પોતે છે. એમ મનુષ્ય સમજતો નથી. અને બીજાની ઇચ્છા રાખ્યા કરે છે. પાણીને તરસ લાગી સાંભળી છે ? તેજ પ્રમાણે આત્માને શેની ઇચ્છા હોય ? કોઇ રાજકુંવરને નાનપણથીજ ભીલ લઇ ગયા. તે મોટો થઇ પોતાના ગામમાં આવ્યો. સઘળાએ કહ્યું કે તું રાજકુંવર છે અને ગાદીએ બેસ. તે કહે કે નારે ભાઇ, હું ભીલ છું. તેજ મુજબ જુવો કે વેદાંત સિદ્ધાંત રાજકુંવરને ઊંચકી ઊંચકીને તેની પોતાની ગાદીએ બેસાડે છે. છતાં તે તો પોતાને ભીલજ કહ્યાં કરે છે. તેમ સ્વભાવેજ આનંદ વર્તી રહ્યા છે. ચંદ્ર, સમુદ્ર, વગેરે પોતાના સ્વભાવથીજ આનંદ માની રહ્યા છે. ચંદ્ર કંઇ એમ કહેતો નથી કે જે મારા વખાણ કરે તેને જ ચાંદણી આપું. અથવા સમુદ્ર કંઇ પોતાની મોટાઇ બતાવતો નથી. અને ખરૂં જોતાં સૂર્યને ઉદય અસ્ત છેજ નહીં. તેને તો મધ્યાન્હજ છે પણ સૂર્યનો ઉદય અને અસ્ત આપણે કલ્પી કાઢયો છે. તે તો જ્યાં અને જેવો છે ત્યાં અને તેવો છે જ. પણ જગતમાં બધું એવું તો નીયમથી ચાલતું ભાસે છે કે સાચું મનાય એમાં નવાઇ નથી. એ પ્રપંચી ઈંદ્રજાલિક કોઈ પાકો ખેલાડી જણાય છે. કેમકે અસત્યમાં પણ નીયમો ચાલે છે. અગ્નિ અને દેહ બેઉ ખોટાં છે. તો પણ અગ્નિ દેહને દઝાડયા વગર રહેશે નહીં. આ પ્રમાણે અસત્યમાં નીયમો છે, તે એટલુંજ બતાવવાને કે સત્ય સ્વરૂપ જાણ્યા પછી તો નીયમે સન્માર્ગે ચાલવું. અને તે એવી રીતે કે અંતર નિર્લેપ રહેવાય.

તા. ૧૪-૮-૦૩

૯. દ્વંદ્વનો ત્યાગ.

શબ્દ માત્ર નિર્દ્વંદ્વ નથી. સુખ દુઃખ એવા વિરોધી શબ્દને દ્વંદ્વ કહે છે. જે વિરોધ ભાસે છે તેની સમાનતા ક્યારે થાય ? આત્મસ્વરૂપ પર દ્રષ્ટિ બેસે તોજ થાય. દ્રશ્ય સર્વ જગત એક રૂપ બને. જગત અને તેનો જોનાર બેઉ નામ રૂપ છે. અને મિથ્યા છે. માટે વ્યર્થ છે. કોઈ વંધ્યા પુત્ર પર મારા મારી કરે, અને એક પક્ષ કહે કે તે રૂપાળો છે, બીજો કહેશે કે કદરૂપો છે. અને દલીલો આપી પોતાની વાત સિદ્ધ કરે તો પણ તે સઘળું મિથ્યા છે. તેવીજ રીતે હુંજ પ્રથમ નથી તો મારૂં કહેવું સત્ય ક્યાંથી ? મૂળ નથી તો શાખા ક્યાંથી ? માટે જગતની સત્યતા દુર કરવી. પ્રથમ વ્યતિરેક કરવો એટલે આત્માને દેહાદિકથી જૂદો પાડવો. આત્મા દેહ નથી, ઇંદ્રિયો નથી, પ્રાણ નથી, મન નથી, પણ એ સર્વેથી અતીત છે. એમ જ્યારે પરોક્ષ થાય, ત્યારે પછી અન્વય કરવો. કે જગત આદિ મારૂં સ્વરૂપ છે. અથવા તો તે મારા સ્વરૂપમાં ભાસે છે. પણ મિથ્યા છે. દેહાદિક, જગત, મિથ્યા છે એ વાતમાં પણ પછી સ્થિર થવું. હાલતા પથ્થરપર પગ અડકાડવો ખસ નથી. જગતનું મિથ્યાપણું કાયમ થવું જોઇએ. નહીં તો હાલતા પથ્થર પરથી સ્થિર થતાં પહેલાં પાછા પડી જવાય. બુધ્ધિનું સ્વરૂપ એવું છે કે પાણીમાં દબાવેલી તુમડી દબાણ આધું ખસતાં પાછી તરી આવે છે. માટે મનપર અંકુશ રહે ત્યાં સુધી તે સાધ્ય રહે છે. પણ પછી પાછું હાલી જાય છે. છતાં કોઇ વાતનો આગ્રહ કરવો નહીં. કારણ કે આગ્રહ કરીએ ત્યારે તો જગતનું અને તે વાતનું સાચાપણું સિધ્ધ થાય છે. માત્ર વિસ્મરણ સ્થીતિ કંઈ બાધરૂપ નથી. પણ વિપરીત દર્શન બાધરૂપ છે. કેમકે પેટીમાંની જણસ ભૂલી જઇએ તોપણ ત્યાંની ત્યાંજ છે. તેનો ભુલાવો કંઈ દુઃખ આપતો નથી. પણ જ્યારે પેટી ઉઘાડી જોઇએ. અને જણસ જણાય નહીં. ત્યારે તેના અભાવથી શોક ઉત્પન્ન થાય છે. અને એ શોક થવાનું કારણ પણ સાચી વાત માની લઇએ માટે થાય છે. તેથી મિથ્યા વસ્તુમાં સત્યતાની બુધ્ધિ દુઃખ આપે છે. માટે સત્યતા બુધ્ધિ દૂર કરી સ્થિતપ્રજ્ઞ થવું. એટલે બુધ્ધિને તેમાં સ્થીર કરવી. તુમડી પાછી ઊપર આવે પણ પત્થરો તો તળેજ બેસે. જગતને નાશ કરવાનું નથી. પણ ભલે ખડું રહ્યું. છતાં તે નથી એમ દ્રઢ થવું જોઇએ. નહીં તો જગતનો નાશ તો આંખ

મીચેથી પણ થાય છે. નિશો કરેથી પણ થાય છે. નિદ્રામાં પણ થાય છે. અને મૃત્યુથી પણ થાય છે. "આપ મુવા કે ડુબ ગઇ દુનિયા." તેમ છતાં મિથ્યા પણું જાણ્યું નથી તો જગત તો ખડું છેજ. માટે પ્રયત્નથી નહીં અયત્ન કોઇના દબાણથી નહીં, પણ સ્વભાવે જ નિર્દ્વંદ્વ થવાનું છે. રાગ દ્વેષનો, સુખ દુઃખનો, પાપ પુણ્યનો, કશાનો ભય રાખવાનો નથી. નિગ્રહ તો દુઃખરૂપ છે. આપણે મુનિવ્રત લઇએ તો રખેને બોલાઇ જાય એવી બીક રહે છે. નહીં બોલીએ તો આખું શરીર હલાવીને ઇશારતો કરવી પડે છે. જનાવરને મૌન કેદાડે લેવું પડે છે? તેને તો મૌન લેવાની ઇચ્છા પણ હોતી નથી. પણ તેનું મૌન તો સહજ બની રહ્યું છે. માટે યોગ અથવા હઠયોગમાં પ્રયત્ન કરવો પડે છે તે છતાં તે નિષ્ફળ નીવડે છે. માટે વિચારે કરીને સહજ સ્વાભાવિક રીતે આત્માનો સાક્ષાત્કાર કરવો જોઇએ કે જેથી અપરોક્ષ થાય. અને યોગ પણ સદા અચળ નથી. યોગમાંથી ખસ્યા કે પાછા ચલિત થવાય છે. સ્વપ્નમાં રોગીપણું જણાય તો તે કોને છે? ત્યાંનું શરીરજ વાસ્તવિક નથી. તો ત્યાં નરસું શું છે? અપ્રાપ્તની પ્રાપ્તિ તે યોગ કહેવાય છે. જે છે તેનું રક્ષણ તે ક્ષેમ કહેવાય છે. એ **યોગ ક્ષેમની** ઇચ્છા સર્વે જીવોને બની રહી છે. એ ઇચ્છા બનવાનું કારણ જગતની માની લીધેલી સત્યતા છે. બાકી આપણે વસ્તુને મેળવનારા ખરા નથી. અને વસ્તુ પણ ખરી નથી. એ ઇચ્છાનું વધવું ઘટવું અરસપરસ ભાવ છે. ક્રોધ ઓછો કરીએ તેમ ક્ષમા વધે છે, અને ક્ષમા વધે છે તેમ ક્રોધ ઓછો થાય છે. તેવીજ રીતે આત્મ સ્વરૂપમાં સ્થીતિ વધે તેમ યોગ ક્ષેમની પ્રીતિ ઘટે. અને યોગ ક્ષેમની કાળજી ઘટે તો આત્મ સ્વરૂપમાં સ્થીતિ વધે. **જ્યાં સુધી સ્વાશ્રય નથી ત્યાં સુધી યોગક્ષેમની કાળજી છે.** કાલે ભોજન ક્યાં મળશે, આપણી પાસે પૈસા છે તેથી સુખી છઇએ, એ વાતો સાચી માની બેઠા છઇએ. આંધળાનો ટેકો જતો રહે તો તે ગભરાય. પણ તેને ટેકા વગર ચાલવાનો અભ્યાસ પડે તો તેને અડચણ પડતી નથી. તેમ યા હોમ કરીને નિરાધાર વિરક્ત થાય તો યોગક્ષેમ એની મેળે મળી રહે. અને જો ન મળે અને દુઃખ પડે તો ઉલટો ઉલ્હાસ માનવો જોઇએ કે એ પણ એક અનુભવ થાય છે. ઠીક પ્રસંગ આવ્યો છે. નિરીચ્છકને સઘળું મળે છે. અને માગે તેને કંઇ ન મળે. નિવૃત્તિની ઇચ્છા કરવી એ પણ એક ઇચ્છા છે. માટે **પ્રારબ્ધના વેગમાં જ પડયા રહેવું.** આભાસમાં આભાસરૂપ ફળ તો થાય. પણ તે બેઉ ખોટાં છે. માટે

પ્રથમથીજ યોગ ક્ષેમની ચિંતા રાખવી નહીં. અને સ્વાશ્રય શોખવો. કેમકે નુકશાન થાય ત્યારે તો વેઠયા વિના કોઇને છુટકો થતો નથી. તો ખુશી થી દુઃખ શા માટે ન વેઠવું ? આત્માનુભવ, વિરક્તિ, અને તિતિક્ષાથી નિ- ર્દ્વંદ્વ થઈ યોગ ક્ષેમનો ત્યાગ થઇ શકે. "કવચિત્ શાકાહારી" વગેરે ને મ- ળતું વળી કહ્યું છે કે "કોઇ દિન પાંઉસે ચલના." માટે કોઇ વાતની ફી- કર નહીં ગણતાં દેહવાન્ ને બદલે આત્માવાન્ થવું. અને તે નિશ્ચય કાયમ રાખવો. હું મનુષ્ય છું. પુરૂષ છું. એ નિશ્ચય એવો છે કે કેફમાં પણ એ નિશ્ચયમાં ફેર પડતો નથી. અને પુરૂષ ધાસની ઇચ્છા કરતો નથી તેમ એ વાત યાદ પણ કરવી પડતી નથી. પોતાનું મનુષ્યપણું રોમે રોમ વ્યાપી ગયલું છે. હું આત્મા છુ એમ માને તો ઇચ્છા થાયજ નહીં. રોમે રોમ એ વાત વ્યાપી જવી જોઇએ. એટલે તેનું નિદિધ્યાસન થવું જોઇએ. સ્ત્રિ- યો પહેલાં પીએરમાં આસક્તિ માને છે. અને પછી ધણીને ઘેર આસક્તિ માંને ત્યારે પીએર ભુલી જવાય છે. કારકુન પોતાની સ્થીતિમાં અમુક રીત ભાત રાખે છે. મામલતદાર થાય છે ત્યારે તેની ખુમારી બદલાઇ જાય છે. વખતે ખુમારીમાં ઘરના માણસો ઉપર પણ રોપ મારે છે. પોતાના બાપને પણ દમ આપી ન કહેવાનું કહે છે. એજ પ્રમાણે દેહાંભિમાનનું વિસ્મરણ કરવું અને **આત્માનો દ્રઢ નિશ્ચય કરી સ્વરૂપની ખુમારીમાં રહેવું.** કે જેમાં ફેર પડે નહીં. પુરા કેફમાં પણ પુરૂષ એમ નહીં કહે કે હું "આવી." તેમ પોતાનું પુરૂષપણું અથવા આત્માપણું પછી ભુલાયજ નહી. **સદા હું સત્ય સંકલ્પ છું એમ દ્રઢતા રાખવી. પ્રારબ્ધ કંઇજ નહીં પણ મારો દ્રઢ સંકલ્પ છે.** અને તે સંકલ્પ ભલે સત્ય થાય. **હું તો પ્રાર- બ્ધને, મને, અને સંકલ્પને ખોટાં જ માનું છું.** સત્યં સંકલ્પ ફેરવ- વાની મારે શું જરૂર છે ? ફેરવવા આગ્રહ કરૂં તો તેની સત્યતા હરે છે. સંકલ્પને આધારે કર્મ છે. અને કર્મ ફળને આપે છે. એને ટાળીએ તો દુ- ર્બળતા છે. મારા સંકલ્પને ટાળીને હું અસત્ય સંકલ્પ થાઊં તેના કરતાં, શ્રી રામચંદ્રજીએ પિતાનો સંકલ્પ સાચો કરવા વનવાસ વેઠયો; વળી બલિ રાજાએ વચન મિથ્યા નહીં કીધું; અને સત્ય સંકલ્પ રહ્યા તેમ હું પણ રહું તો મારૂં શું જતું રહેવાનું છે ? એવીજ રીતે ધૈર્યવાન માણસ સત્ય સંકલ્પ રહે છે. દુઃખ આવે ત્યારે વખત પ્રમાણે વર્તી ફેરવી તોળતા નથી. માટે વીતરાગ, નિર્યત્ન નિર્મળ, વીતકલ્મષ, ગ્રહણ ત્યાગના અભિમાન રહી- ત, પ્રારબ્ધવશ શાંત, વિશ્વથી અતીત, સમુદ્રની પેઠે ક્ષોભ યા સંતાપ રહીત, રાગદ્વેષના દ્વંદ્વથી મુક્ત થઇ રહેવું.

તા. ૧૫-૮-૦૩

૧૦ શ્રદ્ધા.

નિર્મળ, વેદમાં કહેલા ગુણો, ભાગ્યશાળીનામાં જોવામાં આવે. કહે છે કે જેનો આ છેલ્લો જન્મ છે. તેને એવા ગુણો પ્રાપ્ત થયેલા જણાય. કેમકે જેમ ઉત્તમ વાંસમાં મોતી પાકે છે. તેમ ભાગ્યશાળીને રાજસી સાત્વિકી ગુણો પ્રાપ્ત થાય છે. મૈત્રી, સૌમ્યતા, મુક્તતા, જ્ઞાતવ્યતા, આર્યતા એ ગુણો પોતાના કરી લેવા. મૈત્રીથી સર્વપર દયા ભાવ ઉત્પન્ન થાય છે. સૌમ્યતાથી સમભાવ અને પ્રસન્નતા બની રહે છે. મુક્તતાથી શોકભાવ તથા શાંતતા પ્રાપ્ત થાય છે. જ્ઞાતવ્યતાથી જ્ઞાન મળે છે. અને આર્યતા યથાશાસ્ત્ર આચાર કરાવે છે. આ ગુણોથી યુક્ત પુરૂષને લાભાલાભ રાગ દ્વેષ છેજ નહીં. મહાસમુદ્ર સદા ગંભીર રહે છે. તેને રાગ દ્વેષ કેવો ? જે આવે તે સમાય. સૂર્યોદય જેને થયો છે તેના તમનો તો નાશ થઇજ ગયો છે. આત્મભાવથી રાગદ્વેષનો નાશ તેવીજ રીતે થાય છે. જુઓ કે દરેક અવયવનાં ગુણ ધર્મકાર્ય આકાર જુદા છે. છતાં સર્વ અયવયો ઉપર સમાન પ્રીતિ બની રહી છે. કેમકે તે દરેકમાં આત્મ બુદ્ધિ છે. બે બાયડીનો ધણી પોતાના બેઉ પગને પોતીકા ગણે છે. દરેક અકેકો ચાંપે છે. શોકવાળા પગને ચોંટી દેય તો પણ ધણીનેજ દુઃખ પ્રાપ્ત થાય છે. માટે દરેક અવયવ હું જ છું. એમાંથી આત્મ બુદ્ધિ જાય તો તે તરત ફેંકી દેછે. અથવા અભડાય છે. વિષ્ટાદિ તો નાંખી દેય છે. નખ આદિ, અને અંતે આખું શરીર પણ આત્મ બુદ્ધિ ગઇ તો મરણ પછી અભડાય છે એમ ગણવામાં આવે છે. બાકી જેને વિષ્ટા બહાર નહીં પડે ત્યાં સુધી તેમાં આત્મબુદ્ધિ છે, તે દરેક મહેતરના ભાઈ છે. માટે શરદ કાળનું આકાશ જેવું નિર્મળ છે. તેવું હૃદય કરવું. કોઈ કહેશે કે ત્યારે તો મન કઠોર થઇ જાય. પણ તેમ નથી. મમત્વ એજ કઠોરતા છે. મીઠામાં પથ્થરની કાંકરી અથવા મગમાં કાંગરૂ હોય તેમ કઠોરતા પકડાઈ આવે છે. પાણીમાં મીઠું ઓગળીને એકરસ થાય છે. પણ પથરાની કાંકરી તો તેવી ને તેવી કઠણ રહે છે. તેમજ વિશ્વજળમાં હું પણ મીઠું છે. સર્વ સાથે મીઠાશ રાખે છે. અને માત્ર કુટુંબમાં જ આસક્તિ રાખી બેસી રહે છે તે પથ્થરનો કાંકરો છે. અને મગમાં કાંગરૂ છે. જેમ રંગનો ગાંગડો ઓગળે તો રંગ પસરે. નહીંતો ગાંગડા પણું રહે. પણ કેટલાક એવા છે કે જેને શાકર ન ભાવે. સાધુમાં પણ

દોષ દ્રષ્ટિ રાખે. તેથી સાધુને તો હાની નથી. પણ પોતાની જ હાની થાય છે. પુરાણમાં જુવો કે એકજ મંડળમાં દુર્યોધનને કોઈ સારો શોધ્યો જડ્યો નહીં. અને ધર્મરાજાને તેજ મંડળમાં કોઈ નઠારો જડ્યો નહીં. માટે નેત્રજ તેવાં. કમળો થયો હોય તે બધુંજ પીળુંજ દેખે. જુવો કેટલાંક પામર પ્રાણી રામકૃષ્ણાદિના પણ દોષ જોય છે. પરધર્મી પાદરીઓ સર્વે દુર્ગુણોના સમૂહ આપણા દેવોને આરોપે છે. તે પરથી જણાય છે કે તેમને હજી સંસ્કાર થયા નથી. પરંતુ કોઇ દોષ કાઢે તેથી શું હાની છે? ઉલટી ભાઈ ભાઈ થવામાં હાની છે. આપણી સ્તુતિ થાય તેથી બગડવા સંભવ છે. શ્લાઘાની ઇચ્છા એ પણ દોષ છે. અને તે કહેનારની હાની કરે નહીં. પણ સાંભળનારને તો પોતાને ફુલાવાથી તથા પારકા તરફથી પણ અદેખાઇથી હાની કરે છે. દેહેષણા, વિતેષણા, અને લોકેષણામાં લોકેષણા સ્તુતિ માંગે છે. બાકી નિંદા સ્તુતિ તો માત્ર શબ્દો છે. જેની સ્તુતિ તેને હાનીનો ભય. સ્તુતિથી અભિમાન વધે છે. પરિચ્છિન્ન થવાય છે. નિંદક કાંટા જેવો લાગે છે. અને ભાઇભાઇ કરે તે સારાં લાગેછે. માણેકલાલભાઇને બદલે મિ. માણેકલાલ કહે તો "ભાઇ" સાંભળેલું તે હવે તે વિના તો લુખું લાગે છે. પણ બીજા સ્તુતિ કરે છે તે ઘણું ખરૂં તો ખોટી કરે છે. પણ આપણે તે ખરી માની લઇએ છઇએ. નિંદા બેઉને કરનારને તથા સાંભળનારને હાની કરે છે. ક્રોધ વૈર વધે છે. સહેજ બોલ ઉપરથી વૈરભાવ વધી ગયાંના દ્રષ્ટાંતો મોજુદ છે. પણ જો કોઇ નિંદા કરે તો મનનો ચણચણાટ તરરજ ચાલું થાય છે. દીવાસળી ઘસી કે તરત ભડકો થાય છે. ભડકો લાગતાં વારજ નહીં. પણ વિચારથી એ ખટકો ટળી જાય છે. નિંદા આત્માની તો થાય જ નહીં. અને જો દેહની કરે તો દેહ તો નિંદક છે જ. કોઈ ગાળ દેય તો તે કંઈ આપણેથી જુદો છે. તેણે તેને પોતાનેજ ગાળ દીધી એમ સમજવું. દેહ દુર્ગંધીથી ભરપુર છે. તેણેજ આપણને ફસાવેલો છે. માટે તે નિંદાને પાત્ર છે. તેને બીજા નિંદે તો તેમાં ક્રોધ શો? નિંદા કરે તેને મિત્ર ગણવા. કેમકે તેનેથી ચોંકીને આપણે ચાલીએ તો સદ્ગુણ પ્રાપ્ત થાય. દોષનો નાશ થાય. બાકી મનુષ્ય ભંગીનો ભાઇ એટલા માટે કે ભંગી તો બે કલાક વિષ્ટા લઈ ફરે છે. અને મનુષ્ય તો ચોવીશ કલાક પેટમાં વિષ્ટા ભરી રાખે છે. પણ નિંદા કરનાર પણ સાધુ પુરૂષના દર્શનથી મોહ પામે છે. પાછળ નિંદા કરે. પણ પ્રત્યક્ષ તો તે પણ મોહી જઈ નિંદા કરવી ભુલી જઇ નિર્મળ હૃદયનો થાય છે. ઉકરડા ઉપર રાજા બેસે તો આત્મા દેહમાં બેસે. પણ શું અભિમાન! "હું ઉકરડા

પર એઠો છું. હું શરીરનો સંબંધી." વાહ ધન્ય છે! સુંદર વાંસળીથી જેમ મૃગ મોહીત થાય તેમ નિંદાખોર સાધુ પુરૂષ આગળ મુંગા થઇ જાય છે. વરસાદની ગર્જનાથી બગલાં કયાંએ નાશી જાય છે. પણ દરેક બાબતમાં શ્રધ્ધા એ મોટી ચીજ છે. શ્રધ્ધા કોઇ વસ્તુ નથી. માટે ગુરૂ શરણ જવું. ગુરૂનો શબ્દ તેજ કાયદો. ગુરૂપરજ વિશ્વાસ. ગુરૂ તેજ ગોવિંદ. અને ગુરૂ તેજ સર્વસ્વ. પણ તેવો અનુભવી ગુરૂ જોઇએ. સાધન દશામાં તો ગુરૂના શરણની જરૂર છેજ, પણ સાક્ષાત્કારદશામાં પણ ગુરૂ જોઇએ. દોષ દૂર કરવા તે વ્યતિરેક વૈરાગ્ય કહેવાય છે. શુભ ગુણ પૂર્ણ થાય ત્યારે નિર્મળતા થાય છે. સૌને પોતાનો પક્ષપાત થાય છે. ઊંટના અઢારે વાંકા છતાં તે કહેશે "બગલાની ડોક વાંકી પોપટની ચાંચ વાંકી કૂતરાની પુંછડી તો વાંકી વળી જાણવી" ઇત્યાદિ. માંછલીના બચ્ચાં માછલીને સૌથી રૂપાળાં લાગ્યા. તેમ પાછલી ઓળીમાં પોતાની ભુલો હોવાથી જણાતી નથી. મન અસ્થિર છે. તેથી ગુરૂ શરણની ખાસ અવશ્ય છે. માટેજ ઇશ્વર બુધ્ધિની વિશેષ જરૂર છે. ઉત્તમ અધિકારીને પણ સહેજ ઉપદેશની જરૂર છે. વાંસો ઠોકનાર જોઇએ. કોઇ દેશ શોધતાં આપણને જડયો તો ખરો પણ ત્યાંનો અનુભવી "જેને શોધતાં જે જડયો છે તે દેશ એજ" એમ સાક્ષી પુરનાર જોઇએ. અને ત્યાંથી ચલાયમાન નહીં થવાય. માટે ગુરૂ શરણની જરૂર છે. અતિ પાંડિત્ય એ પણ દોષ છે. કેમકે તે સંશય ઉત્પન્ન કરે છે. સંશયાત્મા વિનશ્યતિ. ચિંતામણી જડયો તો ખરો પણ ઓળખ્યો નહીં. કાદવમાંથી તે વળી ચિંતામણી જડે ? એતો કાચ હશે. આ દેહમાં તે વળી આત્મા? એ તો જીવ છે, આવુ થવાનું કારણ શ્રધ્ધા હીન પણું છે. શ્રધ્ધા વિના કંઇ નથી. "લાલ" માન્યું માટે લાલ છે. લાલ ને લીલું કેમ માનો છો ? બુદ્ધિનો ઉપયોગ કરો. નહીંતો શ્રદ્ધા રાખો. અમૃતાનુભવ પુસ્તક સમજો. આપણેથી કોઇનો ઉત્તર નહીં અપાય તેથી કંઇ અબ્રહ્મ થઇ જતા નથી. શાસ્ત્ર તો ઇતિહાસ છે. પણ અનુભવ સાચો છે. અનુભવીને ઇતિહાસની શી ગરજ છે? અને અનુભવ શ્રદ્ધાથી ખીલે છે. સિદ્ધાંત તો સહેજ છે. કે **બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. છે તેને લાવવું છે. અને નથી તેને કાઢવું છે.** એટલો પુરૂષાર્થ બસ છે. પરંતુ એ પણ મહા વિકટ થઇ પડયું છે. શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનમ્. અષ્ટાવક્ર પણ કહે છે કે શ્રદ્ધા મોટી ચીજ છે. અને વશિષ્ઠ પણ કહે છે કે હું તો પોકારીને કહું છું પણ શ્રધ્ધા વિના કોણ સાંભળે એમ છે! બાકી આત્મા સીવાય બીજું છેજ શું ?

તા. ૧૬-૮-૦૩

૧૧. ભાવ અભાવ.

પાંચે ઈંદ્રિયોમાં દરેકનું કાર્ય જુદું છે. દરેક જુદી જુદી વાતની સાક્ષી પુરે છે. આંખ કહે છે તે કાન કહેતા નથી. અને કાન કહે છે તે નાક કહેતું નથી. બલકે એકજ નારંગીને આંખ ગોળ કહે છે. કાન તે પડે છે તેનો અવાજ સાંભળે છે. નાક તેની ગંધ પારખે છે. જીભ તેનો સ્વાદ કહે છે. અને ત્વક્ તેનો સ્પર્શ કરે છે. આમ એકજ વસ્તુને માટે જે ઇંદ્રિય એક વાત કહે છે તે વિષે બીજીઓ તો કંઇ જાણુતી પણ નથી. દરેક પોત પોતાની વાત કહે છે. પણ બીજીઓ તરફથી કોઇની તરફેણમાં સહકારી પુરાવો આવતો નથી. અને પાંચે હાજર છતાં એકનું કહેવું બાકીના બધા ખંડન કરે છે. અને પોતે હાજર છતાં એકની કહેલી વાત બાકોના જાણુતા નથી એમ કહે છે. તો એવા વિરૂદ્ધ પુરાવાથી વસ્તુ સિધ્ધ થતી નથી. પણ એ સાક્ષીઓ તથા વસ્તુ અમે ઉભું કરેલું તરકટ ખોટાં ઠરે છે. પરંતુ અવિચાર એટલો ફેલાઈ ગયો છે કે અસિદ્ધ જગતને સિદ્ધ માનીએ છઇએ. અને સિદ્ધને અસિદ્ધ જાણીએ છઇએ. એનું નામ ભુલવણી જાણવી. પણ "ઇદમ્" ની સાક્ષી પાંચે જણ પુરે છે. આંખ કહે છે કે આ જોયું, કાન કહે છે આ સાંભળ્યું, નાક કહે છે આ સુંધ્યું, જીભ કહે છે આ ચાખ્યું, અને ત્વચા કહે છે આ સ્પર્શ્યું. આ પ્રમાણે વસ્તુ તરફનું "આ" પણ સિદ્ધ છે. એ પ્રમાણે સત્તા સામાન્યપણું વિવેકે જાણવાનું છે. અને તેનાપર નામરૂપ જગત ચિત્ર છે. જેમ અંજીરીઆ સાડીમાં આભાસ તેનો તે છે. છતાં રંગ જુદા જુદા બદલાતા ભાસે છે. તેથી તે કેવાં રંગનું છે તે નક્કી થઇ શકતું નથી. પરંતુ એ કપડું છે એ વાતમાં શંકા ઉઠતી નથી. એજ પ્રમાણે સત્તામાં વિલક્ષણતા નથી. છે પણ દરેકમાં કાયમ છે. છે હું અને છઇએ એને છુંછાં છુંછાં ગણવાના નથી. પણ તે પૂણુ હોઇ સર્વને પૂર્ણ કરે છે. "ચોપડી છે" એમ કહેવામાં "ચોપડી" પહેલી અને "છે" પછી એ ભ્રાંતિ છે. દૂર જોઇએ છઇએ તો કંઇ "છે" એમ પહેલું માલમ પડે છે અને પછી કહીએ છઇએ કે જે છે તે માણુસ છે. "ધેર ઇઝ એ મૅન" એમ અંગ્રેજીમાં પણ પ્રથમ "છે" અને પછી "માણુસ" એવી રૂઢી છે. હવે આ સઘળું આમ ઉલટું કેમ ભાસે છે? કીડી, હાથી ઘોડા બગલમાં લઇને નવમણુ કાજળ કેમ

આંજી રહી છે ? કીડી નામરૂપ જેની પેલી મેર સત્તા રૂપી ડુંગર વ્યાપી રહ્યો છે તોપણ કીડી અથવા તરણું એ પોતાના ઓથામાં ડુંગરને ઢાંકી નાંખ્યો છે. " છે " અને " નથી " એ બંનેનો આશ્રય સત્તા છે. **સામાન્ય ભાવે સત્તા છે. અને વિશેષ ભાવે ભાવ છે. ભાવ અભાવ કહાડી નાંખીએ તોપણ જે છે તે છે.** એ બધી નામરૂપ શબ્દ જાળ છે. તે દૂર કરીએ તોપણ છેપણું કાયમ રહે છે. કાગળને બાળીને રાખ કરીએ તો નામરૂપ અને છે પણું કાયમ રહે છે. પણ પાણીની વરાળ થઇ પછી તે અદ્રશ્ય થઇ જાય તો તેનું નામરૂપ નથી રહેતું. પણ "છે પણું છે." જોકે " છેપણું " નેત્રનો વિષય નથી. ભાવપણું તો એક છે. પણ જ્યાં અભાવપણું છે ત્યાં ભાવપણા સીવાય તમામ વસ્તુનું અભાવપણું બેઠેલું છે. માટે અભાવ પણ ભાવ સાથે સાપેક્ષક છે. ખરૂં જોતાં સત્તા પણ કહેવા માત્ર છે. ત્યાં કંઈ ભાવ અભાવનો વિરોધ નથી. એ સત્તા ઉર્ફે ભાવ, અભાવની વિરૂદ્ધ નથી. સત્તાના ભાવને અભાવની અપેક્ષા નથી. પણ સત્તાના ભાવ પર ભાવ અભાવ બેઉ સંપસંપીને રહેલા છે. તેમજ જે જ્ઞાન અને અજ્ઞાન એક બીજાના વિરોધી દેખાય છે તે બેઉ જ્ઞાન સ્વરૂપની ઉપર ઉપર રહેલા છે. જ્ઞાન સ્વરૂપ તો અજ્ઞાનની અપેક્ષા સીવાય જ્ઞાન અજ્ઞાન બેઉથી પર છે. આત્મામાં દ્વૈત દર્શન થતું નથી. દ્વૈત છે જ નહીં. **અવિવેકથી પાંચ સાક્ષીઓનું ઉભું કરેલું તરકટ ભાસે છે.** પણ વિવેકથી જોતાં એ પાંચેની સાક્ષી વિરૂદ્ધ પડે છે. અને મિથ્યાપણું સિદ્ધ થાય છે. કોઈ વસ્તુ જોઈએ તો તેના ભાવ સાથે તેની આસપાસનો અભાવ સાથેજ છે. જેમ પાઘડીમાં તેનો રંગ જુદો નથી. રંગ કહાડી લઇએ તો પાઘડી નકામી જેવી પડે છે. તેમ પાઘડી અને રંગ કહેવામાં બે વસ્તુ છે. પણ વસ્તુતઃ એકજ છે. તેમ શબ્દ જાળમાં ભાવ અભાવની કલ્પના નામ રૂપ છે. બાકી **તમે તો ભાવ અભાવથી અતીત છો.** કાગળની કણકનો અડ્ડો જુદા જુદા કાગળો બનાવે છે. તેમાંથી કટકા જુદા જુદા થાય છે. આ પ્રમાણે ભાવરૂપ કેટલાક થયા. પણ ભાવના કંઈ કડકા પડયા નહીં. " પૂર્ણાત્ પૂર્ણમ્ આદાય, પૂર્ણમ્ અવ એવ શિષ્યતે. અખંડભાવ સત્તામાં વિભાગ નથી, આકાશનું દર્શન તે અભાવ. આકાશનું અદર્શન તે ભાવ. ભાવ અથવા આકાશ અથવા વસ્તુના **દર્શન અદર્શન** બેઉમાં આકાશનો ભાવ છે. આકાશથી આકાશ સુધીનું માપ તે આકાશ. વચમાં ભીંત વગેરે આવવાથી આકાશનું માપ ગણીએ છઇએ. ત્યારે આકાર તે શું છે ? આ-

કાચમાં સળીઆ આડા ઊભા મુકી જાળી કરી કે આકાશમાં આકાર થયો. એમ સળીઆ વાળા ભાગમાં આકાશનું અદર્શન અને સળીઆની વચલા ભાગમાં આકાશનું દર્શન આ પ્રમાણે આકાશનું દર્શન અદર્શન તે જગત છે. આકાશનો અભાવ નથી તો પછી ચૈતન્યનો અભાવ કેમ હોય? ચૈતન્યનું દર્શન અદર્શન તેજ આત્મા અને જગત છે. ચૈતન્યનું દર્શન તે આત્મા, અને ચૈતન્યનું અદર્શન તે જગત. ચારણીથી કાગળ ઉપર અનેકપણું ભાસે છે. તો પણ કાગળ અખંડ છે. અનેકપણું ભાસવું એ માયા છે. માયા એ પરમાત્માની શક્તિ છે. એ દર્શન અદર્શનનું સામર્થ્ય છે. પોતે પોતાની મેળે ભુલવણીમાં પડી ભેદ જોયું છે. અને તે ભેદની દ્રઢતા કરી પોતાને જીવ રૂપ માની લેય છે. માટે ભેદ જોતાં છતાં અભેદ સમજવો જોઇએ. માત્ર સમજમાં ફેર છે. ગુણથી પરિચ્છિન્ને થવું એનું નામ જીવ છે. ચારણીના છિદ્ર રૂપ થવા કરતાં કાગળ રૂપ થવું જોઇએ. જાણવામાંજ મુક્તિ બંધન છે. બીજું બંધન છેજ નહીં. તો પછી મુક્ત થવાનું છેજ નહીં. મનુષ્ય માને તો સદા મુક્તજ છે. વળી ભુખ્યો માણસ પોતાના અવિવેકમાં ટાઢું ઊનું જોતો નથી. પણ જે અસ્પૃહી વિવેકી છે તેતો ધનમે કર્તવ્ય માની સૌની તાબેદારી કરતો નથી. જુવો કે શ્રીમંતની સ્થીતિ પણ દુઃખી હોય છે. માટે વિષયોનો વરાગ્ય કરે નહીં ત્યાં સુધી દેહાધ્યાસ છુટે નહીં. ત્યાં સુધી સ્વતંત્ર વિચાર થાય નહીં. ત્યાં સુધી સદ્વિચાર આવે નહીં અને દેહની ગુલામગીરી કર્યા કરે. માટે વૈરાગ્ય અને વિચારથી દુઃખ દૂર થાય છે. તેથી દેહાધ્યાસના ચશ્મા ઉતારી નાંખો. છાશ વલોવે તેમાં ગતિ થાય અને માખણના ગઠ્ઠા બંધાય. તેમ જગતનું ચિંતન મથન થાય તેથી જગત સાચું લાગે અને તે દ્રઢ થાય. માટે મન રૂપી મૃગને ઊંઘમાંથી જગાડો. અંતનો જન્મ માણસ ગમે તે વખતે કરી શકે છે. પણ તેણે પ્રતિબંધ તોડવા જોઇએ. કેમકે સ્વપ્નામાં સ્વજનુ જેમ અનેક જન્મ થાય છે. જડ ભરત ત્રણ જન્મે ફાવ્યો. વામદેવ ગર્ભમાં બોધિત થયા. માટે મોહ રૂપી નિદ્રા અથવા અજ્ઞાનના સ્વપ્નમાંથી જાગવું. શુભ ગુણો લાવીએ તો મન જાગે. પણ ભુલવાનો ભય ઘણો છે. ફસાવનારૂં દેહ ઇંદ્રિયો સદા વહાલા તૈયાર છે. સંસારનો મોહ જુગારીની યારી જેવો છે. ફરી ફરી ફસાવે છે. "લેટ મી સ્લંબર અગેન" કરી બંધનગૃહમાં આળોટવાનું જ મન થયાં કરે છે. અને કદાપિ કંઇ અંકુર ફુટે છે તો તરતજ બકરી ચરી જાય છે. માટે થડ બાઝે તેને સારૂ વાડ કરી પાણી સીંચી રક્ષણ કરવું જોઇએ. અને તે વાડ મજબુત જોઇએ. આવી રીતે રક્ષણ થયું. થડ બં-

ખાયું. કે પછી થડની સાથે બકરા બાંધે તો પણ ફીકર નહીં. બ્રહ્મજ્ઞાન થયા પછી નરસિંહ મહેતા ઢેડમાં ફરે. મહાત્માઓ નિંદિત કર્મ કરતા જણાય. અથવા આત્મામાં જગત ભાસે તો પણ પછી તો જે છે તે છે. અને બ્રહ્મનું અબ્રહ્મપણું થતું જ નથી.

તા. ૧૭–૮–૦૩

૧૨ દ્રષ્ટા.

મોક્ષના ક્રમ બે. બે. ઉત્તમ અને સામાન્ય (૧) ષટ્ સંપત્તિ આદિ ઉપાયે મળ દુર કરી નિષ્કામ કર્મ કરી વર્ણાશ્રમ પાળી શાસ્ત્રાનુસાર કર્તવ્ય કરી વૈરાગ્ય બુદ્ધિથી મળ દુર થાય. એટલે કર્મ ઉપાસનાથી ચિત્ત નિર્મળ કરી મોક્ષની પ્રાપ્તિ કરવી. (૨) બુદ્ધિ બળે વિચારથી જ્ઞાને કરી બોધ થએ મુક્તિ એટલે મોક્ષ મેળવવો. પ્રથમ ઉપાય સામાન્ય છે. બીજો ઉત્તમ છે. પરંતુ સામાન્ય કરવાની જરૂર એટલા માટે પડે છે કે મન ચંચળ છે. અને મનુષ્યની ચંચળતા પણ દોષરૂપ છે. એકાગ્રતા થતી નથી. ઘડીમાં કંઇ અને ઘડીમાં વળી કંઇ. ચાર દિવસ શુભ માર્ગે ને વળી બે દીવસ અશુભ માર્ગે. દ્રઢતાથી ચિત્ત એક વાતમાં જશે નહીં. માટે આગ્રહ કરીને અંત સુધી જવું જોઇએ. કામ બહુ વિચારીને હાથમાં લેવું પણ લીધું પછી તો તેનો પાર લાવવો. "રોલીંગ સ્ટોન ગેધર્સ નો મૉસ" અને "ધોબીનો કુતરો નહીં ઘરનો ને નહીં ઘાટનો" એવો ઘાટ થાય. કુવો વીશ હાથ ખોદ્યો. પાણી નીકળ્યું નહીં. વળી બીજી જગે વીશ હાથ ખોદ્યો. એમ સો હાથ પાંચ ખાડા મળીને ખોદાયા. પરંતુ એકજ જો ત્રીશેક હાથ ખોદ્યો હોતતો પાણી મળત. કહ્યું છે કે "પ્રારભ્યતે ન ખલુ વિઘ્ન ભયેન નીચૈઃ" વગેરે. માટે પ્રારંભ કરતાં પહેલાં વિચાર ભલે કરવો. પણ પછી લડવું નહીં. કેમકે મનની સ્થિતિ થવી દુર્લભ છે. ઘણાક પ્રથમ હનુમાનને ભજે. પછી થોડે દહાડે મહાદેવને, પછી દેવીને, પણ તેમાંથી પછી કોને પરવા રહે. કોઇ ફળે નહીં. મફતમાં ડૂબી મરે. માટે ઇષ્ટદેવની દ્રઢ ઉપાસનાથી સ્થિરતા થાય છે. કરી દેખીએ તો તેનું જ્ઞાન પાંચે ઇંદ્રિયો થાય છે. કેટલાકને અકસ્માત જ્ઞાન થાય છે. આંબા તળે જઇને બેઠા કે તેને માટે પાકી મીઠી કેરી તુરત પડે છે. તેમ જ્ઞાન તરત થઈ જાય છે.

કલ્પ વૃક્ષ તળે જે જાય તેને ફળ મળે. જનકની આખ્યાયિકા જુઓ કે જનક રાજા ઉપવનમાં ગયા ત્યાં આગળ અરણ્યમાં શાલ્મલી વૃક્ષ તળે સાધુઓ હતા. મધુર સ્વરથી લોભાઈ સાંભળ્યું. તો તત્વ જ્ઞાન બની રહ્યું છે. દ્રષ્ટા કોણુ ? જોવાવાળા તો દુનીઆમાં ઘણાએ છે. પણ આપણે તે સર્વેને જોઈએ છઈએ ત્યારે તે સર્વે દ્રશ્ય કોટીમાં આવે છે, બહિર્મુખ દ્રષ્ટિથી તે જોવા વાળા ગણાય છે. પણ છે તો દ્રશ્ય. કેમકે આપણી સામે આવી ઉભા રહેવા સમર્થ નથી. સામે આવ્યા કે તેજ ક્ષણે આપણા દ્રશ્ય થયા. અને વળી દ્રષ્ટા તો સ્વતંત્ર છે. અને દ્રશ્યની તો દ્રષ્ટા વગર સ્થીતિજ નથી. માટે દ્રશ્ય પરતંત્ર છે. જોનાર નથી તો પછી દુનીઆ કયાં છે ? જોનાર છે તો દુનીઆ છે. દ્રષ્ટા છે તો દ્રશ્ય છે. માટે દ્રષ્ટાની દ્રષ્ટિ તેજ દ્રશ્ય. ઉષ્ણુતા એજ અગ્નિનું સ્વરૂપ. જોવાનું જોવું એજ બહાર પદાર્થ. બાકી પદાર્થ કંઈ નથી. અને દ્રષ્ટા તો રહી શકે છે તેનો અનુભવ થાય છે. નેત્ર મીંચો તોપણુ નેત્ર છે. નેત્ર કંઇ જતાં રહેતા નથી. જોવાપણું જાય છે. વિચાર કરો કે દ્રશ્ય નેત્રની બહાર છે એમ કેમ કહેવાય ? નેત્રની દ્રષ્ટિએજ સૃષ્ટિ છે. રૂપમાત્ર આંખમાં ભરેલું છે. બહારની વસ્તુઓ ઇંદ્રિઓ દ્વારા જણાય છે. એકેક ઇંદ્રિ જો નષ્ટ થાય તો જગતની તે વસ્તુઓ નષ્ટ. આંધળાને જગતમાં રૂપ કયાં છે ? બહેરાંને જગતનો ધડધડાટ છે જ કયાં ? કુંભ કર્ણ પાસે નગારાંનો અવાજ ? નારંગી વિષે પાંચ જણા મળી ગોળો પિંડાળો ઉભો કરે છે. આંખ કહે છે. નારંગીનો આકાર ગોળ છે. કાન તેનો ધબાકો સાંભળે. નાક તેની સુગંધ લે. દરેક જુદી સાક્ષી પુરી નારંગી સિદ્ધ કરેછે. એક બીજાથી બાકીના ચારના કામમાં માથું ઘલાતુંજ નથી. પોતપોતાના કામમાં મચ્યાં રહે છે. આંખના સંસ્કારથી નારંગી છે એમ જાણ્યું. બાકી નાકે સુગંધ આવી અને તરત આંખ આગળ નારંગીનું ચિત્ર ખડું થાય નહીં. પણ કલ્પના પ્રથમ થઈ ગયલીજ છે. નાકના કહેવાથી આંખના સંસ્કાર ખડા થઈ નારંગી ઊઠી હવે વળી માણસને છઠી ઇંદ્રિ થાય તો વળી કંઈ નવીજ વસ્તુઓ ઊભી થાય. કેમકે એકજ ઇંદ્રિમાં બધું હોય એવા પ્રાણી હોય છે. સાપને કાન હોતા નથી. આંખથી કાનનું કામ થાય છે. કુતરો વાસપરથી સુંઘીને ઓળખે છે. એવી તેની ઘ્રાણેંદ્રિ બળવાન હોય છે. આંખ તો નીચીને નીચી રાખે છે. દુરબીનમાં આવેલી ચીજ દેખાય છે. કેટલાંકમાં મોટી હોય તે નાની અને કેટલાકમાં નાની તે મોટી ચોખંડી. ગોળ. આડી. વગેરે અનેક આકૃતિ દેખાડે છે. પણ તે રચના જેવો

ચ્યં તેવી થાય છે. હીરાના રંગની રચના જુઓ. ભીંતપર જુદા જુદા અનેક ઓળા પડે છે. ભીંતમાં આંખમાં કે હીરામાં કંઇ નથી. તે છતાં રંગ બેરંગી પડે છે. તેમ ઇંદ્રિયમાંથી આત્મા પોતાનું સ્વરૂપ દેખે છે: રંગ જુદા જુદા જણાય છે. હીરો રંગ રૂપે થઇને પડે છે. ઇંદ્રિય વડે ચિત્ર વિચિત્ર દેખાય. તેનો સ્વભાવજ તેવો છે. ઘરની ચારે બાજુએ ચાર બારી છે. દરેક બારીની સામે જે હશે તે તે બારીમાંથી દેખાશે. ચાર બાજુએ જુદું જુદું હોય તે જુદું જુદું દેખાય છે. પણ તે કલ્પનાનું પરીણામ છે. તમે કલ્પના નથી કરી તો પણ કોઇની કલ્પનાં છે. એ પરથી સિદ્ધ થાય છે કે મન એકજ છે. તેથી બીજાની કલ્પના છતાં સહુ એકી રીતે દેખે. એકજ તળાવના નળીના મોઢાં કોઈ હાથીના કોઇ ગાયના કોઇ મનુષ્યના ઇત્યાદિ હોય છે. પણ નળમાંથી નીકળતું પાણી તો એકજ તળાવનું છે. તેમ સમષ્ટિ મન વ્યષ્ટિમાં રહી કલ્પના કરે તે બધાને માન્ય. રૂપશા ઘરડા છે તેને કોઇ જુવાન કહેશે નહીં. કાળાને કોઈ ધોળા કહેશે નહીં. પણ પ્રેમસંબંધમાં ફેર પડશે. કોઇ લાલ પસંદ કરે. કોઇ લીલું. સર્વ માન્ય કરે છે તેજ બતાવે છે કે પરમેશ્વર વ્યાપીને રહ્યા છે. કંઇ એક ઠેકાણે કચેરી લગાવી બેઠા નથી. પરમેશ્વર મનુષ્ય દ્વારા કલ્પના કરે છે. પછી તે ગમે તે મનુષ્યમાં પ્રેરે. સુથારના મનમાં કલ્પના ઊઠાવી ટેબલ કરે તો સૌને માન્ય. સૌ તેને ટેબલ તરીકે જુએ. નામ કદાપી "મેજ" અથવા બીજું નામ આપે એજ મુજબ જીવસૃષ્ટિ અને ઇશ્વર સૃષ્ટિ એવા વિભાગ પડયા છે. જીવસૃષ્ટિ અહંકારની છે. ઇશ્વર સૃષ્ટિ નિર હંકારની છે. જીવ ઇશ્વર એકજ છે. બે નથી. એકનાજ બે phases છે. ઉપલું પાસું ઇશ્વર છે. નીચલું જીવ છે. જીવ ઇશ્વર બે મળીને પરમાત્મા નામ અપાય છે, જુદા હોય તો કોઇ કોઇનું કબૂલ રાખે નહીં. કોઈ એમ નથી કહેતું કે તારો કહેલો ઘડો અમે માનતા નથી. કું ભારે ઘડો કહ્યો કે આખું જગત તેવા ઘાટને ઘડો કહે છે. પછી કોઇ તેને 'pot' એવું નામ આપે. પણ વસ્તુ માન્ય કરે છે. આમ જગતમાં ટેબલ બને છે તે સર્વને માન્ય છે. માટે ઇશ્વર કૃત અને વ્યવહારિક ગણાય છે. સ્વપ્નનું ટેબલ બીજાઓને માન્ય નથી. તેથી તે મનુષ્ય કૃત અને પ્રાતિ ભાસિક માત્ર છે. કોઇ કહેશે કે જીવ ઇશ્વરનો અંશ છે તો ભૂલ છે. પૂર્ણાત પૂર્ણ આદાય. પૂર્ણમાં કટકો છેજ કયાં ? નાના મોટાનો ભેદ કાઢીને એકરૂપ થાઓ. માટે એક જીવવાદ અતિ ઉત્તમ છે. કોઈ કહેશે કે ત્યારે શું જન્મ્યા પહેલાં બધું નહોતું. ? "આપ મુઆ પીછે ડુબ ગઇ દુનિયાં" એ

તો જાણે ઠીક. તો જાણવું કે દ્રષ્ટા છે તે એક જીવ છે. અને બીજા છત્રો વગેરે તો દ્રશ્ય છે, માટે અનાત્મ છે અને જડ છે. ચેતન છતાં તે ચેતનના કાર્ય માત્ર છે. આપણી પ્રેરણાથી તે સૌ ચાલે છે. કારખાનાનું ચક્ર એવું જ છે. જગતનું ચક્ર હું જ ચલાવું છું. એક ધ્રુવની પાછળ આખું નક્ષત્ર ચક્ર નિરંતર ફરે છે. બીજાના સુખ દુઃખથી આપણને શું છે? એ સઘળું તો આપણને અસર કરવા માટે છે. રાજાનું રાજાપણું રૈયતથી છે. તેથી સુખ દુઃખાદિ તમામ વસ્તુઓ આપણને સિદ્ધ કરવા માટે છે. ગમે એક ભંગી હોય તો તેનું નીચપણું બીજી ઉંચી કોમની અપેક્ષાથી છે. પણ બીજા બધાને ગણાવી પોતાનું ભંગી પણું સિદ્ધ કરનાર એ એકલો જ સિદ્ધ થાય છે. અને સર્વેથી વિલક્ષણ ઠરે છે. એજ મુજબ ત જોતાં અદ્વૈત સિદ્ધ કરવાનો છે. કેમકે કારખાનામાં જે મોટું ચક્કર ફરે છે તે સર્વે બીજાં નાના ચક્કરોને ફેરવે છે. તો પણ તે મોટું ચકકર એમ નથી જાણતું કે હું સર્વે ચક્કરો ને ફેરવું છું. એતો જાણે છે, કે જેવું હું છું તેવા બીજા ચકરો ફરે છે. પણ જેમ એક ચકરને આધારે બીજાં બધાં ફરે છે. તેમ પરમાત્માને આધારે આ તમામ, અને આપણે આધારે આ સર્વે જુદા જુદા લાગતા ચૈતન્ય જેવા પુરૂષો ફરી રહ્યાં છે. પણ તે દૃશ્ય કોટીમાં છે. અને હુંજ એક દૃષ્ટા છું.

તા. ૧૮-૮-૦૩.

૧૩. આનંદ.

દ્રષ્ટા દ્રશ્યનો સંયોગ આનંદ આપે છે. આનંદ એ શું છે? ઇષ્ટના સંયોગે આનંદ થાય છે. અને અનિષ્ટના વિયોગે આનંદ થાય છે. આનંદ મનમાં કે વસ્તુમાં નથી. પણ આત્મામાં છે. અને જે જે આનંદ થાય છે તે આત્માનો સ્પન્દ માત્ર છે.

દ્રષ્ટા દ્રશ્ય અને દર્શન નો ત્યાગ એ મોટો આનન્દ છે. સ્વરૂપમાં આનંદ છે. આનંદ કંઇ બહાર નથી. જે વિષયનો આનંદ ભાસે છે તે કૃત્રિમ છે. ગોડ થાય તે પર પટી મારે તે ગોડ ફૂટ્યું ને આનંદ થયો કે આજે ઠીક છે. હવે એ સુખ કંઇ મલમમાં કે પટીમાં કે ગોડમાંથી નથી નીકળ્યું. એ તો ગોડ થતાં પહેલાં જે અસલ સુખ હતું તેજ આવ્યું. કંઇ નવું આવ્યું નથી. પણ દુઃખ જોવા વિના સુખ સમજાતું નથી. ત્યાં સુખી

સુખની કદર નથી. બાકી નિરંતર આત્માનું સુખ બની રહેલું છે. પણ તૃષ્ણા ઊર્ફે મનની ચંચળતા રૂપી ગોડ થયું કે સુખનો ભંગ થયો. અકેક તૃષ્ણા એ અકેક ગાંઠ છે. તો પણ તેને કોઇ ગાંઠીઓ પ્લેગ કહેતું નથી. તૃષ્ણારૂપી મરકી કંઇ જેવી તેવી દુષ્ટ છે? તળાવનું સ્થીર જળ હોય તેમાં તળીએ રેતી દેખાય. પણ પાણીની ચંચળતાથી તળીયું દેખાય નહીં. મનરૂપી જળ સ્થીર હોય તો તળીઆરૂપી આનંદ છેજ. ઇચ્છાં રૂપી ડહોવાઇ જતું પાણી તળીઆને અથવા રેતીને ન દેખાડે. માટે મન સ્થીર જોઇએ. પણ માણુસો પોતાના આત્માનો આનંદ લે છે અને વસ્તુમાં આરોપ કરે છે. પણ કાકતાલીય ન્યાય છે. કાગડો બેસે અને તાડ પડે તો તે કંઇ કાગડાએ પાડયો નથી. તેમ વસ્તુમાં આનંદ નથી. જનમના રોગી થઇને વિષયના મલમપટા લગાડી સુખ માનો તો ભલે. નિદ્રામાં ત્રણે જાતના દુઃખો દુર થાય છે. ઊંઘતા હોઇએ ને પાસે ભોરીંગ પડેલો હોય કે ઘર સળગતું હોય તો પણ ગાઢ ઉંઘમાં હોઇએ તો આપણુને શું? એમ નિદ્રામાં તો દુઃખનો નાશજ છે. ત્યાં તો આનંદ થાય છે. અને વિષયનો અભાવ છે. ઇંદ્રિઓનો અભાવ છે. બારીઓ બંધ છે. તો પણ આત્માનો આનંદ અખંડ સ્વાભાવિક બની રહ્યો છે. કૃત્રિમ નથી. બહારના આનંદ તો પરીણામે શ્રમ તથા દુઃખ રૂપ છે. વરખ ધાતુપર કે લાકડાપર લગાવ્યો હોય તે જેમ ઉખડી જાય તેમ એ આનંદ ચિર સ્થાઇ નથી. લાકડી ખાંડે પાઇ હોય તો તે ખાંડનો સ્વાદ ખાંડ પુરી થતાં સુધી. લાકડી આવી કે વાત ગઇ. તેમ વિષયોમાં થોડે ગયા કે કંટાળી ઓચાઇ જવાય છે. કનકવો ચગાવવાની છોકરાંઓને કેવી હોંસ કે સંક્રાંતની આતુરતાથી વાટ જોય પણ પછી જાણે તાબુત ડુબી ગયાં એમ થાકીને પડે છે. પણ નિદ્રાતો શ્રમને કહાડી નાંખે છે. માટે નિદ્રાનો આનંદ અમૃતરૂપ છે. સુખની પ્રાપ્તિ અને દુઃખની નિવૃત્તિ એ પ્રવૃત્તિ મનુષ્યની છે. પણ મનુષ્યને સુખનું ભાન નથી. કે સુખ કોને કહેવું? ઝવેરીને ઉંચામાં ઉંચા હીરાની કદર છે. જંગલીને તે હોતી નથી. કેમકે તેને હીરાનું પરોક્ષજ્ઞાન પણ નથી. મનુષ્ય આનંદ ખોળવા નીકળ્યો છે. જે કટકો આનંદ મળે છે તે લેછે. વળી તે કટકો ફેંકી આગળ મોટો આનંદ લેવા દોડે છે. આમ તેમ તૃષ્ણા લોભ કરે તેમાંથી ફતેહ મળે ત્યારે આનંદ લેશ ચાખે. વળી આગળ જવા ઇચ્છા કરે એજ તેને કદર છે એમ દેખાડે છે. આનંદની કદર તો છે. પણ જ્યાં છે ત્યાં આનંદનો ભંડાર છે તે છોડી આગળ આગળ ઇચ્છા કરી શોધવા દોડે છે. મૃગ ઢુંડતા ફીરતા બ-

નો મેં કસ્તુરી ઉનકી પાસહૈ. આગળ ચાલે છે પણ ઉત્તમ આનંદ પ્રાપ્ત થતો નથી, તેથી દરેક આનંદ લવ તો શુદ્ધ આનંદના ભંડારમાંથી આવે છે. પણ પોતે ભૂલેલો. છે. તેથી મૂળ પદ નહીં મળે ત્યાં સુધી સંતોષ નહી. પરીક્ષાની ગતી તો છે. પણ કયાં આનંદ જડે તે જાણતો. નથી. તેની નજર નીચે છે. ઊંચી કરેતો જણાય. રેતીના કણ . ચમકે તે ચમકારાને સાચું માને, પણ ઉપર જે સૂર્ય છે અને સૂર્યને લીધે તે જણાય છે, તે સૂર્ય તરફ દ્રષ્ટિ પણ કરતો નથી. માટે જો મનુષ્યની દ્રષ્ટિ ફરે. તો સઘળું જણાય. પણ વસ્તુમાં આનંદ માનવાની ટેવ પડી ગઈ છે. કૂતરો હાડકું ચાટે ને પોતાના ગાલફાનું લોહી ચાખી આનંદ માને કે એ લોહી અને આનંદ હાડકાનો છે. પણ એમ નહીં જાણે કે એતો એનો પોતાનો છે. હાડકામાં શું હોય ? તેમ મનુષ્ય પ્રકૃતિના ચક્ર પર ચડેલો હોય તેને નિવૃત્તિ દુઃખરૂપ થઇ પડે છે. જેમ ફુંડી ફરતો હોય તેને તો ફરવું વધારે ગમે છે. જો તેમાંથી અટકવાનું એકદમ કરે તો નીચો પડે. નિવૃતિ શોધવા તો નીકળે પણ તે કયાં જડે ? કેડમાંનું છોકરૂં બીજે બધે કયાં જડે ? નિવૃતીને શોધવી એજ નિવૃતિનો ભંગ. આનંદનો શોધ એજ આનંદનો ભંગ છે. જેમ ઉંધે રસ્તે ઘર ભૂલી ઉતાવળો ચાલે તેમ આઘો આઘો જાય. કેમકે ઇચ્છા આડે માર્ગે દોરી લઇ જાય છે. ઇચ્છાહીન બાદશાહનો બાદશાહ છે. ઈચ્છાવાળો કોડીનો થઇ પડે છે. મનુષ્ય સ્વભાવ એવો છે કે આપણે સુખી તો આખું ગામ સુખી. રાજાએ લોવાને પુછ્યું. રૈયત શું કરે છે ? તોકે સાહેબ બહુજ દુઃખી છે. મેરી પાસ ગાયબી નહીં કે હું દુધે વાળું કરૂં ? રાજાએ લોવાને ગાય આપી, પછી થોડે દહાડે પૂછ્યું તો લોઓ કહે સાહેબ સહુ મઝા કરે છે. દુધ પીંના ઉડાવે છે. તેમ આપણે આપણા ઉપરથી ક્યાસ કરીએ છઇએ. પોતાને આનંદ તો બધેજ આનંદ છે. દુનીઆતો તેની તેજ છે. તમે આનંદ કરો કે દુઃખ માનો તેથી કંઇ દુનીયાનો રંગ ફરે નહીં. ઘરડાં કહેશે હવે દુનીઆમાંથી મઝા જતી રહી. તેમને જતી રહી. બાકી બીજા જુવાનીઆ તેજ મઝા ભોગવી રહ્યાં છે. આત્મા સત્ ચિત આનંદ બનીજ રહ્યાછે. “ દ્રષ્ટા ” એ શબ્દ સ્થૂલ બુદ્ધિ વાળા માટે છે. બાકી અર્થ “ જ્ઞાતા ” નો છે. જાણવા વાળો. પ્રકાશક પણું જ્ઞાતામાં છે. કર્ણમાં અવાજ બહારથી પેઠો એમ સૌ માને છે. પણ આંખમાં દેખાતી વસ્તુઓ પેઠી એમ કોઇ માનતું નથી. પણ આ વિરોધ છતાં એઉમાં જાણવા પણું એકજ છે. કેમકે મનની સહાયતા વગર આંખ જોય નહીં. જાગ્રતમાં મન છે. નિદ્રામાં મન નથી. પણ મનને કોણ જાણે છે ?

ત્યાં મનનાં અભાવને કોણુ જાણે છે? તેજ આત્મા. આત્મારૂપી સૂર્યમાં અખંડ પ્રકાશ છે. તેમાં મનરૂપી કીકી નીકળતી દેખાય, મનની ઉત્પત્તિ અને સ્થીતિનો સાક્ષી કદાપિ મન કહી શકાય. પણ મન લય થાય ત્યારે મનના અભાવને જાણવા આત્મા જોઇએ. નિદ્રામાં કલ્પનાનો અભાવ છે. આત્માનો અભાવ નથી. કંઇ નહીં તો દીવાલ જોવાને નેત્રનો પ્રકાશ પણ ખરો. અને કલ્પના કરતાં અનુભવ વધારે ગણવો. કારણ કે કલ્પના કરીએ કે મનના જન્મ સ્થીતિ લયનો દ્રષ્ટા કોઇ હશે તો તે માત્ર કલ્પના છે. અનુભવ સિદ્ધ વાત છે. કે આત્મા છે "ભાન હોય તોજ" એમ કંઈ નથી. વિસ્મરણમાં દુઃખ નથી પણ વિપરીત જ્ઞાન વેદના આપે છે. અગ્નિ અગ્નિમે બાળે નહીં. તેમ પ્રકાશક પ્રકાશ્ય થાય નહીં. જ્ઞાન જ્ઞાનનો વિષય થાય નહીં. અગ્નીએ અગ્ની મળે તો ગોટ ગોટા ઊડાવે. આંખને સિદ્ધ કરવી હોય તો બહાર કાઢી પોતાની સામી ધરવાની જરૂર નથી. પરંતુ વિષય ઊભો કરવો જોઇએ. તે જણાય તો જાણવું કે "આંખ છે." તેમજ અનુમાન વિચાર આદિથી જુવો કે "જેણે કરી જગત દેખાય છે તે હું છું." આત્મા કેમ છૂપે? માટે જેના ઉપર ત્રિપુટી ભાસી તેજ આત્મા છે.

તા. ૧૯-૮-૦૩

૧૪. ઓમ્.

પ્રથમ સિધ્ધે આનંદ સ્વરૂપ બતાવ્યું. બીજા સિધ્ધે પરમાત્મા ચૈતન્ય સ્વરૂપ બતાવ્યું. ત્રીજા સિધ્ધે સતપણું બતાવ્યું. કે નિરાભાસ સ્વરૂપ આત્મા છે કે જેમાં મનન ભાવ છેજ નહીં. સંકલ્પ વિકલ્પનોજ અભાવ છે. એ સ્વરૂપ અદ્વૈત છે. આત્માની દ્રષ્ટિમાં જગત નથી. અન્યમે જગત ભ્રાંતિથી ભાસે છે. જેમ ભ્રાંતિથી દોરી વિષે સર્પ ભાસે છે તેમ. આત્મા જગતમે જોતો નથી જગતમે વિષે જગત નથી. જગત અને જગતને જોનારો બેઉ મિથ્યા છે. એમાં સ્વપ્નનો અનુભવ સરખાવો. સ્વપ્નનું મન જો એ દેહનું મન હોય તો મન જાગે તેની સાથે આ દેહ જાગવો જોઇએ. માટે સ્વપ્નનું મન આ મનથી પણ મિથ્યા છે. અને સુખ દુઃખ ત્યાંના તે શરીર અને તે મન ઉપર છે. આ દેહ અને આ મનની ઉપર નથી. શરીર ઉપર સ્વપ્ન સ્વપ્ન નર અને સ્વપ્ન જગત ભાસે છે. તેમજ બ્રહ્મ ઉપર જીવ અને જગત ભાસી રહ્યું છે. બાળકને

બ્રહ્મનું તથા શક્તિનું ભાન પણ નથી. સ્વપ્નની સૃષ્ટિની શરીરને દરકાર પણ નથી, કે સ્વપ્ન ક્યાં થાય છે. તેમ. ૧. બ્રહ્મ. ૨. ઇશ્વર. ૩ જીવ. ૪ જીવને દેખાતી સૃષ્ટિ. એવા ચાર વિભાગ પડી શકે છે. શરીર બ્રહ્મની ગરજ સારે છે. જે મનમાં સ્વપ્ન થાય છે તે મન ઇશ્વરની જગોએ છે. ઇશ્વર ઉત્પન પાલન સંહાર કરે તેમ એ મન સ્વપ્ન ઉપજાવે નિભાવે લય કરે. ઇશ્વર એટલે સમષ્ટિ મન જેને આશ્રયે છે તે બ્રહ્મ. ઇશ્વર શું કરે છે તેની આત્માને (બ્રહ્મને) ગંધ પણ નથી. જેમ સ્વપ્ન મન શું સ્વપ્નું રચે છે તેની પથારીમાંના શરીરને ખબર પણ નથી. મન પોતે કહે છે કે હું છું. પણ બીજો સાક્ષી નહીં પુરે ત્યાં સુધી એની પોતાની વાત શું સિદ્ધ કરે? આત્મા મનને સિદ્ધ કરતો નથી. જે પોતાને સિદ્ધ કરે તે સિદ્ધ થતું નથી. કેમકે તે સ્કંધા રોહણ ન્યાય ગણાય છે. પોતાની ખાંધપર પોતે બેસે છે. મનતો કહેજ તો કે હું છું: ચોથો સિદ્ધ કહે કે. આત્મા સત્ અસત્થી પર છે. છે પણ અને 'નથી પણ' બેઉ આત્માથી પ્રતીત થાય છે. એક કાગળપર વાઘ બકરી ચિતર્યાં અને વચમાં ખાલી જગા છે. તો એ કાગળપરના 'છે' 'નથી', એક બીજાની 'અપેક્ષાથી છે. સ્વર પણ પ્રકાશ સતા વગર કંઇ ભાસે નહીં. જ્ઞાન અજ્ઞાનની પર ગુપ્તિ રૂપ છે. આ ચારે સિધ્ધે આત્માને વ્યતિરેક રૂપે બતાવ્યો. પાંચમો સિદ્ધ અન્વય રૂપે બતાવે છે. સોઽહમ્. નિર્ગુણ તેજ સગુણ સ્વરૂપ છે. નિર્ગુણ હોય તેજ સગુણ થાય. સગુણ સગુણ થાય નહીં. જેથી વસ્તુ ઓળખાય તે તેનો ગુણ અથવા લક્ષણ. હાથી કહેવો હોય તો જેણે નહીં જોયો હોય તેને થાંભલા જેવા પંગ સુપડા જેવા કાન બે દાંત લાંબા એક સૂંઢ એવા ગુણો ખાસ સર્વથી ભિન્ન બતાવવા પડે. જે ખાસ હોય અને બીજામાં નહીં હોય તે વિશેષ લક્ષણ કહેવાય છે. સામાન્ય લક્ષણથી ઓળખ થાય નહી. માટે વિશેષ લક્ષણ આગળ પડી આવે છે. આત્માનું ખાસ લક્ષણ નહીં તેથી તે જે સોંગ લેય તે લઇ શકે છે. વાસ્તવિક કંઇ નથી. જે કલ્પના કરો તે બને. એતો અંગ્રેજની ટોપી સો આકાર કરે. વાદીગર બહુ રૂપી થઇ કંઇ કંઇ ઇંદ્રજાળ રચે. નિરાકારમાં બધા આકાર બને. એક વાર આકાર થયા પછી તેને કાયમ રહેવું પડે. વળી નિરાકાર બને તો પાછો તેનો આકાર નવો બદલાય. આત્માને સ્વ અભિમાન નથી. ઓંકાર એ સર્વેની કુંચી છે. વેદ શાસ્ત્રાદિનું એ બીજ છે. ઓંકાર આપણા પ્રાણ યંત્રમાં નિરંતર ચાલે છે. વેદાદિ શબ્દરૂપ છે. પુતળામાં જીવ તેમ વ્યંજનમાં સ્વર વ્યાપી રહ્યા છે. અને વ્યંજન સ્વરપર વિકાર છે. પાણી વગર પરપોટો નહીં. ધ્વનિમાં વ્યંજનપણું કે સ્વર પણું બેઉ નથી. અને તેને બ્રહ્મનાદ

કહે છે. એ સર્વનું બીજ ઓમ્ છે. શબ્દ પ્રાણને વિષે ઉઠે છે. વાયુએ વાયુ અથડાય કે ધ્વનિ થાય. વાણી ચાર પ્રકારની છે. પરા પશ્યંતિ મધ્યમા અને વૈખરી. વૈખરી બધા સમજી શકે. મધ્યમા હોઠ હાલે. પશ્યંતિ વગર હોઠ હાલે મનમાં સ્વર થાય. પરા જે મૂળમાં આધાર ચક્રમાં શબ્દનો ભંડાર છે તે. ત્યાંતો અજપા જાપ બનીજ રહ્યા છે. સોહમ. અને એજ તત્વમસિનું બીજ છે. સોહમનું બીજ ઓમ્ છે. કેમકે સ્ અને હ્ વ્યંજનો વિકાર રૂપ શુદ્ધ ઓમના ઉપર ભાસે છે. ધ્વનિનો વિકાર સ્વર અને સ્વરનો વિકાર વ્યંજન. આકારનું મૂળ લીટી છે. અને લીટી બીંદુની બનેલી છે. છોકરૂં દરેક વસ્તુને આ કહીને દેખાડે છે તેનું નામ તે ઉપર પછી શકે છે. પણ આ આ કહી બતાવે છે. તેમ સઃ એટલે તે જાણીતોજ છે. પણ અહમ્ તેના ઉપર ચડી સોહમ્ થાય છે. ઓમ્=અઉમ છે. અને ત્રણ ભેદ છતાં ધ્વનિ એકજ છે. તે અર્ધ માત્રા છે. તે અખંડ અને નિત્ય છે. નગારામાં અવાજતો ભરેલોજ છે. પણ દાંડીઓ ઠોકવાની વાર છે. તેમ મુખનો ડંકો વાયુ અફળાય કે કાનમાં ખરી ધ્વનિ થાય. આંગળી વધારે વખત રાખી અનુભવ કરો. અનહદ બાજા બાજતાં સમજ લો ધુનકી ખબર અનહદ બાજા બાજતાં. બહારના વિશેષ ધ્વનિમાં અંદરનો સામાન્ય ધ્વનિ ઢંકાઇ જાય છે. નગારામાં તીતુડીનાં અવાજ કોણ સાંભળે ? અનંત શબ્દરૂપ થાય. પણ ધ્વનિનું ધ્વનિરૂપ મટતું નથી. તે સ્ફોટ કહેવાય છે. તાઊસ એકજ છે. પણ પડદા જુદા જુદા છે. તેથી જે પડદાપર આંગળી ફરે તેનો સુર જુદો જણાય. પણ ધ્વનિ તો એકજ.

તા. ૨૧-૮-૦૩

૧૫ ક્ષણ ભંગુરતા.

અલ્પ વસ્તુમાં આસ્થા બાંધીને હું બેઠોછું. એ કેવી શરમની વાત છે. હું જાણું છું કે હું બંધાઇ રહ્યો છું એમ સમજવા છતાં વધારે લપટાતો જાઉંછું. તેથી વધારે અધમ છું. આ ક્ષણભંગુર દેહ કાચનો કુપો છે. ટકોરામાં ફુટી જાય છે. અને સંસારમાં જેમાં સુખ માનેલું છે, તે તમામ દુઃખરૂપ છે. તે છતાં એમ લાગે છે કે વૈભવ વગર કેમ રહી શકાય ? પણ વિષય સુખ આદિ અને અંતમાં છે જ નહીં. તો મધ્યમાં હોય ક્યાં-

થી ? ભાસે છે પણ ઝાંઝવાંની જળના જેવું છે. તો તેમાં નિત્ય આસ્થા શા માટે કરવી ? ચિત્રનો ચંદ્રમા કંઇ ખરો હોતો નથી. થાળીમાં પાણીમાં દેખાતો ચંદ્રમા બાલ્યાવસ્થામાં શ્રી કૃષ્ણ લેવાનું મન કરે પણ તે પ્રતિબિંબ છે. વૈરાટ સ્વરૂપ ભગવાન્ નાનપણમાં સૂર્ય ચંદ્રને ગજવામાં ઘાલી પોતાના રમકડાં બનાવવાની હોંસ રાખે. એ બધું જગત, જાદુગરના બગીચા જેવું છે. તેમાં મોહિત થઇ જવું એ ભુલ છે. આસ્થા કરવા જેવી અકૃત્રિમ વસ્તુ એક આત્મા છે. જગતમાં ખરી રમણીયતા છેજ નહીં. રમણીયતા ભાસે છે તેહું કારણ કે બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. જો કે સુખ તો કવચિત્ આવે છે. ને દુઃખ તો રોજ દેખા દે છે. માટે કયા સુખને સારૂ જીવવું ? મહાત્માને પણ દુઃખ હોય છે. તેનો પણ નાશ થતો જોઇએ છઇએ. કોઇ અચળ રહ્યું નહીં. માટે સઘળું નાશ રૂપ છે. પણ આત્મા અવિનાશી છે. તે છતાં હું નાશવાન છું એમ માનીએં છઇએં, એ થોડો મોહ છે ? મહા કષ્ટની વાત છે ! એ મોહ અકસ્માત્ આવવાનું શું કારણ ? બુદ્ધિ પરાભવને પામી છે. સૂર્યપર વાદળું આવે તેમ આત્મા ઢંકાય છે. બાકી મારે ભોગ તથા બાંધવ સાથે શું લેવા દેવા છે ? બાળક પોતાના પડછાયાથી ભય પામે તેમ દેહાભિમાનીને ભય છે. જન્મ મરણ હુંપણાનું છે. પદાર્થો તેના તે છે અને તેમ છતાં મને ક્ષોભ થાય છે. તે પદાર્થ મારો નથી. પદાર્થ અસત્ય છે. તેનો હું સંગ શું કરૂં ? ઝેરનો સંગ કોણ કરે ? પદાર્થ એ શાકરમાં ભળેલું ઝેર છે. જુવો કે અનંત રાજાઓનાં ધન રાજ્ય ક્યાં ગયાં ? બ્રહ્માની સૃષ્ટિ આગળ તે શું હીસાબમાં ? અને તેનો એ શું ભરોસો છે ? અનેક ઇંદ્રો નષ્ટ થઈ ગયા, પરપોટાની પેઠે થાય અને નાશ પામે. તે છતાં હું સત્ય માની બેસું. આસ્થા રાખું. વળગી રહું. તો સંત જન મને હસશે. બ્રહ્મા કેટલા થઈ ગયા ? મોટા મોટા પર્વતો ચૂર્ણ થઈ ગયા. રેતીના રજકણો જેટલા રાજા થઇ ગયા. તો મારૂં જીવન તે શું હીસાબમાં છે સંસારરૂપી રાત્રીમાં દેહરૂપી સ્વપ્નુ છે. સ્વપ્ન પુરૂં થયું કે દેહ ચાલ્યો તેમાં મારૂં શું લૂટાઈ જવાનું છે ? કાળે બધાને પગ નીચે દાબી મૂક્યા છે. શંકર વિષ્ણુ જેવા કાળને રમવાના દડા છે. કોઈ આજ કોઇ કાલ ચાલતા થવાના છે. "કાલકા અજબ તડાકા બે, તું ક્યા જાણે લડકા બે." જીવોની મનરૂપી નદીના તૃષ્ણારૂપી તરંગો શાંત થતા નથી. હું કહેવડાવું છું રાજા, પણ મારી ઊત્તમતા ક્યાં છે ? મારા શરીરને માટે કે-

ટલો હાંકો છે ? પણ તે હાંકો ભંગીના ભાઇ જેવો છે. માથે ટાપલો તે છતાં અહંકારનો પાર નહીં. હાડ માંસનું શરીર આદિ અંતવાળું સહેજ જગામાં રહેવાવાળું મર્યાદિત, મધ્યમાં કદાપિ લોકો પૂજ્ય માને એવું, કંઈક રમણીય પણ અપવિત્ર, સ્ત્રિયો મોહિત થાય એવું પણ ગંદુ, રોજ નાશ થાય એવું, અને સ્પર્શ પણ જેનો કરવો જોઇએ નહીં એવું, તેને હું શું કરૂં ? જેમાં આસ્થા બાંધીએ તે દુઃખનું કારણ થઇ પડે છે. તે છતાં તેમાંજ ફસાઇ રહું છું. અને ત્યાગ કરી શકતો નથી. " કાલે મોટો થશે " એમ આશા અમર છે. પાપ આચરણ જાણ્યા અજાણ્યા થયાં કરે છે. શ્વાસમાં પ્રાણીની હિંસા, જળ પીવામાં, અનાજ ખાવામાં, એક કોળીઆમાં કેટલાની હિંસા તથા નિરાશા સમાયલી છે ? જમીન ઉખેડે કિંવા ખેડે તેમાં જીવડાના ઘર, દર, નાશ પામે. ચલીયાં ખેતરમાં ખાવા આવે તેને ઉરાડી નિરાશ કરવાં પડે, દળવામાં, પાણીઆરામાં, ખાળમાં, ચુલામાં, ખાંડવામાં, જીવની હિંસા થાય. અને વળી બુદ્ધિપૂર્વક છળ કપટ તો જુદુ. એ સઘળાંનાં ફળ ભોગવવાની ચિંતા ખેદ થયાં કરે. તોપણ માણસ વિષયોમાં બાળકની માફક, મૂઢની માફક, મચ્યો રહે છે. બાળક દેવતામાં હાથ નાંખે, સાપને પકડે તે તેની મૂઢતા છે. બાળપણ મૂઢતામાં જાય. જુવાની કામાદિમાં જાય. ઘડપણ દુઃખી શક્તિ વિનાનું જાય. તેમાં પણ રડતો જણાય. ત્યારે પરમાર્થનું કામ કયારે કરે ? મનુષ્યની જીંદગી કેવી ચંચળ છે ? અડધું આયુષ રાત્રીઓમાં જાય. બાળપણ યુવા જરા દરેક સ્થીતિમાં વ્યાધિ વિગેરેમાં જાય. એટલે પછી શેષ રહેલા આયુંશના શા હિસાબ લાગે ? આમ જોતાં સંગ્રહી રાખવા જેવું કૃતાર્થ કંઇજ નથી. માણુસ આવ્યો ને ગયો. પદાર્થ વિષમ છે. કોઇ પદાર્થ સમ નથી. કારણ કે ફેરફાર થયાંજ કરે છે. એકની એક વસ્તુ અમુક કારણે આજે વહાલી લાગે. તેજ કારણ બદલાયું કે અકારી લાગે. સર્વ જગત અસાર છે. કેળના થાંભલામાંથી આખરે પાણી નીકળે. રસ નીકળે નહીં. તેમ સંસારમાં એકેક પડ તપાસતાં છેવટે કંઈ સાર નીકળે નહીં. નિત્ય ઉપયોગની કોઈ વસ્તુ જડે નહીં. સંસાર ચીંથરાનું પૂતળું છે. એકેકું ચીંથરૂં કાઢીએ તો ચીંથરાં નીકળે. બીજું કંઈ નીકળે નહીં. રાજસૂય યજ્ઞથી સ્વર્ગ મળે તો ક્ષણિક સુખ. અશ્વમેઘ યજ્ઞથી ઇંદ્ર થવાય. પણ બ્રહ્માના એક દિવસમાં ચૌદ ઇંદ્ર થાય છે. ચાર યુગોની ચોકડી જેવી હજાર થાય તે બ્રહ્માનો દિવસ કહેવાય છે. બ્રહ્માનું આયુષ સો વર્ષનું થાય ત્યારે મહા પ્રલય થાય છે. એવા બ્રહ્માની પણ આખર છે. સુખમાં દુઃખ મળેલું જ છે.

બધે રડાકુટી, હાય, અસૂયા, ન્યૂનતા જોવામાં આવે છે. એ સર્વ દુઃખનું મૂળ ચિત્ત છે. શરીર દરમાં ચિતનો સાપ આધિ વ્યાધિનું ઝેર ઝર્યા કરે છે. જીવ પોતે સંસ્કૃત છતાં પોતાને પ્રાકૃત માને તેથી જીવ નીચ છે. કોઇક વિરલાનું ચિત તૃષ્ણા રૂપી ઝેર રહીત હોય. બાકી **પદાર્થ તો સત્યતા પર અસત્ય છે.** સોનાપર ચાંદીનું ગિલ્ટ છે. આત્મા પર નામરૂપનું ગિલિટ છે. રમણીય પર અરમણીય છે. એટલે કે રમણીય દેખાય પણ પરિણામે અરમણીય લાગે. સુંદરી કમળ નેત્ર વાળી, હાસ્ય વદનવાળી, આભુષણ યુક્ત હોય, તેને જોઇને પણ તેના ઠાઠ ઉપર હાસ્ય કરી તેનાથી દુર રહેનારા છે. કેમકે અસ્થિ માંસની પૂતળીનું સૌંદર્ય ક્ષણ માત્ર છે. નિમેષ ઉન્મેષમાં જગતનો જન્મ અને પ્રલય થઇ શકે છે. નવું નવું નવ દહાડા રહે છે. ઘરડાં તે નકામાં ગણવામાં આવે છે. ઘર જુનું થાય તો તે પણ ખાવા ધાય છે તે છતાં મનુષ્યને રોજ ચિંતા અને ઇચ્છા ઉત્પન્ન થાય છે. દુરથી તો રમણીય લાગે. પણ ઇચ્છા કરી એટલે ચિંતા અને દુઃખ ઉત્પન્ન થાય. "સબ દેખનેકા હે, ચખનેકા નહી." દુઃખમાં ક્ષોભ ન થવો જોઇએ. શાંત રહેવું જોઇએ. તો સુખી રહેવાય છે. મનમાં સ્ફૂરણા થાય છે. વિકાર થાય છે. બહાર તો કંઇજ નથી. અને મનની વૃતિ પણ ક્ષણ ભંગુર છે. ઘડીમાં કંઇ અને ઘડીમાં કંઇ. અજ્ઞાને જુદાપણું માન્યું છે. આપણી કલ્પના હું અને બીજાને ઉત્પન્ન કરી ગ્રહણ ત્યાગ કરે છે. તેમ જગતમાં કાંઇ જુદું નથી. **ચાંર દહાડાનું ચાંદરણું** છે. સુખ સ્થીર નથી. સંસાર પ્રવાહ વહ્યો જાય છે. ઠંડુ હોય તે ઊનું થાય, તે પાછું તાઢું થાય, એમ ચક્રાકાર એક વસ્તુ અનેક રૂપે દેખાય છે. બહુ ઓસ પડે તો ઝાડ બળી જાય. અતિ ઉષ્ણ થાય તે થંડુ ગાર થઇ જાય. ગળપણ વધે તે કડવું લાગે. કડવું હોય તે તુરૂં થઇને મીઠું લાગે. આમળા ખાટા, પછી તુરા, અને પછી મીઠા લાગે છે. એ પ્રમાણે વસ્તુ તો એક છે. પણ ક્રમમાં સ્વરૂપ જુદા છે.

તા. ૨૧-૮-૦૩

૧૬ જીવ.

પાણી પોતે નિર્ગુણ હોવાથી સગુણ થઇ શકે છે. વિશેષ ગુણ નથી તેથી સામાન્ય ગુણ છે. પાણીનો રંગ કેવો ? કંઈ નહીં. તેથી લાલ લીલો જે રંગ મેળવીએ તે રંગ પાણીનો થઈ જાય.

૬ ઠા સિદ્ધે કહ્યું. જીવ ઇશ્વર દ્વૈતભાવ પ્રસરી રહ્યા છે. મનુષ્ય પોતાને પરતંત્ર માને તેથી જીવ ભાવ ઉત્પન થાય છે. રોગ આવે. દુઃખ આવે. નુકશાન થાય. શત્રુતા થાય. એ સહુ જીવ પણું બતાવે છે તેથી જીવપણું દ્રઢ થાય છે. ઇચ્છા મુજબ કંઈ થતું નથી. વાનરને દોરડે બાંધ્યો હોય તે મર્યાદા સુધી તો સુખે ફરે. પણ મર્યાદા બહાર તો તરત આચકો આવે અને જાણે કે હું બંધનમાં છું. તેમ હું જીવ કોને આધારે છું ? તે નહીં જડવાથી કોઇ અદ્રષ્ટ કારણ શોધી કહાડે અને બુદ્ધિ અનુસાર જે જડે તેને ઇશ્વર કહે, અને જે પોતાનાથી એક જણાય તેમાં ઇશ્વિર પણું ઉત્તરોત્તર સ્થાપે. સૂર્ય જળ વાયુ અગ્નિ એ સહુ ઇશ્વર ગણે. રામ કૃષ્ણના ચરિત્રો સાંભળીને તેમની મૂર્તિમાં ઇશ્વર બુદ્ધિ કરે. જડ મુર્તિમાં પૂજ્યભાવ થવાનું કારણ છે કે જડમાં ઇશ્વરના લક્ષણ છે. માન અપમાન નહીં. હર્ષશોક નહીં. માત્ર સાક્ષીપણું છે. અને ચેતનમાં તો વિકાર છે. કામ ક્રોધ છે. માટે જડ અને ચેતને જાણે ગુણોની વહેંચણ કરી લીધી જણાય છે. સત્ અને આનંદ જડમાં પ્રાધાન્યરૂપે અને જ્ઞાન ગૌણરૂપે જડમાં છે. પણ ચેતનમાં જ્ઞાન પ્રાધાન્ય રૂપે અને સત્ આનંદ ગૌણરૂપે છે. જ્ઞાન બે પ્રકારનું છે. (૧) પોતે પ્રકાશ હોઇ પ્રકાશ કરે (૨) પ્રકાશિત થવામાં યોગ્યતા હોવી. પવનમાં યોગ્યતા નથી. કેમકે તેને રૂપ નથી. અને રૂપવાળાં માત્ર પ્રકાશમાં જણાઇ આવે. વાયુમાં રૂપ નથી. શબ્દ સ્પર્શ રૂપ એમ એકેક તત્વદીઠ એકેક વધે છે. આ પ્રમાણે જ્ઞાનમાં (૧) પ્રવૃત્તિ તત્વ (ઍક્ટિવ પ્રિન્સિપલ) અને (૨) નિવૃત્તિ તત્વ (પૅસિવ પ્રિન્સિપલ) છે. તેથી જડ ચેતનમાં ભેદ ભાસે છે. ઠાકોરજી ખાતા નથી તેથી સૌ નિવેદ ધરાવે છે. બાકી ચેતન કહે જડને તું કુચ મુજકું દે. તેરી બેઠાઇ મેં બેઠા, તેરી એક ફૂટી કે બે ? માટે વસ્તુ નહીં પણ ભાવ ફળે છે. પણ જે શ્રદ્ધા રહીત છે તે ગામની મુર્તિ મુકી પરગામની મુર્તિ શોધવા નીકળે. કેમકે ભાવ તીવ્ર થાય. તેથી તે વિશેષ ફળ આપે. અને "ઉમરા આગળનો ઝરો યાને થ્રેશોલ્ડ બ્રુક" માંતો પાસેનું એટલું નકામું તેથી મોં આગળનાની કિંમત નહીં. ઘરનો જોગી બામટો "ફેમીલીઆરીટી બ્રીડસ કંટેમ્પ્ટ." જે કોઇ મુર્તિને ભાંગે તેમાં તે ધાતુ જાણીને ભાંગે તેની હાની શું કામ થાય ? તે દેવ બુદ્ધિથી ભાંગે તો પોતાની ભાવનાને લીધે તેને નુકશાન થાય. જો ગણીએ તો દેવ છે, નહીંતો છે પાષાણ. બીરબલે 'દેવ બડા કે આકીન' ઉપર ઠીક દાખલો આપ્યો છે. ગધાપીર રાજાને

વશીઆે પ્રાપ્ત થયા. માટે ભાવ હોય તો ગદ્ધા ફળે. ગુરૂ કોરા રહેને શિષ્યને ફળે. જેની ભાવના તે ફાવે પછી તે ભાવના પથ્થરપર હોય અને પથ્થરને કદાપિ નુકશાન થતું હોય. (૧) જ્ઞાની (૨) મુમુક્ષુ (૩) વિષયી અને (૪) પામર. એ ચાર ભેદ છે. તેમાં પામર બધું ઉલટું જ દેખે. દુઃખને સુખ અને સુખને દુઃખ માને, વિહિત અને નિષિદ્ધ માર્ગે જાય. તામસી વૃતિ રાખે, ભૂત પ્રેત દોરા ચીઠી માને. વિષયી વિહિત માર્ગે જાય. પણ સકામ કર્મ કરે. પામર અને વિષયી બેઉ વિશેષ સુખની ઇચ્છા રાખે. પામરને શાસ્ત્ર શું કરે ? વિષયીને શાસ્ત્ર મદદ રૂપ છે. મુમુક્ષુને દેહ ફસાવતી જણાય છે. મોક્ષની ઇચ્છા થાય છે. જેવા કે ભક્ત જે ભક્તિજ માગે. માટે ૬ ઠા સિધ્ધે કહ્યું કે બહાર શું ભટકે છે. આત્મા તારા અંતઃકરણમાં છે. નેત્રમાં શેની ઝબક પડે છે ? વિશ્વ કેવું તેજોમય છે. કર્ણદ્વારા અંતર્યામી જ્ઞાનસ્વરૂપ પ્રકાશે છે. પાણીના વાસણનું પ્રતિબિંબ ચંદ્રથી જુદું નહીં. સ્વરૂપજ નહીં. એક માને તો સત્યતા આવે. અંતઃકરણનું હું જેથી શરીરાદિ ચેતન બને છે. એ પ્રકાશ પરમાત્મા છે. અંતઃકરણ (મન) રૂપી આરસો છે. તારામાં વિકાર છે. પાણી હાલે તો ચંદ્રનું પ્રતિબિંબ હાલે. ચંદ્રતો સ્થીરજ છે ત્યાં છે. અંતઃકરણ નાશ થાય તો હું પણું મટે પણ અંતર્યામી કાયમ છે. મોં જોઇને ઓળખ કર. જીવ થઇનેજ પરમેશ્વરને ઓળખીશ. માણસપણું કંઈ હાડકામાં નથી. વિચારમાં છે. કોથળો કંઇ તારૂં સ્વરૂપ નથી. આત્માતો ઘટઘટમાં વ્યાપેલો છે. આરસાથી નિશ્ચય છે તે પોતાના મુખથી છે. પોતે પોતાના મુખથી માને છે કે આરસામાં મુખ પ્રતિબિંબ દેખાયું તે મારૂં છે. આભાસથી નહીં. તેમ પ્રતિબિંબ તું નથી. હું પણા સાથે પરમેશ્વર છેજ. જ્યાં જાઓ ત્યાં પરમેશ્વર તમારી સાથેજ છે. બે ડગલા આગળ જ છે. તે છતાં આવો મોટો સમર્થ તારી પાસે છતાં "હું નિરાધાર છું" એમ જીવ કહે છે. હસ્તનું કૌસ્તુભમણી છોડી બીજા રત્નો મેળવવા બીજો પ્રયાસ કોણ કરે ?

૭ મા સિધ્ધે કહ્યું:—આશા વિષ વલ્લી મૂલ સહીત નષ્ટ થાય તો સુખ મળે. આશા એટલે શું કે આ મારી પાસે નથી. (૨) મને મળે એ આશા. "દૂર છે." મેળવવું છે એ આશા. દ્રવ્ય જો કે સાધન છે તે છતાં તેનેજ સુખરૂપ માની લીધું છે. ભક્તને વૈરાગીને પૂછો તે કહેશે અમ સદા એકૈકિ રહેવે. આશા એજ આડ છે. આડ છે. ભ્રાંતિ છે. પાસહે પોતા નહીં. માટે "છે" એમ નિશ્ચય માન તથા આશા ઝેર છે. જન્મ મરણના ચક્રમાં નાંખે

છે. પયોથી તૃપ્તિ નથી. ઇંદ્ર જેમ પર્વતની પાંખો છેદે છે તેમ સમભાવ ઉપશમ દ્રઢ થશે. અને મનપણું સમભાવ ઉપશમ ઉપજશે. અને એ અક્ષય અવિનાશી સદા નિરંતર કાયમજ છે.

તા. ૨૨-૮-૦૩

૧૭. મમત્વ.

મનની વૃત્તિ ચંચળ છે એટલુંજ નહીં, પણ તે ક્ષણભંગુર છે. એક ક્ષણમાં ઉત્પન્ન થાય. અને બીજી ક્ષણમાં નષ્ટ થાય. સૃષ્ટિમાં જેટલા પદાર્થ માલમ પડે છે, તેના નામ રૂપ જુદાં જુદાં છે. તોપણ તેનો સમાસ "હું" "તુ" અને "તે" માં થઇ જાય છે. "તુ" અને "તે"માં પણ હું પણું છે. આપણે કોઇને " તું " કહીને બોલાવીએ તો તે પોતાને " હું " સમજીને જવાબ આપે છે. એવી રીતે પશુમાં પણ હુંપણું છે. અને પથર વગેરેમાં પણ હુંપણું છે. આવી રીતે હુંપણું ઉપલક જોતાં અનેક દેખાય છે. પણ વિચારથી જોતાં એકજ છે. વચમાં અભાવ હોય તો એકના બે કહેવાય. આકાશમાં હુંપણું છે. જે આકાર થાય છે તે એક બીજાની અપેક્ષાથી થાય છે. તેથી આકાર નિરાકારની કલ્પના કહાડી નાંખી હુંપણું છે તે જોવું. પાણી ઉપર ચાલણી મુકીએ. તો ચાલણીના બાકાંમાંથી ફુવારા ફૂટે છે. સ્ફુરણ ન સ્ફુરણથી તેનું તે પાણી અનેક રૂપે ભાસે છે. ઘર ઘરના કૂવા જૂદા. પણ પાતાળ તો એક કે જેમાંથી સર્વ કૂવા વાટે બહાર આવે છે. જ્યાં કૂવો નથી ત્યાં પણ તજો તો પાણીજ છે. માટે પોપડો ઉખેડી નાંખો. પાણી પીવા એક જગેથી બીજી જગે જવા કંઇજ જરૂર નથી. જળ તો બધે સરખું જ છે. પણ પાણીનું પાચકપણું પૃથ્વિના વિકારપર છે. મન એકાગ્ર હોય તોજ આત્મા છે ને નહીં તો શું નથી? અહમ્ અહમ્ પ્રકટ છે. અને ઇદમ્ તો ન અહમ્માં આવી જાય છે. જો કે આખું મેદાન પડયું છે. તોપણ થોડી જગાપર ઘેરાવો કરી હું પણું કીધું. તેથી તેની બહારનું પારકું થયું. ચૈતન્ય મેદાનમાં હુંપણું નહુંપણું છેજ નહીં. માટે હુંના સ્ફુરણમાંજ નહું છેજ. અહમ્માં ઇદમ્ કલ્પેલું છેજ. હુંપણું સ્વાભાવિક બનેલું છે. તેમાં વિશેષ ભાવે હુંપણું ઊઠયું કે તેની સાથેજ નહુંપણું ઊઠે છે. અને તે પારકાપણું થાય છે. તેથીજ અહણ ત્યાગ

છે. નહીં તો સર્વે સદા પ્રાપ્તજ છે. જુવો કે વધવું એ ક્ષયનો ક્રમ છે. જે છોકરો મોટો થાય છે તે મરવાનેજ. શરીરની વૃદ્ધિ થાય છે. પણ આયુષ્ય તો દિન પ્રતિદિન, ઓછું થતું જાય છે. ને મરણ સમયની નજીક આવતો જાય છે. તેમ સર્વે પદાર્થ ક્ષયનો ક્રમ છે. તેથીજ કહ્યું છે કે સંસાર ક્ષીણતારૂપ છે. આજુબાજુ દુઃખ હોય તો સુખ દેખાય. કાળામાં કાળો ડાઘ દેખાય નહીં. સુખ દુઃખને દેખાડે અને દુઃખ સુખને દેખાડે. માટે સુખને પસંદ કરવું કે દુઃખને પસંદ કરવું એ નક્કી કરવું મુશ્કેલ છે. કેમકે બંને સાથેજ રહે છે. સુખ દુઃખનો જોડો છે. અને સ્વરૂપને વિષે સુખ દુઃખ છેજ નહીં. આકાશમાં ચંદ્ર દોડતો દેખાય તે એક પછી એક વાદળાંમાં ઘુસે, વચમાં વચમાં જરા જરા દેખાય તેમ સુખના ઝળકારા દુઃખમાં પેસે છે. સુખ એવું ક્ષણિક છે. ચાર ઘડીનું ચાંદરણું. ચાંદનીએ ચોપડા વંચાય નહીં. તેમ સુખ જોતાં જોતાં નષ્ટ થાય છે. તે સુખપર આધાર રખાય નહીં. જે ક્ષણે સુખ મળ્યું તે ક્ષણથીજ તેનો અભાવ થાય છે, લગ્નની કે ઘર બાંધવાની કે નોકરી મળવાની આશા હોય ત્યાં લગી સુખ. પણ નવું નવું નવ દહાડા. મળ્યું કે તેમાં ખામીઓ સુઝ પડે છે. અને આખરે તે ખાતા થાય છે. પતંગીઓ દીવામાં પ્રયત્ન કરી ઝંપલાવે છે. તેને તેમાં અત્યંત સુખ બુદ્ધિ જણાય છે. પણ તે તેનું અજ્ઞાન છે. તેને ખબર નથી કે તે બળી મરશે. તેમ વિષયરૂપી અગ્નિમાં મનુષ્યો પતંગીયા સમાન છે. વિષયો નષ્ટ થાય તોપણ દુઃખ દે છે. નર્કના અગ્નિના થાંભલા સાથે બંધાવાનો ભય રહે છે. ચિંતા બાળે છે તે જુદી. ચિંતા ચિતા સમાન છે. સુખરૂપી ઓસ બાળી નાંખે છે. હોલવાયા પછી પણ બાળે છે. માટે ભોગની તૃષ્ણા એ મહા દુઃખ છે. દુઃખની તો અવધ છે. રોગ અવધિએ કે મુવે જાય છે. મુવા પછી પાછળ દોડતો નથી. અને તૃષ્ણા તો પછી પણ પાછળ જાય છે. શરીર નવું ઊભું કરાવે છે. જન્મ લેવડાવે છે. દરિદ્રતા અપાવે છે. માટે મમત્વ કરવું એજ સંસાર છે. તંબુ પસાર્યો હોય તેને નજીકના દોરડાંઓ છે. અને બીજાં લાંબાં હોય છે. તંબુ ઊભો હોય છે. પણ લાકડીના દોરડાં છોડીએ તો બહારના રહેલાં, રહ્યા ન રહ્યા સરખા છે. તેમ અંદરનો "હું" થાંભલો છે. નજીકના દોરડાં દેહાભિમાન છે. અને તેનાથી હુંનો પસારો છે. બાકી સામાન્ય મમત્વ દુઃખ દેતું નથી. વિશેષ મમત્વ દુઃખ દે છે. શહેરમાં આગ લાગે તેમાં પોતાનો લત્તો સહી સલામત હોય ત્યાં સુધી બહુ દુઃખ લાગતું નથી. પણ પોતાના પગ તળે રેલો આવે ત્યારે ચિંતા થાય છે. એ મમત્વ અજ્ઞાનને લીધે છે. "મારૂં" એની વ્યાખ્યા છેજ નહીં. કેવળ

કલ્પનાનું ઊટાંગ છે. બજારની દુકાનનું કાપડ મારૂં નહીં. તે હું વેચાતું લઊં એટલે મારૂં થયું. પૈસા પરનું મમત્વ મેં તેને આપ્યું. અને કાપડપરનું મમત્વ મેં પોતે લીધું. ખરૂં જોતાં આપ્યું લીધું કંઈ નહીં. કેમકે જે કિંમત આપી છે તે મજુરીની કિંમત છે. માલની નથી. પૃથ્વિમાંથી વસ્તુઓ થાય છે. તે બિચારી પૃથ્વીને એ કિંમતથી શું ફાયદો છે? તેને તો સઘળી ઉથલપાથલ નિરૂપયોગી છે. સહેજ દાણા પૃથ્વિમાં વાવે ને દશ ગાલી ઊગે. એ અંદર એટલા એટલા કોણે આપ્યું? માટે મજુરીના પૈસા ઉપજે છે: પણ જુવારના ઉપજતા નથી. તેમ કિંમત કંઈ પૃથ્વિને પાછી પોંચતી નથી. વેપારી એક મોતીના દશ હજાર રૂપિઆં આપે. તેમાં જે છીપમાં તે પાક્યું તે છીપને શું પોંચે છે? માટે અક્કલ અને મજુરીના પૈસા છે. ચોર પણ કહેશે કે ચોરીનો માલ મારો છે. મેં અક્કલ તથા મહેનત મજુરીથી ચોરી આણ્યો છે. માટે કાયદા ન્યાય સઘળું ભ્રાંતિમય મહાની રચના છે. અને તેવી રચનાપર મમત્વના ઇનસાફ આધાર રાખે છે. ઘરની ગાડી રાખવામાં જેટલી ખટપટ છે. તેટલી ભાડાની ગાડીમાં નથી. માટે કાંઈ પણ કોટે વળગાડતાં પહેલાં વિચાર કરવાનો છે. **મમત્વ ઊભું કરવું નહીં.** તું કહે છે કે "મારૂં ઘર" છે. પણ વિચાર કર કે તારૂં હોય તો છૂટે કેમ? તું તો તારા ઘરને તથા શરીરને છોડી ચાલ્યો જાય છે. માટે મમત્વ ભ્રાંતિ માત્ર છે. તેથી સંગ કમી કરવો એ સાધન છે. નાનાં છોકરાંને પણ મમત્વ હોય છે. રમકડું મળ્યું કે પોતાનું સમજે છે. અને દૂર થાય તો રડે છે. આવી રીતે મમત્વ કરી અજ્ઞાની નરકમાં પડે છે.

તા. ૨૫-૮-૦૩

૧૮. મનુષ્યત્વ.

આ સંસારમાં મેં ઘણી ઘણી ખટપટ કરી. હવે હું ધરાઇ ગયો છું. **સંસારનો આડંબર મિથ્યા છે.** વિષય ભોગો ભ્રમથી ભાસે છે, અને મનને ચંચળ કરી નાંખે છે. તૃષ્ણાને વધારે છે. અને શાંતિ આપતા નથી. માટે તે મિથ્યા છે. જેમ પાણીમાં લીલ વધી જાય છે: અને તે પાણીને ઢાંકી દે છે, તેમ તૃષ્ણા વધીને મનને આચ્છાદન કરે છે. માટે ભોગથી ઉપરામ થવાય તોજ સુખ છે. મનુષ્ય ઉચિત અને અનુચિત ભોગો ઘણા ભોગવવા આવ્યા છે. તો પણ તેમાંથી તેને તૃપ્તિ કેદાડે થઇ છે? માટે તેને

ત્યાગી પ..ગ પદનો આશ્રય કરવો જોઇએ. જેમ બાળક એક રમકડું છોડી બીજુ લે છે. તેમ આ સંસાર છોડી આત્મપદમાં વિશ્રાંતિ લેવી એજ કર્તવ્ય છે. એમ બોલી જનક રાજા એક કાગળની ચિત્રેલી મૂર્તિની પેઠે સ્થીર થઇ રહ્યા. શરીરની સામાન્ય ક્રિયા શરીર કર્યું જાય છે. શરીરને કંટાળો આવે તો તે ક્રિયા કરવી છોડી દેય. અને કરશે તો તે શરીર કરશે. હું તો શરીરથી જુદો છું. માટે ક્રિયા થાવ વા ન થાવ તેમાં મારે શું? કાંઇ લાભ હાની છેજ નહીં. મારે પ્રાપ્ત છે તે ખરૂં. અને અપ્રાપ્તની ઇચ્છા નથી. સ્વરૂપ વિષે સ્થિત રહી ગ્રહણ ત્યાગ બુદ્ધિ છોડી દેવી. ક્રિયાની પ્રેરણા કરવા વાળી પ્રકૃતિ ત્રણ ગુણો છે. અને નિસ્પંદ એટલે સંકલ્પ રહીત છે. પવનથી જેમ પાંદડું હાલે તેમ સ્વાભાવિક બની રહી છે. પણ રાગદ્વેષ એજ મલીનતા છે. જેને રાગદ્વેષ નથી તેને તો ઇષ્ટ.અનિષ્ટ પ્રાપ્તિ વિષે મન સમ રહે છે..પણ દેહ સાથે મન મળી જઇ હું પણુ ધારણ કરે છે. તેમા તે કર્તા થઇ ભોકતા પણ બને છે. કેટલીક અંતરની ક્રિયા તથા બહારની ક્રિયા જે સ્વાભાવિક થાય છે તેને રોકવાની કંઈ જરૂર નથી. કેમકે તેમાં આ હું કરૂંછું એવી બુદ્ધિ થતી નથી. ઉલટા રોકવા જઇએ તો આ હું રોકું છું એવી બુદ્ધિ થાય છે. ઘરના નોકરને જેમ સામાન્ય હુકમ આપી મુકયો હોય છે.. અને જે ધણીની સામાન્ય સત્તાથી સામાન્ય કામો કર્યો જાય છે. પણ વિશેષ કામની ખાસ આજ્ઞા આપવી પડે છે. તેવી રીતે નિરંતર સત્તા તો વ્યાપીજ રહી છે. આપણે પડી જતા હોઇએ તો પગ લથડતાની સાથે શરીરનો બચાવ કરવા સ્વાભાવિક રીતે સઘળા અવયવો તૈયાર થાય છે. તે વખત કંઇ મન ખાસ વિચાર કરતું નથી કે હું ફલાણા ફલાણા અવયવોને રોકી અથવા કામે લગાડી શરીરનો બચાવ કરૂં. ત્યાં મન તો જાગૃત છે. પણ મનનું કર્તૃત્વ અથવા ઇચ્છા નથી. ભાન થતાં ઠેકાણે આવીએ છીએ. તે પહેલાં બીજા અવયવોની મદદ મળે છે. અને મન જાગૃત ન હોય તો તેમ થાય નહીં. ફેર એટલોજ કે તે વખતે અહપણું નથી. એક મોટો અવાજ થાય કે તરત આંખ મીંચાઇ જાય છે. એવી આંખ નાજુક છે કે પાંપણો તેનો બચાવ કરવા તૈયાર છે. પણ મનને વિચાર કરવો પડતો નથી. પાંપણો રૂપી પહેરેગીર આંખનાં રક્ષણ માટે તૈયાર છે. તેથી આંખમાં બાલ સરખો પણ સમાતો નથી. એ પાંપણોમાંજ સામાન્ય રક્ષણ બુદ્ધિની સત્તા મને આપી મુકી છે. અને સામાન્ય સંકલ્પ બની રહ્યા છે. તેથી વિશેષ સંકલ્પ આપ્યા વિના તે તેનું કામ સ્વાભાવિક રીતે કરે જાય છે. આદિ સંકલ્પથી અંતરની ક્રિયા બની રહી છે. તેમાં

અવાંતર સંકલ્પો ઘણા ઘણા થાય છે. છોકરાના લગન કરવા છે એ, આદિ સંકલ્પ કર્યો તો પછી તે ઉપર બીજી સંકલ્પની ધારા ફુટી નીકળવાની. અને તે મુખ્ય સંકલ્પનું ફળ બીજા સર્વે સંકલ્પોથી સિદ્ધ થાય છે. તેમજ શરીર પ્રારબ્ધથી કલ્પાયલું છે: તેમ મને અવાંતર સંકલ્પો પણ કરી મૂકયા છે. માટે પ્રારબ્ધ ઉપરાંત નવા સંકલ્પ જે કરીએ તે વ્યર્થ છે. નદીમાં વહાણ બાંધેલું હોય તે આમ તેમ હાલ્યાં કરે છે. તે તેનું હાલવું વ્યર્થ છે. કેમકે તેથી તેમાં બેઠેલો કંઇ પ્રવાસ કરી શકતો નથી. જ્યાં ને ત્યાંજ રહે છે. તેથી કંઇ હાની લાભ થતો નથી. માટે એવા જ મનના નિરર્થક સંકલ્પો વ્યર્થ છે. તેથી તે દુઃખના કારણ થઇ પડે છે. જેમ વહાણના સાંધા હાલેથી ઢીલા પડે છે. તેમ મન હાલેથી નિર્બળ થાય છે. એક સાધારણ નીયમ છે કે નિરોધથી બળ વધે છે. છૂટું મુકે તો નિર્બળ થાય છે. મન રૂપી ઘોડો ટપ્પા સુધી મહાવરો પડેલો તેથી વગર મહેનતે હોંસમાંને હોંસમાં તૈયાર થઇ વગર ચાબકે સામાન્ય ગતિમાં ચાલ્યા કરે છે. પણ ટપ્પો પુરો થયો હદ આવી, કે પછી એ પણ આગળ ચાલવાને શ્રમ આપે છે. માટે સામાન્યમાં પરિશ્રમ નથી. પણ વિશેષમાં ભારે જોર છે. પ્રારબ્ધના વેગનો ટપ્પો તો ઉતારવાનો છેજ. માણસોને કષ્ટ થાય છે તેનું કારણ એ છે કે મનની કલ્પનાથી ઇચ્છાને આશા બાંધી મુકે છે. બાકી પ્રારબ્ધ યોગે થવાનું તે થાય છે. કોઇનો પગાર વધવાનો હોય ને તે આશા રાખી વાટ જોય; નહીં વધે તો નાખુશ થાય છે. અને વધે તો અહંકારમાં આવી જાય છે. એમ વિશેષમાં બેઉ રીતે નુકશાન છે. સામાન્ય ગતિમાં હાની નથી. **માટે થયું તેનું વિસ્મરણ અને થવાનું તેનું અચિંતન રહેવું જોઇએ.** "અતીતાગતં કિંચિત્ ન સ્મરેત્ ન ચ ચિંતયેત્" અખો કહે છે કે "ગઇ વાત શોચે નહીં, આગમ ચિંતવે નહીં." માટે રાગદ્વેષ વિના પ્રાપ્ત વસ્તુ સ્વાભાવિક ભોગવું છું. અતીતને ભૂલી જવું અને અનાગતનું ચિંતન નહીં કરવું એ અભ્યાસે બની શકે છે. બાકી સુખ દુઃખ તો સર્વને અવશ્ય આવે છેજ. કોઇને સુખ જ અને બીજાને દુઃખ જ એમ નથી. ક્ષુધાને લીધે તૃપ્તિ અને તૃપ્તિને લીધે ક્ષુધા સાપેક્ષ ચક્ર ચાલ્યાં કરે છે. માટે શરીરની ગુલામગીરી પુરતુંજ મન રાખવું. નહીં તો પશુ ને મનુષ્યમાં ફેર શું? પશુ પક્ષીને મનુષ્ય જેટલી ચિંતા જણાતી નથી. ઇંડા મૂકવાનો સમય થાય છે તેવામાં વિષયની ઇચ્છા, નહીં તો બાકીનો વખત હોતી નથી. તણખલાંનો માળો બાંધવાનો વખત આવે છે, ત્યારે બાંધી લે છે. અને શું

થશે તેની તેને ફીકર નથી. તેને પાપ પુણ્યના સંકલ્પો નથી. તેને માટે કોઇએ શાસ્ત્ર રચ્યાં નથી. માટે જેને જન્મની ઇચ્છા હોય તો તેણે મનુષ્યને બદલે પશુ પક્ષીનો જન્મ શા માટે નહીં લેવો? કે જેમાં સામાન્ય મોજ બની રહી છે. અને વિશેષને માટે તૃષ્ણા નથી. તેને નિશાળે ભણવાનું નથી કે કોરટમાં ઈનિસાફ કરવાનો નથી. અને વળી સૌંદર્યતાનું સુખ કેવું? વગર સીવડાવે સ્વાભાવિક કપડાં બની રહ્યાં છે. મોર પોપટ આદિના રંગ કેવા આશ્ચર્ય જનક છે. મધુર તાજા ફળના ખાનારા! અને મનુષ્યને તો વાસી અને તાઢું પણ મળે. મનુષ્યને મહા મહેનતે આભૂષણ તરીકે પણ ન મળે એવા મોતીનો રાજહંસનો ચારો! ચિંતાનું તો જેને નામજ નહીં. સુખ દુઃખ આવે તો ભોગવી લેય. પણ વૈદ કે ડાક્ટરને બોલાવવા નહીં જાય. કલ્પના જ નહીં. અને મનુષ્ય તો દુઃખ સાથે એકરૂપ બની જાય. અંતરાયમાં તો જરા ભાન થાય. પણ દુઃખ ભોગવતી વેળા તો દુઃખનું તેને ભાન હોતું નથી. ચાવવામાં સ્વાદ નથી. પણ ધચમાં અંતર હોય ત્યારે સ્વાદ જણાય છે. પણ **મનુષ્ય દેહને ઉત્તમ કહેવાનું કારણ એટલું જ છે કે આવું અધમ હોવા છતાં તેનું અધમપણું જાણી લઈ ભોગ ભોગવતાં છતાં વિચારે કરી વૈરાગ્ય ઉત્પન્ન કરવો.** અને તેથી વૈરાગ્ય ઉત્પન્ન થાય તો એવા અધમ મનુષ્ય દેહને ઉત્તમ કહ્યો છે તે વાજબી જ છે. વિષયના ભોગ તો પશુઓને તૈયાર મળે છે. પણ પશુઓમાં અંતઃકરણ વિશેષ, તેનો તેણે ઉપયોગ કરવાનો છે. પશુવત્ વર્તવાનું નથી. છોકરાંને નાનપણુથી મરતાં સુધી માર ઠોક કાળજી તેના મા બાપોને હોય છે. તથા તેને કન્યા પરણાવવાની ખટપટ હોય છે. મનુષ્યોમાં કન્યા લાવવાના પણ નિયમ હોય છે. પશુઓમાં તેવું હોતું નથી. કાયદા હોતા નથી. ગોરને બોલાવવો પડતો નથી. પાંખ આવી કે ઊડવા માંડે. એવી નિસ્પૃહી અવસ્થા છે. અને અંગ્રેજ લોકો તે નિયમનું અનુકરણ કરે છે. વૈરાગ્ય વિના સ્થીતિ નથી. વિષય ભોગ માટે આ મનુષ્ય દેહ નથી. નહીં તો માણસ મર્યાદામાં ન રહે. અને ઘાતકી થઇ જાય. આપણે લાખો જીવને ઘરબાર વગરના કરીને ઘર બાંધીએ. તો પણ આખું વિશ્વ મળે તો એ આપણુને તૃપ્તિ થનાર નથી. બળદ ઘોડા બાંધી રાખવાને આપણુને શું હક છે? તેની પાસે વૈતરું કરાવવાને આપણુને કંઇ હક નથી. વેઠના કાયદામાં માણસને પકડે તો તેની વહાર થાય છે. પણ બિચારાં ઢોરની વહારે કોણુ ચડે છે? ઇનસાફદાર તેના પર પોતાનો હક સમજે છે. મનુષ્ય દેહની અધમતા ઓળખવા માટે ઉત્તમ તક આપનારો આ મનુષ્ય દેહ ઉત્તમ ગણાય છે.

બાકી તેનો નિર્વાહ પાપથી જ થાય છે. કોઇ કહેશે કે મનુષ્યના ભોગ તો ઉત્તમ છે. તો તે તમારી દ્રષ્ટિમાં છે. બાકી ડુકરની દ્રષ્ટિમાં તો, ઇંદ્રાણી સરખી નવ યૌવના હિસાબમાં નથી. તે તો ઇંદ્રાણી કરતાં ડુકરીને વધારે પ્રીતિ બતાવશે. નરકના કીડાને નરક પ્રિય છે. માટે એ સઘળું તોફાન મનનું છે. અને મન જે વ્યર્થ કુદાકુદ કરે છે તે થવી જોઇતી નથી. તેમ સામાન્ય ક્રિયા અટકાવી અપ્રિય થવાનું નથી. કેમકે તેમાં તો પ્રયત્ન કરવો પડે છે. જેમ કોઇ પ્રવાસી આગળ પગલું ભરે ને નવો દેખાવ તેની આગળ તૈયાર જ છે. તેમ પ્રારબ્ધના માર્ગમાં રચના બની જ રહી છે. કંઈ નવી કરવાની નથી. પ્રવાસ કરવો એજ કામ છે. પણ ખરૂં જોતાં પ્રવાસ કરવાનો એ નથી. અને પ્રારબ્ધનો માર્ગ પણ નથી. કાળરૂપી વહેલમાં બેઠેલા આપણે તે વહેલને અટકાવીએ તો તે અટકે એમ નથી. એટલે આપણે તો વહેલમાં ચાલવાનો પ્રયત્ન કરવાનો નથી. એમ છતાં **પોતાને કર્તા માનો તો કર્તાનો માર ખાઓ.** સ્વપ્નમાં પોતે કંઇ કરતો નથી. અને હું કરૂં છું એમ માને છે તો પોતે દુઃખ પણ ભોગવે છે. પણ ઊંઘમાં અભિમાન વગર પોતે પાંસુ ફેરવે ને કદાપિ માંકડ છુંદાઇ જાય તો પણ તેમાં પાપ નથી.

તા. ૨૪-૮-૦૩

૧૯ સંસારવૃક્ષ.

બરફમાંથી અગ્નિ નીકળે નહીં. તેમ સંસારમાંથી સુખ નહીં. અને આત્મામાં જગત નહી. જીવ તો જડ ધર્મવાળો છે. ચૈતન્ય સ્વરૂપ ઓળખે તો પોતાની પરાધીનતા માને નહી. ગીતાના ૧૫ માં અધ્યાયમાં જે સંસાર વૃક્ષ કહ્યું છે તે સંસાર વૃક્ષનું બીજ મન છે. સંકલ્પ જળ સિંચન છે. જેથી મન વિસ્તરે છે. અને સંકલ્પ વિના મન સૂકાઈ જાય છે. ભોગ કેવા છે? માત્ર ઉપરની સુંદરતા છે. બહારથી વરખ ચોંટાડેલું. અંદરથી તો માલ વિનાના. સંગ અને સ્પર્શ થયો કે દુઃખદાયી છે. બાંધી મુઠી લાખની, ખોલી કે કોડીની. મન મર્કટ જેવું ચંચળ છે. અને મનની ચંચળતાથી જગત છે. યથાર્થ સ્વરૂપ જગતનું જાણે તો મન સ્થીર થાય. રેતીના કણને ચમકારા પરથી હીરા જાણી લેવા જાય પણ કણ છે એમ જાણે તો સ્થીર થાય. તેમ વિષયોનું યથાર્થ સ્વરૂપ તો એજ કે વાસ્તવિક છેજ નહીં. નથી તેની પાછળ દોડાદોડ શી? પોતાની સ્થીતિ ને સ્વરૂપનું

ભાન તેનું નામ જાગવું. પોતાની સ્થીતિનું વિસ્મુરણ તેનું નામ સ્વપ્નું. માટે આ અજ્ઞાનની નિદ્રામાં "જાગ્રત" સ્વપ્નુ છે, જે મન જગ્રત તરફ બમેલું છે, તે સ્વરૂપ તરફ જાગે. જેમ સ્વપ્નમાંથી જગત તરફ જાગે છે તો સ્વપ્નનું મિથ્યાપણું જણાય છે. તેમ જગતથી સ્વરૂપ તરફ જાગે ત્યારે જગતનું મિથ્યાપણું તરતજ છે. કોઇ ક્રિયા કરવાની નથી. સ્વરૂપનું ભાન કંઇ ઢંઢોળેથી કે બહારથી રેડીને જગાવે થતું નથી. પોતાની મેળે જાગે નહીં તો બીજો શું જગાડે ? નિમિત્તે જગાડવું બની શકે, બાકી જાગવાનું પોતે છે. આત્મજ્ઞાન કર્તૃતંત્ર નથી. વસ્તુ તંત્ર છે. સુથારનું ટેબલ ક્રિયાથી થાય છે તો સામાન્ય નીયમ એવો છે કે તે ક્રિયાથીજ ભાંગે. હાથે કરેલું હાથે નષ્ટ થાય. મનનું મનથી નષ્ટ થાય. વસ્તુતંત્ર પ્રમાણને આધીન છે. વસ્તુ સત્ય છે એમ નિશ્ચય થાય અને પછી સાધનો લેવાય તો પદાર્થનું જ્ઞાન થઇ શકે છે. અને પોતાની ખુશી વગર બની રહે છે. આંખ ઉઘાડો કે તરત મોં આગળની ચોપડી જણાય. વસ્તુ છે પણ ટુંકી નજરથી જણાતી નથી. બાકી નવી ઉત્પન્ન કરવાની નથી. આંખનો રોગ માત્ર કહાડવાનો છે, રોગ દૂર થાય તો એની મેળે છે તે દેખાય. પ્રગટ છે. આત્મા કંઇ ઢાંકેલો નથી. આંખે પાટા—પડળ છે. કેમકે આત્માને આવરણ હોય તો તો જગત આખું અંધ. પ્રકાશજ આત્માનો છે. વાદળાથી સૂર્ય ઢંકાતો નથી. વાદળું તો જરા અમથું ને સૂર્ય તો મોટો છે. પાંતરૂં ડુંગરને શું ઢાંકે ? પોતાની દ્રષ્ટિથી નહીં દેખાય એટલે ઢંકાયલો મનાય, બાકી વાદળાં પણ સૂર્યના પ્રકાશે દેખાય છે. તેમ માયાનું આવરણ આત્માના પ્રકાશે ભાસે છે. નહીંતો માયા માયાને જાણે નહીં. દેહ પણ જ્ઞાનમાં ભાસે છે. અંતઃકરણમાં વિષયાસક્તિ મળ છે તેથી પ્રગટ દેખાતું નથી. બાકી પ્રગટ જ છે. આત્માને મેળવવા જોવામાં ખટપટ નથી. રોગ કહાડવાના સાધન કરવામાં તમામ ખટપટ છે. એ રોગ નિવૃત થતાંજ આત્મ દર્શન છે. માત્ર ચશમાને લૂછવાના છે. અંતઃકરણ રૂપી ચક્ષુ છે. તેપર ધુળ પડી છે તે લૂછી નિર્મળ કરો. લોકોમાં બુદ્ધિ કદી ઓછી વત્તી હશે. જાણવા પણું તો સામાન્ય સરખું જ છે. પુસ્તક છે એ સૌને જણાય છે. પછી શું છે, કેવું છે. શું લખાણ છે. એમાં કદી ફેર પડે. જ્યોત તો સર્વમાં સરખીજ છે. કાદવથી કંચનપણું મટતું કે ઘટતું નથી. મળ દૂર કરવા સત્સંગ સમાગમ રૂપી જળની જરૂર છે. બીજા સાધન છે પણ લોકો તે સાધનો ને ફળરૂપ માની બેઠા છે. અને તેથી ત્યાંજ અટકી રહે છે. આમ કેટલાક અલ્પબુદ્ધિ

જુદો બની રહે છે. શાસ્ત્રના વચન ૪ પ્રકારના છે. ભયાનક, ૨. રોચક, ૩. અનુવાદ (જાણીને કહે) ૪. યથાર્થ. માટે ઓસડ ઉપર બાળકને સાકર આપે તે રોચક. લાલચથી કાર્ય થાય. પણ નજર તો કૂર્ય તરફ છે. બાકી ગીતાના ૧૨ માં અધ્યાયમાં ઉલટોજ ક્રમ છે. કર્મને ટોચે ચડાવી જ્ઞાનને ઉતારી પાડયું છે. પણ તે રોચક કરવાને માટેજ. એ વાત તો અધિકારી પરત્વે છે. મીઆંભાઇ ન્યાયાધીશે દુધીની ચોરી માટે દુધીનો કાયદો શોધવા માંડયો તો સામાન્યતા હોય. દરેકની વિશેષતા કંઇ નક્કી થાય નહીં. માટે શાસ્ત્ર વાક્ય તો શ્રવણથી નિર્ણય થઇ શકે. નિર્ગુણ સગુણ નિરાકાર સાકાર દ્વૈત અદ્વૈત એ તમામની એક વાક્યતા કરવી. તે ગુરૂદ્વારા થઇ શકે. નહીં જાણે તેની પાસે ન્યાય કરાવે તે તેવોજ થાય. માત્ર બુદ્ધિવાળો ન્યાયાધિશ કામનો નહીં. અનુભવી પણ જોઇએ. પક્ષકારો વગેરે જાણે પણ હકીકત ન્યાયાધીશ ખરી નહીં જાણી શકે, પણ સદગુરૂ અનુભવે સત્ય વસ્તુ જાણે છે. ગુરનો અર્થ અનુભવ પ્રકાશમાં છે. દરેક ઉપકારક વસ્તુ ગુરૂ છે માટે બીજાના અનુભવથી સમજી ચાલવું. પોતે ડૂબીને મરે પછી રાંડયા પછી ડહાપણ આવ્યું શું કામનું ? અનુભવીને શાસ્ત્રની જરૂર નથી. લંકાનું વર્ણન વાંચવા કરતાં નજરે અનુભવેલો સારૂં જાણે. આત્મદેશનો ભોમીઓ અનુભવી શું નહી જાણે! કદાપી ગ્રંથ અનુભવથી વિરૂદ્ધ હોય તો ગ્રંથ ખોટો કહેવાય. જે આત્મ દેશથી સૃષ્ટિની ઉત્પત્તિ સ્થીતિ લય સદા બની રહ્યાં છે. તે મન મતાંતરનું ખંડન નહીં કરી શકે. પણ તેમ કરવાની તેને જરૂર શું ? કામી પુરૂષને પૂતળાપણું જણાય તો તે મિથ્યા લાલચ છોડી દેશે. વળી સંસારની વૃત્તિ ફાંસી છે. ખાડામાં પડો ઉપર આવો ઉછળો પણ આખરે ડૂબી મરવાનું છે. પાપ પુણ્યથી પણ નીકળાય એમ નથી. પાપથી નઠારો જન્મ પુણ્યથી સારો જન્મ પણ લક્ષ ચોરાશી મટે નહીં. અનંત કાળથી ધરાયા નહીં. પુનરપિ જનનં પુનરપિ મરણં પુનરપિ જનની જઠરે શયનમ. જન્મતાં દુઃખને શોક. પછી પણ પોતાને પોતાના સંબંધી ઓને. જુઓ કે સ્વપ્નમાં જે જગત છે તે નથી જણાતું ને નવું જ નહીં તે ખડું થાય છે. જનકરાજા ભીખારી દેખાયો. રાજાની રક્ષા માટે ખરેખરા નાગી તરવાર સાથે પહેરેગીર છતાં ઉંઘ આવી સ્વપ્નું થયું ને શીયાળે પકડયો કે બૂમે બુમ પાડે કોઇ છોડાવે નહી. પહેરેગીર છતાં શોધેલી લાકડી પણ જડી નહીં. જાગી જોયું તો કૌતુક જણાયું. હર્ષ થયો. તેમ જાગીને જુઓ તો જગત કૌતુક. ને આત્માને હર્ષ થાય. જે મન ચોરે ફસાવેલો જે મનને મિત્ર જાણ્યો, તેને મેં ઓળખ્યો. તે ઠગારો છે. ભજ-

ત નાંખી મને ભરમાંથી લઇ જનારૂં મન છે. પુણ્યરૂપી વિત્ત મારૂં એણે હરી લીધું. માટે એ મનને મારૂં. એનો માર મેં બહુ ખાધો છે. મનરૂપી મોતી અભેદ હતું. તેં વીંધ્યા વીના ગબડતું હતું તે વીંધું કે સ્થીર રહે. લીધું જોય કે ગબડતું હતું. દોરામાં પરોવી કબજે રાખું. શીતળતાથી પાણી પણ પથર જેવું થાય છે. સૂર્યના તાપે પાછું પાણી દેખાય છે. બાકી પાણી બરફ એકજ છે. તેમ મનન રૂપી શીતળતાથી મન ચેતનમાં મનરૂપતાને પ્રાપ્ત થાય.તે પાછું આત્મજ્ઞાન સૂર્યથી પાછું ગમે ચૈતન્ય થાય. તો મન શાંત થાય. મનભાવનો લય થઇ પરમાનંદ ચિંતામણી પ્રાપ્ત થાય. નિર્મળું આકાશ જેવી મારી સ્થીતિ થાય. કામ ક્રોધ લોભ રહીત થાશે. આરંભ પ્રકાશ અંતઃકરણથી બહાર પ્રસરે કે તારા (વસ્તુઓ) ઢંકાઇ જાય. અંધારામાં તારા દેખાય છે. સર્વ ગ્રહણવેળા સૂર્યને આવરણ નથી. આંખ જોઇ શકતી નથી. માટે આત્મ સ્વરૂપ ગુણદોષથી પર છે.

તા. ૨૬–૮–૦૩

૨૦. નિશ્ચય.

ઇષ્ટ અનિષ્ટની વાસના છૂટવી જોઇએ. સૂતેલો માણસ શરીરની ક્રિયા સંકલ્પ રહીત કરે છે. હાથ હલાવે. પગ હલાવે. તેમ તું જાગ્રતમાં પણ સંકલ્પ રહીત ક્રિયાઓ થવા દે. જાગ્રતમાં યથાશાસ્ત્ર કાર્ય કર. રાતે લીલા માત્ર ધ્યાન શીખને ખાતર કર. છોકરાં ગમે તે રમત કરે છે. તેમાં તેને કાંઇ પ્રયોજન હોતું નથી. વગર પ્રયોજનના કાર્યમાં મન સમરસ થઇ રહે છે. કેમકે પ્રતિબિંબનો ભેદ દર્પણને નથી. સારૂં નરસું પ્રતિબિંબ દર્પણને સારૂં નરસું બનાવતું નથી. દર્પણ તો છે તે છે. નેત્રથી રૂપ જણાય. કાનથી સ્વર સંભળાય. સારૂં નરસું પ્રતિબીંબ મનપર પડે. સર્વ સારૂં નરસું એતો આભાસ છે. મનને તેની શું કાંઇ અસર થવી જોઇએ? સૂતી વેળા વિચાર કરવો કે " હે મન આત્મ સ્વરૂપમાં તને શું ઓછો આનંદ છે કે તું આ સંસારમાં ફસાવા તત્પર થાય છે? તને શું આત્મા આનંદદાયી નથી? કે તું હીરો છોડી પથ્થર પર નજર કરે છે? અમૃત તજી વિષ્ટા ખાવા દોડે છે?" ઉત્તમ છોડી નીચમાં જવું એ અવિવેક છે. જેમ શાંતિ છોડી શ્રમમાં પેસવું; નિદ્રામાંથી જાગ્રતમાં જવું; અકૃત્રિમમાંથી કૃત્રિમમાં જવું; એ કનીષ્ટ છે. નિદ્રાતો શ્રમને હરી લઇ શાંતિ આપે છે. અ-

ને આખું મન તત્પર તાજુ થાય છે. એવી શાંતિ છોડી પાછું સંકલ્પ વિકલ્પમાં કેમ પડે છે? સંસારનો વિસ્તાર સંકલ્પથીજ છે. તું સંકલ્પ છોડી દે, ચિંતામાં શું સાર છે? સંસાર ચિંતાથી ભરપૂર છે. તું જો કે સંસાર બહાર નથી. તુંજ કલ્પના ઉઠાવે છે. અને સંસારને ખડો કરે છે. તુંજ સઘળું ઉભું કરે છે. ત્યાગ કરે તો દુઃખ મટે. ત્યાગ કરવો એટલે શું? અતીત કેમ થવાય તે અનુભવ પ્રકાશમાં જુવો. ફુરવું એજ "દુઃખ" છે. ચિત્તમાં ગતિમાન આકાર થાય. સંતમતા થાય. એજ દુઃખ છે. નિદ્રામાં મન થાકાને લોથપોથ થઇ બળાત્કારે ન છૂટકે પડે છે. ના ઇલાજ છે. તેથી સંસ્કાર તો જેવાને તેવાજ રહે છે. તેથી જાગે કે પાછું મન સંકલ્પ વિકલ્પ ઉઠાવે છે. લોભી ઉદયોગ કર્યો જાય છે. આખરે થાકીને નિદ્રાવશ થાય તો નિદ્રાને એક વિઘ્ન ગણે છે. જાણે કે નિદ્રા નહીં આવી હોતતો વધારે ઉદયોગ કરી વધારે લાભ મેળવત એમ પ્રવૃત્તિમાં પડયો રહે છે. પરંતુ પ્રવૃત્તિ પણ નિવૃત્તિને માટેજ છે. પણ લોભ નચિન્ત બેસવા દેતો નથી. અનુકુળતા છે પણ તેનો લાભ લેવો ગમતો નથી. અભ્યાસે પ્રવૃત્તિ સુખદાઇ ગણાઈ મૂળ ઘાલી બેઠી છે. સહિવાસની પ્રબળતા છે, અભ્યાસે દુઃખ સુખરૂપ થાય. વ્યસનમાં પણ મોટાને દેખી બાળક અનુકરણ કરે છે. લાભ ગેરલાભથી કરે છે એમ નથી. કષ્ટ વેઠીને પણ કરે છે. દેખાદેખીથી કરે છે. તેમ પ્રવૃત્તિમાં નિવૃત્તિ આવતી હોય તોપણ તે ગમે નહી. પેન્શન લેવાનો વખત આવે તોપણ લેતાં પહેલાં વિચાર આવે કે પછી શું કરશું? કામ વિના કેમ ગમશે? સરકાર કરેલી પ્રવૃત્તિ બદલ નિવૃત્તિનું ફળ આપે છે. તો તે વળી દેશી રાજ્યમાં દોડે છે. રોગીને વ્યસન પડી જાય છે. તો અભ્યાસે નહીં રોગ હોય તે દીવસે પણ પોતાને રોગી માને છે. અને નિત્યરોગી થઇ પડે છે. કેટલાક શેઠીયા રોજ ઓસડ પીવાની ટેવથી ઓસડ ન મળે તો દુઃખી થાય. અને રોજના ઓસડનો ગુણ મળે નહીં. માટે શરીરની સ્વાભાવિક ક્રિયા ભલે થતી રહે. તેમાં સંકલ્પની સંકલ્પ રૂપતા નથી. સંકલ્પ ક્રિયામાં એકરસ થઈ જાય છે. મન શરીર સાથે એકરૂપ થઇ જાય છે. તે વેળા મન નથી એમ નથી. અથવા સંકલ્પ નથી એમ નથી. પણ સંકલ્પનું સ્વરૂપ નથી. સંકલ્પ, ક્રિયાનું પરિણામ તરત થઇ જાય છે. અને ક્રિયાના નાશ સાથે સંકલ્પનો નાશ થાય છે. ક્રિયા તો ઉલટી સંકલ્પને રોકનારી છે. કામકાજમાં હોઇએ ત્યારે ફોગટ કલ્પના આવતી નથી. માટે નિરહંકાર પ્રવૃતિ બાધક નથી. તેથી પ્રવૃત્તિ તો અનુકુળ છે. પ્રતિકૂળ નથી. મનને ગભરામણ થાય તેવું કરીએ તો તે પ્રતિકૂળ પડે છે. સ્વાર્થ બુદ્ધિ પ-

ક્ષપાત હોય તેનો ચણચણાટ. પ્રવૃત્તિ બાધક નથી પણ સાધક છે. અને આત્મ વિચાર બન્યો જ રહે તો તે તો ઉત્તમ છે. તો તો સામાન્ય પ્રવૃત્તિની પણ શું જરૂર છે ? કારીગર અણુજે પાળે તે દાઠે સંકલ્પ વિશેષ કરે. મુંબાઇમાં લોકો પોતાના કામથી પરવારે કયારે કે એક બીજાની કુનવાર કરે ? અને સુરતમાં નવરા પડયા કે ન્યાત જાતની કુથલીના કાથળે કાથળા. માર ખાતાં સુધી ભય છે. માર પડતી વેળા તો તદરૂપતા છે. માટે સંકલ્પ રહીત થવાનું છે. ક્રિયા રહીત થવાનું નથી. ક્રિયામાં સંકલ્પ છે. પણ સંકલ્પ રૂપતા નથી. સંકલ્પનું સ્વરૂપ નથી. કાગળ લખવામાં સંકલ્પ નથી. પણ લખી રહ્યા પછી સારો નરસો લખ્યાનો સંકલ્પ ઊઠે છે. એ અહંપણું છે. ક્રિયા તો બધી અહંકાર રહીત છે. માટે **સારો અભ્યાસ પાડવો.** પ્રાણાયામ પ્રથમ પગથીઆં તરીકે ઠીક છે. અનુભવ પ્રકાશ જુઓ. પ્રાણાયામ કરવાથી "મન રોકે ત્યાંસુધી સાધ્ય રહે છે. એકાગ્રતા આવે છે. નહીંતો ચિત્ત ધ્રોળાયાં કરે. **નિશ્ચયપર આવે નહીં.** ત્યાંસુધી સંકલ્પ, કાર્ય કરવા તત્પર થાય નહીં. સંકલ્પ ધ્રોળાય તેથી મન નિર્બળ થાય. નિશ્ચયથી કાર્ય સિદ્ધ થાય છે. ખોટા સંકલ્પ વિકલ્પથી મન તથા ક્રિયા દુર્બળ થાય, અને ફળીભૂત થાય નહીં. માટે **નિશ્ચય એજ પરમેશ્વર છેઃ અને સંશય એજ જીવ છે.** જ્ઞાન સ્વરૂપ પરમેશ્વરને શંકા શાની ? દોષયુક્ત કાર્યોમાં વિચાર કર્યા કરવાનો. શુદ્ધ અંતઃકરણવાળાને શુભ કાર્ય ટપ દઇ નિશ્ચયથી કરવાનું છે. જાણવું જોઇએ કે (દ્રઢતાથી) **પરમાત્માની પ્રેરણા મારા હિતનીજ છે. ભગવત કરે તે ભલી. પ્રભુને ગમે તે સમે સર્વ સહેવું. સદા રાજીરાજી રૂદેમાં રહેવું.** સઘળી "રામલીલા" છે. માટે શરણ થવું. તો શુભ સંકલ્પજ છે. સમર્પણ કરવું. એવું નહીં, કે ઘરમાં ટંટો ઉભો કરવો. આતો છાંટો ઉડયો. મૂળ સંકલ્પનો છાંટો ઊડતો અટકાવવો જોઇએ. વૃત્તિ અવૃત્તિ બની રહે. જાત્રા જઈ એક વાત છોડી આવવી જોઇએ. તે કોળું કે કારેલાનું શાક છોડી આવવાનું નથી. પણ મનનો દ્વેષ છોડી આવવાનો છે. "અસત્ય ભાષણ તજીશ. જીવ જતાં કદી જુઠું બોલીશ નહીં." એવી પ્રતિજ્ઞા લઇ આવવાની છે. એવું જો માત્ર એકે વ્રત લેય તોપણ કલ્યાણ થઈ જાય. પણ સાપ મુકી લીસોટાપર આધાર રાખે છે. વ્રત લઇ નીભાવવું જોઇએ. તેમાં દેશકાળની મર્યાદા ન રાખવી. દુર્બળ મનનું કામ નથી. વ્રત નીભાવવામાં મનનું સામર્થ્ય જોઇએ. **Strong** Will Power. ભય થાય. શોક થાય. એ મનની દુર્બળતા છે. ધૈર્યવાન ડગે નહીં. એક પરાક્રમીપર હજારો સામા હોય પણ હાથ કરતાં અચકાય. કુમક

છતાં કરકણ્ તો એકને દેખી ભાગી જાય. પણ મરણીઆ જીવપર આવે તો ઘણાને ભારે પડે. મોતીસીંગ પકડાય ? ઉપલે માળેથી કુદી નાઠો પણ સુ-ધળા જોયાં કરે. પાછળ પાછળ જાય. પણું પકડવાની હીમત કોની લાવે ? નિડર શું ન કરે ? નિડરતા ધૈર્ય એ મનનો ધર્મ છે. રજપૂત શરીરે સુક-લકડી પણ શુર આવે તો નરાજ વાંકી વાળી દેય. અને પછી શુર ઉતર્યું કે ગળામાંથી પાછી કોણ કહાડે ? રાહના પહાડ રાતે વહી ગયા. વાયુના રોગીને બળ એવું આવે કે રોકયું રોકાય નહીં. એ કાંઈ શરીરનું બળ નથી. કેમકે શરીરનું બળ કંઈ નથી. મનનું બળ છે. મનના બળથી આ-વરદા વધે છે. સંસાર ચંચળ છે. સૌંદર્યતા જોવાનીજ છે. બદલાતો જાય છે. અસાર છે. બલકે છેજ નહીં. એમાં જે સાર દેખાય તેનો આશ્રય લે. મા બાપનો આધાર એવો જણાતો કે તેના વિના કેમ ચાલશે ? પણ તે બિચારાં હવે કયાં છે ? તેનું ચિન્હ પણ નથી. ઘડીભર ચાલતું નહોતું પણ તેની પાછળ તો ગયા નહી ! જેને ખાઝશો તે ક્ષણભંગુર દુઃખરૂપ નીવડ-શે. સંસાર દુઃખની ખાણ છે. માટે શરીરાભિમાન તજી આત્મ સ્વરૂપ નો આશ્રય કરો. દેવને ભજવા હોય તો દેવને ભિન્ન કર્યા વગર ભજો. નહીં તો દેવને માનશો ત્યાં સુધી તે દેવ રહેશે. જેવી રીતે દર્પણ ખરૂં દેખાડે છે તેમ મનમાં જેવું અભિમાન કરશો તેવું મનનું પુતળું થશે. હું શુદ્ધ, અસંગ, નિર્મળ પરમાત્મા સ્વરૂપ છઉં એમ માનશો તો મન શુદ્ધ થશે. વાસ્તવિક દર્પણમાં શુદ્ધ અશુદ્ધ નથી, તેમ મન શુદ્ધ અશુદ્ધ નથી બલકે છેજ નહીં. હું જીવ છઉં એમ માનવાથી અશુદ્ધ મન ઉત્પન થાય છે. એમ થાય ત્યાં લગી સદગુરૂનું ધ્યાન ધરવું. સદગુરૂ શુદ્ધ ગુણોની મુર્તિ છે. આત્મચિંતન એકવાર થયું તો પછી છુટવાનું નથી, દેહરૂપતા કાઢી નાંખો. મુર્ત્તિમાં શુભ ગુણ સર્વે છે એમ સમજી મુર્ત્તિનું ધ્યાન કરો. ધ્યાન કરશો ત્યાં લગી તેના શુભગુણ તમારામાં આવશે. આત્મચિંતન તો સદૈવ પોતાના ઘરનુંજ બની રહ્યું છે. જે મિથ્યા છે તેમાં ગુણ શું અને અવગુણ શું, લાકડાનો હાથી સારો છે તો શું ને નરસો છે તો શું ? અસત્ય અવિદ્યમાનની આસ્થા કવી ? ગુણ દોષ કેવા ? ઝાંઝવામાં મીઠું ખારૂં કેવું. તું સત્ય અસત્યથી જોડાય નહીં. મુઓ જીવતા સાથે ભમે નહીં. તું એકરૂપ છે માટે શોક ન કર. પણ સમુદ્રો પેઠે અક્ષોભ રહે. જે પુરૂષાર્થ કરવાનું છે તે ધન દોલત વિષય માટે નથી. પણ આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે છે, કે જેને માટે પરિશ્રમની જરૂર નથી.

તા. ૨૭-૯-૦૩.

૨૧. સંકલ્પપર સંકલ્પ.

સંકલ્પ રહીત થઈ કાર્ય કરવામાં દોષ નથી. ક્રિયાની પહેલાના અને પાછીના સંકલ્પ થવા દેવા નહીં. સંકલ્પ સહીત ક્રિયા થાય તેજ બાધક છે. આત્મબોધ ક્રિયા મુખ્ય સાધક છે. ફરજ કરવામાં થતી ક્રિયા ગૌણ સાધક છે પણ બાધક નથી. અભિમાનરૂપની ક્રિયા માત્ર બાધક છે. ક્રિયા વેળા નિરર્થક સંકલ્પ થતા નથી. જે નિરર્થક સંકલ્પો થાય છે તેજ બાધક છે. ઘાસનો ભડકો થઈ સમાઈ જાય તે ક્રિયામાં બાધ શો? પણ લાકડું પજળ્યા કરે એ બાધક છે. કેમકે તેનો તાપ ફરી ઉઠે છે. માટે નિ'કામ કર્મ કરવામાં બાધ નથી. સંકલ્પનું અનુસંધાન કરનાર અહંકાર છે. કાયદામાં પણ અહંકાર રહીત અકસ્માત થાય તે ગુન્હો નથી. અંતઃકરણ આત્મામાં સ્થીતિ પામે તોજ સ્થીર થાય. મનમાં શુદ્ધતા અશુદ્ધતા છેજ નહીં. ઉકરડો ધરો તો તેનું પ્રતિબિંબ પડે. દેવ ધરો તો દેવનું પ્રતિબીંબ પડે. પણ મન પ્રતિબીંબ વગર રહે નહીં. મનનો આરસો ઉંધો ધરો તો જમીનનું પ્રતિબીંબ લેય. ચત્તો ધરો તો આકાશનું. પણ પ્રતિબીંબ લે ખરો. મન આરસામાં અહંકાર તો રહેવાનોજ. માટે જીવપણાનો અહંકાર છોડી દો કે તે પ્રતિબીંબ પડે નહીં. પણ "આત્મા હું છું." એમ સારૂં પ્રતિબીંબ પડવાં દો. અભ્યાસ અને અધ્યાસથી તે બની શકશે. હું પુરૂષ છું, હું સ્ત્રી છું, પશુ છું વગેરે સહુને છાજતી વૃત્તિ ઉઠે છે. કોઇને પોતાનું વિસ્મરણ થતું નથી. બતકના બચ્ચાં જન્મે કે પાણી તરફ દોડે છે. તેને પાણીનો ભય નથી. માટે વ્યાપકપણું મનનું થયું તો વૃત્તિને ઉઠવાની જગાજ નહીં. મન કયાં જાય? સાધારણ આરસામાં તો પ્રતીબીંબ થોડા ભાગમાં પડે અને બાકી તો આરસો ખાલી જણાઇ આકાશનું પ્રનિબીંબ હોય. પણ મનમાં તો જે પ્રતિબીંબ પડે તે રૂપ આખું. મન પ્રતિબીંબનું પૂતળુંજ થાય છે. તદ્રુપ થઇ જાય છે. મનનો બાકી આકાર રહેતો નથી. જેમ પ્રોસ્પેકટીવમાં ચિત્ર પડે છે. તેમ મનની આ અદભૂત કરામત છે. નાટકના પૂતળાં અથવા કુંડા કાગળના કાપીને તેટલાજ કીધા હોય તેથી ભુલાવામાં પડે કે આ ખરાજ હશે. તેમ મન સંકલ્પ પુરતુંજ બને છે અને તેથી ભુલાવો થાય છે કે હું તો "જીવ છું" અને તે દ્રઢ થઇ બેઠું છું. પ્રતિબીંબ પડયું છે એમ જણાતું નથી. પણ આરસોજ તેવો દેખાય છે. જ્યાં લગી અનાત્મ અભિમાન છે ત્યાં લગી મલીનતા છે. શુભ ગુણ અનાત્મના તળીઆંપર નકામા છે.

અજ્ઞાન દુર કરો તો આત્માના તળીઆંપર ગુણું દોષ સઉ સમાન છે. નીકળી જાય છે. કાગળપરનો કાળો સોનેરી રંગ કાગળને આશ્રયે છે. પણુ કાળો સોનેરી એઉ ઉપાધિ છે. ધોઇ નાંખો તો શુદ્ધ કાગળ રહે છે. તેમ પાપ પુણ્ય, ગુણુ, દોષ, એઉ શુદ્ધ આત્માપર છે. તે ધોઇ નાંખો. એઉ નકામાં છે. પંચદશીના ચિત્રપટમાં જુવો કે આત્માપર જગત ચિત્ર ખડું થયું છે. શ્રીકૃષ્ણુ કહે ઉપરના વસ્ત્ર કાઢી નગ્ન થઇ ગોપીઓ આવે તોજ સ્વીકારૂં. શુદ્ધ કાગળરૂપ થયા વિના નહીં સ્વીકારે. કાળા સોનેરી રંગ ધોઇ નાંખવાની જરૂર છે. ડાળ પાંખડાં મુકી કદંબ વૃક્ષની ટોચે ચડવું સહેલું નથી. માટે ભાવના જીવપણાની છોડી આત્મસ્વરૂપ છું એવી રાખવી. આ સંસાર ભાવના માત્ર છે. હું મારૂં કુટુંબ આદી ભાવનાથીજ બનેલા છે. લગ્ન થાયછે. પતિ પત્નિભાવ દ્રઢ કરવા દેવતા સાક્ષી સાથે ધામધૂમ થાય છે. તેનું દુઃખુ તે પોતાનું એમ અરસપરસ ગણે છે. છોકરાં છૈયામાં મમત્વ બંધાય છે. તેમજ ભાવનાથી મન આત્મામાં લય થઇ શકે છે. "બંધાભિમાની બંદ્ધોહિ, મુક્તાભિર્માની મુક્ત." બાકી બીજું કરવાનું કંઇ નથી. શ્રદ્ધા કે "હું બ્રહ્મ છું." એવી ભાવના વધારવી. ભાવનાનીજ ખોટી છે. સજાતીય પ્રવાહ વધારવો. વિજાતીય દૂર કરવો. અને કીટભ્રમર ન્યાયે મન બ્રહ્મરૂપ થશે. સુગમ તો છે. પણુ થતું જણાતું નથી. અનેક ભાવનાઓ તાબડતોબ ફળે છે. કોઇ કહેશે તારો જુનો મિત્ર ગાળ દેતો હતો તો તરત મિત્રાઇ તજી શત્રુતા ઉત્પન્ન થાય છે. ભાવના તરત સહેજ નિમિત્તે બદલાય છે. અને બ્રહ્મભાવના કરતાં વિચારમાં પડોછો. શ્રદ્ધા નથી તેથી. તમે તમને બ્રહ્મ માનો તો કોણુના કહેવા કે હાથ પકડવા આવે છે? કહેનાર પર શ્રદ્ધા વિશ્વાસ જોઇએ. કોઇ કહે. મનની નિર્બળતા વિષય પ્રસંગથી છે. માટે અસંગ થવું. બહારનો ત્યાગ નકામો છે. તેતો ફોકટ કષ્ટદાઇ છે. અંતરની સફાઇ જોઇએ. છૂટો પડયા પછી મળે તોપણુ કોરોને કોરો રહે. ઉખેડીને પછી બરાબર ચોંટે નહીં. સુખાનંદજી મહારાજ બીજાના છોકરાંપર અત્યંત પ્રીતિ રાખે છતાં તરત છોડી ચાલતા થયા પણુ માબાપ પોતાના છોકરાંને છોડી જવું હોય તો વિયોગ દુઃખ પામે. માટે એ ઉપરનો સંગ કહેવાય. માબાપ સત્યસંગ માને તેથી દુઃખ. કાપેલી ડાળ ચોંટે તે અંગભૂત થાય નહીં. બ્રહ્મચર્યથી નિસંગતા નિરહંકાર સ્વાશ્રય એવા શુભ ગુણો આવે છે. પણુ હવે એવી તત્વજ્ઞાન શીખવાની શાળા કયાં છે? નિશાળમાં સામાન્ય પ્રચાર હોય છે, અને ઘેર શીખે પણુ મહેનત વધારે પડે, સ્કુલો બંધ કરે તો હાલ જેટલા Matriculation માટે તૈયાર થાય છે તેટલા થાય નહીં. ધર્મની સ્કુલો-

જતી રહેવાથી હવે ધર્માભ્યાસ માટે ધરનો અભ્યાસ કરવા જરૂર રહી તે થોડાજ કરે છે. મનની નિર્મળતા અને ઉલ્લાસ પૂર્વક આત્માભ્યાસ કરવો જોઇએ. આત્માભિમાન ભલે રહે. ભાવના ન રહે તો મોઢે કહે તોપણ છાપ પડશે. શિવોહં! વાણી સાથે મન તદ્રુપ છે. શંકરસ્વામીનું આત્મચિંતન ૨૭ શ્લોકનું છે. એમાં પણ એવો અભિપ્રાય છે. વળી ક્રિયા વેળા ક્લેશ નથી. સંકલ્પનું કષ્ટ છે. ક્રિયા સુખરૂપજ છે. પ્રવૃત્તિ, ઇષ્ટની પ્રાપ્તિ અને અનિષ્ટની નિવૃત્તિ માટે છે. ફોલ્લો ફોડવામાં પણ આનંદ છે. ક્રિયાનું મૂળ સુખ છે. કામમાં મચ્યા કે આનંદ. નવરા પડયા કે દુઃખ. માટે લોકો પાના સોગઠાં વગેરેમાં મનને રોકે છે. તેથીજ ક્રિયાનો નિષેધ નથી. દેહ સુધી ક્રિયા છે. ગીતાજીમાં પણ એમજ કહ્યું છે. આનંદના અંકુરમાંથી ક્રિયા ઊઠે છે. સકામ એજ કહેવાય છે. નામરૂપ સીવાયના સમ સ્વરૂપમાં રહી જગતનું કાર્ય કરવું. ગ્રહણ ત્યાગ બુદ્ધિ રાખવી નહીં. પારકાની દ્રષ્ટિમાં આકાશ મેલું દેખાય. આકાશનો સ્વદ્રષ્ટિમાં પોતે મેલું નથી. યાદ આવ્યું તેને સ્મરણ કહે છે. અને સ્મરણ પછીની એકતાને અનુસંધાન કહે છે. હું આત્મરૂપ છું એ વાતનું વિસ્મરણ થયું છે. માટે તેનું સ્મરણ થાય પછી અનુસંધાન થાય. આપણને મનુષ્યપણાંનું વિસ્મરણ છેજ નહીં. તેથી તેનું સ્મરણું કરવાની જરૂર નથી. પણ તેનું અનુસંધાન બની રહ્યું છે. અર્જુને કહ્યું કે હું સ્વરૂપ ભૂલી ગયો હતો. ધૂળ કોટ ભલે ઊડે. પણ તે લોક દ્રષ્ટિમાં દેખાય. સ્વદ્રષ્ટિમાં રાખવું નહીં. આપ આપકે મનમેં ગદ્ધા બી મસ્તાન. અજ્ઞાનો જન અહંકારને અને આત્માને એક માની ધૂળ આકાશ એક માને છે. અને પોતાને જીવરૂપ માને છે. પ્રથમ સંકલ્પ ઊઠે. પછી નિશ્ચય થાય. પછી ક્રિયા. પણ એ સર્વે એટલી ત્વરાથી ઘણીકવાર થાય છે કે સંકલ્પ ક્રિયારૂપ થઇ જતો જણાય. ત્યાં સંકલ્પનું સ્વરૂપજ નથી. સંશય ભેદજ્ઞાને થાય. ભેદ જ્ઞાન અજ્ઞાને થાય. માટે નિશ્ચય તેજ પરમેશ્વર. આકાશમાં સૂર્ય તેમ હૃદયમાં આત્મા. સૂર્ય તો પરિચ્છિન્ન છે. પણ આત્મા તો વ્યાપક હૃદયમાં પ્રકાશે ત્યારે શું પ્રકાસ્યા વિનાનું રહી જાય! પાણીમાં પરપોટા તેમ ચૈતન્યપર જગત નામરૂપ છે. શુદ્ધ મણીપર પ્રતિબીંબ છે. વિષયોની સત્યતા મટી તો હર્ષ શોક શું? સુવર્ણ બુદ્ધિવાળાને સોનું લગડી ગેણી સહુ સરખું છે. દાગીના બુદ્ધિ હોય તેજ સોનું લેવા ના પાડે. સમદ્રષ્ટિને આત્મરૂપ છે. અનિષ્ટ બુદ્ધિ નથી. હર્ષ ખેદ પણ પ્રતિબીંબ આભાસ માત્ર છે. સત્ય નથી. વિષય નથી તો ખેદ. દેખાયો તે પણ આત્મરૂપ છે. હર્ષ વિષાદ નહીં એ

મુક્તિનું સ્વરૂપ છે. જ્ઞાન થવું સહેલું છે. માત્ર દ્રઢતાને વાર છે. કેમકે ચિત્ત ઠરતું નથી. સ્થિતપ્રજ્ઞ થવું જોઇએ. ઉત્પત્તિ સ્થિતિ અને લય એને પરમેશ્વર કહે છે. ચિંતા ભયથી થાય છે. ભય ભેદ બુદ્ધિથી થાય છે. ભેદ અજ્ઞાને થાય છે. જેમ ઘડીઆળમાં મૂળ ચક્ર ચાલુ રહે ત્યાં સુધી વચલું ચક્ર અટકે નહીં. તેમ સૃષ્ટિના ઘડીઆળમાં આપણે સ્થીર શું કામ થવા મથીએ ? મૂળ ચક્ર ફરે ત્યાં સુધી ફર્યા કરીએ. પણ મૂળ ચક્રને આધારે માત્ર અહંભાવથી સ્થીર સાક્ષીરૂપે રહેવું.

તા. ૨૮-૮-૦૩.

૨૨. નિષ્કામતા.

સદા જેને આત્મ સ્વરૂપનું અનુસંધાન રહે તે ગમે તે કર્મ કરે તેનો બાધ નથી. સુષુપ્તિમાં વ્યવહારનો લોપ થાય છે. અને જાગ્રતમાં સર્વ કાર્ય કરે પણ હર્ષ શોક રાખે નહીં, તો સુષુપ્ત વત્ ગણાય. સંકલ્પ ભૂત ભવિષ્યના ચિંતનથી થાય છે. વર્તમાન કાળમાં તો મન તન્મય થઇ જાય છે. માટે ભવિષ્ય ચિંતન નહીં કરવું. પણ ભવિષ્ય નિમિત્તે વર્તમાન કાર્ય કરવું. કર્તવ્ય ભવિષ્ય માટે પણ કરવું. ખેડુત બી વાવે છે. અને પછી ફળને માટે પરમેશ્વરની મરજી પર આધાર રાખે છે. જે સંકલ્પ ક્રિયાત્મક થાય અને બાકી રહે તે ફોકટ છે. તેમાં જીવ રૂપતા છે. હર્ષ શોક છે. મનની ત્વરા એવી છે કે પ્રથમ ઉત્તર ક્ષણ સમજાતી નથી. એક અક્ષર વાંચવામાં ત્રણ ત્રિપુટી, મનના નવ પ્રકાર થાય છે. જોવાપણાની જ્ઞાન ત્રિપુટી, બોલવાની કર્મ ત્રિપુટી, અને સમજવાની ભોગ ત્રિપુટી એ સઘળું એકદમ થાય છે. વચ્ચેનો અંતર સૂક્ષ્મ છે. શતપત્ર શૂચિકા ન્યાયની પેઠે. વળી અલાત ચક્ર ગોળ અગ્નિ દેખડાવે. પણ તેમાં અગ્નિ એકજ જગોપર છે. તેમ મનુષ્ય દુઃખાકાર બને ત્યારે જ્ઞાનાકાર નહીં. દુઃખ ભોગવે ત્યારે ખરૂં જોતાં દુઃખ નથી. અને એવી રીતે દુઃખ નથી ત્યારે દુઃખ માને છે. કેમકે દુઃખ હમેશાં ઉત્તર ક્ષણમાં ભાસે છે. મન બે સ્વરૂપે બને નહીં. માટે દુઃખ નથી. નિદ્રામાં સુખ છે. પણ તે ઉઠયા પછી જણાય છે. આ પ્રમાણે સુખ દુઃખ વર્તમાનમાં નથી. તો ભૂતમાં કયાંથી આવ્યા ? અને ભવિષ્યમાં કદાપિ છે તોપણ વર્તમાનમાં આવનાર ન હોય તો તેનો ભય શું ? સુખદુઃખનો ભય છેજ નહીં. પણ મન મહા જાદુગર છે. હાથ ચાલાકીથી મોહ ઉપજાવે

છે. સ્વરૂપ શું તે નક્કી થતું નથી. કારણ કે મન બધા વેશ લઈ શકે છે. વળી આ સ્થૂલ વર્તમાન સમજવાનું નથી. પણ સૂક્ષ્મ વર્તમાન સમજવાનું છે. પાણી રેડીએ છીએ ત્યારે પાણીને અખંડ ધાર હોતી નથી. પ્યાલાના પાણીમાં પણ વચમાં પોલાણ રહે છે. સમુદ્રના પાણીમાં માંછલાં પોલાણની હવાથી જીવી શકે છે. ખાંડ નાંખીએ તો પ્યાલાના પાણીમાં સમાઇ જાય છે. એજ પ્રમાણે જગત પણ કકડા કકડા છે છતાં અખંડ દેખાય છે. જગતના કકડાઓની વચ્ચેની સંધિઓપર લક્ષ રહેવું જોઇએ. દરેક વૃત્તિમાં જગત ઊઠે છે. અને લય પામે છે. વૃત્તિના ચમકારા એજ જગતનું સ્વરૂપ છે. એને પ્રત્યભિજ્ઞા અથવા સ્મૃતિ જોડે છે. તંતુઓ જુદા હોય છે. કપડું અખંડ દેખાય છે. તેનું કારણ આડા ઊભા કાણાં છે. વૃત્તિ રૂપી તંતુ પળમાં હજારો બીજી વૃત્તિને ગુંથી દે છે. દેશ, કાળ, કાર્ય કારણ ભાવ, એ આડાં તંતુ છે. કાલે જોયલું ઘર કાળ કલ્પનાથી આજે તેનું તે દેખાય છે. જગતનો પટ અખંડ દેખાય છે. તે વૃત્તિના તંતુથી છે. વૃત્તિના તંતુ નીકળી જાય તો જગત છેજ કયાં? યોગ પ્રાણાયામથી વૃત્તિ મનનો વેગ રોકે છે. પણ સમુદ્ર ઊછળે ત્યાં કોને રોકે? નિદ્રામાં શાંત થાય તેટલી ઘડી દબાઇ રહે. તત્વવેત્તાએ પણ યથાશાસ્ત્ર વર્તવું જોઇએ. પોતાપર શાસ્ત્રનો દંડ નથી. વિધિ નિષેધ નથી. પોતે શાસ્ત્રદ્વારા મુમુક્ષુની સ્થીતિને પાત્ર થયો છે. શ્રવણ આદિ કરીને અભ્યાસ પડયો છે. તે અભ્યાસે વધેલો છે. નિષ્કામ વૃત્તિ વિના મુમુક્ષુતા થાય નહીં. તેથી તેનામાં વિપરીતતા સંભવે નહીં. તેનાં કાર્ય તો સહજ શાસ્ત્રાનુસાર થાય. લોકસમૂહને માટે પારકાના સંબંધમાં પણ સારી રીતે વર્તે. મેળવવાનું જેને બાકી રહ્યું નથી. અને જેણે મેળવ્યું છે તે કદીજવાનું નથી. એનું નામ કૃત કૃત્યતા. એ અનુભવ ક્ષણિક આવે છે. જે નિયમસર કામ કરે તેને આવે. અંગ્રેજ લોક તેમ કરે છે. તેઓ કાળ ઉપાસક છે. અને તેથી યશ પામે છે. આપણે તો મુહૂર્ત નામના જ જોવડાવીએ છીએ. મુહૂર્ત કરતાં મોડું વહેલું થાય તેની દરકાર કરતા નથી. અંગ્રેજ લોકની ખુબી જુઓ. તે હુકમ કરે તે માન્ય થશે એમ તેની ખાત્રી છે. અને તે હુકમ માન્ય થાય છેજ. આગગાડીપર જવું હોય તો ા કલાક પહેલાં સ્વસ્થ હોય છે. કેમકે તેની વૃત્તિ એકજ સ્થળે હોય છે. આવા દાખલા હરરોજ જોવામાં આવે છે, તો પછી જેને અખંડ કૃત કૃત્યતા પ્રાપ્ત થાય તો તે લક્ષ ચોર્યાશીમાં ફરીથી આવે નહીં. હવે તેને ફક્ત રમવાનું બાકી રહેલું છે. અને જગતને માત્ર "રામલીલા" તરીકે જોય છે. તે નિરંકુશા તૃપ્તિ, સપ્તમ ભૂમિકા દ્રઢ નિશ્ચયથી

ફરે છે. આત્મપદ જ્યાં લગી નહીં પામે ત્યાં લગી પુરૂષાર્થ ફળ્યું નહીં. સત્તાપર મનરૂપી ચિતારો ચિત્ર પાડે છે. અને ભુંસી નાંખે છે. એમ ખેલ કરે છે. તે સત્ સ્વરૂપ હું છું. દેશ વસ્તુ દર્શન પ્રાપ્તિ નથી. કે જે નજરે દેખાય. માત્ર અનુભવથી જાણવાનું છે. એવી પરમ સંપદ્‌ની ખાણું ભરી મુકી છે. લાખો રૂપિઆ ખરચ કરેથી પણ મળે એમ નથી. કે શાસ્ત્રો ભણેથી પણ મળે એમ નથી. “નિર્ધન કો ધન રામ” હે. એકાંત બેસી વિચાર કરે કે હું કોણ છું? આ જગત શું છે? મારામાં શી શી વસ્તુઓ છે? એ જુદાં પાડે તો આત્મજ્ઞાન થાય. ઉત્તમ પદથી સ્વર્ગ મળે પણ તે નષ્ટ થાય છે. પરંતુ વિચારે જે પદ મળે છે તે નિર્મળ હોય છે. મન ઉપર અજ્ઞાનના પડદાથી ચિત્ર વિચિત્ર જગત ભાસે છે. પણ અંદર દીવો પ્રગટ થાય તો જગત નષ્ટ થાય. અંધારૂં હોય તે દૂર કરવાને એક નાનું છોકરૂં દીવાસળી સળગાવે તો બસ છે. પણ હજારો જબરા મલ લાકડીઓ લઈ અંધારાને મારે તો તેથી અંધારૂં દૂર થાય નહીં. અનુષ્ટાન બેસાડેથી અંધારૂં મટે નહીં. કહ્યું છે કે આત્મા અગ્નિની જ્યોતિરૂપ છે. છતાં માથાપર અંધારૂં છે. અને તે અંધારાએ આખા વિશ્વમાં અજવાળું કર્યું છે. એવું અદ્‌ભૂત અંધારૂં છે તે માયા અજ્ઞાન છે. તે ક્રિયાથી જાય નહીં. વિચારે જાય. આ સંસાર તરવો દુર્ઘટ છે. ત્રિવિધિ તાપથી સર્વે સમાન દુઃખી છે. પણ બુદ્ધિથી જ્ઞાનપ્રકાશ ઉદય થાય, તો તરવું સુગમ છે. દરીઓ મોટો પણ વહાણ મળે તો તરી જવાય. માટે **વિચાર નૌકાની** જરૂર છે. મૂર્ખને થોડી આપદા હોય તે પણ મોટી લાગે. પોતાની હાની કરે એવું જે દેહાભિમાન જેને છે એવા મનુષ્ય વિદ્વાન ભણેલા ઐશ્વર્યવાન હોય તોપણ તે અતિ મૂર્ખ ગણાશે. પીછાં, કીડી વગેરે પવનમાં ઊડે. પરંતુ પર્વત ડગે નહીં. દેહાભિમાનીને ભય બતાવો તો તે ડરી જશે. આત્મવેત્તા જગત પ્રલય થઇ જાય તોપણ ડગે નહીં. પરપોટાને પોતાનો ભય થાય તેમાં સમુદ્રને શું? સંતોનો સમાગમ અને સત્ શાસ્ત્રનો વિચાર જરૂરના છે. શાંતગુણ વગેરે સામાન્ય ધર્મ છે. પણ તત્વજ્ઞાનથી શૂન્ય હોય તો મોક્ષ નહીં. તત્વજ્ઞાનથી બુદ્ધિ ખીલતી જાય છે. કઠણ અનાજ પાણીમાં ભીંજાય તેમ ખીલે. મધુરતા આવે. કોઇ કોઇ કાંગરૂ જેવા રહી જાય. પણ વ્હેવારમાં બુદ્ધિ સંકુચિત થાય છે. દેહાભિમાનમાં એક ગઠ્ઠો બંધાય છે. માટે બુદ્ધિ સન્માર્ગે દોડે તોજ આત્મ સ્વરૂપ જણાય છે.

તા. ૩૦-૯-૦૩

૨૩. આત્મદેવ.

આત્મદેવની કૃપા થાય તો ઇંદ્રિયરૂપી શત્રુઓને જીતી શકાય. કૃપા પણ જાતની છે. ગુરૂકૃપા, શાસ્ત્રકૃપા, અને આત્મકૃપા. અંતઃકરણ શુદ્ધ થઇ સંસારથી છુટવાની શુભેચ્છા થાય એ જ્ઞાનની પ્રથમ પાયરી છે. જ્ઞાનની ચાર ભુમિકા છે. ૧. શુભેચ્છા. ૨. વિચાર. ૩. તનુમાનસા. અને ૪. સત્વાપત્તિ. સદ્ગુરૂ સચ્છાસ્ત્ર સામેલ રાખી વિચાર કરીએ અને મનન આદિ તનુમાનસાથી સજાતીય પ્રવાહ કાયમ રાખી સદોદિત આત્મચિંતન કરીએ તો આત્મદેવનું પૂજન થાય છે. એટલે સ્વસ્વરૂપનું પૂજન થાય છે. જે લીલા માત્ર ભાસે છે. યોગવાશિષ્ઠમાં આત્મદેવનું પૂજન શું છે તે બતાવેલું છે. સિદ્ધાંતમાં પણ ઇશ્વર જીવ અને જગત માયિક કહ્યાં છે. માયાની ઉપાધિ સહીત ચૈતન્ય તે માયિક છે. જગત છે તો ઇશ્વર છે. દ્વૈયત વિના રાજા નહીં. પુરૂષપણા ઉપર રાજાપણું છે. તે આવે જાય પણ પુરૂષપણું કાયમ રહે છે. તેમ આત્માપર જીવ ઈશ્વર જણાય. જગત તથા જીવ મટયા કે ઇશ્વર પણ ગયો. ચૈતન્ય સ્વરૂપ નિરંતર પ્રાધાન્ય છે. અને ઇશ્વરપણું ગૌણ આગંતુક છે. ધણીઆણી ત્યાં સુધી ધણી. છોકરા હોય ત્યાં સુધી બાપપણું એમ અભિમાન રહે છે. પણ સામાન્ય ધર્મમાં અભિમાન રહેતું નથી. સૂર્યની સત્તા નથી કે નહીં પ્રકાશવા ધારે તો તેમ કરી શકે. નામરૂપમાં ચૈતન્ય દ્રષ્ટિ થાય તો દોષદ્રષ્ટિ યાને ભેદ દ્રષ્ટિ દુર થાય. ભેદ દ્રષ્ટિ સારી હોય કે નરસી હોય. પણ તે વિષમ દ્રષ્ટિ છે. ખેડુત મુઠી ભરીને બી નાંખે તે એક બીમાંથી અનેક ઉગે છે. તેમ મોહરૂપી બી મુઠીએ મુઠીએ વાવે તેમાંથી અનેક જન્મરૂપી ફળો અને આપદાનો વરસાદ વરસે છે. મોહ થાય તે નિશા કીધા જેવું છે. મોહ થાય અથવા નિશા કીધી હોય તો મિત્ર શત્રુ દેખાય. કાદવમાં પડયો હોય તો સુખમાં સુતેલો છું એમ માને. અને ઘરમાં સુખમાં હોય તોપણ બળતો જળતો જણાય. સંસાર અને દેહ સત્ય માને એ મહા મોહ છે. સકામ વહેવાર કરવો એ મોહની મુઠીઓ ફેંકવાની છે. અને તેમાંથી મહા મોહ તથા અહંકાર થવાથી અનર્થનો વિસ્તાર વધે છે. એ પસારો આત્મજ્ઞાનના ઓસથી બાળી મુકવો જોઇએ. દોરી જાણી તો પછી તે સાપ થાય નહીં. જ્યાં નામરૂપ દેખાય છે ત્યાં સાક્ષાત ચૈતન્યતા જોવી. આંખ મીચેથી સાક્ષાત્કાર થતો નથી. કેમકે તેવી રીતે તો પરમાત્મા એક દેશી ગણાય. પણ પરમાત્મા કંઇ કચેરી લગાવી બેઠા નથી. સૂર્ય એક દેશી છે તેથી તેની તરફ નજર ફેરવીએ તોજ તે દેખાય છે. પણ આકાશ સર્વત્ર છે. તેમ

ચૈતન્ય સર્વ વ્યાપક છે. ચિત્રને જોતાં છતાં ચિત્રપટ જોય અને ચિત્રને મિથ્યા જાણે અને ચિત્રનું જીવન સ્વરૂપ પટ છે એમ જાણે. જેણે પટ નથી જાણ્યો તે ચિત્રને સત્ય માને છે. પણ તેથી પટની સત્યતા ગઇ નથી. એક જાણે છે. બીજો જાણતો નથી. દેખાવતો તેનો તેજ છે. ઝવેરી અને અઝવેરી હીરો તો તેનો તેજ જોય છે. પણ ખરી કિંમત ઝવેરી કરી શકે છે. તેથી ઇંદ્રિય અને મન બેઉનો મોહ બાધક છે. ઇંદ્રિયનો મોહ હોય પણ મનનો ન હોય તો તે બાધક નથી. મનનો મોહ નિર્મળ થવાને વિચારની જરૂર છે. વિચાર કરીએ તો તમામ ભય નિવૃત્ત થાય છે. લાલ કાચમાંથી બધું લાલ દેખાય છે. તેમ નેત્રમાંથી આકાર દેખાવા તે નેત્રનો સ્વભાવ છે. કાનથી અવાજ સંભળાવો એ કાનનો સ્વભાવ છે. પણ મન તેની સાથે એક રૂપ દેખાય અને તેની વાત સાચી માને તો મોહ ઉત્પન્ન થયો કહેવાય. અસલ લાકડું તો છે જ પણ આંખને મોહથી લાકડાનો સાપ ખરો સાપ લાગે છે. તેથી સાપનું લાકડું કરવાની જરૂર છે. કેમકે તે લાકડાનો સાપ જોઇ તેને સાપ કહે છે. લાકડું છે એમ જાણતો નથી. તે લાકડાપર ચિત્રામણ હોવાથી તેને સાપ તરીકે જુવે છે. તેથી ચિત્રામણ કાડી નાંખીને લાકડું કરીએ ત્યારે આંખ લાકડું દેખે. પણ મનને તેમ કરવાની જરૂર નથી. આંખને માટે માત્ર જરૂર છે. લાકડાપર ચિત્રામણ ભલે રહ્યું તોપણ મન તો જાણે છે કે એ સાપ નથી. પણ લાકડું છે. જોકે બોલાવશે "સાપ ?" કહીને. સો રૂપીઆ ગણવા હોય તો અભણને પાંચ પાંચની થોકડી મુકી સમજ પાડવી પડે. પણ ભણેલા છૂટક છૂટક ગણ્યા વિના સહેજમાં સો રૂપીઆ ગણી લેછે; અને સમજી જાય છે. માટે લાકડાના સાપ હાથી જોવામાં આનંદ છે. ખરૂં સ્વરૂપ સમજીએ તો એમાં બગડી શું જાય જે ? જેવો આનંદ લાકડાના રમકડાં જોવામાં છે તેવો આનંદ એકલું લાકડું જોવામાં નથી. માત્ર સમજવું જોઇએ કે મૂળ અને રમકડાં બેઉ લાકડું છે. તેથી સાપ હાથી વગેરે સહુ લાકડા પર લીલા માત્ર છે. ઝુમરના લોલકમાંથી ભીંતપર જુદા જુદા રંગ દેખાય છે. તે માત્ર રંગ રૂપ છે. પણ તેને મન ખરૂં માને તેથી મોહ થાય છે. પણ જ્યાં દેખો ત્યાં સબળે રામ તેમ લાકડાની દુકાનમાં ખુરસી ટેબલ રમકડાં એવાં નામ આપીએ અને તે તેવાં દ્રષ્ટિએ દેખાય તથા તેવો વહેવાર થતો રહે તો પણ લક્ષતો લાકડા તરફજ રહે છે. એ સૌ લાકડું જ છે. દીવાસળી મુકીએ તો ખુરસી બળે અને ટેબલ નહીં બળે એમ નથી. ખાંડના રમકડાના નામ જુદા જુદા હોય છે. કોઇ કમરખ તો કોઇ ખુરશી. અને આપણે એમ પણ

કહીએ કે, પેલું "વહાણુ" આપ. કે પેલી "બંદુક" આપ, પણ કમર-ખ, ખુરશી, વહાણુ કે બંદુક સર્વે ચહામાં નાંખેલો ખાંડ હોવાથી ગળપણ તો સરખુંજ આપશે. છોકરૂં ભલે એમ કહે કે બંદુક ખાંડમાં નહીં નાંખવા દઉં પણ મોટાને મન તો બધી ખાંડજ છે. તેમ ચૈતન્ય સત્તા હુંજ છું. એમ સાક્ષાત્કાર થવો જોઇએ. એ કાંઇ ઢાંકયો છૂપાયો નથી. માટીનો ઘોડો અને માટીનો વાઘ દેખાય તેમાં ઘોડો એ નથી અને વાઘ પણ નથી. પરંતુ માટીજ છે. માટીપર નજર ન કરે અને ઘોડો વાઘ જાણીને મમતા રાખે અથવા બીહે તેમાં કોઇ શું કરે? **માટી કંઈ છુપાઈ રહી નથી.** પ્રકાશ અંધારાનો નાશ કરે છે. પણ ચૈતન્યનો પ્રકાશ તો અજવાળા અંધારા સર્વને પ્રકાશે છે. જો તેમ નહીં હોય તો અંધારૂં દેખાય કેવી રીતે? જેમ લાકડાનો સાપ લાકડું છે એમ જાણ્યા પછી રહેવા દો તો શોભા છે. તેમ જગતની શોભા ભલે બની રહી. પણ જગતની સત્યતા જો કાયમ રાખીએ તો ફરી ઉત્પન્ન થશે એવો ભય રહેશે. માટે સર્પની સત્યતા કાઢી નાંખી જગતનો અત્યંત મિથ્યા નિશ્ચય થવો જોઇએ. અને મુક્તિતો મુવા પછી થઇ શકતીજ નથી. દેહ છતાંજ થાય છે. નેત્રનો વિષય દ્રષ્ટિ કહેવાય છે. અને મનનો વિષય લક્ષ કહેવાય છે. માટે દ્રષ્ટિ ગમે ત્યાં જાય. પણ લક્ષ આત્માપર રાખવો. વાચ્યાર્થમાં ભેદ છે. લક્ષ્યાર્થમાં ભેદ નથી. નિરંતર આત્મ વિચાર કરવો એ આત્મદેવની કૃપાંથી બની શકે. ચળરૂપ તે મૃગજળ રૂપ થઇ જાય છે. દૈતનો ભય વર્તી રહ્યો છે. સૌનો ભય. અગ્નિ જળ ઘર જડ વસ્તુનો પણ ભય છે. એમાંથી પુરૂષાર્થ સીવાય કોઇ રક્ષણ કરે એમ નથી. ભયને ગળી જાય તો છૂટે. બાકી ધન બાંધવ દેવ યન્ત્ર કે પરમેશ્વર એ ભયમાંથી રક્ષણ કરે એમ નથી. પાંગળો લંગડો જીવ કહેશે કે દેવ સઘળું કરશે. "ધણીનું ધાર્યું થવાનું છે." છતાં પોતે તો સદા સંકલ્પ વિકલ્પના તાર કાઢે છે. આચાર, શાસ્ત્ર વિરૂદ્ધ કરે છે. તેવો મનુષ્ય મંદ બુદ્ધિ છે. તેની બુદ્ધિ વધતી નથી. કેમકે તે બીજા ઉપર આધાર રાખે છે. તેનામાં સ્વાશ્રય નથી. અને સ્વાશ્રય હીન થવું એ દુર્બળતા છે; રોગીથી ચલાતું નહીં હોય તેને બાજો ટેકો આપે તો તે છેક ગગડી પડેછે. "રડતી હતી ને પીએરીયાં મળ્યા" જેવો ઘાટ થાય છે. પછી તો ટેકા વગર તેનાથી ટગુમગુ પણ ચલાતું નથી. પરંતુ પુરૂષ પ્રયત્ન કરે તો તેનાથી ચલાય એટલુંજ નહી પણ તેનો રોગ પણ જતો રહે છે. માંટે **પોતે પોતાને જુવો.** સત્ વિવેક પરમ નિર્ણય છે. પોતાની મેળે નિર્મળ બુદ્ધિથી કોઈ પારકું નથી એમ જાણવું. આકાશથી ફળ આવતું આવે એમ

સહેજમાં સિદ્ધાન્ત વચનથી ગ્રાહ્ય થઇ શકે છે. જ્ઞાનરૂપી વૃક્ષની મંજરી વિચાર છે. સૂર્યથી જેમ સૂર્યમુખી ખીલે છે તેમ વિચારથી હૃદય ખીલે છે. હું પણું મમત્વ છે તેજ સંકુચિતપણું છે. જાણવું જોઇએ કે હું જીવ છું તેવા સૌ છે. મારૂં સુખ તેવું સહુંનું છે. મારૂં શું ઓછું થાય છે? શું હતું ને શું જતું રહ્યું? મને ઉપયોગી નથી, એવી કેટલી બધી ચીજો મારી પાસે નકામી પડી રહી છે! મારા વધારામાંથી કોઇને આપું તોપણુ કોઇને ખપ લાગશે. શ્રીમંતની ઝુલોમાંથી કટકા કટકા સાંધી કેટલા ગરીબ લોકોને વસ્ત્ર પુરાં પાડી શકાય. પણુ ભાઇઓમાં પણુ માંહોમાંહે જુદાઈ જોવામાં આવે છે. "આંગળીથી નખ વેગળા એટલા વેગળા" સમજવા એજ કૃપણુતા છે. વિચાર કરો કે કોના ભાઈ અને બાપ? પ્રભુ સર્વેનો એક પિતા છે. મનનો મનન ભાવ હું મમત્વથી ઊઠે છે. બરફ તડકામાં ગળી જાય તે પહેલાં કપાળમાં મારે તો લોહી કાઢે છે. માટે પરમાત્મા જળમાં હું તું ના બરફના ગઠ્ઠા છે તે એકરસ જળ કરી દો. ત્યાગની વાસના પણુ છોડી દો. હું કાંઇ છું એમ માનશો અને કાંઇ બનશો તો બહાર સઘળું બનેલું રહેશે. તમે નથી તો બહાર પણુ કંઇ નથી. હું પણાના ભાનમાં ભેદ છે. અહંકાર વાદળું દૂર થશે તો ચિત્તાકાશ નિર્મળ થશે. ભેદ દેખાશે નહીં. દ્રષ્ટિ દોષે આકાશમાં ભ્રાંતિથી મોતન માળ દેખાય છે. તે ભુંસી નાંખો. તેનાથી આત્મા સૂર્ય ઢંકાયો છે. હું જ્ઞાની છું. તત્વવેત્તા છું. બ્રહ્મ છું એ પણુ એક વાદળું છે. એ વાદળું પણુ ખસેડી નાંખવાની જરૂર છે. વાસણુ અજવાળવાને માટે મટોડું રાખ જોઇએ. પણુ વાસણુ ઉજળું થયા પછી મટોડું રાખ દૂર કરવાનાં છે.

તારીખ ૨૫-૮-૦૩.

૨૪. પરમાનંદ પ્રાપ્તિ.

જેમ વૃક્ષને જળ સીંચેથી ફળ પ્રાપ્તિ થાય છે. તેમજ નામરૂપ છોડી સત્યસ્વરૂપમાં બુદ્ધિનો પ્રવેશ થાય તો પરમાનંદ પ્રાપ્તિ થાય છે. શુકલ પક્ષનો ચંદ્ર વૃદ્ધિ પામતો પૂર્ણિમાને દીવસે અતિ પ્રકાશે છે. તેમ બુદ્ધિ આત્મમય થાય ત્યારે તેનો પ્રકાશ અલૌકિક છે. સંસાર નિમિત્ત યત્નો કરી રહ્યા છીએ. તેમાંથી મુક્ત થઈ સત્માર્ગે રહેવું. પ્રવાસ તો કરીએ છીએ. પણુ સુખને માર્ગે પ્રવાસ થતો નથી. સંપત્તિ સુખને માટે છે. સર્વે સુખ

એવાં છે કે તેનો આધાર ખસેથી ખસી જાય છે. પણ વિશેષ સુખ આધાર વાળું નથી. સામાન્ય સુખ કેવાં છે કે એક રોગી હોય તો તેને બધાં સુખ નકામાં છે. આ સંસાર એક વૃક્ષ સમાન છે. બુદ્ધિની મૂઢતા એજ એ વૃક્ષનું બીજ છે. અજ્ઞાને સર્વ કંઇ જગત રૂપ ભાસી રહ્યું છે. બાકી સંસાર કે દેહ છેજ નહીં. સ્વપ્નાનો દેહ કલ્પિત છે. ત્યાં સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ મિથ્યા છે. એ સ્વપ્ન ભાસવાનું કારણ નિદ્રા છે, સ્વરૂપ અને સ્થીતિનું અજ્ઞાન એનું નામ નિદ્રા. સ્વપ્નનો ભય સ્વપ્નનો ઉપાયથી મટે નહીં. જાગ્રત થાય તો મટે. પૈસાથી સુખ છે અને નિર્ધનતામાં દુ:ખ છે એમ પણ નથી. પૈસાથી દુ:ખનો અભાવ હોય તો શ્રીમંતો સર્વે સુખીજ હોવા જોઇએ. પણ તેને પૂછીએ તો તે પોતાને અનેક રીતે દુ:ખી માને છે. અને કહે છે કે તેમના કરતાં ગરીબ સુખી છે. પુત્ર પ્રાપ્તિ આદી અનેક સુખોનું એમજ છે. કુંવારો કોડે મરે ને પરણેલો પીડાએ મરે. એક દુ:ખ મટે તો અનેક બીજા ઉભા થાય. પુત્ર પ્રાપ્તિ થાય તો ઉઠવેઠાદિ અનેક દુ:ખ વધે. પ્રયત્નથી એક ટળે. પણ બીજા કંઈ કંઇ ઊઠે. એ તો ઊંટ વૈદું ગણાય. માટે દુ:ખ નિવૃત્ત કરવું હોય તો સ્વરૂપમાં જાગો. મૂઢતા કહાડવી એજ ખરૂં છે. સ્વર્ગમાં પણ શું લાભ છે? અજ્ઞાનની નિવૃત્તિ પોતાના જ્ઞાને થાય છે. સદ્ગુરૂનો ઉપદેશ, વિશ્વાસ, ભાવના, એજ ફળે છે. ફળ સીદ્ધિ માટે ૧. ઇચ્છા, ૨. સાધનોનું જ્ઞાન. ૩ પ્રયત્ન જરૂરના છે. તીવ્ર ભાવનાથી સ્વપ્નમાં રાજા થવાય છે. તે જ્ઞાન સ્વરૂપમાં સૌ સંપદ હતી. તેમાંથી ઉદય થયો "ક્ષણ માટે રાજા થયો તો દ્રઢ ભાવનાથી પૂર્ણ કેમ નહીં થાય? સ્વપ્ન પુરૂં થયું તેથી એનો રાજ્ય વૈભવ નષ્ટ થયો. તેમ જાગ્રત મોટું સ્વપ્ન છે એ બેઉ સ્વપ્ન પોતાના નિયમ પૂર્વક નથી. એ બેઉ સ્વપ્નને મનમાંથી ક્યારે કહાડવા એ ખબર નથી. ખીચડો થઇ ગયો છે. હલાવેથી એની મેળે નીકળે તો હીરો જડી આવે. પણ તેમાં પુરૂષાર્થ નથી. ધ્યાન હોય તો તરત મળે. મનની પેટીનો ભંડાર ભરપુર છે. મન અવ્યવસ્થિત હોય તેથી હાલ્યા કરે અને ભંડારમાંથી જોઇતી વસ્તુ મળે નહીં. પણું સ્વપ્નમાં ચમત્કારા થાય. ઉપર આવે ને સમાઇ જાય. સ્વપ્ન સારૂં હોય તોપણ તેને પોતાનું કરી રખાતું નથી. પણ મનની વ્યવસ્થા હોય તો બાંજગડ પડે નહીં. માટે મન સાધ્ય કરો. જે સંકલ્પ કરીએ તેજ ઊભો રહે. બીજાને પેસવા દેવા નહીં. તો પછી જે જોઇએ તે તૈયાર છેજ. (૧) પડ ખસેડો અને (૨) જ્યાં હોય ત્યાંથી લો. ચાલતા સંકલ્પને ત્યાગવા. ધારેલા બીજાને ઉદય કરવા. બેઉ કુંચી આવે તો ઇશ્વર થવાય. સહુ કહે છે કે પ્રારબ્ધ છે. અને

તે સંકલ્પ તથા સુખ દુઃખ લાવી આપે છે. જેનું મન સાધ્ય નથી તેને એમજ જણાય છે. બાકી પ્રારબ્ધ છેજ કયાં? પ્રારબ્ધ લાવે તે તમારૂં પ્રારબ્ધ કે કોઇ બીજાનું? તે પણ તમોએ કર્મથી રચેલું. માટે પ્રારબ્ધ લાવે તો તમે કેમ નહીં લાવો? પ્રારબ્ધને બદલો. બદલવું તમારા હાથમાં છે. તમારૂં મન દ્રઢ હોય તો પ્રારબ્ધ શું કરે? સઘળું તમેજ કરી શકો છો. સરવે મનની કરામત છે. માટે મનને સ્વાધીન રાખો અને પછી કરી જુવો. શું નથી બની શકતું. નહીં બને ત્યાં સુધી મન નિર્બળ છે માટે તેને હજી પણ ફરી ફરી પ્રયત્ને સબળ કરો. ઇશ્વરનું લક્ષણ શું છે કે "કર્તું અકર્તું અન્યથા કર્તુમ્." એ ઇશ્વરની શક્તિ તમારામાં જ છે. સ્વપ્ન સૃષ્ટિ રચવામાં તમને કોઈની સહાયતા જોઇતી નથી. તમારૂં મન કંઈ કંઈ સંકલ્પ કરે છે. કરે છે. ભુંસી નાંખે છે. વળી નવાં કરે છે. કંઇ કંઇ સ્વપ્નના સોંગ ખડા કરે છે. તેજ મન આ જાગ્રત ઇંદ્રજાળ રચી રહ્યું છે. દેહાભિમાનનો પથરો પડેલો છે તેથી કુંચીઓ ભુલાઇ ગઇ છે. અને જે જ્યારે જોઇએ ત્યારે મન શોધી લેતું નથી. યોગાભ્યાસે મન સ્થીર થાય તો ભુલ છૂટે. અને કુંચી જડેથી મન સાધ્ય થયલું તરત જે જોઇએ તે શોધી આપે. સ્વપ્નમાં રાજા થવાય. જાગ્રતમાં રાજ્ય ભોગવાય. એ શું કંઇ બહારથી આવે છે? એ પણ મન ભંડારમાંથી જ આવે છે. મન ચંગા તો કથરોટમાં ગંગા. આત્મામાંથી સઘળું નીકળે છે. જ્ઞાનરૂપી ભંડારમાંથી પુરુષાર્થનું ફળ મળે છે. બુદ્ધિરૂપી ઝાઝથી આ ભવસાગર તરાય છે. શું ઊંધી સમજ છે. તમે મહા સમુદ્ર આત્મારૂપ છો અને સંસાર તમારે વિષે એક રાઇના કણ જેવો બીંદુ માત્ર છે. તે છતાં તમે કહો છો કે આ મોટા સંસાર સમુદ્રમાં હું તો એક બીંદુ રૂપ જીવ છું! તમે સમુદ્રરૂપ છો. તમારા એક બીંદુમાં આખો સંસાર છે. અધિષ્ઠાન તો આપણે છઇએ. આપણા ઉપર આ જગતની રચના છે. આપણી એક પલકમાં જગત છે. નથી. છે. એક સંકલ્પમાં. એક વૃત્તિમાં સંસાર ખડો થાય છે. એક આત્મ કીરણમાં સૃષ્ટિ અનેક ખડી થાય છે. જીવરૂપ માનીએ તેથી તરવું કઠણ છે. સ્વપ્નમાં ભયંકર સમુદ્ર પર્વત અરણ્ય દેખાય છે. તેમાં જે દેહ આપણે ધારણ કર્યો છે તે રૂપ બનીએ છીએ તેથી ડરીએ છઇએ. પણ તે સંકલ્પમાં છે. જાગીએ તો તેમાંનું કંઇ નથી. ભય પણ નથી. નહીં તો જાગ્યા વિના સ્વપ્નના હજારો ઉપાયથી ભય જાય એમ નહોતું. સ્વપ્નમાં આખી સૃષ્ટિ પોતે ખડી કરે છે તોપણ તેમાંના જરાકમાં અહંભાવ કરી પોતાને સ્વપ્નનર માની બાકીનું બધું મોટું છે એમ માને છે અને પોતાનાથી જુદું પારકું છે એમ

પર ભાવ માને છે. જોકે પોતામાં પોતે આખી સ્વપ્ન સૃષ્ટિ ખડી કરે છે. મ મનની કરામત છે. એને સ્વપ્નના ભયોનો જરાએ સ્પર્શ નથી. સ્વપ્ન નર લૌકિક પણ નથી. અને પથારી પુરૂષ તરીકે પણ નથી. છતાં સ્વપ્નમાં પોતે કેવો ભયભીત થઇ જાય છે! શો ચમત્કાર! શુ ભ્રાંતિ! કેવો ખેલ! કેટલી દીનતા! આખી સ્વપ્ન સૃષ્ટિ થાય છે તેનો પથારી પુરૂષને જરાપણ બોજો છે! પરિશ્રમ પણ છે! તેમ જાગ્રતમાં પણ જીવપણું થયુંજ નથી. માત્ર ભ્રાંતિ છે. ભાવના બદલો. બીજો ઉપાય નથી. શરીર છે એમ શું કામ માનો છો? શરીર છેજ ક્યાં? થયું છે માનશો તો તે કદાપિ નિવૃત થશે પણ. તેને ફરી ઉઠવાનો પણ સંભવ છે. કર્મથી ઉત્પત્તિ નાશ ઉત્પત્તિ થાય છે. પણ જ્ઞાનથી "નથીજ." સાપ મુઓ પણ તે અથવા તેવો બીજો ફરી દેખાશે. સાપ છેજ નહીં. લાકડાનો સાપ છે તો છો જીવતો પડ્યો. તેનો ભય થનાર નથી. તેને ખસેડવાની જરૂર નથી. ઝાંઝવાના જળ આસપાસ બધે ફેલાઇ રહ્યાં છે પણ તેમાં પોતે કોરો છે તે પણ જોઇ જાણી શકતો નથી? એ જાણતો નથી તેજ ભ્રાંતિ. ઝાંઝવામાંથી હું પ્રયાસ કરતો ચાલ્યો જાઉંછું. બધે ઝાંઝવા છે. પણ જ્યાં હું પગ મુકુછું ત્યાં તો ભીંજાતો નથી. ત્યારે ઝાંઝવાના જળની ભ્રાંતિ નકી સિદ્ધ થાય છે. એટલો વિચાર આવે તો પણ ભ્રાંતિ દૂર થાય. પોતે ઉભો છે ત્યાં તો સ્વરૂપનો પ્રકાશ છે. પણ સ્વરૂપપર દ્રષ્ટિ કરતો નથી. અને આસપાસ ઝાંઝવાં જોઇ રહ્યો ગભરાય છે. મૃગ ઢુંડતા ફીરતા બનોમે કસ્તુરી ઉનકી પાસ હે. પાસ હે. પાતી નહીં. ઓર સુંઘતા હે સો બાસ હે. હું કોરો છું. જળ તો મને બાધ કરતું નથી. તેમ સંસાર સમુદ્રમાં હું કોરો છતાં આ પસારો બની રહ્યો છે. તે દેહની આસપાસ બધે છે. અને દેહની અંદર જોતો નથી. કે હું કોણ છું! ક્યાં છું? મારી શું સ્થીતિ છે? હું જ્ઞાન સ્વરૂપમાં આ સઘળું દેખાય છે તે એ શું તોફાન પેઠું છે? હું તો કોરો છું. બાલ્યાવસ્થા યુવાની વગેરે દેહને આવી. પણ હું તો જ્ઞાનસ્વરૂપ તેજ છું. સર્વેનો હું સાક્ષી છું. શરીર ઇંદ્રિ આદિમાં ફેર થયો છે. મારામાં કંઇ પેઠું નથી. હું પણ તે નું તે છું. પ્રયાસ કરવા છતાં પણ કોરો છું. કેયે ભીંજાયો નથી. સંસ્કાર મનાદિપર પડ્યા છે એમાંથી ચાલવાને મને બીનાશ નથી. મેં તો મારી આસપાસ ઓરા તત્વજ્ઞાનનો કીલ્લો પટ બાંધી દીધો છે. મને સ્પર્શ થતોજ નથી. હવે તો મારે સંસાર સાગરમાં તુંબડું બાંધીને ડૂબવું છે. તેથી ડૂબાય એમ નથી. વાયુમાં આપણે ફરીએ છઇએ તેનો ભય રહે છે? વાયુનો ભંડાર ભરેલો છે. પણ જળ સમૂહમાં ફરાશે? ડર રહે છે. તેનું કારણ કે તેની કુંચી હાથમાં ન-

બી. જીવ રૂપતા છે. અને દેહાભિમાન છે. દેહતો અનેક થાય છે. વાસાંસિ
જીર્ણાનિ યથા વિહાય. અંદર હું તેનો તે છું. ઉપરના સોંગ જુદા જુદા છે.
અંતનો પણ હું સાક્ષી છું. આકાશને સહુ જાણે ઘેરી લઇએ છઇએ. તેથી
શું આકાશ ઘેરાય છે? તેમ હું તો કોરો છું એ વ્યતિરેક જ્ઞાને જાણ્યું.
પણ નામરૂપ છેજ નહીં. એમ અન્વય જ્ઞાને જાણવું કે ચૈતન્ય સ્વરૂપમાં
સહુ આભાસ પ્રતિબિંબ છે. તો પૂર્ણ નિર્ભયપદ પ્રાપ્તજ છે. સંસાર તો વ-
ગર કીનારા નો સમુદ્ર છે. **અહીંજ કોરો કરો તો થાય છે.** ઝાઝ લ-
ઇને તરી શકાતો નથી. અહીંનું પાણી સુકવવાનું છે. ઝાઝ કાંઇ ચાલીને ખ-
સવાનું નથી. ઝાઝ તો ત્યાંનું ત્યાંજ રાખવાનું છે. પણ બુદ્ધિરૂપી ઝાઝ પા-
ણીને ચુસી લઇ કોરૂં બનાવે. અગસ્ત્ય મુની એજ પ્રમાણે દરીઓ પી ગ-
યલા. સંસાર ખારો કરી દીધેલો. તેમ તમે પણ સંસાર ખારો કરી દો.
દરીઓ પીજાઓ. કોરૂં કરી કોરા રહો. બુદ્ધિરૂપી ઝાઝ સાધારણ ઝાઝ જેવું
નથી. કૃત્રિમ ઝાઝ તો પ્રવાસ કરે પણ જળને કાયમ રહેવા દેછે. બુદ્ધિનું
ઝાઝ તો પ્રયાસ કરે નહીં. પ્રયાસ કરતું જણાય અને તમામ જળને સોશી
લેય. કોરૂં થાય ને કોરૂં બનાવે. ઝાંઝવાંનું સ્વરૂપ દેખાડે. તપ તીર્થ પુણ્ય
ક્રિયાથી બુદ્ધિ દ્રઢ થાય છે. હોડકું તો ડુબાવે. પણ ઝાઝ તારે. તેમ મન નિ-
ર્બળ હોય તો તેને સબળ બનાવવું એ પ્રથમ જરૂરનું છે. કે ખડક મો-
જાંથી ડગે નહીં. અને સદા સત્માર્ગેજ પ્રવર્તે. બુદ્ધિરૂપી વેલી દૈવી સંપદ
જળથી ફુલે છે. ક્ષમા આર્જવ આદિ ગીતાજીના અધ્યાય. ૧૬ માં દૈવી સં-
પદ ગુણો કહ્યા છે. બાકી અજ્ઞાની તો તુચ્છ બાબતમાં પણ નષ્ટ થાય છે.
સિંહ નિર્બળ થયો હોય તો તેને ગીધ પણ ખાઇ જાય. **"હાથી કીચડ-
માં પડે તો દેડકો પણ તેના માથાપર ચડી બેસે છે."** માટે જે
દેશ જવું હોય તેનો માર્ગ પકડી ખંતથી તેમાં ચાલવું. **આડા અવળાં
રઝળવું નહીં.** ઉલટા જઇએ તો દૂર જતા જઇએ. માટે પ્રથમ તો માર્ગ
જાણવો. અને પછી તેમાં ક્રમણ કરવું. ચિંતામણી સહુમાં શ્રેષ્ઠ છે. તે હાથ
લાગે તો પછી બીજી શું ઇચ્છા બાકી રહે? સર્વ છે તો ઇચ્છા શાની?
વિવેક જળ પડે તો બુદ્ધિ ખીલે. કલ્પવૃક્ષમાં બધુંએ છે. તેમ આત્મા-જ્ઞા-
નમાં સપૂર્ણ ફળ ભરેલાં છે. સમ્યક બોધ પાર કરે છે. જાણીતો ભોમીઓ
જોઇએ. ધર્મગુરૂ ઉપદેશક તો છે. પણ તેને પોતાને જ્ઞાન જોઇએ. નહીતો
ગુરૂ કલ્યાણ શું કરે? અલ્પબુદ્ધિ સન્માર્ગે દોરાય તો છોટી હોડી પણ નદી
તરાવે. આત્મબુદ્ધિ રૂપી લોહ બખતર એવું છે કે તેમાં દુઃખ પેશી શકે
નહી. આત્મરૂપ સૂર્ય અહંકાર વાદળથી ઢંકાયાની ભ્રાંતિ છે. પોતે પોતાની

બારી બંધ કરીને કહે છે કે બહાર સૂર્ય ઉગ્યો નથી. પણ પવન જેમ વાદળાંને ધસડી લઈ જાય તેમ બોધ અજ્ઞાનને દૂર કરી સ્વરૂપ સૂર્ય દેખાડે છે. ખેડુત જમીન ખેડે છે. નીંદણુ કાઢી નાંખે છે. બી રોપે છે. પાણી પાય છે. રક્ષણુ કરે છે. તો ફળ મળે છે. તેમ મનરૂપી જમીનમાંથી દુર્ગુણોનું નિંદણુ દૂર કરી નિર્મળ કરો. શાસ્ત્ર ગુરૂ ઉપદેશનું બીજ વાવો. પાણી નિરંતર અભ્યાસ તથા વૈરાગ્યનું પાવો. વિઘ્ન પક્ષીઓથી રક્ષણ કરો અને આત્મ સ્વરૂપ ફળ ચાખો.

તા. ૩૧-૮-૧૩.

૨૫. ભાવાભાવ ત્યાગ.

ન મેં હું. ન જગત હે. એ ભાવના દ્રઢ કરવી. સ્વપ્નનો વિચાર કરવો. ત્યાં સ્વપ્ન જોનાર આપણે નથી. પણ સ્વપ્નમાં જેને હું કહીએ છીએ તે છે. એટલે સ્વપ્ન દ્રષ્ટા છે. દ્રષ્ટા દ્રશ્ય એવા ભેદ જણાય છે પણ વાસ્તવિક ત્યાં કશું નથી. અધિષ્ઠાન સત્ય જે પથારી પુરૂષ તેને તો સ્વપ્નની ખબર પણ નથી. સ્વપ્નના જીવ સ્વપ્નને જોય છે. સ્વપ્ન ખોટું તો તે જીવ ખોટા. છે નહીંતો કલ્પના શેની ઊઠે! ન નાસ્તિ હે. ન અસ્તિ હે. એ સર્વ કલ્પનાના ધર છે. માટે એ રહીત જે છે તે છે. વ્યવહારિક "છે" થી વિલક્ષણ પરમાત્માનું છે પણું જાણવું. કેમકે "છે" નથી ના આધારમાં છે. અને "નથી" કલ્પિત છે. ઉપરની દ્રષ્ટિથી જોડકાં જુદા દેખાય. પણ વાસ્તવિક એકજ છે. શંકરની મૂર્તિ સ્ત્રી પણ નથી, પુરૂષ પણ નથી. પણ સ્ત્રી પુરૂષ બે નથી. છે એકજ. તેમ એકજ વસ્તુ બે અંગે દેખાય છે. પણ દ્વૈત થતું નથી. શીવ પાર્વતીની મૂર્તિથી પણ એ દ્વૈત અદ્વૈતની વાત સમજાય છે. સત્તામાં "છે" "નથી" નો અભાવ છે. "છે" "નથી" ભાસ છે. ગ્રહણ ત્યાગ બુદ્ધિ થવી એ મનનું તોફાન છે. મનનું સ્વરૂપ દેખાતું નથી. વાયુનું સ્વરૂપ શું? વાયુ ગતીથી જણાય છે. ગતિ રહીત થાય તો વાયુ કયાં છે? મન એટલે ગ્રહણ ત્યાગ ભાવના. તે મટે તો મન અમન છે. મનનું સ્વરૂપ કયાં રહ્યું? અને એજ બંધનનું કારણ છે. વસ્તુમાં સત્યબુદ્ધિ ન હોય તો બંધન નથી. ઇંદ્રિયોના વિષયોમાં ગ્રહણ ત્યાગ બુદ્ધિ થાય છે. વિષયનો પ્રકાશ કરવો એજ ઇંદ્રિયોનો ધર્મ છે. મન પ્રીતિ અપ્રીતિ કરે છે. કાન તો સ્તુતિ નિંદા સાંભળશેજ. કેવળ ઇંદ્રિયો બંધન કરતી નથી. મન ઇષ્ટ અનિષ્ઠ બુદ્ધિથી બંધાય છે. તટસ્થ જોયાં કરો તો કાંઇ હાની નથી.

રસ્તે આપણે આંખ મીચીને જતા નથી. ગાડી ઘોડા કંઇ કંઈ રસ્તેથી જાય છે. (અનુ. પ્ર.). તેના ઉપર ધ્યાન પણ કરતા નથી. પણ જેનાપર દ્રષ્ટિ બેઠી કે મન ચોટયું. પુસ્તકમાં સ્તુતિ નિંદા વાંચીએ છીએ તેની શું અસર છે? પણ પોતાની સ્તુતિ નિંદાથી મન વેગવાળું બને છે. સ્તુતિ નિંદા બેઉને ત્યાગીને જે શેષ રહે તેમાં રહો. તે સ્થીતિ અનુભવે જણાય. ગ્રહણ ત્યાગ છોડયા પછીની સ્થીતિ ઉત્તમ છે. એ સ્થીતિ સ્વસંવેદ્ય છે. બીજા બહારથી કલ્પી લે છે. કેટલાક અતિ શેક મનમાં રાખે પણ બહાર જણાવા દે નહીં. જેવા કે દક્ષિણી અંગ્રેજ લોક. કામ ક્રોધ લોભ મોહ મત્સર આદિ સ્થીતિ પોતે પોતાની જાણે. સામો અનુમાનથી બાહ્ય ચિન્હથી જાણે. નિદ્રા-જાગ્રતાદિ સો સૌની જાણે. પણ પોતાનાપરથી અનુમાન કરે કે બીજાને પણ એમજ હશે. કોઇ આંખ મીચી પડી રહે અને જાગતો હોય. કોઇ ઉઘાડી આંખ છતાં ઉંઘતો હોય. જેને સ્વપ્ન આવ્યું નથી તે સ્વપ્નની વાત શું જાણે! નિદ્રાનું પણ તેમ. કુંવારી છોકરીને તેની યુવાન બેનપણી ઢીંગલા ઢીંગલીની રમત શું સમજાવે ! સંતોષ. ગ્રહણ ત્યાગ બુદ્ધિ જાય છે. "પ્રાપ્ત છે તે છે." હું તો અલ્પ છું. પાછલા ક્ષણ ગયા તેની તથા આગલા ક્ષણની ખબર નથી. આંખો છતાં આંધળો છું. અંધારામાં ઝીણો દીવો લઇ ફરીએ છીએ. આંખો છે, પણ બધે અંધારૂં છે. સળી પકડી ચાલ્યો જાઉં છું. એમ આયુષ વ્યતીત થાય છે. માબાપ ગયા તે ગયા. તે શું પાછા આવશે ? એકવાર પણ મળવાના ? પત્તાજ નથી. ભવિષ્યની પણ ખબર નથી. કાલની વાત તો રામજી જાણે. સળગતી બત્તિએ પ્રવાસ કરીએ છીએ. તેમાં અંધારામાં સારા સાર લાભા લાભનો જરા વિચાર કરવાની મારી શું યોગ્યતા? પરમેશ્વર જે સમયે જે આપે છે તે મારા હિતને માટે નીજ સ્થીતિ છે. હું તેની અપ્રીતિનો પાત્ર નથી. ભગવત કરે તે ભલી. જવાનું હશે તે જશે અને રહેવાનું હશે તે રહેશે ને થવાનું હશે તે થશે અને ન રહેવાનું હશે તે રહેશે ? થવાનું હશે તે થશે. " પ્રભુને ગમે તે સમે." પરમેશ્વર પર પૂર્ણ વિશ્વાસ સમતા ભાવ નથી ત્યાં લગી અદ્વૈત, માત્ર વાણીમાંજ છે. મેઘ નષ્ટ થયા વિના ચાંદનીની આશા નથી. મનમાં માનીએ કે ચંદ્ર છે. પણ વાદળાં ખસે તો ચાંદનીનો લાભ મળે. રાગ દ્વેષના વાદળાં ખસે તો આનંદ, અનુભવ થાય. મન લોલુપ (આસ્તિક) રહે તો સમતા નહીં. વસ્તુમાં નીરસતા આવે તો ઉપરામ થાય. પુત્ર ધન સ્ત્રી ઘર દેહાદિ નાશવંત છે. કોઇ મને સુખરૂપ નથી. કેવળ મનનો ધર્મ છે. વસ્તુ તેજ છે. રસરૂપતા વાળાને અટકાવે તો દુઃખ લાગે. છોકરાને મેળો કે નાટક જોવા ના પાડો. વસ્તુ તેજ છે. તમારૂં મન વળશે. છોકરાને મારૂં

લાગશે. દ્રષ્ટિ ફેર છે. સમતા અને નીરસતા એ મોટા ગુણ છે. સર્વનું આદિકારણ પરમાત્મા છે. એક લોટની રોટલી, ભાખરી, એક ખાંડના રમકડાં છે. **દુઃખ મનની ચંચળતામાં છે. સુખ મનની સ્થીરતામાં છે.** સુખ શું અને કેમ પ્રાપ્ત થાય તે સમજવું જોઇએ. સૌ સુખ શોધે છે: પણ સાધનને ફળરૂપ માને છે. ભોજન સુખરૂપ નથી. પણ ક્ષુધાની નિવૃત્તિ સુખરૂપ છે. પુણ્ય ક્રિયા કષ્ટરૂપ છે. પણ તેનું પરિણામ સુખરૂપ છે. તેથી પુણ્યક્રિયા સુખરૂપ મનાય છે. દ્રવ્ય બહુરૂપી છે. તેથી બહુરૂપી બહુ મોહ કરે. અન્ન તો ખાવામાંજ આવે. પણ દ્રવ્યતો બહુરૂપી. તેમાંથી ઘર સ્ત્રી વસ્ત્ર સહુ બને. દ્રવ્ય કંઇ સ્વરૂપે પ્રિય નથી. સાધન રૂપે છે. દ્રવ્યતો બીજે દરજ્જે સાધન છે. અને અનાજ તો પ્રથમ સાધન છે. મનની શાંતતા કોઇ પણ રીતે પ્રાપ્ત થાય તો સુખ છે. ઇચ્છાથી સુખનો ભંગ થાય છે. ૧. ઇચ્છા ૨. પ્રયત્ન. ૩ સુખ, આશામાં આનંદ છે. પણ આશા તૂટેથી તેટલુંજ દુઃખ છે. જે સુખનો પ્રયત્ન કરે છે, તે ઇચ્છા કરે છે તેથીજ તે સુખને બાધું કરે છે. ગમે તેમાં સુખનો આરોપ કરીને તેને વળગી ક્ષણીક સુખાનુભવથી આનંદ માને છે. બાકી સુખતો અંતરૂ રહ્યું છે. આપ તું તૈયાર છે. બહાર શું કામ ભટકે છે ? વિષયોથી શાંતિ નથી. વિશેષ અશાંતિ થાય છે. અગ્નિમાં નાંખેતો જરા હોલવાતો દેખાય પણ અંતે વધારે દીપે છે. "ઇચ્છા ન થાય તો ઠીક" એ પણ ઇચ્છા છે. ઇચ્છા અનિચ્છાની ઇચ્છા નહીં કરવી. અછોડા છોડી ઉભા રહેવું. કનકવો ગમે ત્યાં પડે. અંકુશ છોડી દો. થયા પછી પણ કલ્પના નહીં. સંકલ્પનો સંકલ્પ કરવો નહીં. ગોથ મારો. લોટાવો. પણ પછી એની મેળે અચળ થશે. નહીંતો નીચે ઉતારો. આગળ મુકો તો પણ હલાવી આચકા મારવા પડે. આખરે અછોડા છોડેથી બળદ પણ ઉભા રહી જાય. આ અથોટી જ્ઞાનીને પ્રાપ્ત થાય છે. સર્વત્ર બ્રહ્મદ્રષ્ટિ વ્યાપે. રાજાના અંતઃપુરની પટરાણી અને ઇંદ્રાણી જેમ પશુને સમાન છે.

તારીખ ૧-૯-૦૩.

૨૬. આદિ સંકલ્પ.

જેને નીરસતા તથા વૈરાગ્ય ઉત્પન્ન થાય છે, તે ગમે તેવા ભોગોથી ચલાયમાન થતો નથી. દેહાભિમાનથી રહીત થાય તેને તત્વજ્ઞાન થાય છે. સ્થૂલ સુક્ષ્મ ને કારણ શરીર મધે કારણ શરીર બી છે. જેમ વૃક્ષનું બી

માનવામાં આવે છે પણ બી વૃક્ષની તળે જણાતું નથી. તેમ કારણ શરીર પણ જણાતું નથી. સૂક્ષ્મ શરીર સત્તર તત્વનું છે. જે મન જ્ઞાન શક્તિ તથા ક્રિયા શક્તિ સહીત હોય તે સૂક્ષ્મ શરીર કહેવાય. સર્વે તત્વ મનથી ચાલે છે. તેથી મનં પ્રાધાન્ય છે. તેથી મનને સૂક્ષ્મ શરીર કહીએ તો ચાલે. મન અને પ્રાણ જૂદા પડતા નથી. પ્રાણથી મનને જૂદું શોધીએ તો જડતું નથી. ઉપનિષદ્‌માં એ વાત લખેલી છે. અંતઃકરણ જ્ઞાનાત્મક હોય ત્યારે મન કહેવાય છે, અને ક્રિયાત્મક હોય ત્યારે પ્રાણ કહેવાય છે. જગતમાં સઘળું ચક્રાકાર છે. કાર્ય કારણતાંનો નીયમ નથી, તેથી પહેલું કોણ તે કહી શકાતું નથી. જો કે મનની ઇચ્છા વગર પ્રાણ ચાલે નહીં. સઘળી એક આદિ સંકલ્પની આજ્ઞા છે. શક્તિનું કાંઈ સ્વરૂપ હોતું નથી. શક્તિ કાર્ય દ્વારા ઓળખાય છે. કોઇનામાં ઊંચકવાની શક્તિ હોય અથવા જોવાની શક્તિ હોય તો તે શક્તિ દેખાતી નથી. પણ તેટલો બોજો ઉંચકી દેખાડે અથવા વસ્તુ તેને દેખાય ત્યારે તેની શક્તિ માલુમ પડે છે. શક્તિ ઇંદ્રિય અથવા મનનો વિષય થઇ શકતી નથી. શક્તિ અને સત્તા, પ્રકૃતિ અને પુરૂષ, માયા અને બ્રહ્મ એકજ છે. શક્તિ અલૌકિક છે. પણ તેને આશ્રય જોઇએ. અને આશ્રય શક્તિ વગરનો હોય તો તે નિરર્થક છે. સ્થૂલ શરીર અને સૂક્ષ્મ શરીર જેને વિષે અભાવને પામે અને જેમાંથી નીકળે તે કારણ શરીર છે. અને તે દેખાય નહીં. કેમકે તેને જોનારૂં મન તો તેમાં લય પામેલું છે. કારણ શરીર રૂપી અજ્ઞાન મનનો વિષય નથી. અજ્ઞાન વિષયને છોડીને રહે નહીં, જ્ઞાન નિર્વિષય સ્થીતિમાં રહે. અજ્ઞાનને વર્તમાન કાળ નથી. જે ઇંદ્રિય તથા મનથી જણાય તે વર્તમાન કાળ. ભૂત કાળમાં અજ્ઞાન છે. તે અનાદિ છે, પણ દેખાતું નથી. અનાદિ છે, પણ સાંત છે. એટલે અંતવાળું છે. માયા અંતવાળી છે. જ્ઞાન થયા પછી અજ્ઞાન મુવેલું જોવામાં આવે છે. અજ્ઞાન જીવતું જોવામાં આવતું નથી. અને અજ્ઞાન મરે છે ત્યારે કહીએ છઇએ કે હતું. પણ પ્રત્યક્ષ જ્ઞાનનો અભાવ હોય છતાં પરોક્ષજ્ઞાન હોય તો તે અજ્ઞાન નથી. તે વૃત્તિ જ્ઞાનનો વાંધો છે. અજ્ઞાન બીજ રૂપે કારણરૂપે કલ્પના છે. બી કહાડે તો પછી ઝાડ ઊભું રહે તો પણ રસ સુકાતાં નષ્ટ થાય છે. તત્વજ્ઞાની બી અને મૂળીઆં બાળી મુકે તો પણ પ્રારબ્ધનો રસ સુકાય ત્યાં સુધી તેનું શરીર રહે છે. માત્ર તેનું સંચિત બળી જાય છે. અજ્ઞાન ઉપાદાન કારણ નાશ થાય તો પણ સ્થૂલ સૂક્ષ્મ રહે છે. નવી પુષ્ટિ નહીં મળે તોપણ બનેલું કાર્ય જોવામાં આવે છે. ઇંદ્રિયોના કાર્યોમાં મન ખોટો અહંકાર કરે છે. જોય છે આંખ

ને કહે છે કે હું જોઉં છું. ગાડા નીચે કૂતરો ચાલે તો શકટનો ભાર જેમ આમ તાણે તેમ હાંકનાર ખેંચનાર જુદા છે છતાં હું કરૂં છું એમ મન માને છે. ભૂખ તરસ પ્રાણના છે. અને પ્રાણ ધરાય છે. તે છતાં મન પોતે હું પણું માને છે. મનના ધર્મ પણ એજ પ્રકારે છે. છતાં હું સુખ ભોગવું છું, હું દુઃખ ભોગવું છું, એમ સ્થૂલનું સૂક્ષ્મનું અભિમાન થાય છે, અને તેથી આત્મા ઉપર ઢાંકણા દેવાય છે. અને બીજા બહારના અહંકાર બાપપણું પતિપણું એ તો જુદા. જે સામો આવે તેવી તેની ભાવના ચોંટે છે. શત્રુ રૂપે આવે તો પોતાનામાં શત્રુપણાનો અહંકાર થાય છે. એવીરીતે સંગ તેવો રંગ અભ્યાસે ચોંટી જાય છે. તેથી વિષમ બુદ્ધિ થાય છે. માટે સામાની ભાવનાનું ચિત્ર પડતું ભુંસી નાંખવું. પોતાના અહંકારથી સામામાં ફેર જણાય છે. બાકી સામાનામાં કંઇ નથી. ઇચ્છા અનિચ્છા ગ્રહણું ત્યાગ તજે તો દેહાભિમાન જઇ નિર્ભયતા થાય. રોગ, મરણ, વિયોગ એ તો દેહના ભય છે. અને જેને "દેહની ઉપેક્ષા" તેને ભય જતો રહે છે. સૂક્ષ્મ દેહ તેજ મન, અને તેને પણ સ્વર્ગ નરક વગેરેના ભય છે. મન અચળ થાય, વિષયો નીરસ થાય તો દૃઢ બોધ થશે. અને ડર થા સો ડાલ દીયા, એમ સમતા તથા નિત્યપણું ઉત્પન્ન થાય તો આરસાના ઓરડાની પેઠે આત્મ દૃષ્ટિ જાગ્રત થાય. સ્વપ્નમાં હજારો કાર્ય કરીએ પણ જાગીને જોઇએ ત્યારે જાણીએ કે કાંઇ કીધું નથી. કોઇનો ઘાત કર્યો હોય તોપણ મનમાં નિશ્ચય છે કે એતો સ્વપ્ન હતું. અન્યની દ્રષ્ટિમાં ઇષ્ટ અનિષ્ટ છે. તેમાં સમાનતા કરવી એ સહેલું છે. રાજદરબારમાં કોઇ રાજા કોઈ નોકર એમ ઉંચા નીચા દરજ્જાના લોકો ભરાયલા છે. ત્યાંથી ચકલીઓ ઊડી જાય છે. તે રાજા પર કે નોકર પર કોઇ પર દ્રષ્ટિ પણ કરતી નથી. કેમકે તેને કોઇ ઊંચ નીચ નથી. તેને દ્રવ્યની કદર નથી તો દ્રવ્યથી થતા ઊંચા નીચા પણામાં ફેર જોવાની શું જરૂર ? ગાયને એક પાસ સોનાનો ઢગલો મૂક્યો હોય ને બીજી પાસ ભાતનો ઢગલો મૂક્યો હોય તો તે ભાત ખાશે, અને સોના પર કદાપિ પોદળો મુકશે. માટે સુવર્ણતા માણસોએ માનીને ઊભી કરેલી છે. સંકલ્પ પર સંકલ્પ નહીં કરવો એનું નામ નિર્વિકલ્પતા છે. શ્રી શંકરાચાર્યને ભગંદરથી અતિ કષ્ટ હતું; જો કે તે જગદગુરૂ હતા. જ્યારે ભોગ દુઃખ આવે ત્યારે માણસ ભોગ રૂપ દુઃખરૂપ બની જાય છે. ઉત્તર ક્ષણની કલ્પના નહીં કરીએ તો આનંદ છે. ન ફિકરા સાંઢ ને શી ઉપાધિ છે! સમજીને નિવૃત્તિ રાખવી એ જ્ઞાનીનું લક્ષણ છે. સદા ધૈર્ય રાખવું. ભય આવે ત્યારે તો ભોગવવામાં આનંદ છે. આવતાં પહેલાં ભય છે.

સમજાયા પછી શું ભય ? બીજા કલ્પના ભલે ઉઠાવે આપણે તો સિદ્ધાંતનું બળ, સત્યબળ, એજ નિશ્ચય રાખવો. હાથ પગને મારશે એવો ભય નથી. દાંતની વચમાં જીભ પડી રહી છે તોપણુ બીહીતી નથી. કેમકે આત્મતા છે. એકતા છે. કોણુ કોને મારશે એ વિસ્મય વારતા છે. જેમ ઢોરને કહીએ ને તેને કંઇ સાંભલવાનું ભાન નથી. તેમ કોઇ અવધૂત ને કહીએ કે અહીં આ દરમાં સાપ છે માટે આ જગાપર સુશો નહીં. સુશો તો આવીને તે તમને કરડશે. તો એ સાંભળીને તેને કંઇ તેની દરકાર નથી. કદાપિ તે સુશે અને સાપ નીકળશે તો તેની આસપાસ ચકરડા ફરીને સાપ ચાલ્યો જશે. આત્મદૃષ્ટિનો પ્રભાવ એવો છે કે સર્વ વિઘ્ન દૂર થાય. બીજા અનુષ્ઠાન સિદ્ધ થાય કે ન થાય, પણ આત્મદ્રષ્ટિ એવી છે કે શત્રુ હોય તે મિત્ર થાય. સૌને સુખી જોવામાં આનંદ માનજો. જીંદગી સુધી ખૂટે નહીં એટલા દ્રવ્યથી સંતોષ કરે તો થાય. તો પછી આત્મારૂપી ધન કે જેનો કદિ વિયોગ નથી, તેમાં સંતોષ થાય એમાં તો શી નવાઇ? મૃદુ ભાષણ કોનું નામ કે જે હિત મિત અને સત્ય છે.

તા. ૨-૫-૦૩.

૨૭. યોગ.

સંસારના પદાર્થ તરફ મન દોડે છે. માટે વૈરાગ્યથી મનને ઉપદેશ આપી પદાર્થ તરફ જતું ઉલટાવી પાછું ખેંચવું જોઇએ. જેમ પાણીની વચમાં માટીની પાળ બાંધેથી પાણી રોકાય છે. અને તેનો વેગ અટકે છે. તેમ જગતથી મનની પાળ આત્મભાવ પ્રકાશમાન કરવામાં ઉપયોગી છે. જગતનું અત્યંત મિથ્યાત્વ જાણી હું દેહધારી મિથ્યા છું એ દૃઢ નિશ્ચય થી વાસના મટે છે. સંસાર સમુદ્રમાં વાસનાનું જળ છે તેમાં ચિંતારૂપી જાળથી તૃષ્ણાવાન જીવરૂપી મચ્છ ફસાય છે. બુદ્ધિ રૂપી ચપ્પુ વિચારરૂપી પથ્થરપર ઘસેથી તીક્ષ્ણ થાય છે. અને ચિંતાની જાળને કાપી નાંખે છે. સંસાર વૃક્ષનું બીજ મન છે. મનને સ્થીર કરવાના બે માર્ગ છે. ૧. પિપીલિકા માર્ગ. અને ૨. વિહંગમ માર્ગ. પિપીલિકા એટલે કીડી વૃક્ષપર ધીમે ધીમે ચડે છે. અને વિહંગ એટલે પક્ષી એકદમ ઊડીને જાય છે. તેમ જ ઉપાસના શ્રવણ મનન નિદિધ્યાસનથી મોક્ષ માર્ગે જવાય છે. અને કોઇને પૂર્વના સંસ્કારથી એકદમ મોક્ષ મળે છે. આધિ વ્યાધિ ઉપાધિથી રહીત થવાય છે. મનનું મનનથી છેદન કરી શકાય છે. લોહથી હીરો કપાય

નહીં. હીરો હીરાને કાપે. તેમ મનન મનને છેદે છે. સંસાર વહાલો લાગે તેજ મનને દૂષિત કરી ફસાવનાર છે. સંસારનું અસત્ય જાણવું તે માટે આ આપણો જન્મ છે. સુખ ભોગવવાને માટે નથી. જો માત્ર સુખ ભોગવવાને માટે હોત તો મનુષ્ય દેહ દુર્લભ ગણાત નહીં. અને પશુ પક્ષીનો જન્મ ઉત્તમ ગણાત. કેમકે મનુષ્યને જન્મથી મરણ સુધી ચિંતા છે. તે છતાં મનુષ્ય દેહ ઉત્તમ ગણાય છે. કારણ કે માત્ર મનુષ્ય દેહ મોક્ષનું દ્વાર છે. અને તે વૈરાગ્ય ઉત્પન્ન કરવાને માટે છે. દેવના શરીરથી સ્વર્ગાદિ સુખ માત્ર મળી શકે છે. પણ મોક્ષ મળતો નથી. અને સ્વર્ગાદિ મળે છે તે પણ શ્રમથીજ ફળ પ્રાપ્તિ છે. મનુષ્ય દેહ સંસારમાં પડવાને માટે નથી. પણ સંસારમાંથી છૂટવાને છે. થઇ ગયું તે થયું, ને નવું થશે તે થશે. પાછલાને યાદ કરવું નહીં. ને આગળ થનારની ચિંતા રાખવી નહીં. કોઇને સ્વપ્નમાં રાજ્ય મળે તો તે જાગીને રડતો નથી કે મારૂં રાજ્ય જતું રહ્યું ને હવે પાછું કેદાડે મળવાનું ? કેમકે તે જાણે છે કે, ખરેખરૂં રાજ્ય મળ્યું જ નથી. તેમ સર્વ સ્વપ્ન માત્ર બનીજ રહ્યું છે. તો પછી ચિંતવન શાનું કરવું ? આ સંસાર માયાનું ચિત્ર છે. આ દેહ હું મારા નો એટલે અહં મમ નો મળ છે. અને તેથી સંસાર ભાસે છે. અને સંસાર દુઃખદેવા સમર્થ થાય છે. અંતરથી મૂળ કહાડી નાંખો. બહારના ઉચ્ચાર એકલા કંઇ કરી શકવાના નથી. ઉપલક ક્રિયાથી કંઇક આરામ ભાસે પણ અંતરથી દબાયું નથી ત્યાં લગી પાછું ઊઠવાનો સંભવ છે. માટે જાણવું કે સર્વ કાંઇ હું જ છું. રાજ્ય આવે તો રાજ્ય કરો. પ્રમાણિક પણે જે કરશો તેમાં કાંઈ બગડી ગયું નથી. બોજારૂપ જાણવાની જરૂર નથી. વકીલનો ધંધો નહીં થાય કેમકે એમાં ખટપટ બહુ છે એવી શંકા કરવાની નથી. કારણકે તું તારે પ્રમાણિક પણે થાય તેમ કર્યો જા. એમાં શું બગડી જવાનું છે કે ગભરાય છે ? જેની જોડે તું સંબંધમાં આવે તે તેની રીત પ્રમાણે ભલે ચાલે. તું તારે તારી સ્વતંત્ર પ્રમાણિક રીતે ચાલ. મત્યતા જાણી ગભરાય છે શામાટે ? સ્વતંત્રતાનું ડોળ ઘાલી ઉદ્ધત થઇશ નહીં. પ્રમાણિક નહીં છતાં પ્રમાણિક કહેવડાવવાનો દંભ કરીશ તો હાંસીને પાત્ર થઇશ. સંસારમાં કોઇ પણ ઉધમ બોજારૂપ નથી. જે ઉધમ આવી મળે તેમાં આનંદ માની ઉધત રહેવું. શીરો કે સૂકો રોટલો જે મળે તેમાં સંતોષ રાખવો. કે જેથી ભોગ લેતાં આસ્થા બંધાય નહીં. અભ્યાસે આસ્થા બેસી જવાનો ભય છે. શરીરના અભ્યાસથી મનને આસ્થા થાય છે. મન તેની [illegible] કર્યા કરે છે. માટે તિતિક્ષાની જરૂર છે. સુખદુઃખ સહન કરતાં શીખવું. શરીર

નહીં નીભતુ હોય તો પણ મનની હીંમત હોય તો શરીર કસાય છે. શ્રીમતની તિતિક્ષા માટે વ્રતો છે. તે શ્રમવાળાં છતાં ઊલટાં ઉલ્હાસ ભરેલાં હોઇ શોભારૂપ છે. અને તેથીજ શાસ્ત્રની જુગવીથી વ્રતો થયા છે. નહીં તો અર્જુનને કાર્પણ્ય થયું તેમ થાય. રાજાઓ મૃગયાની ટેવ પાડે છે. એકાદશી ભોજનમાં ફેરફાર માટે છે. જેણે ષટ્ સંપત્તિ સાધ્ય કરી છે તેને સર્વ સુગમ છે. જગત રાજ્ય કાયમ રહે એવી આસ્થા ન કરો. આકાશમાં સર્વ પદાર્થ આવે છે પણ આકાશ તેમાંના કોઇને કોટે બાંધતું નથી. સ્પર્શ કરવાનો તેનો સ્વભાવ નથી. પણ વાયુ જેને અડકે તેનો સંગ લઇ લેછે; તે વિષ્ટા હોય કે પુષ્પ હોય. પરંતુ આકાશ વિષ્ટા પડી રહે તેને પણ અડકે નહીં. માટે કહ્યું છેકે " સંસારથી સરસો રહે ને મન મારી પાસ." પથ્થરની દ્રષ્ટિમાં ઊનુ ટાઢું છેજ નહીં. માટે હું મહેશ્વરની સંજ્ઞા છું. શરીર ઇંદ્રિય પ્રાણ મન હું નથી. શરીરાદિનો પ્રકાશક અજન્મા નિત્ય ચૈતન્ય હું જ છું. હું ઇશ્વરને ઉત્પન્ન કરવા વાળો છું. આકાશ પોતાને ખરડાયલું સમજે તો તે તેની ભ્રાંતિ છે. ઘડામાં તેલ ભરીએ તો ઘડામાંનું આકાશ ચીકણું થયું લાગે. પણ આકાશ તો ચીકણું થવા ધારે તો થઇ શકે એમ નથી. અને આકાશમાં તો વાયુ વગેરે બીજાં તત્વ છે; પણ મારાથી ભિન્ન કોઇ વસ્તુ જ નથી. તો તે વસ્તુઓ રૂપે હું જ અંતર બહાર છું. જે સંસારથી ભુલાવો ખાઇ હું જીવછું, સંબંધી છું, એમ સત્ય માની આસક્તિ કરે તેને વિકારો થાય છે. હર્ષ શોક ભય થાય છે, તે પરાધીન મનથી થાય છે. સત્તાસ્પર ઢાંક પીછોડાના આકારો છે. આકારનું સ્વરૂપ શું છે? સર્વ આકાર આકાશમાં થાય છે. ચૈતન્યમાં દ્રશ્ય અદ્રશ્ય થાય એ માયા શક્તિ છે. કાગળના બીબાં આકાશને ઊઘાડું કરે છે અને ઢાંકી રાખે છે. ઢાંકેલુ ઊઘાડવું એજ કર્તવ્ય છે. એકનું અનેક પણું માયાથી થાય છે. સાંજીના દીવસમાં કાગળમાં વાઘ કોતરી બીબું ધરી તેમાં રંગ પુરીએ તે રંગ નીચે પડે છે. એટલે સફેત યા કાળી સલંગ જમીન પૂરી હોય તે એક છે તેના પર અનેકપણું થાય છે. કેમકે કેટલોક ભાગ રંગથી ઢંકાયલો છે અને કેટલોક ઊઘાડો છે. જેવો કોતરેલો કાગળ તેમાં તેવાં ચિત્ર દેખાય. વાઘ કોતર્યો હોય તો વાઘ દેખાય. પણ તે કંઇ વાઘ નથી. તે તો માત્ર રંગ વાઘના આકારમાં ગોઠવાયલો છે. તેમજ માણસ કોતર્યો હોય તો માણસ દેખાય. કંઇ જાણવું, નહીં જાણવું, એમ વગર આવરણનું આવરણ થાય છે. છે તેને નથી કહીએ છઇએ. કેમકે 'નથી' કહેવામાં આવે છે ત્યાં પણ શુદ્ધ ચૈતન્ય છે. કોઇ ઢંકાય તો કોઇ ઉઘડે. કોઈ ઊઘડે તો કોઈ

ઢંકાયેલ સત્. ચિત આનંદ ત્રણે ખુલ્લા જુવો. એક દેખાશે અને બે ઢાંકયા રહેશે. બે દેખાશે ને એક ઢાંકયો રહેશે. એમ પરમ્યુટેશન અને કાંબીનેશન થાય છે. બાકી પૂર્ણ તો પૂર્ણ જ રહે છે, તો ઢંકાયું એ પણ કહેવા માત્ર જ છે. ઊંચા કિલ્લાપર ઉભા થવાથી આકાશને સંકોચ નથી. તેની દ્રષ્ટિમાં કોઇ ઘૂસતુંજ નથી. પરમાત્માને ખબર પણ નથી કે મારામાં વિશ્વ છે, કે નહીં. ભલે આખું વિશ્વ પોતામાં પડી રહે. એક સ્ત્રી પુરૂષ દંપતી ચાલ્યા જતા હતા. સંસારની મોહ માયા છોડી વિરક્ત થઇ વનમાં જવા નીકળ્યા હતા. ઘરબાર પૈસો ટકો તજી નીકળ્યા. રસ્તામાં કાંઇ સોનૈયો પડયો હતો. સ્ત્રી સોનૈયો દેખી તે ત્યાં પડયો રહેવા દઇ આગળ ચાલી. પુરૂષે તેના ઉપર ધુળ નાંખી તે પણ આગળ ચાલ્યો. સ્ત્રીએ પૂછયું તમે મારેથી આગળ ચાલતા હતા તે શું કરવા પાછળ પડયા છો? પુરૂષે કહ્યું આ સોનૈયાપર ધુળ નાંખું છું, સ્ત્રીએ કહ્યું હજી આપણી સમજણપર જ ધૂળ પડી સમજાય છે. ત્યારે તમે હજી એને સોના રૂપેજ દેખો છો કે શું? એના ઉપર ધુળ નહીં નાંખો તો શું બગડી જશે? સોનૈયો ભલે પડયો રહે તે શું નડે છે? તેનાપર મમત્વ ન રાખો એટલે બસ છે. ઘરબાર પૈસો ટકો છોડો તો ખોટું નથી. પણ સર્વે રિદ્ધિ છતાં જો મમત્વ ત્યજી દેવાતું હોય તો તેના પર ધુળ નાંખી તેને દાટવાની કે ફેંકી દેવાની કંઇ જરૂર નથી. તમે સોનું અને ધુળમાં ફેર દેખો છો. જનાવરને મન સોનું અને ધુળ એકજ છે. તે તો દાગીનાપર પગ મુકીને ચાલ્યું જાય છે. તેને તો પથ્થર નડે તેમ સોનાનો ઢગલો નડતર કરનારો થઇ પડે છે. માટે ઘરબાર ધન દોલતના બાહ્ય ત્યાગથી મુક્તિ છે એમ નથી. પણ સંસારની વાસના મનથી ઉઠી જાય તો મુક્તિ છે તે છે. જ્યાં વાસના છે ત્યાં જગત દર્શન છે. ત્યાં દેહ છે. તમાસો જોવો હોય તેણે તો કીનારે ઉભા રહી સમુદ્ર જોવો જોઇએ. વરના બાપ થઇને કંઇ પૂરો વરઘોડો જોવાય નહીં. માત્ર દોડાદોડમાં વખત જતો રહે. રાજાની સત્તા એ સ્વરૂપ છે. નોકરોમાં રાજાનું અંગ વ્યાપેલું છે. અંગ જાય તો પણ રાજાપણું કાયમ છે. પટેલ જાય તોપણ પટેલાઇની સત્તા છે. એક પટેલ જાય ને બીજો આવે. તેમ વ્યાપકપણે તો રાજાની સત્તા બની રહે છે. પણ વૈભવ લેવો હોય, અનુભવ લેવો હોય, તો રાજાપણું આરોપ કરવું પડે. માટે વિશ્વથી અલગ રહી ખુણે ભરાઇને જુવો તો આનંદજ આનંદ છે.

તા. ૩-૯-૦૪

૨૯. સ્વેચ્છા.

રોગ એ પણ ઇચ્છાનું પરિણામ છે. રોગ થવામાં તથા મોત થવામાં પણ તમારી કરેલીજ ઇચ્છા છે, ક્યારે કરી તે તમને ખબર નથી. પણ છે તમારી કરેલી. માટે હમેશાં, જો ઇચ્છા કરવી તો રૂડી કરવી. જે તાત્કાળિક દુઃખરૂપ તેનું અવાંતરે સુખ છે. માટે દીર્ઘદ્રષ્ટિ રાખવી. પારકાનું બુરું ઇચ્છીએ તો આપણું પોતાનું બુરૂં ઇચ્છયું જાણવું. અને તેનું ફળ પણ પોતાનેજ મળે. બીજાની અપકીર્તિ કરવા જતાં પોતાની અપકીર્તિ થાય છે. ભીંતપર મારેલો દડો આપણાજ અંગપર આવે છે. વધારે જોરથી મારે તો વધારે જોરથી આવે છે. માટે કોઇપર દોષ દ્રષ્ટિ કરવી નહીં. ઊંટના અઢારે અંગ વાંકાં હોય છે. તો પણ તે બીજાના એકેક અંગને જોઇ નિંદા કરે છે. તો તે દોષ પોતાના મનમાંજ છે. બીજામાં છે કે નહીં તે તો કોણ જાણે. પણ તે દોષ આપણામાં ઊભો થયા વિના બીજામાં ઊઠે નહીં. ટાઇપ આપણામાં ગોઠવાયા વિના તેનો છાપો સામા કાગળપર પડે નહીં. ફલાણો ખરાબ છે એવો સંસ્કાર આપણા મનપર પડવા દીધો એ આગળ જતાં આપણનેજ નડે. એ નેગેટીવ છબી પડી તે કોઇ સમય પણ પૉઝીટીવ રૂપે બહાર પડવાની. માટે કોઇનો સારો ગુણ જોવો. પણ કોઇનો દોષ મનમાં લાવવો નહીં. સારા નરસા ગુણ બીજામાં ભાસે તો તે દેખવા પણ તે કલેજું કોરે એમ જરા પણ અસર યા લાગણી પરત્વે ઊઠવા દેવા નહીં. આપણે તો મૈત્રી કરૂણા વગેરે રાખવા. એક વેળા સંત પુરૂષને જતાં રસ્તામાં ભંગી મળ્યો. તેનાપર ક્રોધ કર્યો કે આઘો ખસ તું ચાંડાળ જાત તારો મને સ્પર્શ થશે. ચંડાળે જવાબ વાળ્યો કે "હું તો ગમે તે હું. અને મને અડકવું, નહીં અડકવું, તમારી ખુશીની વાત છે. પણ ક્રોધ કેમ કરોછો? તમારામાં ક્રોધ જેવો ચંડાળ તો ઊભેલોજ છે. એ ક્રોધ જેવો ચંડાળ તો દુનિયામાં બીજો કોઈ ભાગ્યેજ હશે. કે જે તમારા જેવો તેને ભેટીને રહ્યો છે તેને પોતાને તે બાળે છે, એટલુંજ નહીં પણ બીજાને પણ બાળે છે." વળી પારકાના દોષ જોવાથી કાંઇ હિત નથી. ઇચ્છા એ મનનો ધર્મ છે અને વાસનાથી થાય છે. વાસના છે ત્યાં સુધી મનનું મનપણું છે. મનનું સ્વરૂપ બીજું છેજ નહીં. સાપ જોતાં ત્રાસ થાય છે. તેનાં આકૃતિ રંગ સુંદર છે. અંગ કોમળ છે. પણ વિષ બુદ્ધિ તેને અપ્રિય બનાવે છે. ડંખ ગયો તો સાપપણું ગયું. વાસનાનું વિષ દૂર થયું તો મન-

રૂપી સર્પ અમન થાય. નિરંતર જગતનું અસત્યપણું રાખી અભાવ વૃત્તિ કરવી. પણ મનુષ્ય દેવમાં વિષય સુખ છે તે સિવાય બીજું અધિક સુખ છે તે મનુષ્ય દેહથી જણાય છે. વસ્તુ સુખરૂપ હોય તો તે જોત જોતામાં દુઃખરૂપ બને નહીં. પ્રિય અપ્રિય વૃત્તિમાં છે. મોળુ છે તેને ઘરની સાકર મેળીને ગળ્યું કરીએ છઇએ. ઘી એ ગોબર મીઠાં બનેલા છે. કૂતરો હાડકું ચાટે છે. તેમાં લોહી પોતાના જડબાનું છે. હાડકું તો સુકું માંસ રહીત છે. પણ ચાવતાં જડબામાં વાગે છે. અને લોહી નીકળે છે. તે પોતાના લોહીનો સ્વાદ લઇ આનંદ માને છે. સુખ દુઃખ પશુઓને અને દેવતાઓને વિના પ્રયત્ન મળે છે. પણ મનુષ્યને તો પરિશ્રમ અને ઉદયોગ કરવો પડે છે. ચિંતાથી કોઈ મુક્ત નથી. ઘણું હોય તેને પણ વધારવાની ઇચ્છા. આવી ચિંતાવાળો જન્મ કાંઇ ઉત્તમપણું સાબીત કરતો નથી. ગધા વૈતરૂં જોઇને ઉપરામ થઇએ એજ ફળ છે. અને તેથી ઉત્તમતા છે. નહીંતો સંસારને સુખરૂપ માને તો પ્રવૃત્તિપ્રવાહની રેલમાં તણાયો વહ્યો કિનારો હાથ લાગે નહીં. કેમકે સુખ પોતાનામાં છે. બહાર નથી. ઇચ્છાથી મન બહાર ભટકતું ચંચળ રહે. અને સ્વરૂપનો આનંદ આવિર્ભાવ થાય છતાં કહે છે કે વસ્તુથી આનંદ થયો. પરંતુ જાણતો નથી કે ઇચ્છા નહીં થાય તો સુખ બનેલુંજ છે. ઇચ્છા ઊઠી કે સુખનો ભંગ થાય. અને પછી તેને ઠેકાણે લાવવાને મહેનત કરતાં ઠેકાણે આવે તો સોના સાઠ કરીને પણ આનંદ માને. તળાવનું પાણી મેલું કે હાલતું હોય તો તળીયું દેખાતું નથી. પણ નિર્મળ હોય તો તળીયું દેખાય છે. અને તળીયું તેજ સ્વરૂપ છે. વિષય સુખમાં સુખ માનનારને એનાથી અધિક સુખની ખાત્રી થાય તો એની મેળે તેના વિષય છૂટે. અખંડ સમાધિ તો કાર્યથી થવી અશક્ય છે. વિચારે બનીશકે છે. કેમકે સમાધિ ક્રિયા સાધ્ય છે. અને ક્રિયાનું ફળ અંતવાન છે. હજારો વર્ષે પણ ઉત્થાન થાય છે. અને ચંચળતા કાયમ થાય છે. ઉત્થાન દશામાં મન પાછું ભટકે છે. માટે મન તથા ઇંદ્રિયોનો નિરોધ વિચારે થવો જોઇએ. સમાધિ સાધનરૂપ છે. મનને સ્વરૂપ તરફ જાગતું કરવું એ છોકરાંને નિશાળે મૂકવા જેવું છે. અક્ષરો ધોઇને કાગળનું કોરાપણું બતાવવા કરતાં અક્ષરો સાહીના છે એમ સમજણ પાડેથી કાગળનું અસલ કોરાપણું સમજાય છે. તેમ સમાધિ નામરૂપ ધોવા માડે છે. મંદ બુદ્ધિને સમજાવવાની વાતો છે. અનુભવ પ્રકાશ જુઓ. 'છે' મુકયા વિના વસ્તુત્વ નથી. પૂર્વે હતું તો ઘટમાંથી "નહીં" થયું. એવી રીતે કે જે ઘટ હતો તે ઘટ નથી. પણ સત્તામાંથી ઘટ ઉત્પન્ન થયો. ખાંડ અને મીઠાશ સૂક્ષ્મ બુદ્ધિથી જુદાં

પડે. પ્રથક્કરણથી જૂદાં પડતાં નથી. વિચાર કરે તો જૂદા છે. ગળપણ નહીં હોય તો ખાંડ કહેવાય નહીં. પણ ખાંડના જન્મ પહેલાં ગળપણ હતું, ગોળમાં હતું. અને ગોળ પહેલાં રસમાં હતું. અને રસ પહેલાં શેરડીમાં હતું. અને શેરડી પહેલાં પૃથ્વિમાં હતું. અને પૃથ્વિ પહેલાં આત્મામાં હતું. એજ ગળપણ પાંચમી સાતમી પેઢીએ ખાંડને આધારે રહેલું છે બલકે એના આધારપર ખાંડ રહેલી છે. પણ પાણીમાં કે દુધમાં ખાંડ નાંખીએ તો ખાંડ કોણ જાણે ક્યાં જાય છે અને ગળપણ તો પાણી કે દુધમાં કાયમ રહેછે. પણ કોઇ કહેશે કે ગળપણને જૂદું પાડીને અમારી આગળ ઊભું કરો તો તે જુગતી અને વિચાર વગર બતાવી શકાય નહીં. તેમ જડ ચૈતન્ય જુદું હોય તો સમજમાં બતાવાય પણ છૂટું પાડી બતાવાય નહીં. જુવો કે પ્રથમ પ્રતીતિ સત્તાની થાય છે. અને પછી નામરૂપની થાય છે. પણ ઘોડા ઊપર સ્વારને બદલે સ્વારને માથે ઘોડો ચડાવ્યો છે. છે ઘટ એમ કહેવાને બદલે ઘટ છે એમ બોલીએ છઇએ. પુસ્તક છે તે પણ બાળી નાંખેથી ખાખ છે. અને ખાખ સૂક્ષ્મ થયેથી અભાવ છે, પણ 'છે' એમ કહીએ છઇએ, માટે છે પણું સૂક્ષ્મ હોય માટે નથી એમ કહેવાય નહીં, અને હું છઊં તો બધું છે. હું નથી તો કંઈ નથી. તેથી 'છે' એમ મારૂં સ્વરૂપ છે. દેહ પણ આત્માને આધારે છે. 'હું નથી' એવો અનુભવ કોઇને બનતો નથી. મનમાં ઊઠાવો તો છે. નહીં ઉઠાવો તો નથી. આંખ મીચો તો નથી. અને આંખ ઉઘાડો તો છે. ઉઘાડાં નેત્ર પણ મનમાં નહીં લાવો તો નથી. તમારા સ્વપ્નનો દેખાવ તમારા પાડોશીની દ્રષ્ટિમાં નથી. સ્વપ્નના વાઘથી થતો ભય, સુંદરીથી થતો વિકાર, બંને જાગ્રતમાં નથી માટે હૃદયનું જગત તેજ જગત છે. બહારનું ભલે પડી રહ્યું. તે તમને નડતું નથી. મન વ્યાપક સ્વરૂપ છે. અને પરિચ્છિન્ન સ્વરૂપ છે. માટે વ્યાપક સ્વરૂપને નજરમાં રાખવું. 'કાશી'નું સ્વપ્ન આવે ત્યારે મન કાશી જતું નથી. પણ મનમાં પેઠેલું 'કાશી' પ્રતીત થાય છે. સંપૂર્ણ જગત મારે વિશે રહેલું છે. એ અદ્વૈત બ્રહ્મ હું છું. એમ નિશ્ચય થવો જોઇએ. ગધેડાને સાબુ ઘસીને ઘોડો બનાવાતો નથી. અને તમે કંઇ પણ બનશો તો કૃતિથી ન બન્યા થશો. જે હથોડેથી દાગીનો ઘડાય તેવા હથોડાથી તે ભંગાય. અખંડ બ્રહ્મમાં કોઇ અજ્ઞાની નથી. બગાડ થયો નથી. સ્વપ્નમાં હજારો બરાડા પાડો તો પણ તમે તો એક શબ્દ પણ બોલ્યા નથી; હજારો પ્રવાસ કર્યા પણ એક પણ પગલું હાલ્યા ચાલ્યા નથી. કર્તા છતાં અકર્તા છો. સુખ દુઃખ સમાન છે. ચિત્રમાં એક તરફ મોટી નદી ચીતરેલી છે અને બીજી તરફ આગ સળ-

ગેલી છે. બંને એક સત્તાપર છતાં નદીના જળ આગ હોલવતાં નથી. અને તમને આગ બાળતી નથી. નદી ડૂબાવતી નથી. તે છતાં આ બળુંછું આ બુડુંછું એમ બૂમો પાડો તો તમને કોઇ અટકાવવા આવે એમ નથી. એ ચિત્ર દૂર કરો તો ચૈતન્ય આકાશ સીવાય બીજી વસ્તુ તમારી દ્રષ્ટિમાં ઘુસશેજ નહીં.

તા. ૪-૯-૦૩.

૨૯. મનરૂપી જડ.

મન જડરૂપ છે. ચૈતન્યની સત્તાથી મન પદાર્થને ગ્રહણ કરે છે. મન અજ્ઞાન કાળે ભેદ જોય છે. અને જ્ઞાનકાળે સમતાને પ્રાપ્ત થાય છે. મનને પોતાને વિષે સત્તા નથી. સત્યતા નથી. સિંહ મારેલા પશુનું માંસ બીલાડી ખાય છે. પણ પશુને મારવામાં બીલાડી સમર્થ નથી. તેમ મન જડ છતાં ચેતનના પ્રભાવે વસ્તુને ગ્રહણ કરે છે. પંચ મહાભૂતમાંથી સર્વ કાર્ય છે. પરમાત્મામાં માયા ઉત્પન્ન થઇ. માયા જડ છે. અને ત્રિગુણાત્મક છે અને પંચ મહાભૂત માયામાંથી ઉત્પન્ન થયા. તેથી તે પણ જડ છે. અને પ્રત્યેક ભૂતમાં ત્રણે ગુણ છે. આકાશ, વાયુ, તેજ, જળ, પૃથ્વી, એ પંચ ભૂત છે. એ દરેકને સત્વ, રજ, તમ ગુણો છે. આકાશના સત્વ ગુણમાંથી કર્ણેંદ્રિ થઇ. એમ પાંચે ભૂતના સત્વગુણમાંથી પાંચ જ્ઞાનેંદ્રિ થઈ. આકાશના રજોગુણમાંથી વાક્ કર્મેંદ્રિ થઈ. એમ પંચ ભૂતના રજોગુણમાંથી પચ કર્મેંદ્રિ અને પંચ પ્રાણ થયા. આકાશના તમોગુણમાંથી "શબ્દ" વિષય થયો. એમ પાંચે ભૂતમાંથી તેના તમોગુણથી પંચ વિષયો થયા. આ પ્રમાણે પંચ મહાભૂતોના સત્વ અને રજોગુણથી તેઓના મિશ્રણથી એકંદર મનથી અંતઃકરણ થયું. એજ સૂક્ષ્મ દેહ અથવા લિંગ શરીર અને એ જડ. કેમકે જડની ઉત્પત્તિ જડ. જ. સ્થૂલ થાય, ત્યારે સ્થૂલ વિષયાદિ થાય છે. પંચીકૃત ત્રિવૃત એ વિરોધી ભેદો છે. વિરોધ પણ યુક્તિથીજ છે. જે નથી તેને સમજાવી નીયમ બાંધવા છે. જગત થયું જ નથી. સમજાવવા કહેવાનું છે. ભિન્નતાને આદિ કારણપર પહોંચાડવા કલ્પના છે. ઘરો હજારો છે. ભિન્નતાને આદિ કારણપર પહોંચાડવા જરૂર છે. ઘરો હજારો છે. છતાં દરેકની રચના જૂદી. પણ ચૂનો ઇંટ વગેરેની સમાનતા સરખીજ. તેથી મન જડ છે. પણ ચૈતન્યની ચેતનતાથી ચેતન છે. મનથી જ્ઞાન થાય છે, પ્રાણ ગતિને પામે છે. બુહાડામે હાથો મળે મનુષ્ય વાપરે ત્યાં લગી તે હાથો મળતાં પણ

શું કરે ? સજા આપે તે સજાને પાત્ર થાય. કુહાડાને કોઇ સજા કરશે નહીં. કાપનાર કુહાડો છતાં ચૈતન્ય (મનુષ્ય) જવાબદાર ગણાશે. ચૈતન્યની સત્તા વિના પાંદડુ પણ હાલે નહીં. વસ્તુમાં ચેતન શક્તિ પ્રવેશ થઇ તે દ્વારા કાર્ય થાય છે. ઈંજીન કેટલું કામ કરે છે. પણ તે આડું જાય તો ડ્રાઇવર જોખમદાર છે. બળદ ઘોડામાં ચેતનતા છે. માટે તે હાથ ન રહે તો હાંકનાર નિર્દોષ પણ ગણાય છે. પણ જ્યા ચેતનની સત્તાએ વિશેષ કાર્ય કર્યું ત્યાં જોખમદારી. ઘડીઆળના સર્વ ચક્ર એક ચક્રને આધારે છે. કારખાનાના ચક્ર મુખ્ય ચક્રથી ચાલી રહ્યાં છે. મૂળ મૂખ્ય ચક્ર બંધ પડે કે બધું બંધ. મૂળ ચક્ર ચાલે ત્યાં સુધી ત્યાંની ગતિને બળે તમામ ચક્રને ગતિ મળેથી કોઈ કાપે છે કોઈ ખાડો પાડે છે. કોઇ વણે છે. કોઇ ગુંથે છે. એમ ઉપર નીચે ક્રમ ચાલી રહ્યો છે. વિશ્વરૂપી કારખાનું છે. તેમાં દેહ રૂપી કારખાનું છે. તેમાં મન આદિ ચક્ર છે. તેને અનુસાર વિશ્વ ફરે છે. જડ ચક્ર વરાળના વેગે ફરે છે. મન ઈચ્છા રૂપી વરાળે પ્રેરાય છે. પણ તેને ચેતનતા આપનાર આત્માજ છે. સાંખ્ય પુરૂષ પ્રકૃતિ એ જુદાં માને છે. ચેતન અને જડ અનાદિ જુદાં છે એમ માને છે. નૈયાયિક આત્મા અને પરમાણુ જુદા માને છે. પરમાણુ નિત્ય છે. જડ એટલે જે પોતાને અને પારકાને ન જાણે તે. જે પોતાને ન જાણે તે અસિદ્ધ છે. તેની સિદ્ધિ માટે ચેતનની (બીજાની) અપેક્ષા છે. અસિદ્ધ, માટે અસત્ય છે. કાર્ય કારણ ભાવે ભિન્ન કહેવાય છે. વૃક્ષ થડ દ્રષ્ટિથી અચળ છે. પત્ર (પાંદડાં) દ્રષ્ટિથી ચળ છે. અને વૃક્ષ થડ પત્ર વિના વૃક્ષ કહેવાય નહીં. તેમ આત્માને મન એક જ છે. મન, સ્વરૂપે અચળ છે અને આત્મા છે. સ્ફુરણથી ગતિમાન છે તેથી મન છે. વૃક્ષમાં થડ ડાળાં એ નામ રૂપ છે. સત્તામાં આત્મા મન એ નામો ઉઠેલાં છે. કળ ફેરવનારનાં હાથમાંથી વેગ નીકળી આગગાડી ચાલે છે. ચૈતન્ય કંઇ કરતો નથી. આદિ સંકલ્પની કુંચી ફરી છે. તેથી અનાદિ બ્રહ્માંડ ચાલી રહ્યાં છે. થયાં છે કે નહીં તે તો પછી વાત. પણ અટકતું નથી. બધું ચાલતું દોડતું દેખાય છે. પણ પોતે તો અચળજ છે. ગતિ તે અચળતા. અને અચળતા તે ગતિ એમ બની રહ્યું છે. કેમકે બે છે જ નહી. એકજ છે. જમીનનો આધાર છે તો તે પર આગગાડી ચાલતી દેખાય છે. તેનો તો વેગ સાથે અવાજ પણ સંભળાય છે. પણ પાણીપર વહાણ અથવા માછલું ચાલે છે તે એક રસ છે. તેમ આત્માપર ચલ ધર્મ છે તે અચલ પર દ્રષ્ટિ વગર જણાતો નથી. દરેક વેગો અચલપર દ્રષ્ટિ હોય તોજ ચળ દેખાય એ નીયમ છે. વેગ સાથે વેગ રૂપ થવું એ અચળતા

છે. વહાણમાં એઠેલા આપણે વહાણના વેગ સાથે વેગવાળા હોઇ .ગતી જો-ઇ શકતા નથી. પણ જલપર દ્રષ્ટિ રાખી ચળ જણાઇએ. આત્મા મનને પ્રેરતો નથી. મનનોં સ્વભાવ જ વિલક્ષણ છે કે આત્માની સંનિધિમાં મન પોતાની મેળે નાચ કરે છે. સૂર્યનો તડકો પડયો કે અંકુર ફૂટે છે. લોહ ચુંબક પાસે સોય નાચ કરે છે. સોય જડ છે. લોહચુંબક જડ છે. હાલ તો હલાવતો નથી. આરસાનો સ્વભાવ એવો છે કે પ્રતિબિંબ લેવું. વસ્તુની ઇચ્છા નથી કે પ્રતિબિંબ આપવું. આરસાની ઇચ્છો નથી કે લેવું. મનનો સ્વભાવ છે કે આત્માની સત્તાથી ચંચળ ગતિમાન થાય. મનનું ગતિમાન થવું તે વિશ્વ છે. ગતિ થઇ ભાસે છે. વાસ્તવિક ગતિ થતી નથી. સ્વપ્નમાં ઉત્પાત થાય. પણ કંઇ થતું નથી: અને કોઇ હાલતું એ નથી. ગતિમાન દેખાતી વસ્તુજ નથી તો ગતિ શું ? મન અસત્ય છે અને મનના કાર્ય પણ અસત્ય છે. અને છે તો એક ચૈતન્ય. સ્વપ્નમાં હરણ નથી તો તેનું દોડવું શું ? વિશ્વ નથી તો ગતિ ક્યાંથી ? અ-ભાવ નામરૂપનો કહીએ છીએ. નામ રૂપમાં જે ચૈતન્ય છે તે તો સત્‌રૂપ છે. નામ રૂપ અસત્ય છે. માટીમાં ઘડો એ નામરૂપ છે. જગતમાંથી પર-માત્માની સત્તા જુદી કાઢી લઇને જગત બનાવી શકાય ખરૂં ? પછી રહ્યું શું ? હું પણું સર્વત્ર વ્યાપી રહેલું છે. નામ રૂપ ભાડુતી ઘરેણાં છે. સૂર્ય-ની સત્તાથી ચંદ્ર શીતળતા આપે છે. રાજાની સત્તાથી નોકર શોભે છે. જે નહીં જાણે તે નોકરનો દાબ પોતાની સત્તાનો સમજે છે. જે જાણે છે તેતો કહેશે કે એના ધણી રાજાની સત્તાથી છે. એનો તો ભાડુતી છે. એ બિચારો તો જડ છે. અને જે જાણે તે એ સર્વ આડંબરને દેખતાં છતાં અસત્ય કહે છે. આત્માં મનના કાર્ય સમજે છે. પણ મન તો આત્મા વડે છે. જાતે કંગાળ છે. પણ આત્માની સત્તાથી છે. અનાત્મ વસ્તુને જડ અસત્તા અસ-ત્યતા છે. છેપણારૂપી શ્રીમંતી નામરૂપની નથી. સોનાનું છે પણું કાઢી નાં-ખીએ તો દાગીના નામરૂપ રહે નહીં. સત્તા સમાન છે. નામરૂપમાં ભેદ છે. છેથી સઘળું સઘન છે. નામરૂપથી, છે, નથી, ભાસે છે. મનએવ મનુષ્યાણાં કારણં બંધ મોક્ષયો: કહ્યું છે. પણ મન બચારૂં ક્યાં ફસાવે છે ? મન આ-ત્મા દેહ કોઇ દોષીત નથી. તો પછી જન્મ મરણ છેજ ક્યાં ? ઉટાંગ—પા-યા વિનાનું જ ચાલી રહ્યું છે. તેને શાસ્ત્ર પુરાણ ટેકો દે છે. ધાત્રીની કથા સમજાવવાને સો વાંસ પાણી કહી ધૂળ ઉડતી દેખાડે છે. જગત શાસ્ત્ર ખં-ડન મંડન છતાં જગતનું બી નથી. અક્ષરો નથી જાણતા કે અમે કંઇ છી-એ. અક્ષરોને ચેતન જીવતાં કરે છે. નથી તેને સાચાં કરીએ છઇએ. વાં-ચી સમજીએ છીએ, દરેકને સજીવન વિદ્યા આવડે છે. દરેક જડ વસ્તુને

સજીવન કરીએ છઇએ. કીડી દાણાને સજીવનં કરી એક જગાથી બીજી જગાએ ચલાવે છે. ચિત્ર વિચિત્રતાનો ખેલ કરવો એજ મનનો સ્વભાવ. પોતાનું ખુદ કંઇ નહીં. તેથી ચાહે તે સાંગ લઇ શકે. આંતરો પડી ગયા છે. તે તોડો તો અસલ મેદાન છે તે ખુલું દેખાય. મનરૂપી પ્રથમ પડદો તેમાં મુખ્ય પાંચ ઇંદ્રિય તે પાંચ સ્વરૂપ કરી. એકમાં બતાવે તેથી નામરૂપ વધે છે. આત્મરૂપ મેદાનમાં હું તું થવું એ મન રૂપી પડદાથી થાય છે. નિદ્રામાં એક રસ છે. જાગ્રતમાં ભેદ છે.

તા. ૫–૯–૦૩

૩૦. જ્ઞાનનો ચમત્કાર.

દ્રષ્ટા પોતાને જાણતો નથી. પણ પારકાંને જાણે છે. તેથી દ્રષ્ટાની સિદ્ધિ થાય છે. નહીંતો પોતે પણ દ્રશ્ય ગણાય. માટે પોતે પોતાને જાણે એમ કહેવાય નહીં. જે કાળે ઘટ જ્ઞાન થાય. તે કાળે હું ઘટ જોઉંછું એમ થતું નથી. ત્યાં પણ દ્રષ્ટા અદ્રસ્ય રહ્યો. દ્રષ્ટા દ્રશ્ય વડે સિદ્ધ થાય. વિરોધી સાપેક્ષકથીજ, સિદ્ધ છે. જડ પોતાને પણ નહીં જાણે અને પારકાને પણ નહીં જાણે. એવી વ્યાખ્યા નહીં આપીએ તો અતિ વ્યાપ્તિ દોષ આવે. દીવાને નહીં જોનારો ગ્લોબનું અજવાળું છે એમ જાણે. પણ મનરૂપી ગ્લોબમાંથી આત્માનો પ્રકાશ પડે છે. ચશ્મામાંથી દેખે. પણ ચશ્મા કંઇ જાતે જોતા નથી. મન અંધરૂપ જ્ઞાન શૂન્ય સત્તા રહીત છે. અખંડ આત્મ સ્વરૂપમાં ભેદ નથી. ત્યાં ભેદ કરે તે પડદાનું નામ મન. નહીં, પડદાનો પડદો અદ્ભૂત છે. દશમ પુરૂષ નવને ગણનારો પોતે દશમો છે. નવને ગણનાર અને દશમો એકજ છે. જીવતો છતાં મુવેલો જણાય છે. પોતે પોતાને ગણતો નથી. જોતો નથી. જાણતો નથી, બેઉ વચ્ચે અંતર જાણે ત્યાં સુધી અંતર છે. બાકી દશમો હુંજ છું જાણે તે વેળા કંઈ કેથેથી આવ્યો નથી. છે તે છે. અભેદ હતો. ભ્રાંતિએ ભેદ માનેલો તે મટે. હજારો કોશનું અંતર નહોતું ને ઉભું થયલું તે અમાપ પડદો. દશમો પોતાને દેખાતો નહોતો. નિશ્ચય થયા પછીની સ્થીતિ અજબ છે. દ્રષ્ટા દ્રશ્ય હું જ છું. પડદો ગયો કે મન નથી. જ્ઞાનનો ચમત્કાર છે. મન તો કલ્પના છે. દ્રષ્ટાની મર્યાદા કયાં પૂરી થાય છે. ? દ્રશ્ય કયાં શરૂ થાય છે ? દ્રષ્ટા દ્રશ્ય વચ્ચે કંઇ અંતર નથી. ખંડીત નથી. વિભાગ નથી. પૃથ્વીપર હદના બાણ કલ્પિત છે. તેમ મનનો પડદો કલ્પના છે. ભેદ ઉઠાવેલો છે. સૂર્યનો તડકો મારૂં ગાથું એ વાસ્ત-

વિક સૂર્ય અને તડકો જુદા નથી, હું માથાથી જુદો નથી. દ્રષ્ટાની દ્રષ્ટિ તેજ દ્રશ્ય છે. અહં ઇદમ્ વૃત્તિ થાય તે સમજાવવા મન છે. બધું લુછવાને મેલ એકઠો કરવા કપડું રાખેલું છે. આત્માની અસંગતા સમજાવવા મનને ઉભું કીધું છે. મન મનને સિદ્ધ કરે છે. એ સ્કંધા રોહણ ન્યાય થયો. સિદ્ધ કરવાને યુક્તિ પ્રમાણ ન્યાય સાક્ષી જોઇએ પણ હદ કલ્પિત છે. છતાં મારામારી છે. કેમકે સત્ય માન્યું છે. માટે ખુવારી થાય છે. નીચે સત્યપણું બેઠું છે તેથી સત્યતા આવી છે. સત્ એકજ હોય. બે હોઇ શકે નહીં. કાળ દેશ વસ્તુ એ ત્રણ પરિચ્છેદ જેને નહીં હોય તે સત્. જેનો કેથે અભાવ નથી તે સત્. સાહુકાર એકજ બીજા બધા તેનાં કરજદાર. જે જોઇએ તે ત્યાંથી લેય અને તેને ત્યાંજ ભરે. સતરૂપી ધન એકનુંજ છે. એક પરિછેદમાં ત્રણે આવી જાય છે. પણ નૈયાયિક આકાર દિશા કાળ એ ત્રણેને નિત્ય વિભુ (વ્યાપક) માને છે. અમે તે છેક એકેકથી પરિછિન્ન છે. અને ત્રિવિધ ભેદ શૂન્ય છે તે સત્ છે. સજાતિય વિજાતિય સ્વગત ભેદ શૂન્ય. સાંખ્ય અનેક આત્મા માને છે. તેમાં દરેકને સજાતીય ભેદ થયો. જડ ચેતન જુદા માને તેથી વિજાતિય ભેદ થયો. અહં અહં સ્ફુરણ થવું એ સ્વાગત ભેદ. માટે તેવું સ્ફુરણ પણ સ્વરૂપમાં થયુંજ નથી. ભ્રાંતિ છે. સઘન પોલાણ વગરનું છે તેમાં સ્ફુરણ કયાં? અગ્નીનો સ્ફુલિંગ નીકળી કયાં ગયો? ખાલી જગ્યા કયાં દીઠી? એનો અરૂંધતી ન્યાયથી સમજાવવાનું છે. સ્થુલપર લક્ષ સૂક્ષ્મને પોંચાડે. સાધકનું ખંડન નહીં કરવું, બાધકનું કરવું.

તા. ૬-૯-૦૩

૩૧. મનરૂપી મંત્રી.

મન જડ અને અસત્ય છે. ઝુમરનો હીરો સૂર્યના તેજથી નાના પ્રકારના રંગો બતાવે છે. પણ તે રંગો હીરામાં નથી. માત્ર હીસ દ્વારા ભાસે છે. તેમ ચૈતન્યમાં જગત નથી. મનમાં જગત નથી માત્ર ચૈતન્યની સંનિધિમાં મનદ્વારા ભાસે છે. પણ મન અને જગત છેજ નહીં. અજવાળું ન હોય તો હીરો પથરા જેવો છે. તેમ ચૈતન્ય વિના મન જડરૂપ છે. સ્વાભાવિક ચિત્ર છે. તે છતાં પોતે ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિથી ચિત્ત પ્રમાદથી તપાયમાન થાય છે. પોતાનાપર દુઃખ નહીં છતાં પોતાપર માનવું એ પ્રમાદ છે. શરીરપર રોગ છે તેમાં માહારે શું? શરીર પણ જડ છે. પથરાપર કુહાડો મારો તો પથરાને કુહાડાનું ભાન નથી. શરીરને દુઃખ નથી. પણ મન દુઃખ

માંન છે. હવે મનનું સૂક્ષ્મ સ્વરૂપ છે. તેથી મનમે ધા પોંચે નહીં. છતાં માને છે. માટે પ્રમાદ. પોતે રડવા બેસે છે. જણાય તે છતાં નહીં જાણવું એ પ્રમાદ. ચૈતન્ય સત્તા કહાડી લઇ જુવો તો બંધુએ સમાન છે. સમાન જડ છે. પટને આશ્રયે તંતુ છે. ચૈતન્યને આશ્રયે નામરૂપનું સત્પણું છે. ચૈતન્ય સીવાય મનને ઉઠવાનું પણ સામર્થ્ય નથી. મન વગર જ્ઞાન કે ક્રિયા થાય નહીં. આત્માની સત્તાથી મન નવાબી ભોગવે છતાં આત્માનું વિસ્મરણ કરાવી પોતાનું પ્રાધાન્ય સ્થાપિત કરે છે. બાદશાહને ભુલાવી નવાબ કારભાર કરે. એમ્પરરને ભુલાવી ગવર્નર પોતે માલીક બને. પણ બીજો નવાબ યા ગવર્નર બાદશાહી સત્તાથી આવી લડાઈ કરી કાહાડે ત્યારે વળી બાદશાહને જાણે. નહીં તો આત્મસત્તા તરફ દ્રષ્ટિ નહીં. ને મન કરે તે થાય. મનને ભાવે ભાવ અને મનને અભાવે અભાવ. આત્માને જગાડે તો મનની પોતાની સત્તા જાય તેથી આત્માને જગાડવો પણ ગમતો નથી. તે આવે તો બીજે દરજ્જે બેસવું પડે. દિલ્લી દરબારમાં જો પ્રિન્સ આફ વેલ્સ આવે તો ગવર્નરને બીજે દરજ્જે બેસવું પડે. મનને આત્મ સ્વરૂપમાં જાગવામાં અપ્રીતિ થાય છે કેમકે તેની હું પણાની સત્તા નષ્ટ થાય. કલના એટલે ભાન ઊઠવું તે. પાણીમાં કીરણ પડેથી ચમકારા થાય તે પાણીની ચંચળતા નથી. સ્થીર જળ છે. ચમકારા મિથ્યા છે. ચમકારાને હીરા જાણી કોઇ લેવા દોડતું નથી. આભાસ છે. આત્મામાં ચમકારા સમ વિષમ છે. વિશેષ પ્રકાશ તે ચમકારો છે. આત્માનો સામાન્ય પ્રકાશ તો છેજ. તે ઉપર વિશેષ પ્રકાશ ભાસે છે. વૃત્તિ જ્ઞાનરૂપી ઘટ પટના ચમકારા હોય યા નહીં હોય તો પણ સામાન્ય જ્ઞાન તો બનીજ રહ્યું છે. સામાન્ય ઉપર વિશેષ છે. વિશેષતાથી અન્ય સ્થળે અભાવ જેવું દેખાય. પણ તે સામાન્ય ઉપર છે. સામાન્ય ધર્મ નહીં હોય તો વિશેષ ધર્મ ઊભો રહે નહીં. વિશેષ ધર્મ સામાન્યને આશ્રયે છે. વિશેષ એકમાંજ જણાય બીજામાં જણાય તો તે વિશેષ નહીં. મનુષ્ય સામાન્ય અને પુરૂષ વિશેષ તો તે પશુમાં નહીં. અખંડ પણામાં ભાન નથી. માત્ર ઉઠે છે. તેની આજુ બાજુ અભાવ છે. જ્યાં આજુબાજુ અભાવ હોય ત્યાંજ બાકીની જગામાં ભાન સ્વરૂપ પકડે છે. અને તેથી ભાન મર્યાદિત છે. કલ્પના મનનો પરિણામ છે. તેનો ચૈતન્યથી ભાસ થવો એ કલના કહેવાય છે. જ્યાં જ્યાં ભાન ઊઠે છે ત્યાં ત્યાં આત્મ સ્વરૂપનું દર્શન થાયછે. કેમકે તે આત્માનો ચમકારો છે. પાટી જોયા વગર તેપર ચિતરેલો ઘોડો જોવાતો નથી. તે છતાં પાટી જોઈ એમ કહેતો નથી. પુછીએ કે શું જોયું તો કહેશે કે ઘોડો જોયો. ઘોડો તો છે નહીં. એ તો પાટી. કોરી બાજુ ફેરવી બતાવે તો તુરંત કહે કે પાટી છે.

તો શું ઘોડો પાટીપર ચિતર્યો તેથી ઘોડા વાળી બાજુનું પાટી પણું ઘટી ગયું? એ મુજબ, જોય છે તેને નથી જોતો એમ કહે છે. અને નથી તેને જોઊંછું એમ કહે છે કેમકે તેની નજર પાટીપર છતાં દ્રષ્ટિ પાટીપર નથી. દ્રષ્ટિ બાહ્ય ચિત્રપર છે કે જે રંગ માત્ર છે. અને પાટીને આધારે છે. વાસ્તવિક છેજ નહીં. આનું નામ ભ્રાંતિ છે. કેમકે વસ્તુને જાણીને જુદું કહે છે. બહાર જે કંઇ મનાય છે તે અંદર જ્ઞાનમાં ચમકારા થાય છે. તેજ જ્ઞાનમાં ભાસે છે. જે છે તે બધું જ્ઞાનરૂપી આરસામાંજ છે. જાણવું એજ પરમાત્મા સ્વરૂપ છે. તે ક્યાં છૂપે? છુપાવાની જગ્યા ક્યાં છે? ઢાંકણુ ક્યાંથી લાવવું? આકાશને શાથી ઢાંકવું? માટે આરસોજ છે. આરસા સીવાય દેખાય છે તે કાંઇજ નથી. તે જ્ઞાનરૂપી દર્શન આપણું આત્મ સ્વરૂપ છે. તે છતાં જગતમાં વહ્યા જાઇ તે પ્રમાદ છે. દ્રસ્ય, ચિત્ કલનાનું નિમિત્ત થાય છે. જ્ઞાનમાં જે નહીં ભાસે તેને જ્ઞાન ગ્રહણુ કરે નહીં. સ્વપ્નમાં બહારના પદાર્થ નથી. પણ જાગ્રતના સંસ્કાર હોવાથી પરંપરાએ બહારના પદાર્થ છે. અને એવા અનુભવમાંજ બ્રહ્મપણું છે. તેથી બ્રહ્મ સનાતન છે. હું બ્રહ્મ છઊં એ કલ્પના દ્રસ્યની કલ્પનાને લીધે કરવી પડી છે. જાગ્રતમાં દેખાય છે તે દ્રસ્ય છે. આંખ મીંચીને ચિત્તથી જણાય છે તે ચૈત્સ છે. તે વેળા અંદરના સંસ્કાર ભાસે છે. ઇશ્વરને તમે અનુભવથી ઊભો કર્યો છે. તમે મર્યાદિત છો, તો આજુબાજુ વિસ્તાર છે તે ઇશ્વર છે. બિંદુપર નજર છે ત્યાં સુધી 'કૉનસેંટ્રિક સરકલ્સ' છેજ. તમે નાના છો તો ઇશ્વર કોઇ મોટો છેજ. તમે અલ્પજ્ઞ છો તો ઇશ્વર કોઇ સર્વજ્ઞ છેજ. તમે અલ્પ શક્તિવાળા છો તો તમારાથી વધારે શક્તિવાળો જે સર્વ શક્તિમાન છે તે ઇશ્વર છેજ. માટે જીવ છે ત્યાં ઇશ્વર છેજ. તેથી જીવ ઇશ્વરનો અભાવ કરી બ્રહ્મ જાણો. કલ્પના રહે ત્યાં લગી બ્રહ્મ કેમ જણાય? ચિતકળાની ખુબી એવી છે કે શેષ નાગ કે સરસ્વતિ પણ વર્ણન કરી શકે નહીં. ભાવના વધારી વધે છે. તમારો અભાવ માનો તેટલી ભાવરૂપતા બહાર ઇશ્વર વિશે છે. જીવ અને ઇશ્વર એક બીજાના 'કૉમપ્લીમેંટરી' છે. અને બેઊ બ્રહ્મ ઉપર હોવાથી બેઊનો સર્વાળો 'એક્સ' થવો જોઇએ. જીવ 'ઝીરો' હોય તો ઇશ્વર 'એક્સ' છે. જીવ 'એક્સ' થાય તો ઇશ્વર 'ઝીરો' થાય. અને જીવ તથા ઇશ્વર બેઊ 'એક્સ' જાણીએ તો સર્વાળો 'એક્સ' જ રહે. અને બે 'ઝીરો' છતાં 'ઝીરો' + 'ઝીરો' = 'એક્સ' થાય. પણ 'ઝીરો' થાય નહીં. એવો સર્વાળો ધ્યાનમાં રાખવાનો છે. દ્રસ્ય બહારના પદાર્થ છે. ચૈત્સ સંસ્કારના છે. માટે નથી ચિત્ત, નથી દ્રસ્ય, કે નથી ચિતકળા. મનના ભેદે સ્વરૂપમા ભેદ ભાસે છે.

નિદ્રામાં જગતનો અભાવ છે; દેહનો તથા ઇંદ્રિયનો અભાવ છે; પ્રાણ છે પણ સ્વદ્રષ્ટિમાં નિદ્રા સમયે પ્રાણનો પણ અભાવ છે; મનનો અભાવ છે. એ સર્વ અભાવને અંતે જે સત્ વસ્તુ છે હતી અને રહેશે તેજ **બહુ રૂપીને** બધા જોયા કરે છે. સતમાં સઘળું ભાસે છે એ જગેથી ખાત્રી થાય છે. બ્રહ્મ સ્વરૂપમાં ઊઠયા ભાસ. વર્તમાન કાળમાં બધું ખરૂં ભાસે. પણ છે નહીં. જેમ સ્વપ્નમાં છે તેમ જાગ્રતનું જગતમાં જાણવું. ઊલટું માનવાથી શો લાભ છે? સ્વપ્નનું તો ઘણું ખરૂં જાગ્રતમાં સ્મરણ થાય છે. ત્યારે સ્વપ્નમાં જાગ્રતનું સ્મરણ કેમ નથી થતું? કોઇક ને કદિ થાય પણ છે. તે સ્વપ્નમાં પકડી કહાડે છે કે આતો સ્વપ્ન છે. અને હુંતો જાગ્રતમાં રહેવાળો જીવ છું. પરંતુ સ્વપ્નમાં મનનો અભાવ હોવાથી મન હાજર થાય નહીં ત્યાંસુધી તો જાગ્રતનું સ્મરણ અસંભવિત છે. તેથી ઉપર પ્રમાણે આ સ્વપ્ન છે એમ પકડી કહાડનાર તરત જાગી ઊઠે છે અને તે વેળા તે સ્વપ્નની સ્થીતિ કહેવાય નહીં.

તા. ૭–૯–૦૩.

૩૨. ચિતકળા.

અંતઃકરણની વૃત્તિ વિષયાકાર થાય તેથી "ભાન" "કલ્પના" થાય છે. "ચિતકળા" દર્પણમાં રૂપાદિ વિષયો જ્ઞાનેંદ્રિય રૂપી બારી દ્વારા ચિત્રીત થાય છે. તે દ્રશ્ય કહેવાય છે. અંતર્ સંસ્કારથી પડે છે તે ચૈત્ય કહેવાય છે. દ્રશ્યની અંદર પણ બ્રહ્મ સ્વરૂપ રહેલું છે. પુત્રને જોઇને પિતાની કલ્પના થાય છે. બ્રહ્મ તત્વ અખંડ છે. તેમાં મન ભાસે છે તે ભ્રાંતિ છે. જાણવાપણાથી બહાર બીજું કંઇ નથી. જાણવું એ આપણાથી ભિન્ન નથી. એજ બ્રહ્મ સનાતન છે. સ્ફુરણમાં પણ વ્યાપકપણું છે. સ્ફુરણ ભાસે છે તે સ્ફુરણ નથી. દ્રશ્ય પોતાની સામું છે એમ ચૈતન્ય ભાવના ઉઠાવે છે. એ તેની કલના છે. આપણે પોતાને જાણીએ છઇએ. છતાં આરસામાં આપણું મુખ જોઇ પોતાની ખાત્રી કરે છે. ચેતનને દ્રશ્ય સામે નહીં હતું. ભિન્ન કરી દ્રશ્ય દેખાડી અભેદનો નિશ્ચય કર્યો. અને આરસમાંનું મુખ છેજ નહીં. દેખાય છે તે મારા મુખને દેખાડે છે. છે તો મારૂં મુખજ. અને દેખાય છે તે તો પ્રતિબિંબ. વાસ્તવિક નથીજ. ચેતન દ્રશ્ય સન્મુખ નહીં હોય તો કલના થાય નહીં. આરસો ભુલી જવાય અને વસ્તુ ખરી મનાય એજ ભ્રાંતિ. સ્વરૂપનું વિસ્મરણ થાય છે. અને દ્રશ્યપર દ્રષ્ટિ દાખલ રહે છે.

ચલ્લી આરસાની ચલ્લીને ચાંચ મારવા જાય છે. શ્વાનદ્રષ્ટિ. બાળક દ્રષ્ટિ, અને વળી મનુષ્ય દ્રષ્ટિ છે. રાગદ્વેષ એ શ્વાન દ્રષ્ટિ છે. કુતરો આરસામાં બીજો કુતરો જોઇ ભસે છે. એ ભેદ દ્રષ્ટિ શ્વાન દ્રષ્ટિ છે. દેહાભિમાનીની શ્વાન દ્રષ્ટિ છે. મુમુક્ષુની બાળક દ્રષ્ટિ છે. અનુભવ બહાર બીજી વસ્તુ નથી. ભિન્ન ભાસે પણ છે સ્વરૂપ. એ મનુષ્ય દ્રષ્ટિ છે. બાળકને આરસામાં પોતાના જેવું જોઇ આશ્ચર્ય થાય છે. સમજાતું નથી કે પોતે છે કે પોતા જેવોજ બીજો છે, અને મનુષ્ય દ્રષ્ટિ તત્વ જ્ઞાનીની છે. તે જાણે છે કે પોતાનું સ્વરૂપ આરસામાં જણાય છે. બીજું કંઇ છેજ નહીં. આરસાના ધર્મનું વિસ્મરણ તથા પોતાના સ્વરૂપનો ભુલાવો થવાથી જીવ પોતે પરિચ્છિન્ન થાય છે. અતિ સૂક્ષ્મ હોય તે ધીમે ધીમે સ્થૂલતાને પ્રાપ્ત થાય. માટીનું મૃદુપણું મટી ઠોકાયાથી ગતી મળવાથી કઠીનતાને પ્રાપ્ત થાય છે. કેમકે પરમાણુ સમીપ આવે છે. તપ એ કલ્પનાનું ચિંતન છે. અને તેથી જડરૂપે ખડું થાય છે. તપસ્વીઓ તપથી સંકલ્પથી ચાહેતે કરતા હતા. તો સૃષ્ટિ પણ સંકલ્પમય થયલી છે. સઘળું પરંપરાએ માટીનું છે. કાગળ. લાકડું. શરીર. એનો ઇતિહાસ જોતાં માટી છે. કુંભારને ત્યાંના માટીના પુતળાં આપણે છઇએ. આકાર જોઇને રાજા ચંડાળની કલ્પના છે. માટીનું આદી કારણ જળ. તેનું તેજ. તેનું વાયુ. તેનું આકાશ. તેનું મહત્ તત્વ અહંકાર. અહંબિંદુની આસપાસ શૂન્યતા આકાશ અહં થાય છે તે માયા અથવા અવિદ્યાથી છે. સ્થૂલ છતાં જગત સ્થૂલ નથી. નિત્યકર્મમાં પણ જગત સંકલ્પમય છે. મનુષ્ય સૃષ્ટિ કૃતિથી ઊભી કરેલી છે. ઘર બાંધ્યું. માટી ઇશ્વરે કરી. પણ ગતિસ્વરૂપે દેખાતો ઘડો મનુષ્યે કર્યો. કુંભાર માટીના ઘાટ કરે છે. પણ તે ગતિનો પરિણામ છે. ક્રિયા માત્રમાં ગતિ છે. ગતિનું બીજું નામ વેગ છે. ગતિનું સ્વરૂપ નથી. કાર્યથી જણાય છે. અનેક તરેહની ગતિઓ ભેળી થઇ આકાર ગતાર્થે છે. ગતિ નિરાકાર છતાં મટોડી હતી તે ઘડો થયો. નેત્રનો વિષય થયો. પણ શબ્દ વિષય માટે શું હતું? સારંગી જુઓ. શબ્દ ક્યાંથી નીકળે છે? સ્નાયુમાંથી નીકળેલો પ્રાણ ગતિ નિમિત્તે બહાર પડે છે. અને પાછો તે ગતિમાં લય પામે છે. બી યંત્ર માત્ર છે. રસ એક આકાર જૂદા બી તો તેજ છે. તેમાંથી પરમાણું પણ ઓછું થતું નથી. યાતો વૃક્ષમાં જતું નથી. બી તો પડ્યું પડ્યું ફૂલે છે અથવા મરી જાય છે. દરેક શરીર પણ યંત્ર છે. સર્વ વસ્તુને પોતાના સ્વરૂપ આકાર બનાવે છે. રૂધિર, ચામડી, નખ, માંસ હબસીના કાળા અને ગોરાના ગોરા. એ સ્વાભાવિક જે યંત્રમાં પડે તે યંત્રરૂપ થાય. પશુ પક્ષી ભાત ભાતના રંગો કેવા વિચિત્ર છે. તેજરૂપે

તેનું ખાધેલું અન્ન થઇ બેસે. પુષ્પાદિકનું પણ તેમજ છે. એ યંત્રો કરનાર મહા ચતુર હોવો જોઇએ. તે જડ શૂન્ય કે અભાવરૂપ કેમ હોય? બધા યંત્રો બીજરૂપ છે. ગતિ ઉપર અંકુર એ પદાર્થ છે. અખંડ ગતિ અર્થાકાર થાય તો તે પદાર્થ. ગતિ તો ચાલુજ છે. તેજ ગતિ પ્રગટ કરે લય કરે. ફળ ફૂલ થઇ લય થાય. ઇચ્છા એ જ્ઞાનનું સ્ફુરણ છે. નથી તે છે જેવું દેખાય છે. સ્થીર રહેવું નહીં એ ગતિ. કોલાબાની દીવાદાંડીની ગતિ ફરતી છે. ગતિ અટકી તો ચિત્ર વિચિત્રતા મટે. ગતિ એ જ્ઞાનનું સ્ફુરણ છે. સ્ફુરણ કલ્પના બળવાન હોય તો તરત થાય. સ્વપ્નમાં તરત બધું તૈયાર. આરસામાં મુખ એકદમ તૈયાર. ગતિથી ક્રમે થાય તે દૃઢ સંકલ્પ તુરત કરી શકે. વ્યર્થ સંકલ્પ મનને નબળું કરે છે. માટે નિરોધ બળરૂપ છે. હું સિદ્ધ કરીશજ એવો દૃઢ સંકલ્પ જોઇએ. પોતાની દુર્બળતા થવી નહીં. મારૂં ધાર્યું ક્યાં થાય છે? અલ્યા બધુંજ તારૂં ધાર્યુંજ થાય છે તો. જેટલું તારાથી થાય છે તેટલું તારૂં ધાર્યું નહોતું? આરામ થાય તોપણ રોગ દ્રષ્ટિથી કોઇ જગે રોગ જેવું ભાસે છે. માટે મનને દુર્બળ શું કામ કરોછો? સિંહે પોતાને બકરો માની લીધો છે. પંચ દશી જુઓ. કોઇ કહેશે તું નિરોગી છે. તું સિંહ છે. તો કહેશે કે નારે ભાઈ હું તો જીવડું. ભૂખ લાગે એવી દવા માગે પણ ખાતો હોય બમણું. કેમકે પોતે કટકે કટકે ખાય છે તેનું પોતાને ભાન નથી. તેમજ સર્વ સામર્થ્ય છતાં દુર્બળતા છે. નથી તેને સત્ય પ્રતિવાદન કરે છે તે સત્શાસ્ત્ર નહીં. માટે અદ્વૈતના જે સત્શાસ્ત્ર છે તેનો વિચાર કરી. વૈરાગ્ય કરવો. કે વિષયોને આધીન હું છું કે વિષયો મારે આધીન છે? ઘી તપેલીને આધારે કે તપેલી ઘીને આધારે? દૃષ્ટાંત બળદ ગાજરની લાલચે આગળ ચાલ્યો જાય છે. પણ જાણતો નથી કે મારાપર બેઠેલો છે તેણે આ વાંસથી ગાજર બાંધી રાખેલું છે. જીવો વિષયરૂપી ગાજર પાછળ લલચાઇને દોડે છે. બધું એક કારણમાંથી ઉત્પન થયું છે. આદિ પુરૂષથી એકના એકવીશ શો થયા છે. અને પછી મૂળ પુરૂષને કે માંહોમાંહે કોઇને ઓળખે નહીં. ને લઢેવઢે. કાર્ય ક્ષણભંગુર છે. પેલો બળદ પ્રાણ જતાં પણ દોડયો જાય છે. ઉભો રહે તો ડાહ્યો. હું પણ ખાલી લાલચમાં ભમું છું. ભટકું છું. સુખ ટકતું નથી. હું કોણ છું? અંતર્મુખ વૃત્તિ કરવી જોઇએ. અને તે ઇંદ્રિય નિગ્રહ વગર બને નહીં. માટે જાણવા પણું એજ તત્વ છે.

તા. ૮—૧૯—૦૩.

૩૩. મનરૂપી દર્પણ.

આરસાનું પ્રતિબિંબ આરસાથી જુદું ભાસે છે. પણ પ્રતિબિંબ આરસાની સપાટી ઉપર હોય છે. આરસામાં માત્ર ચક્ષુનો વિષય ભાસે છે. પણ મનરૂપી દર્પણમાં તો ચક્ષુ આદિ બધી ઇંદ્રિયોના વિષય ભાસે છે. રૂપ, શબ્દ, સ્પર્શ, રસ, ગંધ ભાસે છે. ત્વચાનો વિષય સ્પર્શ સૂક્ષ્મને બદલે સ્થૂલ થઇ કઠણ જડ ભાસે છે. મન દર્પણની રીત એવી છે કે જે ભાસે તેટલુંજ તેનું સ્વરૂપ. મન પોતે તેના જેવડું બને છે. કાગળ કાતરી કરેલું કુંડું ખરા કુંડા જેવું દેખાય છે. તેમ પ્રતિબિંબ મનને ઢાંકી દે છે. મનને ચોકઠું યા મર્યાદા નથી. પ્રતિબિંબ સત્ય, અને આરસો કાંઇ નહીં એ ભ્રાંતિ છે. કાચનો ઓરડો તે ક્ષણિક ભ્રાંતિ છે: અને આ નિરંતર ભ્રાંતિ છે. મનને વિશે અનુભવનું પ્રગટ થવું એ પ્રતિબિંબ પડે છે. અનુભવ સ્વરૂપમાં શું અનુભવ નહીં હોય? જળનું સ્વરૂપ દ્રવતા છે. અગ્નિનું સ્વરૂપ ઉષ્ણતા. પરમાત્મા અનુભવ સ્વરૂપ છે. પાણીમાં પરપોટા થાય છે, તેમ અનુભવમાં લેહેરો થાય છે. તે અંદરથીજ થાય છે. શૂન્ય પ્રવૃત્તિ નિવૃત્તિ અનુભવે છે. પોતાનાં પ્રકાશથી પોતાને પ્રકાશે છે. જે નેત્ર આરસાને પ્રકાશે છે, તે તેના પ્રતિબિંબને પ્રકાશે છે. આંખ આરસાને સિદ્ધ કરે છે. પોતે મનરૂપી આરસાને તથા પ્રતિબિંબને સિદ્ધ કરે છે. પ્રતિબિંબને સત્ય માની બેસવું નહીં. કેમકે બધી ઇંદ્રિયોનો ભ્રમ છે. આરસામાં તો ચક્ષુભ્રમ છે. પણ મન દર્પણમાં પાંચે ઇંદ્રિયો સાક્ષી છે. માટે તે સત્ય જણાય છે. પાંચ ઠગારા મળેલા છે. પાંચ ઇંદ્રિયની પેલી તરફનું અસત્ય મનાય એ ભ્રાંતિ છે. માંકડ કરડે છતાં અનુભવ નહીં તો કરડયો નહીં ગણાય. ને કોઇ મારતું નહીં હોય પણ અનુભવમાં આવે તો અમથો અમથો બૂમ પાડે. માટે પોતાના સ્વરૂપ તરફ ઊંઘેલું મન જાગતું જોઇએ. સ્વરૂપને મારામાં ભાસે છે એમ ખબર નથી. છતાં અંધ પરંપરા ચાલી છે. અંધેકી ટોલી દો દાતાર. ભૂત કોણે જોયું? તોકે સાંભળ્યું છે: જોયું નથી. તેમ જગત છે, સ્વર્ગ પાતાળ છે, એમ આંધળાએ કહ્યું તે બધાએ વિચાર કર્યા વગર કબુલ રાખેલું છે. કયાં છે તો કે કોણ જાણે? અનુભવમાં મિથ્યા પૂતળાં સાથે આપણું મિથ્યા પૂતળું છે. પોતાને ટાળીને કાંઇ બનતું નથી. પોતાને ટાળીને જગત દેખાય નહીં. પોતેજ પરિચ્છિન્ન છતાં જગત સહીત એક રમકડું છે. પોતે એકલા તોપણ આજુબાજુ કાંઇ જોઇએ. મનને પૂ-

તળાંમાંથી કહાડી સ્વરૂપમાં સ્થીતિ કરનાર સ્થિતપ્રજ્ઞ કહેવાય છે. કોઈ ક્રોધી કોઇ રડતું રમકડું હોય તે જોઇને પણ આનંદ થાય. દેહ તથા સમુદાય ઊઠે છે અને લય થાય છે. રૂપ પણ બદલાઇ જાય છે. માટે ખોટા છે સમુદાય તેવા સહુ ભાસે છે તે પણ ખોટા છે. અનુભવ પ્રકાશમાં રાજાની ચાર અવસ્થા કહી છે. કચેરીની ને અંતઃપુરની રાજાની અવસ્થા જુદી છે. તેમ મનુષ્યો મિત્રોમાં મજાક મશ્કરીમાં બેસે છે. વડીલની સ્થીતિમાં ગંભીરતા ધારણ કરે છે. એકરૂપ હોય તો બદલાવું ન જોઇએ. ચોર બીજાઓની સાચી કલ્પનાથી પોતે પોતામાં ચોરપણું માની લેછે. બાકી અનુભવનું સ્વરૂપ શું ? એનો રૂપ રહીત છે. પણ અનુભવમાં રૂપ છે. પોતે નિઃસંગ નિર્વિકાર હોઇ જગતરૂપ બારી છે **અને નથી.** આપણી પ્રકાશપર દ્રષ્ટિ નથી તે થવી જોઇએ. પુતળાં ખરાં નાનીએ કહ્યએ અને પ્રકાશ સાથે વસ્તુ છતાં પ્રકાશ પર દ્રષ્ટિ નથી. પરંતુ અસ્તિત્વ ભાતિત્વ પ્રકાશ પડે છે. અનુભવથી. પોતે જુદો નથી. અનુભવ ખરડાતો નથી. અનુભવ સુખી થઇ જતો નથી. પ્રકાશ તરફ આંધળા શામાટે થવું ? દ્રશ્ય જોઇએ તેનો અનુભવ કરવા છતાં અનુભવ શું તે જાણીએ નહીં ? અનુભવીએ એકલાં આનંદમાં રહેવું રે; ભજવા પરબ્રહ્મ બીજું કંઇ ન કહેવું રે. ' યા નિશા સર્વ ભૂતાનામ્ તસ્યામ્ જાગર્તિ સંયમી. ' સંયમીએ તો સંસાર સ્વપ્નમાં જાગૃતી રાખી વર્તવું જોઇએ. ઘર કર્યું તે ગમે ત્યાંથી આવ્યો હોય તોપણ પરદેશને પોતાનો દેશ સમજી ઘર પ્રમાણે વર્તે છે. પણ જેણે ઘરનો સ્વદેશનો નિશ્ચય કર્યો નથી, ઘર કર્યું નથી. તેને જગતનીજ કલ્પના ઊઠે છે, દક્ષિણી લોક ગુજરાતમાં આવે છે, તો ગુજરાતના વતની જેવા થઈ જાય છે. અને પોતાના વતનને ભૂલી જાય છે પણ વતનપર દ્રષ્ટિ રાખતા નથી. તેમ સ્વરૂપમાં બરાબર પોંચેલા નથી તે ફરી ફરીને પાછા જગતમાં આવી ફસાય છે. અને સ્વરૂપને સ્વદેશને વિસારી મેલે છે. જ્યાં બધા નિશો કરી બેઠા હોય ત્યાં ડાહ્યા મૂરખ ગણાય છે. મદોન્મત્તને પણ સત્ શાસ્ત્રનું શ્રવણ ઠેકાણે લાવે છે. પરોક્ષ બોધ થાય છે. વિષયોમાં આક્રોણ થતું નથી. થાય તો જાગે નહીં. પણ કેટલાકને જ્ઞાન રૂચતું નથી. ભક્તિ માર્ગ વાળા કેટલાક જ્ઞાનના દ્વેષી હોય છે. કહેશે કે ભગવદ્ગીતા આપણા ઘરમાં નહીં જોઇએ. કેમકે આપણું જગત કાયમ રહેવું જોઇએ. અને ગીતાતો ' ભવદ્વેષિણી છે. પણ તેવા લોકોમાં એક ખામી રહી જાય છે. તેમનું મન ઠાકોરજીની સેવામાં લાગી જાય છે. તો તે પણ પછી તેને એક ઇચ્છા લાલચ થઇ, મન ગુંથાવાની જગા થઇ પડે છે. માટે શમદમ

પ્રથમ સાધ । કે વૈરાગ્યથી માણસ વિષય બળાત્કારે લેછે. સનત્કુમારે જવાબ દીધો કે આહાર તો મળે છે. પણ મળ મૂત્રની પીડા પણ દુર થાય તો ઠીક. વૈરાગ્યવાન તો ઉંટ સ્વરૂપે સંતોષ માર્ગમર જઇ ચડે છે. કે જેને પાણીની પણ ગરજ રહેતી નથી. વિષયવાળા ચિત્તને શ્રવણ ઉપલક રહે છે. અંદર ચોંટતું નથી. તું બધાને સિદ્ધ કરે છે, અને જગાડે છે, તો તું તારી કલના ને જગાડ. પ્રાણી માત્રમાં જેને વિષે જાણવાપણું છે, તેને જ્ઞાન છે. ફુલનું નામ તેને આવડે નહીં. તોપણ ફુલ છે. એમ તે જાણે છે. તેથી જગાડવાનું સામર્થ્ય છે. દીવો પોતાને પ્રકાશે એમાં તેને શ્રમ નથી. પોતા પાસનો અજવાળું છે જ. ઊંધે રસ્તે જે હઠ યોગ કરે તે ભમતો રહેશે. માર તિરસ્કાર સહીત પતંગીઆ દીવામાં મોહિત થઇ પ્રાણ જાય ત્યાં લગી પાપ નહીં ગણતાં પાંખ બળે તોપણ ઝંપલાય છે. એવી મોહની પ્રબળતા છોડવાનું કોઇને મન થતું નથી. અને ઊંઘમાં જીંદગી પુરી કરે છે. જડને જોયાં કરે છે. કોઇ વસ્તુ એવી નથી કે જે સંકલ્પથી ભિન્ન હોય. કલ્પનાજ સ્વરૂપ છે. કલના જડને દેખાડે છે. તે જડરૂપ નથી. પાષાણની મૂર્તિ નાચે નહીં. તેમ કલના જડરૂપ દેહ સાથે એકરૂપ થઇ પોતાને જડ જીવરૂપ માને તેથી સામર્થ્ય દેખાડી શકે નહીં. મૂર્તિમાં ચિત્રેલો ચંદ્ર શી રીતે ઠંડક આપે? અથવા ઔષધ રૂપ થાય"?

તા. ૫-૯-૦૩.

૩૪. કલના.

કલના જડ છે. સૂર્યના કીરણ સુરંગમાં જાય નહીં, તો આરસા મુકાને પ્રતિબિંબ મોકલે છે; તે સૂર્યના કીરણ ગણાતા નથી. છતાં તે પ્રકાશ પણ સૂર્યનો જ છે. જેવી રીતે કાચમાં બાહુતી પ્રકાશક શક્તિ છે, તેમ દાહક શક્તિ પણ થાય છે. કાચ તળે મુકેલું રૂ સૂર્યના કીરણથી બાળી શકાય છે. કલ્પના મનનું સ્વરૂપ છે. ચૈતન્યની ઓળખાણ કરાવે છે. આરસો મુખને ઓળખાવે છે. આરસો મુખને જાણતો નથી, પ્રકાશતો પણ નથી. તેમ કલના જ્ઞાનના આકાર ભાસવે છે. કલના મનની વૃત્તિ છે. તે વિકાસે છે. સૂર્યથી કમળ વિકાસે તેમ ચૈતન્યથી કલના ખીલે છે. મન પોતાની મેળે કંઇ કરી શકતું નથી. ચિતરેલો રાજા લડી શકતો નથી. હું શરીરથી જુદો છું. શરીર હાડ ચાંમડા વિગેરેનું બનેલું છે. હું હાડ

ચર્મ નથી. અને આ શરીર કાંઇ પહેલું શરીર નથી. પૂર્વે પણ શરીર હતાં. શરીરમાં ચૈતન્યતા ખુદની નથી. શરીરમાં ગતી કે જ્ઞાન નથી. હું તો ચૈતન્ય છું. ઇંદ્રિયોથી હું જુદો છું. ઇંદ્રિયો શક્તિરૂપ છે. પ્રાણ હું નથી. પ્રાણમાં ક્રિયા શક્તિ છે પણ જ્ઞાન નથી. ગતિ ક્રિયા અને જ્ઞાન એ ત્રણે ધ્યાનમાં રાખવાના છે. જે પોતાને અને પારકાને ન જાણે તે જડ કહેવાય. પ્રાણ જડ છે. ઊંઘમાં માણસ ઘોરતો હોય તે વખત તેને પ્રાણ છે છતાં પાસે કોણ શું કરે છે તેની તેને ખબર નથી. મનમાં જ્ઞાન ક્રિયા ઇચ્છા, ગતિ છે. અને તેથી મન ચૈતન્ય છે. અને તે હું છું એમ ભૂલી જવાય છે. મન નથી ત્યાં જાણવાપણું નથી. મનમાં હું પણું છે. મન સીવાયના બીજા બધા સંઘાતથી હું જુદો છું. એમ સમજીને પણ સંસારનો બોજો ઉતરે છે, કેમકે તે અડધી મજલ પોંચ્યા એમ ગણી શકાય. પિતા માતાદિ શરીરના સબંધી છે, મનને તો તે કે આપણે કોઇપણ જાણતા નથી. મારૂં કોઈ નથી. શરીરમાં છે ત્યાં લગી મારાં છે. ઘરમાં છીએ ત્યાં સુધી ઘરના બારી દ્વાર વગેરે છે. બહાર ગયો કે પછી તે સાથે આવતાં નથી. તેમજ હું જીવ છું એ વાત સમજવી. કેમકે જીવ સાથે કોઇ આવતું જતું નથી. પણ એ માનવું પણ ખુણે રહે છે. ખરેખરૂં એમ માને તો નિર્ભયતા થાય છે. કેમકે કોઇથી ડરવાની જરૂર રહેતી નથી. મનપર કોઇની સત્તા નથી. રાજા શરીરને બાંધશે. મનને બાંધી શકશે નહીં. કર્તા ભોક્તાપણું સ્વર્ગ નરકનું બંધન જીવને છે. જીવને શરીરનું બંધન એજ બંધન છે. શરીર વગર સ્વતંત્ર છું. દેવતા કે ઇશ્વર મનપર શું કરી શકે ? મન કહેશે કે ઇશ્વર નથી તો ઇશ્વર આવીને મનાવતો નથી કે ના, હું છઊં. નિંદા કરે તો પણ મનને તે કંઈ કરી શકતો નથી. જો સજા કરે તો તે શરીરને કરે છે. જગનાથજીના હાંડામાં સઘળા જાતી ભેદ ગંણ્યા વગર જમે છે. અને જે નહીં જમે તેના ઉપર તે દેવ કોપે છે. એક બ્રાહ્મણ ન જમ્યો ને ચાલ્યો ગયો. તે થોડે ચાલ્યો એટલે આંધળો થઇ ગયો. સૌ કહેવા લાગ્યા કે જુવો પરછો. પ્રત્યક્ષ પારખું. બ્રાહ્મણે કહ્યું કે ' નેત્ર લીયા ઉસમે અમેરા કયા ગયા ? તુમારા દેવ અમારા મનકું કુચ કર શકતે નહીં.' સુખદુઃખ માનવું, મનનું કારણ છે. જે મનથી માને તેના પર તો વેર વળ્યું ગણાય. પણ જે મનથી દુઃખ ગણતો નથી તેના પર વેર વાળવાનો ઉપાય છેજ નહીં. માટે પોતે પોતાથી બંધાયલા કર્મથી છૂટવું. હું મનથી ગર છું. મનની સ્થીતિને હું જાણું છું. જ્ઞેયથી જ્ઞાતા જુદો છે. મારૂં મન એમ કહીએ છઇએ તો તે કોનું ? હું માલીક છું તો મન જુદું છે. ગતિ,

ઇચ્છા, કર્મ, ફળ, સુખ, દુઃખ, મનનું કર્તવ છે. મારૂં નથી. મનથી જુદો હું સાક્ષી છું. મનમાં જ્ઞાનનો આભાસ આવે છે તે આત્મ સ્વરૂપ છે. બારી પ્રકાશરૂપ નથી. પણ બારીએ અજવાળું કર્યું તે સૂર્યનું છે. તેમ મનમાં જ્ઞાન ઊઠે છે તે મનનું નથી, પણ આત્માનું છે. મનના જોરથી શરીર પ્રકાશે છે. યંત્રના ચક્કરોનું મુખ્ય ચક્ર મન છે. તે ચેતન તેને ગતિ આપે છે. ઇંજીનનું ચક્ર તે મન. તે જોય તો ખબર પડે કે તેના વેગે બધું આડું અવળું નીયમસર ચાલે છે. પણ તે પોતે પણ જડ જેવું જડ છે. તેને પોતાને વરાળ ચલાવે છે. તેમ મન વડે વિશ્વ ચાલે છે. મન એ આત્માનો પસારો છે. ફુલાવો છે. શરીરના ભાન વિના વિશ્વની સ્થિતિ નથી. કેમકે મન પોતાને સિદ્ધ કરવાને સમર્થ નથી. પોતે પોતાની મેળે કંઇ કરવાને સમર્થ નથી. મનને ભુલે તો મનનો લય થાય. પછી પોતાનું સ્વરૂપ જ છે. અસમર્થતો ડર કેવો ? છે તોપણ ઠીક, અત્યંતાં ભાવ નહીં થાય તો ભલે રહ્યું. મનનો ખેલ છે. મનો માત્ર ઇદં સર્વમ્. મન વિશ્વને દેખાડે છે, તે દેહ વગર દેખાડે નહીં. આપણે જડ બનીએ તો જડ દેખાય. મૃત્યુ થયા પછી મન રહેશે નહીં, એ કેમ જાણીએ ? યજ્ઞ કર્યે સ્વર્ગ મળશે એની શી ખાત્રી ? કેવળ માનવાનું છે કે બીજું કંઇ ? કોઇનો કાગળ આવતો નથી. પણ ગુરૂ શાસ્ત્રપર વિશ્વાસ કરવાનો છે. અથવા બુદ્ધિથી વિચારો. મન કંઇ વસ્તુ નથી, તો મન બંધન શી રીતે કરી શકે ? તમે પથ્થર પર અથડાવ છો. પથ્થર ઊડીને તમારી સામા આવતો નથી. સત્તા આપશો તો આવશે. તમારી સંમતિ વગર, તમારી સત્તા વગર કંઇ બનનાર નથી. સત્તા આપો ન આપો તમારા અખત્યારની વાત છે. છે કહેશો તો છે. કહાડી નાંખો તો નથી. ભાવનામાંથી ઉડાવી દો. માનો છો એટલે સત્તા આપી. કોડું આપો તો કૂદતું આવે. બાકી કમળ સૂર્યના પ્રકાશ વગર શું કરે એમ છે ? તમારા પ્રકાશે મન કલ્પના કરે છે. પથરાની મૂર્તિને કહીએ કે નાચ, તો તે નાચે નહીં. તમે કળ આપો તો નાચે. કલના એટલે મન. અને મન છેજ નહીં. અવયવ વિનાની સ્ત્રીને આલિંગન શી રીતે થાય ? ભ્રાંતિથી સ્ત્રી ભાસે ત્યાં આસપાસ હાથ ફેરવે તો ખાલી જગા દેખાય. આકાશમાં ધૂમાડાના બાચકા છે. આકાશમાં વૃક્ષ દેખી તેની છાંયા તળે બેસવાનું કરે તેમાં શું વળે ? ઝાંઝવાંથી તરસ છીપે નહીં. તેમ મન ક્રિયાનો વિષય થતો નથી. સૂર્યના કિરણો રેતીના પ્રકાશે જળ દેખાય તેવી રીતે મન ભાસે છે. ચિત્ત કલના સ્ફુરે જ્ઞાનના ચમકારા થાય, તેથી જગતરૂપે ભાસે. સમુદ્રના જળ સ્થાન છોડતા નથી. ત્યાંને ત્યાં રહે છે, ને છતાં દોડતાં દેખાય છે. હાલતાં દેખાય છે. ચં-

કાકાર કરે છે. તેમ સ્વરૂપમા અનુભવની લહેરો ચાલે છે. પોલાણ બોલાણની જરૂર નથી. અંદર હીરામાં લખલખ થાય છે, તે તેનું પાણી કહેવાય છે. ગતિ કરતું ભાસે છે, પણ હીરાનું અંગ છે. તેમ આત્માનો લખલખાટ જગત છે. સર્વ શક્તિ શરીરમાં છે તે પ્રાણને લીધે છે, ચાલું છું એના અનુભવમાં અનુભવ ચાલતો નથી. અનુભવમાં ' ચાલું છું ' એવું ભાસે છે. ભાવના ઉઠી તેવું ભાસ્યું. અજ્ઞાનથી પોતાના અનંત નામો થયાં છે. અનુભવ દ્રષ્ટિમાં પરમાત્મા સીવાય મન બુદ્ધિ શરીર કાંઇ નથી. પરમાત્મા સીવાય કંઇ નથી. અનુભવરૂપ જેવું તેવું છેજ. કાળ ક્રિયા કોઈ નથી. અસ્તિ નાસ્તિ અનુભવ સદા નિર્મળ છે. છે પણ નથી જેવું થઇ રહ્યું છે. સત્યતા એનીજ છે. એ જ્ઞાન થાય તો મન ક્ષીણ થાય.

તા. ૧૦-૯-૦૩

૩૫. પ્રાણ.

પ્રાણની ભાવના સાથે હું તે છું. એવી ભાવનાથી પોતે સ્ફુરણ ગતિરૂપ જીવરૂપે થાય છે. આત્મામાં પ્રાણની ભાવના ઉઠી આરસામાં ગતિ જણાઇ બીજા હાલે તેની એ ગતિ છે. આરસાની નથી. પ્રાણ એટલે ગતિ. આરસો એમ માને કે મારામાં વસ્તુ હાલતી ભાસે છે માટે હું હાલું છું. તો પોતે અચળ છતાં પોતાને ચળ માને છે. તેથી જીવ કહેવાય છે. જીવ બુદ્ધિ મન ચિત્ત પોતે થાય છે. તે ભ્રાંતિ છે. દોરીમાં સર્પ ઝાંઝવા પેઠે ભાસે છે. સ્થીરના સ્થીર પ્રતિબિંબ. હાલતાના હાલતાં પ્રતિબિંબ. પણ તે સ્થીર આરસાપરજ છે. ત્યાંતો આરસોજ છે. તેમાં સ્થીરતાને ગતિ બેઉનો અભાવ છે. એની પોતાની સ્થીરતા હોય તો તેમાં ચળતા નહીં ભાસે. આત્મામાં જડ ચેતનતા નથી. જડ ચેતન કાળ ક્રિયા સર્વે આત્મા છે. દર્પણમાં સ્થળ (space) દેખાય છે. કાળ (time) દેખાતો નથી. આરસાની સપાટી છે. પણ તેમાં ઓરડાનો વિસ્તાર દેખાય છે. આત્માને વિષે કાળ દેશાદિ સર્વ ભાસે છે. આકાશને મળ લાગતો નથી. ભાસ થાય છે. આત્મામાં હું. અનુભવ એ આત્માનું સ્વરૂપ છે. અનુભવ ઉઠતો નથી. અનુભવ ઉઠયો એ અનુભવ સ્વરૂપના ઉપર ભાસે છે. અગ્નિની ઉપરની વરાળ છે. તેને અગ્ની પ્રકાશે છે. ભેદ વરાળમાં છે. અલ્પ વ્યાપક અનુભવમાં સમન્વય છે. માટે અનુભવને અલ્પ મોટો કહેવાય નહીં, એમાં અંધારૂં તથા પ્રકાશ રહે છે. તેથી પ્રકાશરૂપ જ્ઞાન સ્વરૂપ કહેવાય નહીં. કોઇ લક્ષણરૂપી મળ એને નથી.

ખાસ લક્ષણ એજ મળ. આકાશ નિર્મળ છે. અનુભવ સ્વરૂપ ધર્મ રહીત મળ રહીત છે. તેથી સર્વ ધર્મ લઈ શકે. કોઇનો વિરોધી નથી. સદા અદ્વૈત છે. દ્વૈતની કલ્પના છે. જે જે કાળે 'છે' નો અનુભવ થાય છે તે તે કાળે "નથી" નો અનુભવ નથી. ગળ્યું ત્યાં કડવું નહીં. અનુભવમાં એકી વખતે બે ચિત્ર નથી. જાગ્રત ત્યારે સ્વપ્ન નહીં. અનુભવ પ્રકાશ જુવો. અષ્ટાવધાન, પાણીની અખંડ ધારા અથવા શત પત્ર ન્યાયે છે. એક અક્ષર વાંચનારને ત્રણ ત્રણ ત્રિપુટીઓ થાય છે. સૂક્ષ્મકાળ ત્વરાથી અગ્નિ ચક્ર ભાસે છે. આરસામાં મોંની આજુબાજુ આકાશ છે. આરસો તો તેજ છે છતાં પ્રતિબીંબ બે છે. પ્રતીતિમાં બે છે. અનુભવમાં વાસ્તવિક બે પણ નથી. અને પ્રતીતિ પણ બેની નથી. સ્ફુરણ પુરતો અનુભવ થાય. અને તે અદ્વૈત દેખાય. કાગળ હોઇને નહીં જેવો થાય. ને પુતળું નથી તે દેખાય છે. બાકી કાગળ છે. **આરસાપર આકાશ તેમાં મોં. તેમ આત્માપર મન તેમાં સંસાર.** નામ અવસ્થા આત્માની નથી. ઉપરના આકારની નામ રૂપતા છે. માટે આત્મા નિર્વર્ણીય છે. સત્ છતાં અસત્ જેવો રહેલો છે. અનુભવરૂપ છે. બધું અનુભવમાં પ્રગટે છે. તેથી પ્રત્યક્ષ છે. કલનાથી રહીત છે. દીવો જેને પ્રકાશે તે રૂપ દીવામાં નથી. પણ દીવા વિના તેની સ્થીતિ નથી. એવું જ્ઞાન થાય ત્યાં મન ક્ષીણ છે. અભાવને પ્રકાશે નહીં તો અભાવની સ્થીતિ હતી એમ કહેવાય નહીં. અદ્વૈતપર દ્રષ્ટિ બેસાડવાને મન ખડું કર્યું છે. મન છે. મન નથી એ અનુભવમાં મન અમન ઘુસતું નથી. સુગંધ આવે તે મટી જાય તોપણ અનુભવ કાયમ રહે છે. અનુભવ કંઈ સુગંધી થતો નથી. આકાશ વસ્તુ સાથે અભિન્ન થાય છે. અને પાછું કોરૂં ને કોરૂં. એકરૂપ છતાં ઉત્તર ક્ષણે તેનો તે. સૂર્યનો પ્રકાશ થયો કે અંધારૂં ગયું. મન જણાય છે. આત્મા જણાતો નથી. પણ અંધારાને લીધે તજેનો આ!! !!! જણાતો નથી. પણ આત્માપર તો મન ભાસે છે. ભાન રહીત જ્ઞાન છે. ચક્ષુ પદાર્થ હોય તો જોય. ન હોય તો જોવાની શક્તિ કંઈ જતી નથી. આંખો ઉઘાડી છે. પણ જોવાપણું થતું નથી. શક્તિ છે તે જોવાપણા ધર્મ રહીત શક્તિ છે. શક્તિ છે તે આત્મા. જોવાપણા વિના નેત્ર નથી. દશ મણ બોજો ઉઠાવવાની શક્તિરૂપ છે. ઉઠાવે ત્યારે સિદ્ધ થાય. ઉઠાવી ચૂકયો તેથી ઉઠાવવાની શક્તિ. જોવાની શક્તિ જાણવાની શક્તિ છે. ભાનથી પરમાત્માની સિદ્ધિ થાય છે. જે કાયમની છે તે પછી સિદ્ધ થાય છે. મધ્ય બિંદુમાં એક, અને રેષાનું અંતર વધી જાય છે. તેથી કાર્યના પરિણામમાં ભેદના વિસ્તાર ભાસે છે. કારણ તો એકજ. મારા એક સ્ફુરણમાં જગતના તમામ પુતળાં, ઉત્પન

થાય છે. પણ ઉંધા દ્રષ્ટિ બેઠેલા છે તેથી મનાતું નથી. સંકલ્પ જાળની ફ-સાવટ છે. હજારો સંકલ્પ ઊંધે રસ્તે દોરવે છે. માયાની 'ગારડીઅન નોટ' તૂટવી જોઇએ. બધા એક કુળના છે. જન્મ મરણથી આત્મા હંકાઈ ભુલાઇ ગયો છે. ઝાડના પાંતરા ડાળાં શું જાણે કે એક સ્વરૂપ છઇએ. સર્વ સંવિ-તમાં ઉઠયા છે.

તા. ૧૧-૯-૦૩.

૩૬. ભ્રાંતિ.

અંધારૂં વસ્તુને દેખીતી કરે છે. અંધકારનું કાળું કે ગોરૂં સ્વરૂપ જોવાનું નથી. તેનું પરીણામ જોવાનું છે. કાળાશ વસ્તુઓપર આવરણ દે-ખાડે છે. તેને બીજી ઇંદ્રિ નથી. વસ્તુનું અદર્શન થવું એજ અંધકાર. કાળું હોય કે ન હોય. ભ્રાંતિ અંધકાર રૂપ છે. સૂર્યનો પ્રકાશ વસ્તુને પ્રગટ કરે. અંધકાર સૂર્યને પ્રકાશે ક્ષીણ થાય. એટલે વસ્તુને દેખાડે. ભ્રાંતિ આત્મ સ્વ-રૂપને ઢાંકે છે. અનુભવ દ્રષ્ટિ એ સૂર્ય પ્રકાશ છે. નિદ્રામાં સંવિત્ (જ્ઞાન) હોય છે. પણ સંકલ્પ નથી. જાગ્રતમાં હું પણ ઉઠયું કે સંકલ્પો જાગ્યા. ઉઠવામાં ઇચ્છા કારણ છે. કેટલીક ક્રિયાઓમાં ઇચ્છા સ્પષ્ટ દેખાતી નથી. અંદરથી ઇચ્છાની પ્રેરણાથી સર્વ થાય છે. પાંપણ હાલે તે પણ સ્વાભાવિક નથી. પણ ગર્ભિત સૂક્ષ્મ ઇચ્છા છે. ઇચ્છા સ્વરૂપે નથી. પણ કાર્યથી જ-ણાય છે. સ્વાભાવિક ક્રિયા પણ આજ્ઞાને અનુસાર છે. એક વખતની આ-જ્ઞા અથવા દર વખતની આજ્ઞા. વિશેષ કામ માટે ખાસ આજ્ઞા. ચેતનની પ્રેરણાથી જડ કામ કરે છે. નિદ્રામાં ભાન વગરનું જ્ઞાન છે. "આદિ મેં ઇ-ચ્છા કરી નથી. હું પરાધીન છું" એમ પોતે માને છે. મંદીરની બેઉ ત-રફ ફરતી પુતળી પ્રથમ હલાવેલી હાલે છે. છતાં એની મેળે હાલતી જણાય છે. પ્રથમ કોઇએ પ્રેરણા કરી નથી અને એની મેળે ચાલે છે એમ ભાસે છે. ઇચ્છા. સંકલ્પ. ફળ. ભોગ. એ મુજબ ચક્ર ચાલ્યાંજ કરે છે. સંકલ્પ સાથે એકરૂપ થવું એનું નામ ચિત. ચિત્કળા સંકલ્પથી રહીત થાય તો મો-ક્ષરૂપ થાય. હઠ યોગથી નિરંતર સંકલ્પ રહીત થવાય નહીં. હાથને સ્થીર રાખવો ગતિમાન કરવો એ બેઉ પ્રયત્ન સાધ્ય છે. જેને ગતિ નહીં તેની સ્થી-રતા સ્વાભાવિક છે. અચળતામાં પ્રયત્ન તેના અંગમાં છે. (affinity.) પ-રમાણુનો સમુદાય કાયમ રહેવો એ પ્રયત્ન છે. પથર માફક મનને સ્થીર

રાખવાની ઇચ્છા એ પ્રયત્ન છે. સમાધિની સ્થીતિનું બીજ ઇચ્છાં પહેલીજ છે. ઇચ્છાથી ઇચ્છા કપાય. ઇચ્છા રહીત થવું એવી ઇચ્છા થવી એજ ઇચ્છાને મારવું છે. જીવવું ચાહેતો જીવે. મરવું ચાહેતો મરે. પોતે નાશ કે ઇચ્છાનો નાશ. ઇચ્છા પોતાને આશ્રયે છે. સ્ફુરણ ન થાય્યો એ ઇચ્છા કરો. સૂર્ય ચંદ્ર મુક્ત પુરૂષો છે. "અમે સસંકલ્પ નિયંતા ઉપકારક છૈએ" એમ તેઓ રહેલા છે. બ્રહ્મા પોતાના સંકલ્પથી મહા પ્રલય સુધી રહે છે. કાગભુશંડની ઇચ્છા. સસંકલ્પ હરે જન્મ માટે છે. સંકલ્પ નાશ થયો કે ઇચ્છા મુઇ. માયા નથી. પંચ મહાભૂત નથી. તો મન ક્યાં છે? ચિતકળાનું સ્ફુરણ એજ મન. જે કર્મ ફળરૂપ સંસ્કાર રહ્યા છે તે સ્ફુરણને જગાડે છે. કર્મ કરવું ન કરવું હાથમાં છે. ફળ હાથમાં નથી. કુદકો ન મારો તો ચાલે. માર્યા પછી હું નહીં પડું એમ ન થાય. અંન જળ ત્યાગ કર્યું તો ભૂખ ન લાગે એમ થાય નહીં. કર્મનું ફળ ભોગવે. ઝાડનો રસ ફળરૂપે બહાર નીકળ્યો છે. તે પ્રારબ્ધ કહેવાય છે. તે ભોગવે સિદ્ધિ. એ રસ અંદર. નહીં ઘલાય. ફળ તોડી લેવાય. અંદર વ્યાપેલો રસ અજ્ઞાનનો છે ત્યાં સુધી ઝાડ ખોટું છતાં ખરૂં ભાસે છે. સંસારને ખરો માનવો એજ રસ છે વાવાયાથી નવ્યું ખસ્યું. ચેષ્ટાથી સત્ય પણું દ્રઢ થઇ જાય છે. સત્ય પણાના રસનો પ્રવાહ સંસાર વૃક્ષની વૃદ્ધિ કરે છે. માટે રસ સૂકાય, સત્યપણું મટી જાય, તો પ્રારબ્ધ મટે. અંદરનો રસ તો જ્ઞાનાગ્નિથી દગ્ધ થશે. પણ બહારનો રસ ફળ સાથે ટૂટીને પડશે. પ્રયત્નની જરૂર નથી. કૂવામાં પડેથી મુક્તિ થતી હોય તો હરબહાને મોત તરત અણાય છે. મરતાં ક્યાં વાર લાગે છે? મન બહુરૂપી છે. બહુરૂપી અનેક વેષ એકી વખતે લઇશકે નહીં. પણ ચાલાકીથી એકી વખતે લેતો દેખાય ખરો. ચિતકળા હર વખત એકજ વેશ લેછે. કોઇ બહુરૂપીને વેશ બદલતાં વાર લાગે ને કોઇ જોતજોતામાં ત્યાંને ત્યાં બદલે તે બદલ્યો એમ પણ ખબર પડે નહીં. અંગ્રેજ ખેલાડી એવી નવાઇ બતાવે છે. તેમ મન એક મુકી બીજો સોંગ અને બીજો મુકી ત્રીજો એમ એક ક્ષણમાં અનેક વેશ લેછે. નિવૃત્તિનો અનુભવ કરવો એજ પ્રવૃત્તિ છે. ચેતન સંકલ્પની સન્મુખ થાય. ઓઠું ઉભું કરે અને પોતાને જોનારો થાય. ખાસ જોનારો થાય તો બંધન છે. સ્ફુરણ ભાસે છે તે સ્ફુરણ નથી. પણ આત્મ સ્વરૂપની ઉપલબ્ધિ છે. આંબાને લીધે ગોટલાની કીમત છે. નહીંતો ગોટલાને કોણ ગણે? મહાદેવ વડે પોઠીઓ છે. ગુણ પરિણામે. મહિમાથી શક્તિથી કીમત છે. માટે જે છે તે છે."

તા. ૧૨-૯-૦૩

૩૭. સંવિત્.

સંવિત્ જ્યારે સંકલ્પની સન્મુખ થાય છે, ત્યારે મન કહેવાય છે. સંવિત્ સંકલ્પથી મલીન થાય તેજ કલના કહેવાય છે. તેજ મન છે. મન દ્રષ્ટા દ્રશ્ય વિભાગ કરે છે, તેથી પરિચ્છિન્ન થાય છે. પછી ભેદની સાથેજ ક્રિયા શક્તિ જ્ઞાનશક્તિ પ્રગટ થાય છે; કે જે પૂર્વે ગુપ્ત હતી. બીમાં ગતી થતી નથી. પણ જમીનમાં વાવેથી ક્રિયા શરૂ થાય છે. ક્રિયા શક્તિ જ્ઞાન શક્તિ પ્રગટ થઇ કે સંવિતમાં કર્તા પણું ઉત્પન્ન થાય છે. જ્ઞાન સીવાય બીજું કાંઇ નથી. જ્ઞાન ઉપર ભાસે છે તે ઉપરતું ભ્રાંતિથી સત્ય દેખાય છે, તેથી સ્વરૂપ ઢંકાઇ જાય છે. પાણી ઉપર મોજાં તથા મેલ આવવાથી પાણી સ્વચ્છ દેખાય નહીં. પણ તે જળ છે એમ જાણે તો ભ્રમ નથી. ઉપર ઉપર ક્રિયા શક્તિ જ્ઞાન શક્તિ ભલે કાયમ રહે. જળ ઉપરના પરપોટાને નહીં જાણે પણ મનુષ્ય તો જાણે કે પરપોટા પણ જળ છે. તેમ જ્ઞાનના ચમકારા પણ જ્ઞાન છે એમ જાણે તો ભ્રમ દૂર થાય. દ્રષ્ટા જ્ઞાતા પ્રમાતા એ જ્ઞાન સ્વરૂપ છે. તે જ્ઞાનપર જ્ઞાતા જ્ઞાન જ્ઞેયની ત્રિપુટી ભાસે છે. ક્રિયા પ્રાણ વગર થાય નહીં. સીક્કાની એક બાજુએ છાપ અને બીજી બાજુએ મહારાજા એડવર્ડની કે ગદાધર હનુમાનજીની છબી હોય છે. તેમ એક તરફ જ્ઞાન અને બીજી તરફ ક્રિયા હોવીજ જોઇએ. પણ ગતિ કયારે થાય? ગતિ થવાને અવકાશની જરૂર છે. અને સ્વરૂપમાં અવકાશ નથી. તત્વજ્ઞાનથી અને પ્રાણના નિરોધથી અહંકારની નિવૃત્તિ થાય છે. પ્રાણ શક્તિના નિરોધે મન સ્થીર થાય છે, એટલે લીન થાય છે. હ્રદય કોશથી નીકળીને જે શ્વાસ બહાર જાય છે, અને બહારથી નાક અને મુખદ્વારા અંદર આવે છે તે શ્વાસોશ્વાસ નિરંતર થાય છે, તેને પ્રાણ કહે છે. પ્રાણાયામ યોગે દીર્ઘ થતાં નાભિથી નીકળે છે. શરીર એહું રહે છે અને વાસનાથી જે દેશ દેશાવર ભટકે છે તે મન છે. **મન ચાહે તો માળવે જઇ બેસે છે. અને સજ્જન શિરોમણી રત્ન લલામમાં નિવાસ કરી સત્સમાગમમાં રમણ કરે છે.** પ્રાણ ગતિ કરે છે. મન દૂર હોય તેને પાસે લાવે છે. મુખ્ય કર્તવ્ય એ છેકે મનને વાસનાથી રહીત કરવું જોઇએ, પોતાનામાં નથી તેને મન બળાત્કારે લાવે છે. માટે મનને બે પ્રકારે રોકવું. ૧. વૈરાગ્યથી. અને ૨. યોગાભ્યાસથી. વૈરાગ્યથી એટલે વિષયોનું ચિંતન થતું અટકાવીને અને યોગાભ્યાસથી એટલે પ્રાણને રોકી પ્રાણ વા-

યુને સ્થીર કરીને. એ પ્રાણાયામથી થઇ શકે છે. અષ્ટાંગ યોગ, હઠયોગમાં છે. પણ તેમાંનો પ્રાણાયામ રાજયોગમાં ગણાય છે. ભેદ દ્રષ્ટિ વગર ગતિ સંભવતી નથી. તત્વજ્ઞાનથી ભેદ ભાંગે તો ગતિ ભાસે નહીં. પ્રાણ એટલે ગતિ અને ચિત્કળા એટલે વૃત્તિજ્ઞાન. એ બેઉની એકતા થાય છે તે જ્ઞાન અચળ શિલારૂપ થયું તેના ઉપર પ્રાણ ઉપર ઉપર હાલતા છો રહ્યા. વૃત્તિ થાય ત્યાં સુધી જે જ્ઞાન કહેવાય છે તે તો વૃત્તિ જ્ઞાન છે. પણ અખંડ જ્ઞાન તો બની રહ્યું જ છે. પ્રાણ અને વૃત્તિજ્ઞાન ભલે એક હોય, વૃત્તિજ્ઞાન હોય કે નહીં હોય તોપણ જ્ઞાન અખંડ છે. પ્રાણ અને મન એક રૂપજ છે. નિદ્રામાં ક્રિયા શક્તિ રહે છે, અને જ્ઞાન શક્તિ લીન થાય છે. જાગ્રતમાં ક્રિયા શક્તિ અને જ્ઞાન શક્તિ બેઉ કાયમ છે. નિદ્રામાં જ્ઞાનશક્તિ લીન થાય છે, તેથી સ્વપ્નમાં જાગ્રતનું સ્મરણ થતું નથી. પ્રાણ સ્થીર થયા તો ચેતન ગતિરૂપ નથી. પાંગળો ને આંધળો એક બીજાના સહાયક છે. આંધળો પાંગળાને ઉંચકી પાંગળો રસ્તો બતાવે તે તરફ જાય છે. મન અને પ્રાણ બેઉ હોય તો કાર્ય બની શકે છે. બેમાંથી એક કંઇ કરી શકે નહીં. પથરમાં જેમ શ્વાસ શક્તિનો અસંભવ છે, તેમ મનને પોતાની મેળે પ્રાણની સહાયતા વિના હાલવું સંભવતું નથી હાલે માટે મન કહેવાય છે; ને નહીંતો કંઇ કરી શકે નહી. માટે મન છેજ નહીં. પરમાત્માને વલોવીને ડહોવી મૂક્યો છે, તેજ પ્રાણ શક્તિ છે. ક્ષીર સાગર મંથન પરમાત્માને કેમ ડહોળ્યો છે તેનું રૂપક છે. પ્રાણ શક્તિ પોતાની સિદ્ધિને માટે જ્ઞાનની અપેક્ષા રાખે છે. અને જ્ઞાનનું ભાન તથા ઉપલબ્ધિ પ્રાણ શક્તિ વિના નથી. વાણી વિના પંડીતની પંડીતાઇ નકામી છે. વાક્ ઇંદ્રિય કર્મેંદ્રિય છે. સાધન છે, શક્તિ છે. પણ કુહાડો હોય તેમાં શક્તિ પ્રેરીને વૃક્ષ છેદાય. પ્રાણ જડ છે. આત્મ સત્તાએ સિદ્ધ થાય છે. અને આત્માવડે ગતિમાન છે. ચલરૂપ જડ છે. ચૈતન્ય સત્તા અને સ્પંદરૂપ પ્રાણ એનું નામ મન. આકાશમાં જે ગંધર્વ નગર ભાસે છે, તે જોવા પુરતું છે, વાસ્તવિક નથી.

તા. ૧૩–૯–૦૩.

૩૮. અવિદ્યા.

અવિદ્યા સંસાર રૂપી વિષને આપનારી છે. જગતમાં તન્મય થઇ સ્વરૂપનું વિસ્મરણ થાય તેનું નામ અવિદ્યા. બ્રહ્મ સાથે દેહાદિક સંઘાતનો

સંબંધ થાય ત્યારે જગત ભાસે છે. દ્રસ્ય સાથે તન્મયતા થાય, તેથી હું જો ઉં છઊં એ ભાસ થાય છે. તે ભાસ મિથ્યા છે. તેને પ્રકાશ આપનાર સત્તા સત્ય છે. સ્વપ્નમાં પોતે જોનાર તથા જોવાનું ભાસે છે, તે અસત્ય છે; પણ જેના ઉપર એ સ્વપ્ન ભાસે છે તે સત્ય છે. અભાન રહેવું એજ અજ્ઞાન છે. દર્પણમાં જડ ચેતન સ્થીર ગતિવાન ભાસે પણ કાચ સીવાય બીજું કાંઇ નથી. તેમ ભાસતી વસ્તુ જ્ઞાનનો આભાસ છે. જ્ઞાન એટલે ચિત્શક્તિ છે. અને ક્રિયા અથવા મન સ્પંદ શક્તિ છે. ચિત્શક્તિ અને સ્પંદ શક્તિનો સંબંધ કલ્પિત છે. જો સંકલ્પ ન ઊઠાવો તો મન ક્યાં છે? જે કાળે વસ્તુને ઇંદ્રિયો ગ્રહણ કરે છે ત્યારે તો વસ્તુને ઇંદ્રિય પ્રકાશ કરે છે. બીજું કંઇ વિશેષ થતું નથી. પણ પૂર્વ કે ઉત્તર ક્ષણમાં સંકલ્પ ઊઠે છે. પૂર્વ ક્ષણમાં ચિંતવન થાય છે; ઉત્તર ક્ષણમાં સંકલ્પ ઉપર સંકલ્પ થાયછે. કર્મેંદ્રિય પણ વગર સંકલ્પે ક્રિયા કરતી નથી. ક્રિયા થતી જણાય છે. તે પણ મન વડે છે. ગવૈયો સહજ તાન મારે છે તેમાં કંઇ ભય નથી. રાગદ્વેષમાં ભય છે. સંસાર ભય કરનારો નથી. સંસાર તો સુખ દુઃખ આપતો નથી. મન રાગદ્વેષ કરી સુખ દુઃખ વોહોરી લેછે. પ્રાણ મૂળ ગતિ શક્તિ છે. વાયુ સ્પર્શવાન હોઇ સ્થુલ છે. એ શક્તિ લોહ ચુંબક સોય ન્યાયથી કંપાયમાન થાય છે. ચિત્ સત્તાએ ચેતે છે, તે પ્રાણ શક્તિ. સ્થીરતામાં ગતિ થવી એ ચેતવું કહેવાય છે. ચેતાવવું એટલે પરમાર્થ તરફ લગાડવું. મનને ચેતાવે, મંડળ કરી આત્મ જ્ઞાન ચર્ચા કરે તો સ્વરૂપ સમજાય. જ્ઞાન સ્વરૂપ આગળ ચિત્શક્તિ ચેતે તેથી સંસાર ભાસે. પરિચ્છિન્ન થાય તો દુઃખ રૂપ બને. બાળક જેમ પોતાનો ઓળો જોઇ બીહે છે, તેમ આપણો સંકલ્પ ઓળો તેજ સંસાર છે. ચૈતન્ય સત્તા અખંડ છે; મંડળાકાર છે. જેને આદિ અંત મધ્ય નથી. પણ જે પોતે આદિ મધ્ય અંત છે. ગોળ છતાં આજુબાજુ કંઇ નથી. આદિ મધ્ય અંત જેના ઉપર ભાસે છે. અને જે કાળ સ્થળ કાર્ય કારણ ભાવ એ ત્રણે કલ્પનાથી રહીત છે. કાળ સ્થળ અને કાર્ય કારણ ભાવથી આદિ મધ્ય અંત જાણી શકાય છે. પણ જે સર્વ કાળે સર્વ સ્થળે છે, છે છે ને છે, અને કાર્ય કારણ ભાવ રહીત છે, તે અખંડ મંડળાકાર ચેતન સત્તા છે. કોઇ બીજી વસ્તુ નથી. તેથી તેનું મુખ્ય અખંડપણું છે. કેમકે અખંડપણું એ પણ બીજાની અપેક્ષાથી કહેવાનું છે. એવો કાળ દેશ કે વસ્તુ નથી, કે જેમાં પોતે સ્વરૂપ ન હોય. તેને છોડીને પણ પોતે છે. નિદ્રામાં કાળ દેશ વસ્તુ કાંઇ નથી, છતાં પોતે છે. પરસ્પર કાળમાં ભેદ છે. વર્તમાનકાળ ભૂતકાળમાં નથી. ભૂતકાળ વર્ત-

માન કે ભવિષ્યમાં નથી. પણુ આત્મા અખંડ છે. આવા અખંડ મંડળા-કાર આત્માનો સંબંધ કોની સાથે બની શકે ? આત્માને પ્રાણુ, શક્તિનો મેળાપ સંભવતો નથી, તો મન કયાં છે? સ્પંદ એટલે ગતિ અથવા હાલવું. પણુ આત્મામાં સ્ફુરણુ નથી. અંદર ને અંદર લખલખાટ ભાસે છે. એ ભુલ ભુલાવો છે. ભાન ઊઠે છે. પણુ ગતિ થઇ એવો અનુભવ નથી. ગતિ છે જ નહીં. પહો ફાટતાં પહેલાં અંધારૂં કીલ હોય છે. અંધારૂં ત્યાં નું ત્યાંજ અછવાતું જાય છે. કાંઇ જતું નથી. કોઈ દોડતું નથી. ત્યાંને ત્યાં છે. ગતિ થઇ નથી. પણુ બદલાયલું લાગે છે. તેમ આત્મસ્વરૂપમાં સ્પંદ થતો નથી. ત્યાંજ ઊઠે, ત્યાંજ સ્પંદ થાય, ત્યાંજ લય થાય. પાણીમાં ચીકાશ મળેલી છારી ભાસે, આંગળી અડકાડો કે નિર્મુળ બળી તેવી જ. તે પરથી જણાય છે કે ત્યાં આગળ ગતિ થતી નથી. તેમજ વૃત્તિથી આત્મા ઢંકાય છે. પડદો પડયાથી આત્મા જુદે જુદે રૂપે ભાસે. પાણીમાં લીસોટા તેમ આભાસરૂપ વૃત્તિની કાતરણુ છે. કાતરવાથી જુદા જુદા રૂપ ભાસે છે. આત્મામાં કાંઇ નવું આવરણુ નથી. વિશેષ ભાવ થાય તેથી સામાન્ય ઢંકાય છે. સંકલ્પ રહીતપણું એ સ્વરૂપ છે. દેહ પ્રગટ કર્યાનો સંકલ્પ ઊઠેલો છે. તે પ્રારબ્ધ હોવાથી મિથ્યા થાય નહીં. પોતાનો સંકલ્પ પોતેજ નષ્ટ કરે તો સત્ સ્વરૂપ કહેવાય નહીં. પણુ છે તો સત્સ્વરૂપ કે જેની સત્યતાથી સંસાર સત્ય મનાયો છે. સંકલ્પ રહીત થવું એટલે શું ? સંકલ્પ તો છેજ નહીં. ખોટા એ ખોટું સિદ્ધ થાય છે. મનરૂપી આરસાપણું પ્રતિબિંબે સિદ્ધ થાય છે. દાખલા તરીકે સૈન્ય એટલે શું એ જાણુવું હોય તો સૈન્યનું કાંઇ પૂતળું નથી. હાથી ઘોડા આદિ એકઠા થઇ સૈન્ય કહેવાય છે. તેમજ જ્ઞાનમાં ભાસે છે તેથી સ્પંદ, મન વગેરે પણુ છે.. પરંતુ જ્ઞાન સીવાય બીજું કશું નથી. ભેદ નથી ત્યાં ભેદ દ્રષ્ટિ લગાડી તેથી ઠેકાણે આવવું મુશ્કેલ છે. મારી સત્તા, મારે મારા પુત્રે મને ગુમાવ્યો છે. એ વિક્રમની વાત યાદ કરો. આત્મ સ્વરૂપને નષ્ટ કરનારનું મન દુષ્ટ છે. રાજા છેજ નહીં, હુંજછું, એવો ઇમ્પોસ્ટર ઢોંગી છે. મનનું સ્વરૂપ ઓળખ્યું કે એ તો મારી શક્તિ છે, મારૂં જ સ્વરૂપ છે. મારી કીર્તિ વધારે છે. મારે આનંદ છે. સંકલ્પ કર્યો કે પછી તો સુખે દુઃખે હરિ વશાનો અધમણાઓ ઝીંકવોજ પડે. ચમકારો નડતો નથી. પણુ દ્વિધા થાય છે, તે વિકાર દુઃખ રૂપ છે. પૂર્વ પશ્ચિમ સંકલ્પ નિરર્થક છે. તેને ટાળવા. જો નહીં ટળાય તો ઇંદ્રિયોનો નિરોધ કરો. બાકી ખરૂં પુછો તો ઇંદ્રિયો બિચારી શું કરી શકે એમ છે? તેનો નિરોધ કરો યા નહીં કરો. કારણુ કે મન વિદ્-

રત્નું વશ કરવાનું છે. મન ચળ વિહ્વળ થાય છે, ને મફતમાં દોષ ઇંદ્રિયોનો કહાડવામાં આવે છે.

તા. ૧૪–૯–૦૩

૩૯. મનનું સ્વરૂપ.

મન ઉત્પન્ન થયલું ભાસે છે તે મિથ્યા છે. કેમકે મન મને કરીને સિદ્ધ થાય છે. મનને સિદ્ધ કરનારૂં કોઇ બીજું પ્રમાણ નથી. તેથી સ્કંધારોહણ ન્યાય તથા વળી આત્માશ્રય દોષ આવે છે. ગંધર્વ નગર ભાસે એ આંખનો વિકાર છે. તેમ જગત ભાસે એ મનની ભ્રાંતિ છે. મનનું સ્વરૂપ નથી. મન ઊઠયું છે, એ ભાસવું મિથ્યા છે. ભેદ નથી તેમાં ભેદ મનાયો છે, અને સત્ય મનાયો છે. માયા અવિદ્યા અને માયાનું કાર્ય મન કલ્પાયાં છે. જ્ઞાનના પ્રકાશ શીવાય બીજું કંઇ નથી. દ્રષ્ટ જગત અલ્પ છે. અને શ્રુત જગત અપાર છે, તાપી નદીમાં પુષ્કળ જળ છે. તેમાંથી જેટલું બહાર કહાડીએ એ તે જળનો અંશ છે. તેમ ખજાનો અંદર મનમાં છે. બહાર જગત નથી. આંખ મીંચો કે દ્રષ્ટ જગત ગયું. મનરૂપી ટાંકીનું ચક્ર ફરતુંજ રહે છે અને દ્રષ્ટિ પણ ફરતા ફરતી છે. ક્ષણે ક્ષણે જૂદા પડદા મનમાંથી આવે ને મનમાં જાય છે. યંત્રના કાગળોના ચિત્ર અંદરજ એક પછી એક ફરતાં ફરતી ચાલ્યાં આવે છે. સર્વ વસ્તુ મનમાં એટલે જાણવામાં ભરેલી છે. જાણવાથી જુદી નથી. જાણવાપણું એજ સૃષ્ટિ છે. વધારે ઓછી નથી માટે જ્ઞાન એ સ્વરૂપ; અને બીજું કાંઇ છેજ નહીં. ખાંડના રમકડાં ખાંડજ છે. નામ પોતાનો પોતાથી વિયોગ કરાવે છે. માટી ને ઘડો એવું નામ આવ્યું કે ઘડો માટીની ન્યાતમાંથી બહાર થઇ ગયો. કેમકે ઘડો દેખીને ઘડાનું મટોડું જોવા છતાં મટોડું નથી એમ કહેવાય છે. વિયોગ નથી છતાં વિયોગ કહેવાય છે, એ માયા, મન છે. હું બ્રહ્મ નથી. હું તો જીવ છું, એ વિયોગ માયાથી થાય છે. દશમો હાજર છતાં દૂર મનાયો છે. દશ હજાર વર્ષ તપ કરતાં પણ પત્તો મળતો નથી. ખરૂં જોતાં વિયોગ થયોજ નથી. કંઠીને સોનાનો વિયોગ થયલો મનાયો છે. દૂર કરી પોતાના સોના સાથે મેળાપ કરવો છે, તે કંઠી બહાર પોતાના સોનાને શોધવા બધે રખડે છે. છતાં પોતામાં રહેલા સોના સાથે મેળાપ થતોજ નથી. કેડમાં છોકરૂં ને ગામે શોધ્યું. વિયોગ થયોજ નથી; થવાનો સંભવજ નથી, એમ જાણે તો વગર મહેનતે મેળાપજ છે, નહીંતો હુંડનું હાસ્યજનક છે.

'તુમ પ્રિયાકું યાદ કરતે, પ્યારા તેરી પાસ હે, પાસ હૈ પાતા. ઇહાં, જ્યમ ફુલોમે બાસ હે; તુમ પ્રિયાકું.' એ પદનું રહસ્ય જુવો. ઘી બ્રાખ્ખણ તો વહે ગયે, અબ રેહ ગઇ એક છાશ હે; કસ્તુરી મૃગકી પાસ હે, ઔર સુંઘતા હે સો ઘાંસ હે. સંકલ્પ અથવા જ્ઞાનના ચમકારા 'ભાન મન્ એ સહુ અજવાળાની નદીના કિનારાપર ખોદેલા કુવાઓ છે, કે જેમાં પાણી નદીમાંનું જ છે. ભાન થવું એ જ્ઞાન સીવાય બીજું શું છે? ભાન થવું એ જ્ઞાનનું પ્રગટ સ્વરૂપ છે. તે આત્માથી ભિન્ન વસ્તુ નથી. મૃગજળ પાછળ, મૃગ દોડી મરે તેમ જીવો જગતમાં દોડ્યા જાય છે. નદીના જળમાં તરણાની માફક વહ્યાં જાય છે. અને પ્રાણ ત્યાગ સુધી સુખ મેળવતા નથી. સુખ મળે તો સ્વરૂપનું વચમાં વચમાં મળે છે. જગતનું મળતું નથી. અથવા બહારનું મળતું નથી. મૃગને પોતાની લાળથી સહેજ ઠંડક મળે, પણ મૃગ જળમાંથી ટીપું મળતું નથી. કેમકે મૃગ જળ છેજ નહી. સ્થીર મન થાય તેટલી ઘડી જીવને આનંદ અનુભવાય. મૃગને કસ્તુરીની વાસ પોતાની ડુંટીમાંની આવે તે છતાં ઘાંસમાં હશે એમ જાણી આખું વન ભટકી ઘાંસ સુંઘે પણ કસ્તુરી તો પોતાની પાસેજ છે. નિદ્રામાં બહારનો વિષય શબ્દરૂપ વગેરે જણાતો નથી. **પોતે સાના ઉપર સૂતો છે તેનું પણ ભાન નથી.** છતાં પૂર્ણ આનંદ રહે છે. દુઃખનો અભાવ છે. નિદ્રા નવું બળ અને જીવન આપે છે. બહારના શ્રમ અને જીવન હાની આપે છે. એ આનંદ બહારથી આવતો નથી; ગરીબ શ્રીમંત સર્વને સરખો છે. એકજ હૃદયરૂપી જડ મરૂતસ્થળ રેતીનું મેદાન છે. તેના ઉપર ચેતનરૂપી સૂર્યના કીરણ અડકવાથી મનરૂપી મૃગ તૃષ્ણા ની નદી ભાસે છે. તે પણ જડ છે. જુવો કે જીભ માંસનો ટુકડો જડ છે. અને તેનાપર મુકેલો પદાર્થ ગોળઆદિ પણ જડ છે. તોપણ પદાર્થ આવતાંની સાથે જીભ સ્વાદ અનેક પ્રકારના પ્રગટ કરે છે. તેમ હૃદય જડ છતાં માંસ છતાં તેમાં પ્રતિબિંબ પડે છે, આંખ માંસ છતાં વિચિત્ર શક્તિ ધરાવે છે. એ સર્વ શક્તિ જડ માંસની નથી. પણ ચેતનની જુદે જુદે રૂપે જુદી જુદી શક્તિ જુદા જુદા સંજોગ અને સંબંધમાં પ્રગટ થાય છે. સ્વાદ એ જડ છે. તેનું રૂપ નથી. એ જડના સંબંધમાં ચેતન અનેકરૂપે દેખાય છે. ચેતનમાં શબ્દાકાર થયો તે ઘંટો વાગેથી થઇ શકે છે. હીરાના રંગ જુદા જુદા દેખાય છે. ચેતન નિરાકાર છે. તેને શબ્દ વગેરે રૂપતા આપે છે. મન ઇંદ્રિય પણ અહંકાર આદિ ઉત્પન્ન કરે છે. મન છઠી ઇંદ્રિય છે. સ્વાદ નિરાકાર છે. જીભ દ્રવ્ય સાકાર છે. પાન ચુનો કાથો સમુદાય લાવી આપે છે. ચેતનથી સ્વાદ

છે, છતાં વસ્તુને ખારી તીખી કહીએ છઇએ. જીભ કે વસ્તુ કે ચેતન ખારાં તીખાં નથી. સંબંધ ખારો તીખો છે. માટે સંબંધથી રહીત થઈ નિઃસંગ થવું. પોતાનો અનુભવ બીજાને કેવી રીતે જણાવાય ? અનુભવ થાય તે પોતાને જ થાય છે. અનુભવ પ્રકાશ જુવો. ગોળ જેવા દ્રવ્યમાં ગળપણુ પ્રગટ કરવાનો ધર્મ છે. વાજીંત્ર તાઊસ વાગે છે, તેમાં તારમાં કોણુમાં ધ્વનિ નથી. ઘર્ષણુમાંથી ઘર્ષણુ નિમિત્તે નીકળે છે. ગજીઓ ફરે છે. અને ધ્વનિ નીકળે છે. નથી તારમાં કે નથી ગજીઆમાં. બહાર એ સર્વને માટે એકજ તત્વ છે. શું છે તે કોઇ જાણુતું નથી. તે એકજ તત્વ જીભને સ્વાદ આપે છે. જેવા ચશ્મા પહેરીએ તેવુંજ દેખાય. બહારની વસ્તુ શું તે ખબર નથી. ઉઘાડી આંખે દેખાતી નથી. ચશ્મા પહેરવા જોઇએ. આંખનો ચશ્મો રૂપ બતાવે છે. રૂપ કહાડી નાંખીએ તો શું છે તે ખબર નથી. કેમકે તે આંખ વગર દેખાય કેમ? આંખ કહાડી નાંખીએ તો છે તે છે પણુ આંખ તેને જોઇ શકતી નથી. અને જોવાની શક્તિવાળી આંખ જતી રહે ત્યારે તેને જોય કોણું? તેથી ખરૂં સ્વરૂપ જણાતું નથી. એજ તત્વ શબ્દરૂપે ભાસે છે. એકજ ઓરડાની જુદી જુદી બારીએથી એકજ વસ્તુ જુદે રૂપે દેખાય છે. એકજ હાથીના અંગ જુદા જુદા માણુસને જુદા જુદા દેખાય છે. ખટ દર્શનમાંનું દરેક દર્શન એકેક અંગ હોઈ આખો હાથી ખડો કરવો જોઇએ. એકની એક વસ્તુ જુદે રૂપે દેખાય છે તેથી તે એકલી અપૂર્ણુ જેવી ભાસે છે. નારંગીના પાંચ સ્વરૂપ પાંચ ચશ્માથી દેખાય છે. પાંચ ચશ્મા કહાડી લઇએ તો નારંગી કયાં છે? પંચેંદ્રિય છે તો નારંગી છે. નહીંતો શું છે? કાંઇજ નથી. અનુભવજ બારીઓમાંથી અનંત દેખાય છે. પણુ છે એકજ. અનુભવ કાગળપર બારીઓ ચારણીના છિદ્ર છે. અનંત દેખાતા છતાં પણુ છે એકજ. ચક્ષુમાંથી દેખાતાં રૂપો અંતરમાંજ છે. આખું વિશ્વ કુંભારની દુકાન છે. પરંપરા માટે અનુભવ પ્રકાશ જુઓ. માટી સીવાય બીજું શું છે ? ‘ મટ્ટી મેં મીલજાના સાધુ મટ્ટી મેં મિલજાના. ચમડેકા પૂતળા સબ ચેતનકા ઊજવાલા. સાધુ મટ્ટીમેં મીલજાના. ’ કુંભાર હાથી ઘોડા ઢીંગલી બનાવે છે પણુ તેને મન સહુ માટીજ છે. હાથીનો પણુ એક પૈસો તો ઘોડાનો પણુ એક પૈસો. લેનારને પણુ ફીકર રહેતી નથી કે ઘોડા કરતાં હાથીને વધારે ખવાડવું પડશે. અજ્ઞાન હોય ત્યાં લગી ભેદ જણાય છે. બાકી નામરૂપનો અર્થ નથી. નામ કાયમ ભલે રહે. તેનો અર્થ મનમાંથી ઊઠી જાય તો બસ. હૃદય જડ છે માટે અસિદ્ધ છે. પોતાને તથા પારકાને જાણુતું નથી માટે મન નથી. માત્ર ચેતનની સત્તા છે, તેને લોકો

મન કહે છે. ચેતનથી તેની સિદ્ધિ છે. સૂર્યનું પ્રકાશતારૂપ રૂપ. તે મન એ મન ક્રિયા રહીત છે. મૃતક છે. મુવેલા સાપનો ભય શું? મુડદાંને મારવાથી શું વળે? મૃતક મને બધાને ગુલતાન કરી મૃતક બનાવી મુકયાં છે. તે એટલે લગી કે આપણે મનના મારેલા મુવેલાં છતાં અહંકાર કરીએ છીએ કે અમારા જેવા જાગૃત કોઇ નથી. એ કેવું આશ્ચર્ય છે! શું ઉટાંગ પાયા વગરની સૃષ્ટિ બની રહી છે! મનને જીતો એમ સહુ બોધ આપે છે. પણ મનને શીરીતે જીતવું? કારણ વાઘ તો છે નહીં. અને સહુ કહેશે વાઘને જઇને મારી હઠાવો. તેવી વાત છે. રૂપ વિનાના નામે (એટલે મન જે એક નામ માત્ર છે તેણે) આખા જગતને ગળી જઇ ખાઇ નાંખ્યું છે. નહી જાળની જાળમાં સહુ ફસાયા છે. મનનું બળ કેવું છે કે વગર હથીઆરે બધાને જેર કરે છે. મન એ કેવું વિચિત્ર કમળ છે! કમળ સહુનું માથું ચીરી નાંખે છે. સર્વ કોઇ ઘાયલ થઇ ગયા છે. જડ મુગું અધમ છતાં તેનાથી બંધાયલા માને છે. પૂર્ણચંદ્રની શીતળતામાં બેઠેલો બળું બળું થાય છે. આવા મનને જીતનારો શુરો કહેવાય છે! જેને કોઇએ જોયું નથી છતાં જેનો અમલ બધાપર છે એવું પસરેલું અસત્ ચંચળ મન આશ્ચર્યરૂપ છે.!

તા. ૧૫-૯-૦૭.

૪૦. મનની વિલક્ષણતા.

અવિધમાન મને જગતને શરણ કરી મૂકયું છે. મનનો ઉદય સ્થીતિ ન છતાં થયલું ભાસે છે. કોઇએ જોયું નથી. માત્ર શક્તિ ઉપરથીજ કહેવાય છે. ક્રમથી વિલક્ષણ પૂર્વે નહીં જોયલું હોય તે આશ્ચર્ય કહેવાય છે. સામાન્યમાં ક્રમથી ચાલ્યું આવે તેમાં આશ્ચર્યતા નથી. અદ્રષ્ટની કલ્પના દ્રષ્ટપરથી કરીએ છીએ. પણ મનનું દ્રષ્ટાંત નથી. દ્રષ્ટમાં સામગ્રી તથા દેશ કાળ જોઇએ. લાકડામાંથી ખુરસી કરવી હોય તો એકદમ થાય નહીં. લાકડું સુથાર મહેનત જોઇએ. મનની સૃષ્ટિને કંઇ સામગ્રી નથી; છોકરાં કરવાને માટે સ્ત્રી પુરૂષના સંયોગની ખાસ જરૂર નથી. મને જરા ચાંપ દાબી કે વૃક્ષ માણસ યા આખું લશ્કર કે આખા શહેરનો દેખાવ એકદમ ખડો થાય માટે મન આશ્ચર્ય વિસ્તૃત રૂપ છે. ચંચળ અસત્ છે. ગતિમાન ક્ષણેક્ષણે રૂપ બદલે છે. ગતિ થાય તે નહીં થાય એવી રીતે બદલે છે. નથી તેને સત્ય માનવું એ મૂર્ખનું લક્ષણ છે. મન નથી

છતા જીવ દુ:ખને પાત્ર થાય છે. ભૂત નથી છતાં દુ:ખી થાય એવા મૂર્ખોથી સૃષ્ટિ ચાલી રહી છે. અંધ પરંપરા છે. અંધેકી ટોલી દો દાતાર. પોતે જોયું નથી ને બીજાને મનાવે છે. પાયો શોધતા નથી. ઉપલક ઉપલક ઉડે છે, હું અને જગત માને છે. પણ હું શું છું? સંઘાત છું કે કોણ છું? તેનો વિચાર કરતા નથી. પદાર્થમાં સ્વાદ વગેરે છે કે માશામાં છે કે શું છે? જ્ઞાન બતાવું છું પણ જ્ઞાન શું છે? આ પુષ્પ છે. એમ જાણીએ છીએ. પણ પુષ્પનું રૂપ શું છે? નેત્ર ઊઘાડીએ નહીં ત્યારે વસ્તુનું રૂપ ક્યાં જાય છે? તત્વ એકજ છે. તેનાપર નામો બેસાડવાથી જગત છે. પોતાનાથી પોતાનો વિયોગ અત્યંત અસંભવ તે નામે સ્વરૂપ ભૂલાવ્યું છે. હું મને જડતો નથી! કેવી ગાંડાઈ! દરેક કાર્યમાં કારણ જણાય છે. તે છતાં કાર્ય કારણનો વિયોગ ગણવામાં આવે છે. મેબાપ છે જ. પણ બધુંજ ઉલટું તે સુલટું દેખાય છે. મને તપ કરીને વરદાન માગી લીધું છે કે બધું વિપરીત તે સત્ય લાગે અને સત્ય હોય તે જણાય નહીં. એક ગોપીપુરાની ગપ ચલાવી કે ચાલી. ચિંતાથી વિશ્વ નિમિત્ત વિના તપી રહ્યું છે. સદ્ સંકલ્પની લહેરથી મદ થયા છે. પરમાત્માનંદ તરંગ શસ્ત્રથી અનેક કટકા કરી નાંખ્યા છે. કમળથી કોમળતા થવી જોઇએ તેને બદલે કટકા થયલા ભાળે છે. મનરૂપી કમળ શું કટકા કરવાને સમર્થ છે? અને મન તો કમળ કરતાં પણ અતિ સૂક્ષ્મ છે. મન પોતાની શક્તિરૂપ છે. મનથી મૂવક અમે છીએ. કેમકે આત્માનો ઘાત કર્યો છે. પૂતળા જેવા દેખાઇએ છીએ. એ પહેલાં આગળ કોણ હતા અને પાછળ શું થશું તે કોણ જાણે? મૃત્યુ એટલે પ્રમાદ એજ મૃત્યુ. મૃત્યુ એટલે નાશ. પણ નાશતો બનેજ નહી. સત્ય વસ્તુ નાશને પામે નહીં. અસત્યનો નાશ શું? તે તો છેજ નહીં? છે તો નાશવંત, માટે છેજ નહીં. દેખાતાં છતાં જોવું નહીં એ પ્રમાદ. અજવાળાને જોઉં છું એમ કોઈ કહેતું નથી. પણ વસ્તુ જોઉં છું એમ કહે છે. અસત્ ને સત્પણું સત્ ને લીધે આવે છે. સત્ કંઈ બજારમાં વેચાતું નથી. શૂન્યમાં ભ્રાંતિ નહીં. ભ્રાંતિ થાય છે તે એટલુંજ બતાવવાને કે અધિષ્ઠાન શૂન્ય નથી. સત્ અધિષ્ઠાન પર ભ્રાંતિ છે. પશુપણું અને મનુષ્યપણું ઘણે દરજ્જે સરખાં છે. જીવ મિથ્યા કલ્પનાથી કૃપણતાને પાત્ર થાય છે. જીવપણું માની મન આત્મ હત્યારૂં થાય છે. મનુષ્ય આત્મરૂપી ધન છતાં ઉપયોગ કરતો નથી. ભયભીત છે. અમૃતનો કુપો છતાં મરણનું ભય હરેક ક્ષણ રાખે છે. ચારણીથી સમુદ્રને ખાલી કરવો છે. પણ એક ટીપું પણ બહાર નીકળતું નથી. એવો

પ્રયત્ન નિષ્ફળ અત્યંત મિથ્યા છે. એ પ્રયત્ન કોણ કરે ? જન્મથી મરતાં સુધ. જન્મો જન્મ એ પ્રયત્ન ચાલુ છે. છતાં બધું ગેય થાય છે. ભોગોના ઝબકારા આવે છે અને જાય છે. ટીપું પણ મળતું નથી. પ્રવૃત્તિનો અંત નથી. છતાં પ્રયત્ન છોડતા નથી. ગંદી દેહનો શો ગર્વ ? મોઢું ધોયું ત્યારથી દુર્ગંધ વધવી શરૂ થાય, ચાલુ રહે. વધી પડે ત્યારે બીજે દીવસ સવારમાં પાછી સાફ કરવી. એવો એવો દરેક જાતનો મિથ્યા પ્રયત્ન છતાં નિષ્ફળતા દેખાતી નથી. ફરીફરીને એનું એ. રોજ સુવું ને ઊઠવું. રોજ ખાવું ને કાઢવું. ને વળી ફરી ફરી એનું એ. તોપણ મિથ્યાપણું માલમ પડતું નથી એ કહેવી માયા ? પાણી ખાલવવામાં ચારણી કોરે મુકી બીજું સાધન શોધે તોપણ ઠીક. પરંતુ તે નો તે પ્રયત્ન જારી રાખે છે. પૈસા માન મેળવશે. વારૂ ઠીક છે. પણ પછી શું ? 'વૉટ ધેન' ? ચંદ્રકાંતમાં કહ્યું છે. કે ઉત્તમ વસ્તુ શું છે તે જાણું તો માગું. એક રાજેશ્રી શ્રીમંત સુખીને ગરીએ પૂછ્યું કે તમારા જેવા તો કોઇ સુખી નહીં હોય ? કેમકે તમને કોઇ વાતની ન્યૂનતા જણાતી નથી. સોલંનની વાત યાદ લાવી તે ગરીબને શ્રીમંત કહેવા લાગ્યો. ભાઇ મારૂં દુઃખ હુંજ જાણું છું. તે કહેથી વિશેષ નથી. એટલુંજ કહું છું કે મારા જેવો દુઃખી કોઇ નહીં હોય. બધું પાસે છતાં ટટળવું પડે એ શું થોડું દુઃખ છે! રંભા જેવી પદ્મિની છતાં હું નપુંસક છું. બીજા બધા સુખ શા કામનાં છે ? ઉલટાં જીવ બાળે છે. સુખદુઃખનો વિચાર બાહ્ય દેખાવ ઉપરથીજ લોકો કરી લેછે. માટે મનથી માને તે સુખી છે. મનથી માને તે દુઃખી છે. આ વાત મેં તારા સીવાય બીજા કોઇને કહી નથી અને કહેવાનો પણ નથી. કેમકે કહેથી શો લાભ છે ? જીજ્ઞાસુને આત્મા સીવાય શું સુખ છે ? સર્વ આભાસો છે. સૂર્યનો પ્રકાશ ખરો છે. બીજે તો આભાસ થાય છે, અને મંદ છે. ઓળો તો ભુતના ભડકા યાને 'ફેન્ટમ' માફક અહીંથી ખસી બીજે જઇ ફસાવે છે. ભમાવે છે; મૃગ જળ, ખાલી ધુમાડાના બાચકા છે. માટે લાભ હાની છે જ નહીં, એજ નિશ્ચય કરવો. પેશવાને ત્યાં નિત્ય પાંચ પકવાન થાય. બત્રિશે વાનીની રસોઇ. તે જોઇ નાના ફડનવીસે કહ્યું 'વાર તહેવાર તો રહ્યા જ નહીં.' માટે સામાન્યમાં વિશેષ ભાવ થવાથી સુખ મનાય છે. સૌમાન્ય થઇ જવાથી સુખ જતું રહે છે. સુંદર પોતાને ઘેર પોતાની સ્ત્રી છતાં પુરૂષ બહાર ભટકે છે. કેમકે મન સ્થીર નથી. જો કોઇ નદી કીનારે કારકુનો સાથે ચોપડા લઇ બેસે અને તેને પુછીએ કે શું કરો છો ? તો કહેશે કે પાણીની લહેરોના હીસાબ લખીએ છીએ. તેને જવાબ મળશે કે ભલે કર્યા.

જાઓ. લહેરોનો હીસાબ રાખો. તેમ આ સંસારમાં ધુમાડાના બાચકાનો હીસાબ રાખવામાં પ્રવૃત્તિ ચાલી રહી છે. જીજ્ઞાસુને જોકે સ્વરૂપનો સાક્ષાત્કાર થયો નથી, જ્ઞાન થયું નથી. તોપણ સંસારમાં સુખ નથી એ નક્કી થયું છે. અને આત્મ લાભ મેળવવા ચાહે છે. પરતંત્રતાથી સ્વતંત્ર થવા ઇચ્છે છે. મોક્ષ માગે છે. ઢોર ત્યાંને ત્યાં આવી **પરતંત્ર થઇ ગળામાં દોરડું** બંધાવે છે. સંસારનું દોરડું સ્ત્રી રાજા પંચમહાભૂત સર્વેનો ભય આપી પરતંત્ર બનાવે છે. પણ **સિંહ પાંજરામાં બેસતો જ નથી. આમ તેમ છુટવાનું શોધે છે.** બેલગામથી એક સંકલ્પે સુરત આવી શ્રીકૃષ્ણનો ઊંચો હાથ અડધે રસ્તે મળ્યો એમ જાણી સુરતવાસી સમાગમીઓએ રા. લલુભાઇ સોડુબને વધાવી લીધા. પણ તેમણે તો સમય થયો કે તરત ચાલવા માંડયું. તેને આ સંસારમાં વધારે વાર રહેવું જરૂરનું જણાયું નહીં. તેની પાછળ તેના સમાગમીઓ તથા સગા સ્નેહીઓ પૂર્ણ લાગણી છતાં હાયફુટ નહીં કરે એવા તેમને તૈયાર કીધા છે એવી ખાત્રી થઇ કે સ્વધામ સીધાર્યા.

તા. ૧૬-૯-૦૭.

૪૧. મનનો ખોરાક.

સંસાર સમુદ્રમાં જન્મ મરણનું ચક્ર ફરી રહ્યું છે. એ ચક્કી જે ભૂકો નિરંતર ભભરાવે છે તેથી સંસાર સમુદ્ર ખારો લાગે છે. પણ અગસ્ત્ય જેવા આખા સમુદ્રને જોતજોતામાં પી જાય છે. તેને તે ખારો નહીં પણ મીઠો મધ જેવો લાગે છે છતાં અજીરણ થતું નથી. જે કોઇ મનને જડ અસત્ જાણે તે અભિલાષા પુરી કરવા મથે નહીં; મથે ત્યાં લગી મનને સત્ જાણે છે. માટે ઉદાર આત્મ સ્વરૂપ મળે નહીં ત્યાં સુધી કૃપણ રહે. જન્મ અંધને સુંદર બગીચો નિષ્ફળ છે. અંધા આગળ આરસી, તે ખરી ખુબી શું જાણે? મન જીતે નહીં તેને આત્મબોધનો ઉપદેશ શું કરે? કુષ્ટ રોગીને સુગંધી પદાર્થ શું કરે? **સ્મશાનમાં જઈ મુડદાં સાથે કોણ વાત કરે?** દેહાભિમાની મુડદાં છે. અંતઃકરણમાં મન રૂપી સર્પ છે તે જડ છે. એવા જડને કહાડવું એમાં શું છે? એને જીતવામાં શું કઠણ છે? મન તો છેક તુચ્છ છે. સ્વપ્ન નગર છેક પાસે હોય તોપણ જાગ્યા કે નથી. તેમ મનને વિચારથી 'નથી' એમ જાણવું. જ્ઞાન સીવાય મન

નથી. અને જ્ઞાન તો સ્વરૂપ છે. મૈન કાયમ રાખે તે અમૃતને ત્યાગીને વિષ પીએ છે. મન સ્થીર તે અમૃત, અને કુદાકુદ તે વિષ યાને હલાહલ. મનની ચંચળતાથી વિષય દોડ રૂપી વિષથી થતી મૂર્છા સ્વરૂપ તરફ ઊંઘ લાવે છે. ઇંદ્રિયો પ્રાણ વગેરે પોત પોતાનું કામ કરે છે. અને તેમાં જીવને બંધાવાનું કારણ નથી. આત્મા સર્વને સત્તા સ્ફુર્તિ આપે છે. પોતે પોતાના તાબેદારથી કેમ બંધાય? તાબેદારની શક્તિ શું પોતામાં નથી? જગતમાં દુઃખનો લેશ નથી. સુખ તો આનંદમય છે. ઊંટ જેમ કાંટાનીજ પરંપરા શોધે તેમ જીવો દુઃખ શોધે છે. જળના પરપોટા તેમ જીવો દેખાઇ લય થાય છે. થાય છે ને જાય છે. પરપોટાનો શોક શો? શોક કરે તે પશુથી પણ તુચ્છ છે. ક્ષણભંગુરનો શોક! પોતાને કયાં જીવરૂપે રહેવાનું છે? આહાર નિદ્રા ભય મૈથુન એ ચારે પશુ તથા મનુષ્યને સામાન્ય છે. પશુને પરિશ્રમ નથી. મનુષ્યને ચિંતા વગર મળતા નથી. મચ્છર મારે તેનો કોણ શોક કરે છે? માછલીંનો કોણ શોક કરે છે? કેટલાં રોજ મરી જાય છે! નાનાને મોટાં ખાય છે. સો જણને ગરીબ બનાવી એક જણ શ્રીમંત થાય છે. પક્ષિઓ મરી જાય છે તેનો વિલાપ કોણ કરે છે? વરસ દહાડા સુધી તેની પાછળ મોહોડાં વાળી કોણ રડે છે? તથા જમવા ખાવામાં કોણ શોક પાળે છે? ક્ષણમાં લાખો જંતુ મરે છે. ઉત્પન્ન થાય છે. ઊડી જાય છે. કોણ સ્થીર રહેવાનું છે કે કલ્પાંત તથા વિલાપ કરવો. કોઇ આજ કોઇ કાલ ચાલ્યા જવાના છઇએ. નામ રૂપનો નાશ છે. જાયું તે જવાને માટે. જે અનિવાર્ય અવસ્ય છે તેનો શોક કરવો નહીં. કેમકે છે ત્યારે પણ મારાના મુખમાં છે. છે તે નહીં સરખું. બલકે નથી ને ભાસે છે. માટે નથીજ. નિરંતર નષ્ટ છે. કાળ સર્વનું ભક્ષણ કરે છે. અનુભવ પ્રકાશ જુવો. કાળરૂપી માળીનો બગીચો આ સંસાર રમણીય લાગે છે. કેમકે માળી કાપકૂપ કરી નિંદણ દૂર કરવામાં હુશીઆર અને ચાલાક છે. નાનાથી મોટાં પ્રાણી સુધી સંહાર સીવાય શું નજર પડે છે? જુને માખી, માખીને દેડકો, દેડકાને સાપ, સાપને નોળીઓ, નોળીઆને બીલાડી, બીલાડીને કૂતરો, કૂતરાને શીયાળ, શીયાળને સિંહ, સિંહને મેઘની ગર્જના, ગર્જનાને વાયુ, વાયુને પર્વત, પર્વતને વજ્ર, વજ્રને સુદર્શન ચક્ર, ચક્રને વિષ્ણુ એ મુજબ એક પછી એક પરંપરાએ નાના ને મોટા ખાઇ જાય છે. અને વિષ્ણુને બચારાને એ બધા ભારે હલકા અવતારો લેવા પડે છે. વળી જુવો કે મોટા દેવ અનેક નાના દેવોના જીવોથી થાય છે. માકડ જુ વગેરે આપણું લોહી પીએ છે. જીવ જીવને ખાય છે. મહોડામાં કીડા થાય છે. જળમાં મચ્છ ક-

ચ્છ થાય છે. વનમાં મૃગ સિંહ થાય છે. સ્થાવરમાં કીડી દેડકા કીડા થાય છે. વિષ્ટામાં કૃમિ થાય છે. અને એ બધા જે થાય છે તે મરે છે. હસે રડે છે. હસતી કુંપળીઆ; મુજ વીતી તુજ વીતશે, ધીરી બાંપુડીઆં; એમ ભાઇની ટોપી ભાઇને માથે થતીજ ચાલી છે; પરંતુ ભાઇ ચાલ્યા ઉઘાડે માથે એ વાત નિઃસંશય છે. માટે પોતેપોતાને દયા કરી પોતાને તારવાનું છે. પશુ ધર્મવાળા દેખાતા મનુષ્યને શો ઉપદેશ? ઉજડ જગામાં હુંહું શું કરે? તે કોઇને વિશ્રાંતિ આપતું નથી. ગળામાં દોરડાથી પશુ દોરાય તેમ ચિત્તની તૃષ્ણા દોરીથી મન ખેંચાય છે. વિષય કીચમાં ફસે છે. પથરા પણ તે જોઈ રડે છે. મન જીતાતું ન હોત, અને તેથી સુખ ન હોત તો બુદ્ધિવાન પ્રયત્ન જ કરત નહીં. મન એ પણ ભ્રમ છે. માણસ કોલું જાણી કોલાથી બીહે છે, તેમ મન જાણી જીવ પોતાનો નાશ માને છે. જ્યાં લગી મન છે ત્યાં લગી આત્મ સત્તાનું વિસ્મરણ છે. મન સાપને વિવેક ગરૂડ ખાઇ જાય છે. સંકલ્પ ચિત્તને પોષે છે. એ ચિત્ત શત્રુને સંકલ્પનું દૂધ પાઇ વધારો નહીં. આપણો સંઘાત તથા સંકલ્પ વિકલ્પ તથા અંશ અંશ હું પણું સર્વ દ્રશ્ય છે. એ તમામ અસત્ છે. શરીર, ઇંદ્રિયો, પ્રાણ, મન, એ સહુના સંઘાતને સંઘાત એવું નામ આપેલું છે. એ સહુ દ્રશ્ય કોટીમાં છે. રચના ત્રણ ગુણની છે. તેનો હું સાક્ષી છું. તેનાથી અસંગ રહું છું. નથી હું, નથી જગત; એક નિરંતર ધ્યાન બની રહ્યું છે. જે છે તે છે. અને તે હું છું. નિર્વિકલ્પ આનંદ તો અનુભવથી જણાય છે. આત્મા અનાત્મા વચે વિભાગ ભાસે છે, તેજ મળ છે. વૃત્તિ દ્રશ્યાકાર છે. દ્રષ્ટાકાર થાયજ નહીં. દ્રષ્ટા તો છૂપો રહે છે. દ્રશ્ય પરથી અનુમાન થઈ શકે. કેમકે દ્રશ્યનું ભાસવું એજ દ્રષ્ટાનું જોવાપણું છે. આંખમાં જોવાપણું ક્યાં છે તે શોધેલું જડે નહીં. દ્રશ્યનું દર્શન એજ નેત્રની પ્રગટતા છે. પ્રગટ છે પણ તેને જોય કોણ? પોતાને અવયવો હોય તો પોતે જોય. શરીરને જુદું પાડીને એકને દ્રષ્ટા અને એકને દ્રશ્ય કરીએ છઇએ. હું મને જોઉં છઉં. આખા શરીરમાં જોવાપણું હોય તો તમે તમને કેવી રીતે જુવો? આત્મામાં તમ છે. આત્મા અને જગત એ બેમાં અંતર શો છે? દ્રષ્ટા દ્રશ્યમાં જે દર્શન છે તે આત્મા. અને જગતમાં એકપણાનો અનુભવ છે તે આત્મા. અદ્વૈત એક જ 'તત્વ મસિ' મહા વાક્ય છે.

તા. ૧૭-૪-૩૩.

૪૨. અદ્વૈત.

હું અને જગત જુદા એ ભેદ તેજ વિભાગ. અને એ કલ્પનાનો મળ માયા છે. નિદ્રામાં અજ્ઞાન છે. નિશાથી ઉંઘ લાવે તેથી જીવન મુક્તિ નથી. નિદ્રામાં જ્ઞાન સ્વરૂપ સામાન્યરૂપે છે. અને તેના ઉપર અજ્ઞાન જ્ઞાનને આધારે વિશેષરૂપે રહેલું છે, પણ નિદ્રામાંથી પાછા જાગીએ છીએ. એટલે કે નિદ્રામાંથી પાછો ઉદ્‌ભવ થાય છે. જ્ઞાન સ્વરૂપની અખંડ સ્થીતિ નિદ્રામાં. અનુભવાતી નથી. અને કાયમ રહેતી નથી તેથી આત્માનુભવ ત્યાં થતો નથી. પણ નિદ્રામાં હોઇએ ત્યાં ભેદ નથી એટલું તો નક્કી. તેથી તે વેળા દુઃખનો અત્યંતા ભાવ છે. દુઃખ છે તે ભેદના ભાવમાં છે. અદ્વૈત સ્વરૂપ સુખરૂપ છે. એક કે ત્રણ અનુભવમાં આવે, પણ દ્વૈત એટલે બેપણું તો કોઇને અનુભવમાં આવેજ નહીં. હું અને તમે એ બંનેનો અભાવ વચમાં રહ્યો હોય તોજ હું અને તમેનો ભેદ થાય. અભાવ વસ્તુરૂપ નથી, તેથી દ્વૈત છે; એમ જો કહો તો, અવસ્તુ ભેદ કરે નહીં. છતાં જેને અવસ્તુ માનોછો તે ભેદ તો કરતી ભાસે છે. માટે અભાવ છે તે ભ્રાંતિ છે. અભાવની નીચે આધાર છે. આધાર દરેકની નીચે છે. અભાવની નીચે ભાવ છે. ત્રણ વગર ભેદ નથી. પણ દ્વૈત ભાનમાં આવે છે. અભાવના ભાન છતાં પણ અભાવનો અભાવ છે. તેજ સંધિ કહેવાય છે. અભાવનો પ્રકાશ ચૈતન્ય વગર થાય નહીં. પણ વૃત્તિ જ્ઞાન થતું નથી, તેથી એજ સંધિ સમજવી. **વિશેષ ભાવની છાંયા એ પણ સત્તા છે.** વિશેષભાવ ન હોય ત્યાંતો સામાન્ય ભાવ બની રહ્યા છેજ. માટે અખંડ સ્વરૂપમાં સ્થીતિ કરો. એટલે ભાવના કરો કે બ્રહ્મ સત્ય જગત્ મિથ્યા; અને તે હુંજ છું. એવી ભાવના કરો તો સત્ય જણાય. ભીંત ઉપર ચિત્ર થયું નથી. ચિત્ર ભ્રાંતિ છે. ભીંત ન જોવી અને ચિત્ર જોવું એ ભ્રાંતિ છે. માંદા હોઇએ ત્યારે ભીંતપર બાવા દેખાય છે. બીજાઓને દેખાતા નથી. જેને દેખાય છે તેને ભ્રાંતિ છે. મરતી વેળા કંઇ કંઇ ચિત્રની ભ્રાંતિ પડે છે. **આત્માં ઉપર ચિત્ર વિચિત્ર જગત મન ઇંદ્રિયો વડે ભાસે છે.** પણ તેમાંથી ન જોઇએ, યાતો મન ઇંદ્રિયોનો અભાવ થાય તો અભેદ છે. જ્ઞાન નષ્ટ થયલું નિદ્રામાં લાગે પણ જ્ઞાન વિશેષરૂપે નથી એટલુંજ. બાકી સત્તા ગઇ નથી. આંખ છે, પણ પ્રકાશ નથી. તેથી આંખની જોવાની શક્તિ ગઇ નથી. તેમ નિદ્રામાં મન ઇંદ્રિય ગઇ પણ ચૈતન્ય સત્તા કાયમ છે. સ્વરૂપમાં ભેદ કરી કલ્પિત પડદો

કર્યો હતો, તે લય થયો. ભીંત કહાડી નાંખો એ તો અંદર બહારનો ભેદ મટે, ભીંત કાંઇ જમીનમાં નથી. ઉપર છે. જમીન તો સલંગ તેજ છે. અભેદ તો દેખાવો જોઇએ. મન ગયું કે ભેદતા ગઇ. પછી અભેદતાને જોય કોણ? તેથી તે નથી એમ જાણવું નહીં. ભાન રહીત જ્ઞાન બની રહ્યું છે. દ્રષ્ટા દ્રશ્ય નથી. અખંડ છે. બધું ભાનરૂપ થાય છે, ત્યાં વિશેષ ભાન શું કરે? યંત્રમાં લડાઇઓ આગબોટો વગેરે કાચમાંથી જોઇએ તો દેખાય. નથી તે સત્ય ભાસે. તેમ મન ઇંદ્રિયરૂપી યંત્રમાંથી ચિત્ર વિચિત્રતા દેખાય છે. દ્રષ્ટા દ્રશ્યમાં દર્શનથી ભાન ઊઠવું એજ અંતર છે. દર્શન દ્રષ્ટા હું રૂપ નથી; જ્ઞાનરૂપ છે. તેમજ દર્શન દ્રશ્ય ઘટરૂપ નથી. જ્ઞાનમાં હું ઘટ ઊભા ક્યાંથી? ભેદ ઉત્પન્ન થાય છે. દર્શન સત્ય છે; અને તે હુંની નીચે તથા ઘટની નીચે પણ કાયમ છે. આત્મા ઉપર ઇશ્વિર જીવ બેઊ છે. અંતરનો જે અનુભવ તેજ અંતર છે. નવને ગણનારો અને દશમો એમાં અંતર શો? માનેલો અંતર છે. અનુભવમાં આવેલો તેટલો. ભાનમાંજ ભેદ છે. અનુભવથી હું અને ઘટ જુદા નથી. પહેલા ઐક્યમથી હું અને ઘટ અભેદ છે. અનુભવ સ્વરૂપ સત્ય છે. એ સીવાય બાજું કાંઇ નથી. અનુભવ પ્રકાશ વગર દ્રશ્ય દેખાય નહીં. પણ અનુભવ પ્રકાશ જોયા વિના દ્રશ્યને આગળ કરીએ છીએ તેજ ભ્રાંતિ. પ્રકાશનો પ્રકાશ કરનાર નેત્ર છે. તે ચર્મચક્ષુ નહીં. મુડદાની આંખ શું કરે? આંધળો અંબારામ કવિ અંતર્ ચક્ષુથી દેખતો. કાને સાંભળે અને આંખ વગર ચિત્ર ખડા કરી જોતો. શ્રવણ ઇંદ્રિય જેમ તેજદાર હોય છે, તેમ ઘ્રાણેંદ્રિય પણ તેજ હોય છે. કૂતરાને ગંધમાં ચિત્ર ઊઠાવવાની સત્તા છે. પગલામાં પણ વાસ છે, અને તે કૂતરો પારખી શકે છે. અને તે ગંધ શક્તિથી પારખે છે, પણ આંખથી પારખતો નથી. તેટલા માટે શોચની જરૂર છે. તેને ગંધમાં ખરી હકીકત જણાતી નહીં હોય એમ માનીએ તો આપણે આંખે જોઇએ છઇએ તે ખરૂં જોઇએ છઇએ એની શી ખાત્રી? અંદર કોઇ પણ રીતે ચિત્ર ઊઠે, તે રીતે દ્રષ્ટા ઓળખ કરે છે. દુઃખી છું એ પણ અનુભવ અને આનંદ એ પણ અનુભવ છે. માટે કોનાથી ડરવાનું છે? પથર અને મનુષ્ય સમાન છે. પથરનું પથરપણું અનુભવમાં ભાસેથી છે; નહીંતો જડ અસત્ છે. અનુભવમાં આવેથી પથરને સત્યતા મળે છે. માટે દરેકને સત્તા સ્ફૂર્તિ આપે છે તેજ સ્વરૂપ છે. સ્વાદનો લેનારો અને સ્વાદિષ્ટ વસ્તુ અસત્ છે. સ્વાદનો અનુભવ સાચો છે. હુંપણું દેહથી ઉપાડીને અનુભવપર આરોપવું. એ વચે નિરાલંબ સાક્ષી સ્વરૂપ છે. તેપર ધ્યાન કરવું. દર્પણમાં અથવા નેત્રમાં વાસ્તવિક આકાર થતો નથી, છતાં દરેક ચિત્ર

પડે છે. જો બધા રહેતા હોય તો આખું ઢંકાઇ જાય. છતાં કુપુરા ઉપર બધા ચિત્ર ભાસે છે. છતાં એ નિરાલંબ છે. જ્ઞાનમાં બધું ભાસુવા છતાં જ્ઞાન તેવુંને તેવું છે. આત્મા છૂપો નથી. પણ પ્રગટ છે. પરમાત્માએ જીવ સાથે એવી શરત કરી કે હું એક બગીચો બનાવું. તેના દરવાજા મોકળા રાખું. તેમાં એક બંગલો બાંધું. તેના બારણાં રાખું. તેમાં એક હીંચકો ટાંગું. તેના ઉપર હું બેસું. અને તમને બધાને બગીચામાં ઊભા રાખું અને જે મને આવીને મળે તેને મારૂં સ્વરૂપ અને મારૂં પદ આપું. નહીં આવી મળે તેટલાને બંધીખાને નાંખું. એ શરત સવારે ૭ વાગાથી તે સાંજના ૭ વાગા સુધીમાં પુરી કરવાની છે. જીવો તમાસો જોવાને સવારે ૭ વાગે દાખલ થયા. પણ જુદા જુદા રમણીય વૃક્ષો ફળ ફુલ વગેરેની ખુબી જોતાં સવારના નીકળેલાં, વખત કયાં જાય છે તેનો વિચાર કર્યા વિના, આ હમણા જઇને હીંચકે ચડી બેસીશું, તેમાં કેટલીવાર લાગવાની છે? આ એક ફળ તોડીને અથવા એક ઝાડ જોઇને પછી નક્કી આપણે ખોટી થવુંજ નથી, એવા ખોટાં વિચારોમાં એક મુકી બીજું મુકી ત્રીજું, હમણાં પોંચીશું એમ કરતાં સાંઝ પડી જાય છે. અને શરતનો વખત પુરો થઇ ગયો કે પછી પરતાય છે. પણ આડું અવળું ન જોતાં ઘડીનો પણ વિલંબ કર્યા વગર એકદમ સીધે રસ્તે સંસાર બગીચામાં કાયમ રહ્યા છતાં મોહિણીઓ તથા ખુબીમાં જરાએ ન રોકાતાં પરમાત્મા સ્વરૂપનું દર્શન પામે તે તો કોઇ વિરલાનેજ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. બીજા તો જરાવાર રહીને એમ બહાના બતાવે છે. આ એક મારા નાના છોકરાની છોકરીના છોકરાનું અવસરણી આવે તે પછી આપણે વાનપ્રસ્થાશ્રમ ગ્રહણ કરવો છે. હવે તો જરૂર. એમ વખત એક પછી એક લાલચમાં લંબાતો જાયછે. અને આખરે પોતે કાળ આવે લાંબો થઈ પડે છે. અને ધાર્યું પાર પડતું નથી. જે વસ્તુ પાસેજ છે, પણ જેનું દર્શન નથી; પ્રગટ છે છતાં મળવી કઠણ અને અસંભવિત લાગે છે; જેનો વિયોગ નથી, અને જેની મગદૂર નથી કે આપણાથી દૂર જઇ શકે; જ્યાં વસ્તુ છે ત્યાં જે સૌથી પહેલી છે અને પછી વસ્તુ તો દેખાય છે; તેને શોધવા નીકળવાનો પ્રયત્ન મિથ્યા છે. આકાશનો ઘડા સાથે અભેદ છે. માત્ર સ્વરૂપ શું છે એ જાણવું એજ મોક્ષ છે. માટે અસંત વિયોગ કેટલે જન્મે મટશે એમ નથી. અંતરનું અંતર કરેલું છે, તે ચૈતન્યપર દ્રષ્ટિ જાય તો મટે. પોતાનું સ્વરૂપ કંઈ બજારમાંથી વેચાતું આણવાનું નથી.

તા. ૧૮-૯-૦૯

૪૩. દ્રષ્ટિફેર.

કંઇક ભાવરૂપ અભાવરૂપ એજ જગતનું સ્વરૂપ છે. ભાવ અભાવ ઘણાક સાપેક્ષક છે. પુસ્તકની આસપાસ પુસ્તકનો અભાવ છે. પણ આકાશનો ભાવ છે. અભાવ કહીએ છીએ ત્યાં પણ અવસ્તુ નથી. આકાશ પોલાણ કંઇ પણ છે. માટે ભાવાભાવ મિથ્યા છે. તેનો આશ્રય આત્મ સ્વરૂપ છે. તેની ભાવના કરવી. (ભાવાભાવો ભવઃ) ભાવાભાવની ભાવના તજો. વિશેષતામાં કાંઇ ખીલી આવતું નથી. ભાવનાથી વિશેષતા થઈ કે સામાન્યનો અભાવ ભાસે. ભાવરૂપતા આપવાને આકાર થવાની જરૂર નથી. આકાર ઘણી જાતના છે. ૧ માટીનો ઘડો આકાર છે તે કૃતિથી થાય છે. ૨. દુધનું દહીં તે પરિણામે થાય છે. ૩. ભીંતપર લીંટા કહાડવાથી. ૪. કાગળ પર નખથી કાઢે તે આકાર ૫. પાણીમાં લેહેરોથી પરપોટા થાય. ૬. આકાશમાં એની મેળે આંખના દોષે મોતન માળ દેખાય. ૭ આત્મામાં ભાવનાથીજ વિશેષ ભાવ ઊઠે છે. કંઇ ખરા ચિત્ર નથી. અનુભવ શું નથી? સર્વ વસ્તુની ખાણ છે. તેમાં બધું ભાસે. માટી તો ભૌતિક છે. પણ અનુભવતો સ્થુલ સૂક્ષ્મ સર્વની ખાણ છે. તેમાં શું ચમત્કાર ન ઊઠે? ભાવા ભાવ જગત છે. અનુભવમાં સઘળું ભાસે છે. તે અનુભવજ સ્વરૂપ છે. "છું" બનો તેની સાથે "નથી" બનવુંજ પડે. ગુરૂ થયા તો ચેલા નહીં. પરિચ્છિન થયા તો બહાર બીજું બધું બને. અહં ભાવના જ કહાડી નાખવી. જે છે તે છે. તે હું છું "હું બ્રહ્મછું" તો અબ્રહ્મ નહીં થવાય. બન્યા કે ઓળો છાંયો તૈયાર. જે બનો તેનો પ્રતિયોગી તૈયાર છે. સ્વરૂપ ભાવાભાવથી રહીત છે. એ મોઢાની એક મૂર્તિ છતાં દ્વૈત નથી. જોવા માત્ર બેછે. વસ્તુમાં નિશ્ચય એક છે. વિરોધી એકજરૂપ છે. વિરોધ દેખાતાં વિરોધ નથી. સુખદુઃખ એકરૂપ છે. એનું ચક્ર અલૌકિક છે. ક્રમ ચક્રાકાર છે. માટે એક છે. જુદી દ્રષ્ટિમાં વિરોધ છે. ટાઢું ઉનું એક બીજાના ઘાતક છે. ઠંડુ પાણી દેવતાને હોલવે. દેવતાપર પાણી બળે. અત્યંત ઠંડુ ઊષ્ણ થાય. હીમથી બળી જાય. ઊષ્ણુતા અત્યંત વધારો તો ઠંડુ ગાર. એકજ છે; ડીગરીમાં ફેર માત્ર છે. સ્વાદ; તુરૂં, ખાટું, મીઠું, કડવું ઉત્તરોત્તર થાય છે. જમરૂખ કેરી કાચાં પાકાં જુવો. એકજ માણુસ છે. છતાં બાળક જુવાન, ડોસો. અવસ્થા ભેદ છે. ઘરડું તુરીયું કડવું. ઘરડું કડવું જણાય છે. **સર્વ મનુષ્ય પણ માટીના પૂતળાં છે.** ભ્રાંતિ દૂર કરો. ક્રિયા કંઇ

નથી. સાપને લાકડીથી મારો તોપણ નિવૃત્ત થશે નહીં. મનથી કાઢી નાં-ખવા જોઇએ. અનુભવ પ્રકાશ જુવો. નિદ્રામાં રોજ મુક્ત થાઓ છો. મૂળતો સર્પની સત્યતા જવી જોઈએ. નિદ્રાથી જાગે, જગત ખરું થાય છે. જગત મનમાં કાયમ છે. તે મુક્તિ ન કહેવાય. મુવા પછી મુક્તિ નથી. દેહ સીવાય મુક્તિ નથી. (યં યં વાપિ સ્મરણું વગેરે). મરણુ સમજે (યથા મતિ તથા ગતિઃ). એ ઉપાસક માટે છે. બહાર મૂર્છા છતાં અંદર સાવધ છે. આ દેહનો કંટાળો થાય છે. અને મુખ્ય વાસનાનો દેહ આગળ ખડો થાય છે. અને તે પ્રિય લાગે છે. તેમાં પ્રવેશ કરે છે. મરેલાંની આંખથી તેનો મારનારો પકડાય. કેમકે તે મરતી વખત તદ્રુપ થાય છે. તે ખુનીની છબીની છાપ મારનારની આંખમાં પડી રહે છે. મરનારની વાસના એકજ તદ્રુપ બને છે. તે છેલ્લી છબી છે. બીજી કોઈ છબી નહીં હોવાથી તે પડી રહે છે. તેને પ્રયોગે કરી છબી પાડી લઇ પકડી શકાય છે. જો કે તે પુનર્જન્મ તે ખુનીનો લેછે. પણ એ ખુની પકડાઇ આવે છે. વૃત્તિ તીવ્ર થાય ત્યાં એમ બને. એક તાજવામાં સંકલ્પ અને બીજામાં દેહ. ભ્રાંતિને ભ્રાંતિ રૂપે જાણી તો તેનો ભય શું? જગતની સત્યતા એજ સંસારનો રસ જીવન છે. તે નષ્ટ થાય તો સુકું કાષ્ટ. નવો ફણગો ફૂટે નહીં. લાકડાનો સાપ બચ્ચાં જણે નહીં. કદાપિ ખાય પીએ. પણ તે યુક્તિથી. જગત જો મુડદું થયું તો ડર કોનો? તો પુનર્જન્મ ક્યાં છે? સત્ય નથી. આપણે સત્યતા આપીએ છીઇએ. ભાવનાથી ખોટો તે ખરો, અને ખરો તે ખોટો થાય છે. ખેડુતનો સાપ બાઇડી સુવા પછી પોતાને ખબર પડેથી મરણ કરતો હતો. કેદીનું ઑપરેશન ભાવનાથી મૃત્યુને આપતું હતું. સ્વપ્નના પદાર્થો પણ ઇંદ્રિયોથી સિદ્ધ થાય છે. તેને તમે મિથ્યા કેમ કહો છો? એજ ઇંદ્રિયો જગતના પદાર્થોને ખરા સિદ્ધ કરે અને સ્વપ્નના પદાર્થોને ખોટા સિદ્ધ કરે. ત્યારે તો ઇંદ્રિઓ ખોટા ખરા સિદ્ધ કરે છે. તો તે નિરંતર છે? એવા સાચા જૂઠા સાક્ષીને કોણ માને? આ જગત વારંવાર દેખાય છે તેથી સત્ય કહો તો કાશી એકજ વાર જોઇ છે માટે ખોટી કેમ માનતા નથી? ૧ વિષયાસક્તિ. ૨ મંદબુદ્ધિ ૩. કુતર્ક. ૪ અને દુરાગ્રહ. એ ચાર વર્તમાન પ્રતિબંધ છે. સ્વલ્પ સંકલ્પ સ્વપ્ન છે. અને તીવ્ર દ્રઢ સંકલ્પ જાગ્રત છે. પણ બેઉ સંકલ્પ છે. તેથી મિથ્યા છે. ચિત્તના ઘોડા પર ચડયો કે તે ધણુક ધણુક. ધક્કા ખાવાનો ને પ્રસંગે પડવાનો પણ ખરો. તેને પડવાનો ભય છે. સ્વરૂપની સપાટીપર કંઇ સુખ દુઃખ નથી.

તા. ૨૦-૯-૦૩.

૪૪. તૃષ્ણારૂપી કૂતરી.

ચિત્ત સંસારરૂપી બીજની કણીકા છે. જીવરૂપી પક્ષીને બંધન જાળ છે. દાગીના સોનાનાં છે. તે પરસ્પર જુદા છે. અને વચમાં સોનાનો અભાવ છે. પણ ચૈતન્ય સત્તા આખો એક ગઠો છે. તેમાં અભાવ કોઇ જગાએ નથી. ચિત્ત વિસ્તારને પામેથી મોહ ઉત્પન્ન કરે છે. માટી તુચ્છ છે તેજ સુવર્ણ હીરા માણેક મોતી. પશુ પક્ષી. મનુષ્ય રૂપે થઈ મોહ કરે છે. વિસ્તાર પામવાનું કારણ સંકલ્પ છે. મનુષ્યનો સંકલ્પ કે ઇશ્વરનો સંકલ્પ. સુથારના સંકલ્પે કેટલાંરૂપ થાય છે. ખુરશી ટેબલ. જેવો સંકલ્પ. મટોડાં પહેલાંનો ક્રમ. ક્ષિત, આકાશ વાયુ જળ માટી વગેરે રૂપે થયું છે. માણસ મટોડાનું પૂતળું છે. સંકલ્પ સ્થૂલતાને કેમ પ્રાપ્ત થયો ? મટોડું સોનું કેમ થયું ? કાર્ય કારણમાં સાદ્રશ્ય છુપાયું તેથી ભેદ ભાસે છે. ઝાડ ડાળાં ફળ ફુલ જુઓ જાણો છો તેથી કહો છો કે એકજ ઝાડનાં છે. અને એકજ બીના પરિણામ છે. એકજ અંન રૂધિર હાડ માંસ ધાતુ રૂપે થાય છે. મૂળ પરિણામનો સંબંધ ન મેળવે તે મોહ. એકતા મેળવે તો જ્ઞાન. ચિત વિસ્તર્યું કે તૃષ્ણાની વેલી વધી. મારૂં તારૂં ડાળાં થયા કે પલ્લવ ફૂટયાં કે મૂર્છા. સ્વરૂપને ભૂલ્યો. અંદર જાગતો પણ બહારથી ભૂલે તે મૂર્છા. ગાઢ મૂર્છામાંથી જાગે નહીં. વસ્તુની કીમત પણ વિપરીત બતાવે છે. દ્રષ્ટિ ફેર છે. મનુષ્ય સોનાની લાલચ કરે છે. પશુ પક્ષી સોનાને શું કરે? ભાવના ફેર છે. તૃષ્ણાથી તુચ્છ વસ્તુની કીમત વધે છે. તૃષ્ણા અંધારી રાત છે. એ વાદળામાં ગ્યાન સ્વરૂપ ઢંકાઈ જાય છે, ચિત્ર વિચિત્ર પદાર્થ જોય છે. અને તે જેમાં ખીલેલાં છે તે સ્વરૂપ દેખે નહીં. તૃષ્ણા તરવારની ધાર જેવી શોભીતી. કોમળ સુંદર છે. પણ સ્પર્શ કરે તો નાશક છે. તૃષ્ણારૂપી કૂતરી (કુકકુરી) દેહ ઊકરડાપર ચિત્તરૂપી ઘરમાં રહે છે. હૃદય છિદ્રમાં તૃષ્ણા સર્પિણી નથી તો શાંતિ છે. મનુષ્યને તૃષ્ણારૂપી કીડો પેઠો તો મન પ્રફુલ્લિત રહે નહીં. તૃષ્ણા નદીમાં જીવ તૃણવત્ વહે છે. તૃષ્ણારૂપી યંત્ર જીવ પૂતળીને ભમાવી નચાવે છે. ઉંચનીચ યોનીમાં નાંખે છે. તૃષ્ણા છે તો પુનર્જન્મ સ્વર્ગ નર્કના તર્ક છે. સંસાર દુઃખરૂપ છતાં છૂટે નહીં. ચકરે ચડેલો શું કરે ? એકદમ અટકે તો ભમ દઇને પડે. ગધેડે બેઠેલો ઘેરજ ઉતરે. બોટરી પકડી તે ધડધડ નસો બોલતાં છૂટે કેમ ? લીલાં ઘાસની લાલચે હરણ ફસાયાં છે. ઇચ્છા આનંદરૂપ ભાસે છે. આશા વિનાનું જીવતર વહાલું લા-

ગતું નથી. પાયમાલ થતાં પણ આશાપર નીભે છે. જોશી કહે છે કે એક દશા ઉતરવા દો. બીજી સારી આવશે. ટકાવી રાખે તેને જ સ્વરૂપ માને છે. પણ તૃષ્ણાજ ખાડામાં નાંખનાર છે. તૃષ્ણારૂપી ડાકણી ઉત્સાહ કલેજું ખાનારી છે. ચિંતા ચિતા સમાન છે. તૃષ્ણાંવાળાને બાળક પણ નચાવે. જ્યાં તે લાલચે બાળક દોરવે ત્યાં તે જાય છે. કહે તેમ કરે છે. સ્ત્રી સુંદરીને સિંહની વાત જુવો. નખવાળા પંજા કઢાવી નખાવ્યા. એ બાયડીનો ડોસો વાળ ઉખડાવી ટલ્લો થયો. સોનાના વાસણમાં વિષ્ઠા છે તો તેને હાથ પણ કોણ અડકાડે? ધોઇને લેય. તૃષ્ણાની વિષ્ટાથી હૃદય નીચ થયું છે. રાવણની સોબતે સમુદ્રનો મહીમા ઘટયો છે. તૃષ્ણાથીજ વિષ્ણુને ચતુર્ભુજ થવું પડયું છે, એક તુચ્છ મૂર્તિ બનવું પડયું છે. ઇંદ્રનો પક્ષપાત કરવાથી વામન થઈ બળીને ઘેર દાન માગવું પડયું. સૂર્ય પણ નીયમે બંધાયલો ફરે છે. હું આવોજ થાઉં એ તૃષ્ણા ચૌદ લોકને ભમાવે છે. બંધનમાં લે છે. દોરડીથી બંધાયેલા છૂટે. પણ આ બંધનથી છૂટે નહીં. ગુરૂ શું કરે? પોતાને પ્રયત્ને છૂટે. તૃષ્ણાવાન મુક્ત નથી. તૃષ્ણા રહીત મુક્ત છે. કલ્પના ન કરો. તારા સંકલ્પની ખોટી ઉભી કરેલી વસ્તુમાં શું તૃષ્ણા કરે છે? તારી પાસે શું નથી? પૂર્વ **અપરનું અનુસંધાન કરાવે તે સંકલ્પ.** અનુસંધાનનો ત્યાગ કર. વર્તમાન થવાદ્યો પૂછડાં રહીત કરી વર્તમાન થવા દે. ભૂત ભવિષ્ય દેખાતા નથી. પૂછડાં લંબાવે છે. પૂછડીઓ તારો જુવો. વર્તમાન ક્ષણે ક્ષણે ચાલ્યો જાય છે. ભય પણ આવ્યો કે જાય છે તેમાં શું બંધન છે? સોનાને ગાળી લીધા પછી દાગીનાની સત્તા નથી. માટે અનુભવ ખરો છે. પદાર્થ શેષ રહ્યો નહીં. બરફી તો ખવાઇ ગઈ. મન પણ કંઇ વસ્તુ નથી. તે અનુભવજ છે. પદાર્થ રહીત પ્રકાશ અનુભવ સ્વરૂપ છે. હું તુંની ફોગટ કલ્પના ન કરો. માટીના છે તેમાં હાથી ઘોડા કરી વિયોગ ન કરો. અખંડતાનો ભંગ થાય છે. કટકા કટકા ન કરો. જાણ્યા છતાં ભાવના ભેદની છે. અનાત્મ ભાવ કાઢી નાંખો તો તમે જ્ઞાનવાનના શીરોમણી છો. **તમારા હાથમાં છે.** અહમ્ પોતાને વિષે એજ અપવિત્ર છે. પરિચ્છિનતા કાઢો. પાંચમી ભૂમિકાએ પોંચ્યા. પૂર્ણ નિશ્ચય એ ચોથી ભૂમિકા છે. પાંચમી એ અપરોક્ષ છે. ચોથી પરોક્ષ છે.

તા. ૧૯-૫-૦૩.

૪૫. પરમાર્થ યોગ.

સર્વાત્મ જ્ઞાન થયું તો ચૈત્યનું ચૈત્યપણું મટી જશે. પોતાને પરિચ્છિન્ન કરવાથી જગત બને છે. હું આત્મા છું એ નિશ્ચયથી ચિત્તની શાંતિ છે. નિરોધથી ક્ષણિક શાંતિ થાય. પણ કૂતરાની પુંછડી વાંકીને વાંકી. પાણીમાં દબાવેલી તુમડી ડૂબે પણ દબાણ દૂર થતાં પાછી ઉપર આવે. માટે ભેદ બુદ્ધિ અસત્ય થવી જોઇએ. સંકલ્પ વિકલ્પ કે નિશ્ચય છે જ નહી. આત્મ તત્વજ છે. આત્મા સૂર્યથી ચિત્ અંધારૂં નષ્ટ થાય છે. મન માને ત્યાં સુધી ભય છે. ભેદનું ભાન એજ મનનું સ્વરૂપ છે. ભેદ નહીં છતાં ભેદ ઉત્પન્ન કર્યાં છે. તેના કારણ ભાન અને શબ્દ છે. અખંડ સ્વરૂપમાં ભાવ અભાવ પ્રતીત થયા કે ભેદ ઊઠયો. એકજ વૃત્તિમાં ભાવ સાથે અભાવ ઊઠે છે, તો એકજ છે. ઘટ શબ્દ નામ આવ્યું તેથી માટીનો માટીથી વિયોગ કર્યો. એ વિયોગ ક્યાં થયો ? નામનો થયો. માટીથી માટીનો વિયોગ એ વાતજ હસવા જેવી છે. માટીના પૂતળાંઓ કોઇ સ્થીર કોઇ ચાલતાં બની રહ્યા છે. એક માટીના અનંત ભેદ. કોઇ બોલે, કોઇ ચાલે, કોઇ પડી રહે. અનંત ભેદ વ્યવહારમાં કલ્પનામાં ભ્રાંતિના છે. ભેદ માની ને વળી સત્યતા માની કે ઘડો માટી નથીજ; એ મનનું સ્વરૂપ છે. એ ભેદને અત્યંત નષ્ટ કરો. જાણતાં છતાં ભમાવે છે. માટે દ્રઢ થવાને એકની એક વાત ફરી ફરી ને ધ્યાનમાં લેવી; તેથી પુનરૂક્તિ દોષ થાય છે, એમ સમજવું નહીં. દ્રઢ થાય ને ભેદ ભાસે નહીં તો મનનું મનપણું ગયું. ને સર્વાત્મા દ્રષ્ટિ થઇ. જે વિયોગ નામનો થયો છે તેનો યોગ કરવાનો છે. માટે કરવાનું કાંઇજ નથી. સમજવાનું છે. અનુભવ પ્રકાશ જુવો. જુદાપણું ગટાડવાનો ઉપાય એ છે કે નામરૂપ નીકળી જાય તો એક સ્વરૂપ છે તે છે. સ્વપ્નમાં વિયોગ થાય કે હું વિલાયતમાં ગયો છું. જાગીને જોતાં ગાડી ઘોડાનો ખરચ કરવો પડતો નથી. પણ વિલાતથી ઘેર આવેલા જ છઇએ. કેમકે **ઘરમાંજ હતા. ગયાજ નહોતા.** ખરા ગયા હોઇએ તો પાછા આવવાને સાધન જોઇએ. માટે ભ્રાંતિ દૂર થાય તો ઘેર જ છઇએ. આ પરમાર્થ યોગ કહેવાય છે. વિના યોગ ભ્રાંતિ છે. મન નહીં રહ્યું તો ભ્રાંતિ શાની? પથર ભય રહીત છે. ભય શરીરને નથી. આત્માને પણ ભય નથી. મોન્નથી હું ડુબી જઇશ એવી સમુદ્ર ફીકર ગા-

એ નહીં. મનેજ ભય માનેલો છે. માટે મનનો ત્યાગ કરો. કેમકે મન પ્રપંચ નથી. એ નિશ્ચય છે. ચિત્ત રૂપી વૈતાળ એટલે ભૂત વળગેલું છે. ભૂત હોય તોપણ દેખાતા નથી. જપ કરે તો આવે છે. કલ્પના રૂપે આવે. ભાવના કરે તે થાય. ઉલટો ક્રમ થાય તો નિવૃત થાય. (એકો હં બહુ સ્યામ્). ભૂતને નિવૃત કરવાને 'તે હું જ છું.' એ જપ જપે તો એ ભૂત નષ્ટ થાય. એવી રીતે હૃદયમાંથી ચિત્ત વૈતાળને નષ્ટ કરો. ભય બીજાથી છે. સાપને પોતાના ઝેરનો કે વાઘને પોતાનો ભય નથી. દાંતનો ભય જીભને નથી. કેમકે જૂદાં છતાં એકપણું માનવાથી તેની એક ભાવના છે. દ્વૈત એજ ભય છે. જુદાપણા વગર ભય થતો નથી. ભેદ બુદ્ધિ કાઢી તો ભય નથી. **ઉદ્વેગ અજ્ઞાનથીજ થાય છે. હવે શું થશે? થશે કે નહીં?** એવી કલ્પના વા સંકલ્પ કરે તો ઉદ્વેગ નિશ્ચે થાય. નિશ્ચય હોય તો ઉદ્વેગ થાય નહીં. સંશયમાં ઉદ્વેગ છે. સંશય એજ જીવનું સ્વરૂપ છે. માટે જ કહ્યું છે કે સંશયાત્મા વિનશ્યતિ. કૉન્ફીડન્સની જરૂર છે. સહુ થઇ રહેલું જ છે. શું થશે શું? થનારૂં થશે. કૌતક જોનારને છે. બાકી નાટકીઓને કૌતક નથી. તે તો નિર્માણ પ્રમાણે ભજવ્યા જ જાય છે. તેને મન તો એક પછી એક શું આવશે તે નક્કી જ છે. જોનારને ખબર નથી ત્યાં લગી નવું છે. જોનારને પડદાને લીધે હમણાં અદ્રસ્ય છે. લગ્નમાં વરઘોડો નીકળે છે તેમાં વરઘોડાનો ક્રમ તો નક્કી જ છે. એકેક જાય ને બીજો આવે. ઉંચે બેઠેલાને અડધો ગયો અડધો આવવાનો છે એવું નથી. તેને તો જે આવે છે તે વર્તમાન જ છે. અલ્પજ્ઞને પડદા છે. સર્વજ્ઞને વર્તમાન જ છે. માછલું, ઝાડ, પથર, પોતે શું અનુભવ લેછે તે તેજ જાણે. વિશેષ રૂપે જાણે તે વિત્ કહેવાય. બાકી પુરૂષનો અનુભવ સ્ત્રી જાણે નહીં. માત્ર વેશ લઇ શકે. તદ્રૂપ થાય તો સર્વવિત્ થાય. પર કાયા પ્રવેશ કરી તેની ચિત્કલના [illegible], અતીત થઇને લેવાય. પક્ષી ડાળ સંયોગ એ એક દેશી સંયોગ યાને સબંધ છે. પણ આત્માનો સંબંધ સંપૂર્ણ રૂપે છે. **એકેક જીવ પૂરણ બ્રહ્મ છે.** દેહ દ્રષ્ટિએ પણ પૂર્ણ અને આત્મદ્રષ્ટિએ પણ પૂર્ણ છે. સંકલ્પમાં સૃષ્ટિ ભાસે છે તો આપણે પૂર્ણ થયા. સ્વપ્નમાં દ્રષ્ટ શ્રુત સૃષ્ટિ છે. સ્વપ્ન સૃષ્ટિનો પણ આદિ અંત નથી. અનંત કોટી બ્રહ્માંડ તમારા એક સંકલ્પમાં કયે ખૂણે પડયા છે. તેમજ કીડીની સૃષ્ટિ તેના સંકલ્પમાં છે. બહાર નથી. હું તું ઉપલક દ્રષ્ટિમાં છે. સ્થૂલ સ્વરૂપ દેહ છે તેમ સ્થૂલ સૃષ્ટિ છે. દેહને દીઠા વગર સ્થૂલ નજરે આવતું નથી. **દેહનો પસારો સ્થૂલ સૃષ્ટિ છે.** દેહપર સુખદુઃખ આણવાને ઊભો થએલો છે. એ ભાન સાથે ઊઠે છે, અ-

ભાન સાથે લય થાય છે. ટોચકું ઊંચકયું કે બધું ઊંચકાય છે. છત્રીનો દાંડો આખી છત્રીના પસારાને ઝીલવા સમર્થ કરે છે. તમે હાલો તેમ સ્થૂલ જગત હાલે છે. સમજુત ને સમજુતમાં ફેર છે. તેથી ક્રમ માટે વહેવાર જાળવવાનો છે. દ્રષ્ટાની દ્રષ્ટિ તેજ સૃષ્ટિ છે. દ્રષ્ટા એટલે જોનારાવાળો, જે નહીં જોવાય એવું હોય તેને ખોટું ખોટું જોવાવાળો ખોટો જાણવો. જીવપણું કાયમ રાખી આત્મા જોવો હશે તો જોવાશે નહીં. ભુંસી નાંખવાની કંઈ જરૂર નથી. વગર ધોયે સમજી લેવું કે અક્ષર કાગળપર છેજ નહીં. ન છે તો ભલે રહ્યા. વ્યતિરેક અન્વયથી જ્ઞાન કરી લેવું. ગીતામાં ' જીવ મારા અંશરૂપ ' કહ્યા છે. સાંખ્યના મત પ્રમાણે અંશ માનવાનો નથી. આખામાં ને અંશમાં પૂર્ણપણું અભેદ ધર્મની સમાનતા બતાવવાનો હેતુ છે. ચિત્ત દેહ સાથે બીજા વિષયોથી વસ્તુઓથી ચોંટેલું છે. તે ઉખેડવું જોઇએ. વૈરાગ્ય ઉત્પન્ન થયો છે તો મોક્ષ થશે. ગર્ભિત તૃષ્ણા વાસના રહેવી ન જોઇએ. તૃષ્ણા જવી જોઇએ. લોકેષણા વિત્તેષણા પુત્રેષણા. ત્રણે દૂર થવી જોઇએ. **લોકેષણા દૂર થવી મહા મુશ્કેલ છે.** લોક ખરાબ કહેશે એવો ભય રહે છે. પણ કોઇ શોધીને લાવતું નથી કે ખરાબ કહેનારો કયાં સુધી ખરાબ કહેશે. અને કહેશે તો ભલે કહેશે. હું તો સત્ય માર્ગે લોકેષણા નહીં રાખું.

તા. ૨૧-૯-૦૩

૪૬. મુક્તિ.

શરીરનું થડ અહંકાર છે, તો અહંકાર ત્યાગે શરીર કેમ રહેશે ? અને શરીર નહીં રહેશે તો ચેષ્ટા કેવી રીતે થશે ? એવી શંકા કરવાની જરૂર નથી. કેમકે જ્ઞાનમાં વાસનાનો ત્યાગ થાય છે. ત્યાગ બે પ્રકારે છે. ધ્યેય ત્યાગ અને નેય ત્યાગ. ૧. હું કાંઈ બનેલો નથી, બીજા પદાર્થ છે નહીં, એમ માની આત્મ પ્રકાશથી શીતળતાને પામે છે. ક્રિયા થાય તો પ્રયોજન વિના લીલા માત્ર છે. વાસના ત્યાગી જીવનમુક્ત છે. ૨. મન સંયુક્ત દેહ વાસનાનો ત્યાગ તે નેય વાસના છે. તે વિદેહ મુક્તિની સ્થીતિ છે. ઉન્મત્ત થઈ રહે. કૂદે કરે પણ કંઇ ભાન નહીં. રડે હસે પણ કાંઇ કરવાનું ભાનજ નથી. પોતે ત્યાગ કર્યો તેનું પણ ભાન નથી. નેય ત્યાગવાન સાતમી ભૂમિકાએ છે. જનક જીવનમુક્ત હતા. જીવનમુક્તને મનની પ્રતીતિ છે, પણ જ્ઞાનદ્રષ્ટિ બની

રહી છે. તેથી સુંતાપ થતાં નથી. મનનું મિથ્યાપણું જાણ્યું છે. સંસારમાં ઇષ્ટ અનિષ્ટ ભેદ કાઢ્યો તો સુષુપ્તિ અવસ્થા છે. મજુર કે ગધેડું માટી લાવે છે તેને રાગ દ્વેષ નથી. માટીનો અને એમનો સંબંધ ઇષ્ટ અનિષ્ટ બુદ્ધિ રહીત છે. સ્વરૂપને વિષે જીવન મુક્ત જાગતો જોય છે. અંતરમાં આકાશ વત્ નિર્મળ છે: આવી પડે છે તે કરે છે. આવી મળે છે તે લે છે. લાભ હાની જોતો નથી. મેં કર્યું એવી તૃષ્ણા અને અહંકાર નથી. બાજરની ચીપી વાગી તો વાગી નહીંતો કેરડી ખાય છે. અર્થ સિદ્ધ કરવાના હેતુથી કરતો નથી. પણ પ્રસંગ આવ્યો માટે કરે છે. તૃષ્ણાથી બંધાયલો કલનાથી કલંકિત થયો છે. તૃષ્ણા મમત્વનો ત્યાગ એ મોટી ઉદારતા છે. સમુદ્ર વત્ અક્ષોભ ચિત્ત રહે. આ જગત બ્રાંતિ માત્ર જાણે. તૃષ્ણા પણ બ્રાંતિ છે. તારે ને તૃષ્ણાને શું સંબંધ છે? તૃષ્ણાની લેહેરો મિથ્યા છે. દરેક વસ્તુનો ત્યાગ થઈ શકે છે. નેપોલીઅન સત્ય કહે છે કે 'કંઈ પણ અશકય છેજ નહીં.' શરીરમાં આત્મબુદ્ધિ એવી રીતે કરે કે દેહ તે હું છું, માતા પિતાથી ઉત્પન્ન થયો છું; એજ બંધન છે. એજ બ્રાંતિ છે. એજ અસમ્યક્ દર્શન છે. ભાવ પદાર્થથી અતીત છું, અતિ સૂક્ષ્મ છું, સાક્ષી પ્રકાશક છું, એ શાંતિરૂપ મોક્ષને ઉજ્વલિત કરનારી ભાવના છે. જે જે જગત જાળ ભાસે છે, તે હુંજ છું. અનંતરૂપે ભાસું છું. એ ભાવના મોક્ષદાઇ છે. હું અને જગત અસત્ય છું. એથીપર સન્માત્ર છે. તેજ છે. એ જ્ઞાન મોક્ષ છે. વૈરાગ્યથી અંતઃકરણ શુદ્ધ હોય તો મોક્ષ નિશ્ચય થાઠે. તૃષ્ણા સુગંધીથી ભમરો ભમે, તેમ સંસાર બગીચામાં ભમતો મનુષ્ય હું દેહરૂપ જીવરૂપ પિતાના પુત્રરૂપ છું એવો નિશ્ચય કરે. એવા આંધળા હાથીને નદીમાં ઊછાળો મારતા કીનારો જડે નહીં. અર્જુનને સંસારની સત્યતા જણાઇ તેથી ધર્મ માટે પણ સગાંઓનો વધ કેમ કરૂં એવી બુદ્ધિ બતાવી. શ્રીકૃષ્ણને તો જન્મથીજ હું વસુદેવ દેવકીને પેટે પુત્ર છું એવી બુદ્ધિ રહી નહીં. માટે સંસારમાં જે નહીં બુડે તે જીવન મુક્ત છે. સંસારમાં બુડવું યા સંસારમાં વહેવું કોને કહે એ વિષે કેટલીક સૂચના શ્રી સ્વામિનારાયણે આપેલી છે. તે વ્યવહારિક મનુષ્યોને અતિ ઉપયોગી છે. મહાત્માને રાગદ્વેષ સંભવતો નથી. નહીંતો તે મહાત્મા નહીં. આત્મ સ્વરૂપ એક ભેદથી રહીત છે. તેજ સર્વરૂપે ભાસે છે. આનંદરૂપ તમેજ છો. કદી દુઃખ નથી. તમે સર્વના પ્રકાશક છો. નેત્ર ઉઘાડો તો જગત આખું છે. દિવ્ય ચક્ષુ ઉઘાડો તો ચર્મચક્ષુ બંધ થાય યા ભલે ઊઘાડાં રહે તોપણ જગતનો નાશ ભલકે અસંતા ભાવ છે. ઘડો તૈયાર થયો કે આકાશથી ભરાઇને નીકળે. એમાં ઠોઠ

આકાશ ભરેલું નથી.. કે એને માટે કંઈ નવું આકાશ પેદા થયું નથી. આકાશ તો છે. તે પણ ઘડા સાથે ફરે છે. ઘડો ફુટે તોપણ આકાશ છે. જન્મ સાથે આકાશ જન્મ પામ્યું નથી. તમે અજર અમર છો. દેહ ફૂટેથી સ્મશાનમાં ઘડો ભલે ફૂટે, પણ જીવન શક્તિનું જીવન તમે છો તેનું મરણ કે લય કયાં છે.? સૂર્યમાં પોતાનામાં ઊગવું આથમવું હોય નહીં. તેને તો સદા મધ્યાન્હજ છે. અને તે તો જ્યાં છે ત્યાંજ છે. આપણી પૂઠ ફરે છે એટલે આપણે સૂર્યને અસ્ત થયો કહીએ છઇએ તેથી સૂર્યમાં કંઈ ફેર પડતો નથી. અને આપણી પૃથ્વી ફરતી ફરતી તેના તરફ આવે છે, ત્યારે આપણે સૂર્ય ઊગ્યો કહીએ છઇએ. આપણે તારા દેખીએ. નહીં તેથી તારા છે નહીં એમ કહેવાય નહીં. તેમ આત્મા દેખાય નહીં એટલા કારણથી નથી એમ કહેવું ઠીક નથી. આત્મા અનુભવરૂપ છેજ. હાથી પાછળ કૂતરાં ભસે તો તેથી કાંઇ હાથીના સ્વરૂપમાં ફેરફાર થતો નથી. તેમ આત્માને ગમે તે લક્ષણ આપો તોપણ જે છે તે છે.

તા. ૨૨-૯-૦૩.

૪૭. અભિન્નતા.

હૃદયનો નિશ્ચય એજ મુક્તિ વા બંધનનું કારણ છે. જગતની ગતિ આદિ અંત મધ્યમાં વીરસ છે. અસત્ય મધ્યગમાં પણ વીરસ નાશરૂપ છે. ૧. નિશ્ચય. ૨. સંશય. ૩. વિપર્યય. ૪. સ્મૃતિ. ૫. નિદ્રા. એ પાંચ સ્થીતિઓ છે. હૃદયમાં નામ રૂપ નહીં ત્યારે તો નિરાલંબતા છે. નામરૂપના આકાર રૂપે તો સાવલંબ છે. વિવેક વનમાં વિચરે, અને જગતને વિશે સત્ય બુદ્ધિ નિત્ય બુદ્ધિ ન કરે, બોધરૂપી બગીચામાં આનંદ પામે, **શ્રી સજ્જન બાગની બારાદરીમાં** સહેલ કરે, નામરૂપ કાંટા ઝાડવાં ઝાંખરા દૂર કરે, અતીતપદનું અવલંબન કરે, અને અનુભવ પ્રકાશમાં કહ્યા પ્રમાણે અતીતત્વને અનુભવે, તેનું અંતઃકરણ પૂર્ણિમાના ચંદ્ર વત્ શીતળ છે. નિશ્ચયથી તેને ઉદ્વેગ થતો નથી. સંશયવાનને ઉદ્વેગ છે. જ્ઞાનવાનનું ભાષણ કોમળ ઉચિત હિતકર છે. તે સંસાર કાર્યમાં ડૂબે નહીં. અંતે આત્મસ્થીતીમાં સ્થીતિ કરી સંસારને જોતો રહે છે. અનુભવ પ્રકાશમાં ચોથો મજલો કહ્યો છે ત્યાંજ સ્થીતિ કરે છે. આ બદ્ધ છે, હું મુક્ત છું, એવો ભેદ જોતો નથી. ફેર વહેવારમાં ભાસે છે. સ્વરૂપે નથી. ભોગ કીચમાં જે મગ્ન છે તે મૂઢ ગર્દભ છે. મહા અગ્નિની જવાળા સ્ત્રી છે. નારી પ્રત્યક્ષ રાક્ષસી

તથા નારી કાળી નાગણુ કહી છે. પંચદશીમાં નારી તે નરકસ્થ દ્વારમ કહી છે. સુરજ રૂકિમણી સંવાદમાં સુર્યલાલ નારીનું દૂષણુ કહે તો રૂકિમણી નારી પ્રતિષ્ઠા સિદ્ધ કરી પુરૂષને સર્વે રીતે અધમ રાક્ષસથી પણુ અધીક છે એવું સાબીત કરી શકે છે. ભામિની ભુષણુમાં પણ એવો સંવાદ છે. પરંતુ એ એક તરફીવાત છે. જોકે સ્ત્રી પુરૂષની બેઉની વાત આથી ઉઘાડી પડે છે. સંસારમાં જીવ રૂપે રહેનાર બેઉની ખોડ કહાડે છે તેનું કારણુ કે ખોડ બેઉમાં ભાસે છે. પણુ પોતાની ખોડ કોઇ જોતું નથી. સામાની જોય છે. તોપણુ પુરૂષે ચેતીને ચાલવું હોયં તો સ્ત્રીને દૂષણ યુક્ત જાણુવી. સ્ત્રીએ ચેતીને ચાલવું હોય તો પુરૂષને તેવો જાણવો. એક નરકની જ્વાળા છે તો બીજાએ તેમાં લાકડા ઇંધન રૂપ થઇ બળવું જળવું. નહીં. અર્થની આશામાં અનર્થ ઉપજાવવો નહીં. જીવને ખબર નથી કે ભોગીની દીનતા, અનર્થ રૂપ છે. અવસ્થામાં ફેર છે. સાશ્વત પદનો આશ્રય કરો. અને લોકમાં લોક વત્ વરતો: અંતરથી વીરસ રહો. નાટકી પેઠે કૃત્રિમ થાઓ. બે સ્વરૂપ જુદા પાડો. એકમેક થાવ નહીં. સ્ટેજપર આનંદ શોક એવો બતાવે કે બસ. પણ પડદામાં જાય કે અસલ મુજબ પોતાના સ્વરૂપને જાણે એટલુંજ નહીં પણ નાટક ભજવતી વેળા પણ લશેલણ અસલ સ્વરૂપનું વિસ્મરણ થાય નહીં. તેનો નિશ્ચય તો છેજ. સંશય થવાનું કારણ નથી. કપટી કરે તેમ સ્વાર્થથી નહીં પણ અંતર ત્યાગી બાહ્ય કર્તા બનો. કાર્ય કામનાથી રહીત થઇ આશા ફાંસી ગળામાં પડવા દો નહીં.. આશા તૃષ્ણાનો પાર નથી. તૃષ્ણા તો એવી નચાવે કે ન વસ્ત્રા કરે માથે ખાસડું મુકાવી નાક લીસોટી કરાવી ફૂદાવે હફાવે અને આખરે જીવ લે ત્યારે છૂટે કે કદાપિ ત્યારે પણ નહીં છૂટે. બંધ મોક્ષ ઇદ્રજાળ વત્ છે. કલ્પિત મિથ્યા તુચ્છ છે. જગત નથી તો તેમાં વર્તન શું? બંધન મોક્ષ ભ્રાંતિ છે. અનુભવપર દ્રષ્ટિ નહી અને નામરૂપને જોઇને ભેદ જણાય છે. મર્યાદા હોય તેનું બંધન છે. આકાશને દોરડાથી શારીતે બાંધીએ? જોકે આકાશ તો પરમાત્માના અંશમાં એક ખૂણે એકઠું થઇને ભરાઇ બેઠું છે. જો બંધન નથી તો મુક્ત શું? બંધનનો સંભવ જ નથી. આપણુંજ પૂતળું ખોટું છે તો બીજા બધા ભાઇ મિત્ર કયાં છે? માટે મમતા ત્યાગો. પોતે નથી. તો ભાવના કોની કરે? સત્ય સ્વરૂપ હો તો સત્ય સ્વરૂપની ભાવના કરો. અસત્યમાં આત્મ ભાવના છોડી દો. સ્વરૂપને કોઇથી સંબંધ નથી પ્રપંચ ભ્રમ માત્ર છે. નિરાકાર અજન્માને બાંધવ વગેરે કેમ હોય અને કયાંથી હોય? જન્મ મરણુને છે પણું સજા આપનારો તુંજ છે. આત્મા છે તેના

આગળ પાછળ તું છે. હમણાના સગાનો શોક કરે છે તો તારા ગયા દેહના બીજા દેહનાં માતા પિતાનો સગાનો શોક કેમ કરતો નથી? જો તે ખોટા હતા એમ કહેતો તો આ સગા પણ ખોટા જ કહીશ. અને ખોટાજ છે એમ જાણીશ. આ પણ છે છે ને નથી. થઇ થઇને મટી જવાના છે. વિના કારણ મોહને પ્રાપ્ત કેમ થાય છે! તારો કોઇ શત્રુ નથી. ઘાતક નથી. માટે ડર કોનો રાખે છે? જગતના મિથ્યાં પદાર્થ વિત્ત આદિ મિથ્યા પાછળ શું કામ જીવ બાળે છે? 'કિમ ઇચ્છન્ કસ્ય કામાય' વગેરે કેમ ભુલી જાય છે? જાતિ દરેક વ્યક્તિમાં વ્યાપી છે. તેમ આત્મા સર્વ પદાર્થમાં જાતિરૂપે વ્યાપેલો છે. મોતીની માળામાં આત્મા સૂત્રવત્ છે. સંસાર સંસરણ રૂપ છે. સ્ફુરણ રૂપ છે. સર્પની પેઠે અંગમાં ને અંગમાંજ ચાલે છે. પગે ચાલતો નથી. પન્નગરૂપ છે. પગે ચાલે તો તેમાં અંતર રહે. પણ પોતામાં ને પોતામાં જ ચાલતો દેખાય છે, ત્યાંને ત્યાંજ છે. પણ હાલતો ચાલતો જણાયાથી હજારો કોશ કાપતો ભાસે છે. કલના રૂપ છે. સ્વપ્નમાં ક્રમ કે નિયમ મિથ્યા છે, માત્ર ભાસે છે. સર્વાત્મમાં સર્વ શક્તિ છે. તેમાં બ્રહ્મ માયા ઊઠવી એ પણ તેની શક્તિ છે. ગાંધીને ત્યાં શાકર પણ હોય અને એળીયો પણ હોય. રાજાના દરબારમાં દીવાન પણ હોય ને ચપડાશી ચોપદાર પણ હોય, તેમ અનુભવમાં સારાનો તેમજ માઠાનો સર્વ અનુભવ હોવોજ જોઇએ. નહીં તો પૂર્ણ અનુભવ સ્વરૂપ કહેવાય નહીં. વિચાર કરે જ્ઞાન એક અનુભવજ છે. બ્રહ્મ માયા ક્યાં છે? માયાવાળું પણ સત્યજ ભાસે છે. તો પછી સત્યતા સીવાય બીજું શું છે? સૂર્યને પક્ષપાત તેનાથી બનતો પણ નથી. પરમાત્મા સર્વરૂપ પોતે છે. ગર્દભ નહીં થાઊં એમ નથી. તેમાં ગર્દભરૂપ તદ્રૂપ થાય. આપણે સાંભળ્યું છે કે ભગવાન બ્રાહ્મણનો અવતાર લેછે તેમ ઘેડનો પણ લેછે. જે જે વિઠલ રૂખમૈયા. વાઠોબાને ઘેડ શું ને બ્રાહ્મણ શું? ન્યાત જાત વહેવારની કલ્પના તથા રચના છે. નરસિંહ મહેતા ઢેડમાં ફરતા. બાણદાસ રવિદાસના શિષ્યો ઢેડ હતા. આજે પણ કોઇ કોઇ નીચવર્ગમાં ધર્મ ચુસ્ત યાને આત્મજ્ઞાની મળી આવે છે. એવા ઉત્તમ વર્ગમાં નથી જડતા. તેથીજ પોતે અમુક રૂપે છે એમ નથી. સર્વ રૂપે સર્વત્ર સર્વદા સર્વ કાળમાં સર્વથા આત્મા છે. સંવિત્ એટલે જ્ઞાન. સંવેદન એટલે ભાન. અગ્નિ પ્રકાશરૂપ છે તે પ્રસરે છે, જળનો લખલખાટ કે હીરાનો ઝળઝળાટ એ જળમાં કે હીરામાં વિકાર કહેવાય નહીં. કેમકે તે વિના તેનું જળપણું કે હીરાપણું કમતી થાય છે. તેમ અનુભવ સ્વરૂપમાં બધું જોઇએ. કંઇ કમતીપણું રહે તો તેનું સ્વરૂપ

નકામું નષ્ટ ભ્રષ્ટ ગણાય. માત્ર એટલુંજ છે કે અભિન્ન હોઈ ભિન્નરૂપે ભાસે છે.

તા. ૨૩-૯-૦૩.

૪૮. વૃત્તિ-અવૃત્તિ.

દેહધારી જીવોને વાસનારૂપી તરંગો ઊઠયા કરે છે. સ્વર્ગના જીવો નરકમાં જાય છે. નરકના સ્વર્ગમાં જાય છે. પંચ મહાભૂતના પૂતળાં ઉછળી રહ્યાં છે. ચામડાની ગુણો કુદા કુદ કરે છે. હાડકા માંસની આકૃતિઓ આમ તેમ અફળાયાં કરે છે. અગ્નિમાં બરફનો કકડો જડે તો આત્મસત્તામાં સ્થીતિ કરનારને દુ:ખ હોય. ભગવાન જેટલા થયા તેટલા નષ્ટ થઇ ગયા. દશરથ કૌશલ્યા સુત શ્રી રામચંદ્ર, વસુદેવ દેવકીનંદન શ્રી કૃષ્ણ પરમાત્મા પણ પલાયન કરી ગયા. કોણ સ્થીર રહ્યું? ગધેડા ભાર વાહી કેટ બોજો ઊઠાવે તેમ નહીં બોજાનો બોજો, બોજારૂપ સંસાર મનુષ્યો ઊઠાવી રહ્યા છે. વાસના ઊઠી ત્યાંથી સમજવું કે મિથ્યા છે. એમાં છે શું? એમ કહી સમદ્રષ્ટિ કરી પરમ ઉદારતા બતાવવી. હું નથી ત્યાં કંઈ નથી. સર્વ હું જ છું. સર્વ મારૂં જ છે; કેમકે મારૂં ખાસ હું કાંઈ પણ માનતો નથી. આરસામાં દેખાતી કોઇ પણ વસ્તુનો અભાવ થાય તો તેથી આરસો કંઇ રડવા માંડતો નથી. ફૂલની છાબ કે વિષ્ટાનો ટોપલો જે પોતા પર પડે છે તેના પર સમાનતા રાખે છે. અને બેમાંથી જે દૂર થાય તેને થવા દે છે. તેનો હરખ શોક નથી. તેવી જ સ્થીતિ સહૃદય મનુષ્યે પણ કરવી જોઇએ. આરસાએ જાણવું જોઇએ કે એવા પ્રતિબિંબ તો હજારો પોતા પર આવે છે અને જાય છે તેનું સુખ દુ:ખ શું? તેને પોતાના ઉપર સારૂં દીઠું માટે ચોંટાડી રાખવાથી શું લાભ છે? પુર્યષ્ટિકા એટલે લિંગ શરીર એટલે જીવ ચિદાભાસ સહીત અંત:કરણ છે. આત્મા વ્યાપક રૂપ છે. જેમાં દ્વૈતનું ભાન પણ નથી. ધુમાડો આકાશમાં પ્રસરી જાય તેમ આત્મામાં સઘળું એક રૂપ થાય છે. પુન્ય પાવન ને કહેવા લાગ્યો કે તારા માત પિતાનો મોક્ષ થયો તે તને ગમતું નથી? તેની પાછળ તું કેમ રોય છે? જો તારે શોક કરવો હોય તો સંસારનો શોક કર. તેના મરણનો શોક મા કર. જે સંસારથી છૂટયા તેને શું કામ રડે છે? તું સંસારથી છૂટતો નથી અને તેમને સંસારમાં રાખવા ઇચ્છે છે. અને તે પણ તારા સ્વાર્થને માટે! તે તારા સગા હતા એજ ભ્રાંતિ છે. તારા કેટલાએ માતા પિતા થઇ ગયા

છે. તે સઘળાને તું સંભારતો એ નથી. નદીમાંથી અનેક મોજાં નીકળે તેમ તારા કંઇ કંઇ જન્મો થઇ ગયા છે. અને તે તે જન્મોમાં કંઇ કંઇ સગા સંબંધી સ્નેહી હતા કે જેના વિયોગને તું આજે રડતો નથી. પુનરપિ જનનં પુનરપિ મરણં એ વાર્ત યાદ કર. દરેક વસ્તુ રૂતુએ થાય અને રૂતુએ જાય. નામ તેનો નાશ છે. તું માતા પિતામાં સ્નેહ બાંધે છે માટે તને શોક થાય છે. જાગતો છતાં ભ્રમમાં પડ્યો છે. નિદ્રાનું સ્વપ્ન એવો તારો આ જાગ્રત ભ્રમ છે. કોઇ તારૂં સગું નથી. મરૂ સ્થળની નદી છે. એમાં કાંઇ એક ટીપું પણ જળ મળે એમ નથી. લક્ષ્મીવાનની લક્ષ્મી ચંચળ છે. લક્ષ્મીનું સ્વરૂપ બાણુ ભટની કાદંબરીમાં જોઈ લો. લક્ષ્મીના વૈભવનો પણ આખરે અભાવ થાય છે. ગરૂડ પુરાણમાં મુવા પાછળ રોવું નહીં એ વિશે બોધ કહ્યો છે. રોનારો ક્યાં રહેનારો છે? તું જ ક્યાં છે? જગત ક્યાં છે? પોતાનું શરીર અને જગત તારા જ્ઞાનમાં જણાયું છે. એ તારૂં દ્રસ્ય અને ભ્રાંતિ મિથ્યા છે. તેને દૂર કર. દ્રસ્યનો ભાસ માયા દ્રષ્ટિ છે. થાય છે અને મટે છે. આપણી કલ્પના માત્ર છે. સંકલ્પ સીવાય વસ્તુ નથી. વૃત્તિ અવૃત્તિ એજ વાત છે. વાસના તજો તો કાંઇ નથી. જગત મૃગ જળમાં શુભ અશુભ મોજાં છે. પવનમાં ધુળના કણ ઉડે તેટલાં સગા વહાલા માત પિતા થઇ ગયા. એક એક કણ એકેક જીવ છે. તેને પણ તેનાં સગા વહાલાં છે. જેવી ભાવના તેવું ભાસે છે. કેવળ માનેલું તેજ જગત છે. ભવો યં ભાવના માત્ર. ભવ એટલે થયલું એવું ભાસે છે તે. મિત્ર સ્નેહ મોહથી કલ્પિત છે. પોતીકા પારકા કહેવા કરવા આપણા હાથમાં છે. જો તારો હમણાંનો સ્નેહ ખરો છે એમ તું માનતો હોય તો બીજા જન્મના માત પિતા પરનો તારો તે વેળાનો સ્નેહ શું ખોટો હતો? હતો તો ખોટો પણ તે વેળા તને તે ખોટો લાગતો હતો? ચોર્યાશી લક્ષ યોનિમાં મનુષ્ય. હાથી, વૃક્ષ, પથર વગેરે તારા માત પિતા થઇ ગયા છે તે સર્વે પર તારો એવોજ સ્નેહ તે વખતે હતો તે તો તું આજ ભુલી ગયો છે. તે સંભારીને પણ તું જો આજે સર્વ પર સમાન સ્નેહ રાખે તો બસ છે. કે ફલાણા જન્મના ફલાણા પોપટ પુત્ર પરના સ્નેહ હોવાથી આજે તેને હું તેવાજ ચાહું. કદાપિ તે પોપટ હાલના પોપટથી જુદો હશે તો પણ તે પોપટ પોતાના તે વેળાના ન્યાતીલા તો ખરા કેની? તે તે જન્મોમાં શું તેઓનો સ્નેહ તારા ઉપર ઓછો હતો? કે તેં તેને સર્વને વિસારી મેલ્યા છે? તને તે યાદ નહીં આવતા હોય તો સર્વ પર સમાન સ્નેહ રાખ તેમાં તે આવી જશે. તેઓ તને આજે યાદ પણ નથી. તે વેળા તેં જે શોક કર્યો હશે તે આજે

મિથ્યા, થયો છે. માટે ખરૂં જોતાં કોઇને માટે ખાસ શોક કરવાની જરૂર નથી. મનુષ્ય પશુ પક્ષી બધાં જ તારા બાંધવો છે. માટે સૌનો સ્નેહ કરવો. એવી રીતે કે કોઇનો સ્નેહ ગળે વળગે નહીં કે શોક કરવો પડે. આ વાસના પૂર્વક વૃન્તાંત કહ્યું કારણ કે જગત અપ્રમાણ છે.

તા. ૨૪-૯-૦૩

૪૯. સંસારનું સ્વરૂપ.

સંસારની અતિ ગહન વિચિત્રતા માણસના ધ્યાનમાં એકાએક ઉતરતી નથી. એ વાત એક રીતે જોતાં ખેદજનક ગણાય. વિદ્વાનોનું કહેવું એમ પણ છે કે જગત ઇશ્વર જન્ય છે. અને સ્વપ્ન સૃષ્ટિ મનુષ્ય જન્ય છે. એ ફેર ધ્યાનમાં રાખીને સ્વપ્ન તથા જગતનુ સાદ્રશ્ય બતાવવાનો પ્રયત્ન ચાલુ છે. છતાં વેદાંત વાદીઓનું માનવું એવું છે કે સ્વપ્ન અને જગત બેઉ મિથ્યા છે એટલુંજ નહીં પણ જીવ ઇશ્વિર પણ મિથ્યા છે. જો જીવ ઇશ્વિરમાં ફેર કહાડવાનો વિચાર હોય અને મિથ્યા વસ્તુઓમાં મોટા નાનાપણું માની લેવું હોય તો સ્વપ્ન એ અલ્પ સંકલ્પનું કાર્ય છે, અને જગત એ દીર્ઘ સંકલ્પનું કાર્ય છે. પણ 'નાસ્તિ મૂલં કુતઃ શાખા?' જો રચનાર મિથ્યા છે તો રચેલું કાર્ય છેજ ક્યાં? કે જેમાં નાના મોટાનો ફેર કહાડવા બેસીએ. સ્વપ્ન સૃષ્ટિ અને જગત એ બેઉના પ્રત્યક્ષ, અનુમાન, કે શાબ્દીય પ્રમાણ વગેરે પ્રમાણો અજમાવી જોઇએ તો તેપરથી પણ સંસારની સત્યતા અથવા સિદ્ધતા સાબીત થતી નથી. પુરાવો આપનારા આંખ કાન વગેરે પોતેજ મિથ્યા હોઇ ગણવા લાયક પુરાવો આપતા નથી. આંખ રૂપ સીવાય બીજુ કાંઈ બતાવવામાં સાધન થતી નથી, એટલુંજ નહીં પણ કાન વગેરે ના પુરાવાને વિશે તે કંઇ જાણતી પણ નથી, કાન શબ્દ સીવાય બીજા કશાનો પુરાવો આપી શકે નહીં. અને પોતાના સીવાય બીજાની હકીકત કબૂલ રાખે નહીં. આવી રીતે દરેક પુરાવો આપનાર એકજ વસ્તુને વિષે જુદી જુદી હકીકત બતાવી એક બીજાથી વિરૂધ પુરાવો આપે છે. અને તેથી તેમાંના કોઇની પણ વાત વસ્તુને સિદ્ધ કરતી નથી. એજ વસ્તુની અસત્યતા તથા પુરાવો આપનારનું મિથ્યા પણું બતાવી આપે છે. અને જે સત્તાથી વસ્તુ અને વસ્તુને સિદ્ધ કરવાનું ડોળ કરનારી ઇંદ્રિયો સત્ય ભાસે છે તે અખંડ સત્તા સર્વદા સર્વથા સર્વત્ર પ્રકાશી રહી છે. તેજ સત્ય છે.

આવું પરોક્ષજ્ઞાન. થાય તો માણુસ સંસારને અરધો સમજતો થયો એમ માનવામાં વિલંબ કરવાની કંઇ જરૂર નથી. હવે અપરોક્ષ જ્ઞાન પ્રદીપ્ત થવાને મહા વાક્ય સમજવાનો જ વિલંબ છે. મહા વાક્ય પૈકી 'તત્વમસિ' માં તત્ અને ત્વમ્ ને વિશે અસિ પદની સત્તા સમજવી. અસિની સત્યતા સર્વત્ર વ્યાપક પણે છે. અને અસ્રિ સીવાય બીજું કાંઇજ નથી. તેથી તત્ અને ત્વમ્ પદની પોતાની અસત્યતા સમજી તત્ તેજ ત્વમ્ અને ત્વમ્ તેજ. તત્ અસિ પદને આધારે છે, અને અસિપદ તેજ હું છું એમ સત્તાની ઉપરની ભાસતી સ્ફૂર્તિ સત્તાથી જુદી નથી. જુદી માને તો મિથ્યા છે. એ નિશ્ચય સમજમાં આવે તો સંસારમાં કોને જ્ઞાની અને કોને અજ્ઞાની કહેવો? ધૂમાડાના ગોટે ગોટા ગગન તરફ જતા હોય છે તેમાં મોટા નાના આકારે ભાસે છે, તથા વાદળાંઓમાં લાંબા ટુંકા વિચિત્ર આકારો જોવામાં આવે છે. તેવી જ રીતે માણુસના મનમાં અનેક નાના મોટા તુરંગો ઉઠે છે. એ વૃત્તિ એ તુરંગ એ સંકલ્પ સંસારને ખડો કરે છે. સંકલ્પ ન ઊઠે એવી વૃત્તિ થાય તો મનનું મનપણું રહેતું જ નથી. અને સંસાર ખડો છતાં નિઃરસ નહીંજેવો માત્ર સંસરણ કરતો ભાસે છે, તે આત્માને વિશે આત્માની શક્તિરૂપે બની રહે છે. પાણીદાર હીરો લખલખાટ બતાવે છે. તે લખલખાટ કંઇ હીરાથી જુદો નથી. પણ લખલખાટ એ હીરાની શક્તિ છે. એ લખલખાટ ન ભાસે તો તે હીરો કહેવાય જ નહીં. તેમ આત્માને વિષે સંસરણુ ન ભાસે તો આત્માની સત્તા શક્તિ કાંઈ પણ છે એમ કહેવાનો જાણુવાનો સંભવ આવેજ નહીં. સંકલ્પ મનને વિષે ઊઠે તેનો ભય નથી. તે સ્વાભાવિક ઊઠયા જાય, અને કાર્યરૂપે પરિણામ પામે નહીં, તો તે સંકલ્પમાં ગણાતા નથી. આરસામાં સારી નરસી છબીઓ સારા નરસા જતા આવતા માણુસોની પડે છે તે કંઇ આરસામાં ચોંટી જતી નથી. અથવા પેસી જતી નથી. અંદર પેઠેલી ભાસે છે. પણ આરસાને કંઈ અસર કરતી નથી. આરસો તો છે તેજ છે, ને તેવોને તેવોજ છે, એમ છબીઓ આરસાપર છતાં આપણે જાણીએ છીએ કેમકે વસ્તુઓ ખંસવાનીજ ખોટી છે. ખસી કે પ્રત્યક્ષ ખાતરી કે આરસો તો તેવોજ હતો અને હજી છે. જે થઇ તે ઉપર ઉપર વાત બની ગઇ. કે જેનો થડ પાયો કંઇ નથી. તેટલી ઘડી તેવા પ્રસંગોમાં તેવી ફોટો પડેલી ભાસી. આરસાપર જેવી છબીનો ઓળો પડે છે તેવું તે પોતાનું રૂપ બતાવે છે. પણ તે ઉપલક છે. બહારના જોનારને આરસાનું તેવું રૂપ ભાસે છે. પણ આરસો બદલાયો નથી. કે આરસામાં કંઇ વત્તું ઓછું બગડયું સુધર્યું લાગ્યુ વળ-

ગ્યું નથી. **ઓળો ખસ્યો કે આરસાના સ્વરૂપની સાબીતી.** આ પ્રમાણે આરસા ઉપર જે ભાવ તથા અભાવ વિશેષરૂપે પ્રગટ થાય છે. અને આરસાને આવરણ કરે છે, તેમ આત્મા તથા મનને વિશે બનતું નથી. કેમકે આત્માથી મન જુદું નથી. મન મિથ્યા છે. આત્મા સત્ય છે. છતાં મનને આત્મા સત્યતા આપે છે. તેથી મન સત્ય ભાસે છે. આત્મારૂપી આરસાની ઉપલી સપાટીને મન એવું નામ આપ્યું છે. વિશેષરૂપે પ્રગટ ન થાય ત્યાં સુધી તે આત્માજ છે. અમે મન છે જ નહીં. પણ વિશેષરૂપે પ્રગટ થાય ત્યારે ત્યારે તેને મન એવી સંજ્ઞા આપવાની જરૂર પડે છે. અને મનની ખુબી એવી છે કે જ્યાં વિશેષ રૂપે ચોંટયું ત્યાં તે તદ્રૂપ થઈ જાય. 'મન મેરા પંખી ભયા, જહાં તહાં ઉડ જાય; જેવા વૃક્ષે જઇ ચડે, તેવાં ફળ તે ખાય.' મનનો ચમત્કાર એ છે કે તેમા ઉપર જે વસ્તુનો ઓળો પડે તે ભાવરૂપેજ પોતે જણાય. આરસામાં તો બાકીની જગામાં આજુબાજુ ખાલી આરસો દેખાય. પણ મનતો મોટી વસ્તુ સાથે મોટું ને નાની સાથે નાનું થઇ રહે છે. અને આસપાસનો અભાવ જણાતો નથી. તેથી મનનું સ્વરૂપ ઓળખવું મુશકેલ પડે છે. પણ એ મનરૂપી બહુરૂપીને જેણે ઓળખ્યો છે તે તો એનું મિથ્યાપણું જાણે છે. એથી મન તેવા ઓળખનારને સદા વશ રહે છે. એટલુંજ નહીં પણ સવારને ઓળખી લેનારી મનરૂપી ઘોડી ચતુર સવારની દરેક ચાકરી ઉઠાવવાને તત્પર રહે છે. આરસામાં એક વસ્તુનો ઓળો પડે તો તેની આસપાસની જગામાં આકાશ દેખાય છે. પણ મનના ઉપર જે વસ્તુ પડે તેવડો આકાર મન કરી નાંખીને તે વસ્તુની પાછળ ભરાઇ રહે છે. અને આસપાસ બીજું કંઇ જણાતું નથી. મન તેમાંજ રોમેરોમ ગુંથાઇ જાય છે. તેથી વસ્તુને સત્ય માનવામાં આવે છે. અને તેથી સંસારમાં મન એવો મંત્રી ખડો થયો છે. સંસારની સત્યતા આગ્રહ પૂર્વક માનવામાં આવે છે અને હજારો જાતના દુઃખ સુખની મારામારી બની રહી છે. એક કોરો કાગળ લઇને તેને સારી રીતે કાતરીને કુંડું બનાવી ટાંગ્યું હોય તો તે કાગળ છતાં આસપાસનો બાગ કપાઈ ગયેલો હોવાથી અણજાણ્યા માણસને કુંડા જેવુંજ ભાસે છે. પણ એ કુંડાને ઓળખનાર તો કાગળ સીવાય બીજી વસ્તુને જોતોજ નથી. કાગળપર કુંડું ચીતર્યુ હોય ત્યારે તો આસપાસના કાગળપરથી કાગળપણું પકડાઇ આવે છે. આ પ્રમાણે મન એક રૂપ થઇ જાય છે. કાતરેલું કુંડું થઈ પડે છે. અને અંજાણને છેતરે છે. આ દ્રષ્ટાંતમાં જેમ કાગળ કુંડા સાથે એક થઇ ગયો છે. છે કાગળ અને નામ તેનું કુંડું પાડયું છે, તેમ વસ્તુ સાથે મન

એક રૂપ થઇ જાય છે. અને મન વસ્તુ કહેવાય છે. મન છે માટે વસ્તુ ભાસે છે. બાકી વસ્તુમાં વસ્તુપણું છેજ નહીં. ભલે વસ્તુ પડી રહે પણ તે નહીં જેવીજ છે. વસ્તુનો રસ ગયો તો તે વસ્તુનું વસ્તુપણું કહેવાતું નથી. પ્રાણ જતા રહ્યા પછી તેના તે અવયવો છતાં શબ મનુષ્ય કહેવાય નહીં. મન વિશેષ ભાવે પ્રગટ થાય છે તેથીજ વસ્તુ પણ ખડી થાય છે. રંભા જેવી સ્ત્રી હોય તો પણ નપુંસકને તે સ્ત્રીમાં સ્ત્રીપણું સર્વાંગે ભાસતું નથી. એકની એક વસ્તુ જુદી જુદી દ્રષ્ટિથી જુદે જુદે સ્વરૂપે ભાસે છે. માટે જે છે તે આત્મામાં છે, વસ્તુમાં નથી. વસ્તુ તેની તે પણ જેનું જેવું મન તે મુજબ તે ભાસે છે. કોઇની સ્ત્રી તો કોઇની બેન. આત્મા વિશેષરૂપે મન નામથી નામરૂપ વસ્તુને ખડી કરે ત્યારે મિથ્યા છતાં વસ્તુની સત્યતા ભાસે છે. અને તે એટલે લગી કે મનને સત્ય માનવામાં આત્માનું વિસ્મરણ થઇ જાય છે. ગવર્નર જનરલની સત્તા માનવામાં એડવર્ડ ધ સેવન્થને ભૂલી ન જવાય તે પર લક્ષ રહેવું જોઇએ. નહીંતો ચંદ્રનું તેજ ખરૂં માનવામાં સૂર્યનું આવરણ થઇ જાય છે. જે ચૈતન્ય સત્તા ઘડામાં અને ઘડાની બહાર સ્વભાવિક રીતે બની રહી છે તે ઘડો ફુટ્યાથી વધતી ઘટતી નથી. પણ ઘડા રૂપી નામરૂપ ભાસેલું તે દૂર થાય છે. એજ ઘડાનું મિથ્યાપણું સિદ્ધ કરે છે. ઘડાથી આકાશ જન્મ પામ્યું નથી. તેમ ઘડો ફુટવાથી મુવું નથી. ઘડાને કરનારો કુંભાર છે પણ આકાશને કરનારો કુંભાર નથી. આકાશમાં ઘડો છે અને ઘડામાં આકાશ છે. અને ઘટાકાશ તથા મહાકાશનો ફેર ભાસતાં છતાં ઘડા રૂપી આકારે દ્વૈત ખડું કર્યું છે. પણ ઘડાની નીચે ઘડાને સત્યતા આપનારી સત્તા ઘડો હોય ત્યારે અભાવ ભાસતી અને ઘડો ન હોય ત્યારે ભાવ રૂપે બની રહી છે. તેનાપર નજર કરીએ તો આકાશમાં કંઇ કટકા થયાજ નથી. આ દેહને બનાવનાર માતપિતા છે. પણ ચૈતન્યને બનાવનાર માતપિતા નથી માટે ચૈતન્ય એક સત્ય છે. અને માતપિતા તથા માતપિતાએ બનાવેલું શરીર મિથ્યા છે. આ સંસારમાં પંચ વિષયોને અનુભવવા માટે સાધનરૂપ શરીર પંચેન્દ્રિય યુક્ત એક યંત્ર છે. અને એવાં અનંત રૂપો અનંત યંત્રો દ્વારા અજ્ઞાનરૂપી બાહુરૂપી અનંત મન ખડાં કરી ધારણ કરે છે. પોતે બને છે અને બીજાને બનેલા માને છે. વસ્તુ સાથે અજ્ઞાની એકરૂપ થઇ જાય છે, અને વસ્તુની સત્યતા માની વર્તે છે. અને દેહ ઇંદ્રિયો પ્રાણ મન એ સર્વના ધર્મને પોતાના ધર્મો માને છે. માણસ જ્યારે કોઇ વસ્તુને દેખે છે. ત્યારે તેને ખબર પડે છે કે આંખ હું છું. સાંભળે છે ત્યારે કહે છે કે કાન હું છું. એમ દરેક વિષયનો અનુભવ

કરતી વેળા દરેક ઇંદ્રિયને પોતે છે એમ માને છે. અને એકાકાર તદ્રૂપ થઇ જાય છે, મન તે ઇંદ્રિયમાં તે જગે તે વસ્તુમાં એકરસ થઇ ચોંટી લીન થઈ જાય છે. અને પોતે મનને અથવા મનના સ્વામિ આત્માને ઓળખતો નથી. ગાડાં તળે કૂતરૂં ચાલે તેજ ગાડાને ખેંચે છે. એમ માની લેછે. અને વાવડી તો ચસતી જરાએ નથી તોપણું પોતાની પાઘડી વાવડી સાથે બાંધીને ખેંચે છે. અને કહે છે કે મારી પાઘડીના સાધનથી મારા બળથી વાવડી ચસકી. પણ ભાન ઊઠે છે ત્યારે જોય છે કે હું તો ઊભો છું. અને મારી પાછળ એક પથર બાંધ્યો છે. તેણે મને પકડી રાખ્યો છે. આત્મદર્શી આ પ્રમાણે વસ્તુ સાથે એકરૂપ થઇ જતો નથી. પણ તે સઘળું સત્યરૂપે અખંડ જાણે છે. તે જાણે કે હું મનથી પર છું. મનના પડદા સુધી સુખદુઃખ આવી શકે છે. મનના ધર્મ સુખ દુઃખ છે. તેથી તે મનની પેલી તરફ જઇ શકતા નથી. તે આત્માને અડકતા પણ નથી. છાપરાંપર પડતો વરસાદ છાપરાંને સ્પર્શ કરેછે અને આસપાસ વીખેરાઇ જાય છે. પણ છાપરા તળે રહેલા સ્વરૂપને છાંટો પણ લાગતો નથી. એ રીતે આત્મા કર્તા છતાં અકર્તા છે. ઉપર બતાવ્યું કે આરસામાં રૂપાળું કદરૂપું દેખાય છે તેથી આરસામાં રંગ લાગતો નથી. આરસો રંગાતો નથી. તેથી કોઇ એમ કહેશે કે એ પ્રમાણે તો મનુષ્ય કઠોર થઇ જાય. સ્નેહ રહીત થઈ જાય. સારી નરસી લાગણી તેને રેહેજ નેહીં. અને જડ ભરતમાં અને તેનામાં શો ફેર પડે? પણ તેમ નથી. એક કુટુંબ પાસે જો એક મણ અનાજ હોય અને નાનું ગામ છે તેમાં દુકાળ પડયો હોય તો એ અનાજ એક કુટુંબને જરા વધારે વખત ચાલે અને બધામાં વ્હેંચી દેતા વહેલું પુરૂં થઇ જાય, તોપણું બીજા મરે જીવે તેની શું પરવા છે? એમ માનવું એ કૃપણતા છે. જોકે વધારેનો લાભ વિચારવો સારો છે. તોપણ બીજું અનાજ આવી પહોંચે એમ છે કે કેમ? બીજાના લાભ સાથે મૂળ માલીકનો લાભ જળવાય છે કે કેમ? મૂળ માલીકને જેટલો એરલાભ થાય છે તેથી સામાન્ય લાભ વધુ છે કે કેમ એવા એવા પ્રશ્નોપરથી નિર્ણય ઉપર આવી શકાય છે. પરંતુ પ્લેગ ચાલે ત્યારે ક્વૉરન્ટાઇનમાં મોકલી દેવા અને આપણું સમાલી તેમની કાળજી નહીં લેવી એમ નહીં. થનાર પ્રભુનું ધાર્યું થશે પરંતુ આપણે તો તેમની કાળજી લેવીજ જોઇએ. છતાં વહેવારમાં જોઇશું તો સરકાર તેમની પાસે જવા દેશે નહીં. યાતો પોતે તેની પાસે જશે નહીં. પોતાનો સ્વાર્થ આવી કૃપણતામાં સમાયલો સમજવો એ આત્મ દ્રષ્ટિનું કાર્ય નથી. પરંતુ વ્યવહારમાં ચાલે અને રૂડું ગણાય એવું કાર્ય

હાલમાં થઇ પડયું છે. કારણ કે મન નબળું છે. સત્યાસત્યની ખાત્રી નથી. છે તો માત્ર મ્હોડે બોલવામાંજ છે. દ્રઢ નિશ્ચયના વાંધા છે. ધર્મપરથી પ્રભુપરથી પરમાત્માપરથી સત્ વસ્તુપરથી આસ્થા એટલી ઓછી થઇ છે. ભ્રાતૃભાવે જુદું રૂપ પકડયું છે. ભ્રાતૃભાવની વ્યાખ્યા સમજવામાં ફેર પડયો છે. સ્વાર્થ કેટલે લગી? ઘણી વસ્તુ એવી છે કે જે દરરોજ મારા ઉપયોગમાં આવતી નથી. નકામી જેવી પડી રહેલી છે તે જો હું બીજાને આપું તો બીજા તેનો ઉપયોગ કરી શકે એમ છે. એમ છતાં જે મારૂં કુલ કામ કરે છે. અને પૂર્ણ સંતોષ આપે છે. તેને પણ પૂરતું તેની મજુરીનું આપતાં મારો જીવ દદરે છે. કારણ કે હું અને મારૂં ઘર કરી બેઠું છે. આ ઉપરથી જે વિશેષ ભાવે સ્નેહ બતાવે છે તેજ સહૃદય અને આને જે સામાન્ય ભાવે સ્નેહ બતાવે પણ આમ વિશેષ ભાવે સ્નેહ નહીં બતાવે તે કઠોર, સ્નેહ રહીત, એમ કંઇ સિદ્ધ થતું નથી. કેમકે સામાન્ય સ્નેહ બતાવનારનો સ્નેહ જોકે પ્રસરી રહ્યો છે પણ તે કંઈ જતો રહ્યો નથી. વિશેષ સ્નેહ તો દુઃખનું કારણ છે. સ્નેહ રહીત થવાથી ઉત્તમ સ્નેહ દર્શાવી શકાય છે. વિશેષ સ્નેહથી તો ગભરામણ થાય છે. ડાક્ટર દરદીની દવા કરવા આવે છે તો તે યથાસ્થિત વ્યવસ્થા કરી શકે છે. કેમકે તેનો સામાન્ય સ્નેહ છે. વિશેષ સ્નેહ વાળા ગભરાઇ જાય છે, અને ઘણું થોડું કરી શકે છે. માટે સ્નેહ રહીત કાર્ય ઘણાં અને સારાં થાય છે. ધૂમાડાના બાચકા જેવા સંસારમાં વિશેષ સ્નેહ બતાવવાની અથવા બીજા કોઇપણ પ્રકારની ઇચ્છા શી કરવી? સગાં વહાલાં અમુક વખતે હદ ઉપરાંત સ્નેહ રાખે છે અને અમુક વખતે નહીં પરવડતું આવે તો સામું પણ જોતા નથી. તો ખરો સ્નેહ હોય તો તે કયાં જતો રહે છે! ખરો સ્નેહ માનનારી સ્ત્રીઓ તો પતિ પાછળ સતીઓ થાય છે. તે પતિને પ્લેગ થતાં પીએર નાશી જતી નથી. વિશેષ સ્નેહ તો માત્ર સ્વાર્થનો સ્નેહ છે. સામાન્ય સ્નેહ પરમાર્થનો છે અને સદા નીભે છે. આ સંસારમાં ગ્રહણ ત્યાગ યોગ્ય કોઇ પણ પદાર્થ નથી. અને નથી તેને લેવા શું દોડવું? સ્વપ્નની અંદર સ્વપ્નને જોનારો સ્વપ્નનર પોતે પણ મિથ્યા છે. અને સ્વપ્નમાં દેખાતી વસ્તુઓ પણ મિથ્યા છે. અધિષ્ઠાન ઉપર સ્વપ્ન બન્યું છે તે અધિષ્ઠાન માત્ર સાક્ષીરૂપે સત્ય છે. અને પોતાની સત્તાથી સ્વપ્નની સત્તા દેખાડે છે. અને જાગ્રતમાં પોતા વડે સ્વપ્નની સત્યતા હતી, અને પોતા રહીત તેની અસત્યતા હતી અને છે, એમ સાક્ષી પુરે છે. તેવાજ મિથ્યા જગતમાં મિથ્યા રૂપ મનુષ્ય વસ્તુઓને જોઇને તેની પાછળ ઇચ્છા કરી સંસારમાં ભટકયાં

કરે છે. અને અધિષ્ઠાન તરફ જાગૃત થતા નથી. જોકે સારી પેઠે સમજે છે કે દરેક ઇચ્છાને પાળ્યા છતાં પોષ્યાં છતાં તે પૂરણ થતી નથી. ઉલટી ચાળેલી વધે છે. વધારે વધારે રખડાવે છે. અને ફરીફરીને તેની તે એ પ્રમાણે ઘટચક ચાલ્યાં કરે છે. કાણા ઘડામાં રેડેલું પાણી અહર્નિશ રેડયાંછતાં ઘડો ભરાતો નથી. ખાલી ને ખાલી રહે છે. તૃષ્ણા વધતી ચાલી જાય છે. આવું સંસારનું સ્વરૂપ જાણ્યા છતાં મનુષ્ય એ ઇંદ્રજાળને ઓળખી કહાડી ચેતીને ચાલવા તત્પર થતો નથી! ચિત્ત મુવું કે સંસાર ટળ્યો એમ કહેવામાં આવે છે, તે બરાબર છે. ભગવદ્ગીતામાં પણ કહ્યું છે કે "એષા બ્રાહ્મ સ્થિતિઃ પાર્થ." મનની સ્વસ્થતા પ્રાપ્ત થાય તો મન સ્વરૂપે રહ્યુંજ નથી. બહારની ક્રિયાથી સ્વસ્થ થયો તે કાંઇ સ્વસ્થ કહેવાય નહીં. જેની સ્વરૂપમાં સ્થીતિ થઇ નથી, અંતરમાં વાસના ઊઠે છે, ચિત્ત ભટકે છે. તે સ્વસ્થ કહેવાય નહીં. પણ જે જહાં જોય તહાં પરમ આકાશ જોય છે, તે નામરૂપને જાણતો નથી. બુદ્ધિ એની સખી છે. પોતા પાસે વિવેક છે. સંસાર સમુદ્રને તરવાને તેણે સ્નેહરૂપી વૈતાળને દૂર કરેલો છે. સંસારમાં જે દુઃખ અને શોક થાય છે, તેનું મૂળ સ્નેહ છે. રાગદ્વેષની અવસ્થા સુખદુઃખ ઊભા કરે છે. દુઃખની પૂર્વાવસ્થા સ્નેહ છે. મીઠાશ કડવાસને પ્રાપ્ત થાય છે. સ્નેહની મધુરતા દેખાય છે. પણ તે કપટ ભાવે છે. અને આખરે તે દુઃખરૂપ છે. મનુષ્યને પોતાના શરીરપર અત્યંત સ્નેહ બેઠો છે. અને દેહાધ્યાસી દેહને પોતાનો માને છે. એટલુંજ નહીં પણ દેહ તે હુંજ છું એમ દેહને વિશે અત્યંત સ્નેહ માનવાથી રોગ વગેરે દેહપર થાય છે તેનું પોતે દુઃખ માને છે. દેહપર માર પડે છે તે દેહને વાગી શકે નહીં. કારણ કે દેહ તો ચામડું છે. મુડદાંને અથવા ચામડાને મારેલો માર વાગે છે કે નહીં તે જાણવાનું સાધન નથી. પણ એમ કહી શકાય કે વાગતું નથી. અને આત્માને તો દેહપર પડતા માર સાથે કે દેહ સાથે સંબંધ પણ નથી. વચમાં મન પોતાને માર પડતો હોય એમ સુખદુઃખ માની લેછે. પણ મનતો સૂક્ષ્મ છે. મનનું સ્વરૂપ કોઇએ જોયું નથી. સૂક્ષ્મ છે એમ કબૂલ કરીએ તોપણ સૂક્ષ્મને કંઈ લાકડીના સપાટા વાગે નહીં. એ પરથી જણાય છે કે મન એ કંઇ વસ્તુ છેજ નહીં.. તો પછી સુખ દુઃખ એ પણ માની લીધેલાજ છે. કુતર્કી એમ પૂછશે કે જો મન નથી, અને દ્રઢતાવાળો પુરૂષ નિરંતર અભ્યાસથી દુઃખ નથી એવી ભાવના કરે તો, તેના આત્માને વાગશે નહીં અને તેઓ મારા બાપરે કહી બૂમ પાડશે નહીં? એ શંકાનો ઉત્તર આપવામાં દેહ મન તથા સપાટાનુ

મિથ્યાપણું તથા સપાટાથી પડતી બૂમનું મિથ્યાપણું સમજવાની જરૂર છે. પ્રશ્ન કર્તા સપાટાની સત્યતા લઇ તથા બૂમની સત્યતા લઇ વાત કરે છે. જ્યાં સુધી જીવપણું કાયમ છે ત્યાં સુધી મોહોડે મોહોડે બ્રહ્મપણું કહેનારને એ સપાટાથી દુઃખભાવ ઉત્પન્ન થશેજ. પરંતુ જે આત્મદર્શી જીવપણું સમજે છે અને આત્માપણું દ્રઢ સમજી ચૂકયો છે તેનાથી વૃત્તિ જ્ઞાનથી દુઃખની બૂમ પડાઇ જાય છતાં લેશ માત્ર પણ તેના મનને કે આત્માને તેની અસર નથી. કેમકે તેના મનને સપાટાનું દુઃખ મિથ્યા છે. પણ જે આત્મદર્શી નથી, તેને આત્મદર્શી સમજવાથી; ખરખોટાની પરીક્ષાનું સાધન નહીં હોવાથી, આવા કુતર્ક ઉત્પન્ન થાય છે. શરીર સાથે અદ્ભૂત સ્નેહ લાંબા વખતથી બંધાયલો છે. એ દૂર કેમ થાય એવો અભિનિવેશ બેઠો છે. તે અભ્યાસથી દૂર થઇ શકે છે. અભ્યાસથી જે દ્રઢતા પેશી ગઇ છે તે અભ્યાસથીજ દૂર થઇ શકશે. માટે 'ટ્રાઇ અગેન' ના નીયમથી ફરી ફરીને પ્રયત્ન કરી શુભ ભાવના આત્મ ભાવના કરવી. કે જેથી સંસારનું મિથ્યાપણું સિદ્ધ થઇ આત્મભાવ દ્રઢ થાય. મનુષ્યને માથે પાંચ કલેશ. ૧. અવિદ્યા. ૨. અસ્મિતા. ૩. રાગ. ૪ દ્વેષ. અને ૫. અભિનિવેશ. છે. અવિદ્યા બીજરૂપે પડી રહે છે. જ્યાં કંઈ નથી ત્યાં પણ અહં થયું. જ્યાં ભેદરૂપી મોહ ખુલે છે. જ્ઞાની તેમજ અજ્ઞાનીને દેહ ત્યાગની અસહ્યતા હોય ત્યાં સુધી તેને અભિનિવેશનો કલેશ લાગુ છે. મરવું કોઇને ગમતું નથી. દેહનું સંરક્ષણ બની રહ્યું છે. બે વરસ વધારે જીવું તો ઠીક એમ લોભ રહે છે. મહા સંકટ આવે તો તમો ગુણથી દેહ ત્યાગ કરવા તૈયાર થાય છે અને મૂઢ અવસ્થામાં દેહ ત્યાગ કરે પણ છે. પરંતુ તે તો જેમ મદિરાથી ઉન્મત્ત પુરૂષ કરે તેમ વગર વિચારે થાય છે. કંઇ વિચારથી દેહ ત્યાગ થતો નથી. જીવતો રહે અને ખરેખર દેહ ત્યાગ કર્યા વિના માત્ર વિચારથી દેહ ત્યાગ કરે તો નિરંતર અભ્યાસથી તેનો અભિનિવેશ છૂટે છે. અને તે સદા અમર બની રહે છે. તેની દેહ છુટી જાય છે ત્યારે પણ તે તો જીવેજ છે. અને એજ મોક્ષની સ્થીતિ છે. એજ જીવન મુક્ત સ્થીતિ છે. જ્યાંસુધી દેહ ત્રિગુણનો બનેલો છે ત્યાં સુધી મરણ અવશ્ય છે. પણ તેને મન દેહ છેજ નહીં. તો તેને તો મરવું સંભવતું નથી. આત્મા મરતો નથી. દેહ છે નહીં તો મરે કયાંથી? અને આત્મા તથા દેહનો સંબંધ સંભવતો નથી. તો તેનો વિયોગ કયાંથી? માત્ર આત્માનો દેહ પ્રત્યે જે સ્નેહ આપણે બાંધ્યો છે તે સ્નેહ તૂટી જતો ભાસે છે, તેથીજ શોક ઉત્પન્ન થાય છે. માટે જાણવું જોઇએ કે સોનાના દાગીનામાંથી સોનું ગળી ગયું તો પછી દાગીના

છેજ નહીં. અને સોનું તો દાગીનો કહેતા હતાં ત્યારે પણ હતું. અને ગળી ગયું કહીએ છઇએ ત્યારે પણ તેજ છે. દાગીનો નામરૂપ હોઇ મિથ્યા હતો. સોનું સત્ય હતું અને છે. તેમ દેહ મરી જવાથી દેહ અસત્ય હતી એમ ઠરે છે. અને તે નામરૂપ હતી. પણ આત્માથી ચૈતન્યમય બનેલી તે આત્મા ત્યારે પણ સત્ય હતો તે પહેલાં પણ સત્ય હતો અને પછી પણ સત્ય રહ્યો છે.

વા. ૨૫–૯–૦૩.

૫૦. ધૈર્ય.

સંસારમાં દુઃખ આદિ વિકારોથી તરવાને ધૈર્ય એક જ ઉપાય છે. **સ્વરૂપની પ્રાપ્તિ એજ ધૈર્ય કહેવાય છે.** દેહ સહીત દ્રશ્ય જગતની ઉપેક્ષા, સત શાસ્ત્રનો વિચાર, શ્રેષ્ઠ ગુણોનો અભ્યાસ, એ સ્વરૂપની પ્રાપ્તિના સાધનો છે. ત્રિલોકીના સર્વ ઐશ્વર્યનો ભંડાર તે, સ્વરૂપ છે. તૃષ્ણા છે ત્યાં સુધી જન્મ મરણ છે. પગમાં જોડા પહેર્યાથી આખી પૃથ્વી ચામડાથી મઢાઇ માનવી. આશાને વશ થયો તેનું ચિત્ત શૂન્ય છે, અગસ્ત્યે જળનું પાન કર્યું તેથી સમુદ્ર શૂન્ય થયો. તેમ આત્મ જળ થી શૂન્ય એવું જે હૃદય હોય તે સુકું છે. તૃષ્ણા વાંદરી સ્થીર નથી. અટકચાળાં કર્યાંજ કરે છે. તૃષ્ણાવાન ક્ષોભ પામે છે. તૃષ્ણા રહીત અંતઃકરણ શીતળ છે. તેની શીતળતાથી પૂર્ણ ચંદ્રની શીતળતા ઉતરે છે. વિવેક રૂપી કુહાડાથી આશારૂપી ડાળાંની અનેક શાખાને કાપો. ચિત્ત ઉલુક પક્ષી છે. તેની તૃષ્ણા સ્ત્રી છે. તે જ્યાં હોય ત્યાં અશુભજ થાય. આશા ફાંસી સાથે બંધાયલો મનુષ્ય મુક્ત ના... માટે બળીવાન બુદ્ધિ કરો. કરેલો નિશ્ચય કદી ફેરવવો નહીં. બલી રાજાને જ્ઞાન વિજ્ઞાન છતાં ભેદ ઉત્પન્ન થયો કે જે બળીને ત્યાં વિષ્ણુ દ્વારપાળ છે. કે જેની મીઠી નજરથી કુવૅલપાચલ પર્વત પળમાં તૃણ જેવો નરમ થઈ જાય છે. ત્રિલોકી મળી તો પણ શું શાંતિ છે? રોજ એનું એજ. રોજ ખાવું પીવું ભોગવવું. એકનું એક વાસી ફરી ફરીને ખાવામાં લાજ પણ આવતી નથી! જે વસ્તુ એકવાર નીરસ થાય તે કરવા ફરી પ્રવૃત્ત થઇએ છઇએ. નીરસ થયલું હોય તેમાં પાછા મડીએ ત્યારે તે ભ્રમ કહેવાય છે. અને બીજાને હસવા લાયક થઇએ છઇએ. સંકલ્પ ઉઠે છે અને સમાઈ જાય છે. દીવાના લોક જેવી ચેષ્ટા કરીએ છઇએ. પણ એમ નથી

સમજ પડતી કે નાના છોકરાની રમત કોણ કરે ? સઘળો અનર્થનો પસારો છે. સંસારમાં વિષયો એક પણ મોટું ફળ ઉત્પન્ન કરનારા નથી. ભોગ લેતાં ભોગ મળે છે. અવિનાશી જાણ્યા નહીં. વિરોચનને પૂછ્યું કે એવું કયું સ્થાન છે કે જ્યાં સઘળા સુખ દુઃખનો અંત આવે, અને સર્વ ભ્રમ શાંત થાય, અને જે પદ પામીને બીજું પામવાનું રહે નહીં. ભોગના પદાર્થ ઘણા છે તેમાં સુખ નથી. પ્રાપ્તિ વેળા તથા અપ્રાપ્તિ વેળા ચિંતા ગ્રસ્ત થવું પડે છે. જે ન બને તેને બનાવવાનો સંકલ્પ કરીએ છીએ. હૃદય આકાશમાં સંશય રૂપી વાદળ ઉઠયું છે. તે વચન રૂપી પવનથી દૂર કરવું સદ્‌ગુરૂના હાથમાં છે. પથર પર કમળ નાંખે તો કમળ કુંહીત થાય પણ પથરને અસર થાય નહીં. તેથી શિષ્ય પણ સાચો જોઇએ. યુદ્ધ કર્યાથી મન વશ થતું નથી. મને સર્વ દેવ દેવીને વશ કરીને ફેંકી માર્યા છે. પ્રલયકાળનો અતિ વાયુ છે. તેથી નારાયણ આદિને વશ કર્યા છે, કલ્પતરૂને તોડી પાડયા છે. પણ રાજાને વશ કરીએ તો મંત્રી વશ થાય. મન જીત્યાથી સઘળું જીતાશે. ધૈર્ય અને દ્રઢ નિશ્ચયથી બધું થાય જ. ગમે તેટલું અશકય જણાતું હોય તો પણ કોઇ વસ્તુ અશકય છેજ નહીં. નેપોલીઅનનો શબ્દ કોશ જુવો કે જેમાં ' અશકય ' બોલ છેજ નહીં.

તા. ૨૬-૯-૦૩.

૫૧. મનોનિગ્રહ.

બાળકને યુક્તિથી વશ કરીએ છીએ તે પ્રમાણે મનને યુક્તિથી વશ કરીએ તો આત્માનું દર્શન થાય છે. રાજાનું દર્શન નથી ત્યાં સુધી મંત્રી વશ થાય નહીં. મન મંત્રી પોતે સર્વ વિશ્વ થઇ બેઠો છે. જેમ માટીનું ઘડો થાય, ધુમાડો વાદળના-એક આકારને પ્રાપ્ત થાય, તેમ આત્મામાં મનની ઉત્પત્તિ છે. અને મન મંત્રી યુક્તિથી વશ થાય છે. હાથીને ફસાવી ખાડામાં નાંખી નિર્બળ કરી તેનો ખોરાક દૂર કરવો. મનનો ખોરાક શબ્દ રૂપ રસ ગંધ આદિ છે. તેનો સર્વદા સર્વથા ત્યાગ કરવો. એટલે તેને નાશવંત ભ્રમરૂપ અનર્થકારી જાણવા. મન હાથી વિષય રસ તણા મદે મસ્ત થયો છે, તેનું દમન યુક્તિથી થાય છે. બળે નહીં પણ કળે થાય છે. ક્રમે કરેલા અભ્યાસથી સુગમ થાય છે. પૃથ્વીમાં રસ છે ત્યાં લગી ઝાડ ખીલે છે. અંદરથી શઠ હોય અને બહારથી મોક્ષની ઇચ્છા કરે પણ અ-

ભ્યાસ કરે નહીં, તેથી તેને મુક્તિ કઠણ પડે છે, માટે વિષયોના રસને સુખના સાધનો છે એવી બુદ્ધિથી જોવા નહીં. વિષયોની સત્યતાનો ત્યાગ કરવો. આત્માને ધ્યેય કરો. વિષયોને નામરૂપને અસત્ય સમજી તેનું ચિંતવન નહીં કરો. તેનું મિથ્યાત્વ જાણી વરતો. કલ્પના ઊંડે તેમાં આત્મ સ્વરૂપનુંજ ભાન ઊંડે. પુરૂષાર્થ વિના કંઇ કાર્ય થતું નથી. યથાર્થ ક્રિયાનું ફળ થાય છે. પાણી વલોવે ઘી નહીં થાય, રેતી પીલે તેલ ન મળે અને છાણમાં તરવાર મારે લોહી ન નીકળે. પુરૂષાર્થનો નીયમ એજ દેવ છે. એજ દેવ છે. **પુરૂષાર્થ એજ પ્રારબ્ધ છે.** જેમ આકાશને ભુરાસ નથી. તેમ સંસારમાં સુખદુઃખ નથી. ભુરાસ જેમ આકાશમાં ખોટી ભાસે છે. તેમ સુખદુઃખ સંસારમાં ખોટાં ભાસે છે. જેમ ભુરાસ સત્ય જેવી લાગે છે, તેમ સુખદુઃખ પણ સાચાં જેવાં જણાય છે. સંકલ્પ કરીએ તેવું ભાસે છે. સંકલ્પ નીયમ અનુસાર થાય છે. મન નીયમે ચાલે તો કાર્ય સિદ્ધિ થાય છે, અનિયમથી ચાલે તો નિષ્ફળ થવાય છે, મન છે તો નીયમ છે. મન છે ત્યાં સુધી દેવ છે. **પુરૂષાર્થ વિના મોક્ષ નથી, માટે વૈરાગ્યનો પરમ પુરૂષાર્થ કરો.** અને જે મોક્ષ સર્વદા બનીજ રહ્યો છે તે મેળવો. મહેલ આગળ ઝુંપડી તેમ આત્મસ્વરૂપની દ્રષ્ટિથી વિષયને તુચ્છ જાણો. ચિત્ત સ્થિરતાને પામે તેજ સ્વરૂપ સુખ મળે. લક્ષ્મી સર્વ વિષયોનું બીજ છે. તેનું જે કરવું હોય તે બને છે. તેથી સૂક્ષ્મ બુદ્ધિવાન વિષયને દેખીને લલચાતા નથી. અને લક્ષ્મી પાસે રાખતા નથી, અને વિષય પર પ્રીતિ રાખે છે, તો વિષય દ્રષ્ટિથી રાખતા નથી, પણ આત્મદ્રષ્ટિથી સામાન્ય પ્રીતિ રાખે છે. તેમાં ગર્ભિત શક્તિ છે. આત્મ સ્વરૂપ સર્વનું બીજ છે. નામરૂપમાં તેજ પ્રગટ છે. પ્રદેશ જાય ત્યાં દ્રવ્ય લઇને જાય. નોટો કે હુંડી લઇ જાય. તેમાંથી પછી સહુ વેચાતું મળે. માટે દ્રવ્ય એ બીજ ગણાય છે. તેમ લીંગ દેહ એ પણ બીજ છે, કે જે વટાવેથી સ્થુલ દેહ પ્રાપ્ત થાય. સ્થુલ પડયું રહે છે અને લિંગ દેહ અનુભવ સાથે બહાર પડે છે. આત્મરૂપી દ્રવ્યથી જ્યાં જ્યાં જાય ત્યાં આનંદની રેલ છે.

૧. જાગ્રત કાળના ચાર ભાગ કરવા. બે ભાગ ધંધામાં. એકભાગ શાસ્ત્રીય વિચારમાં. અને એક ગુરૂની સેવામાં કહાડવો.

૧. શારીરિક. ૨. ઉદર નિર્વાહ. ૩ મનરંજન. ૪. પરમાર્થ. એમ ટાઇમ ટેબલ બાંધી નીયમિત વર્તવું. પહેલાં કરતાં બીજામાં, બીજા કરતાં ત્રીજામાં અને ત્રીજા કરતાં ચોથામાં વધુ વખત ગાળવો. પરંતુ એ પ્રમાણે ક્રમે થતું નથી. વટાવ ખાતું પરમાર્થમાંથી કહાડવામાં આવે છે: **આવો**

શિથિલ પુરૂષાર્થે કેમ સિદ્ધ થાય? કાળની વ્યવસ્થા રાખવી દરેક વિભાગમાં કેટલો કાળ ગાળ્યો તેનો હિસાબ રોજ મેળમાં રાખવો. પરમાર્થનો કાળ વધારવાની ઇચ્છા રાખવી. બધા કામમાં પરમાર્થને ઘુસાડવામાં શી હાની છે? પ્રભુ નામ સ્મરણમાં કોણ ના પાડે છે. નામ સ્મરણ ઘુસાવો કે જેથી નિદ્રામાં પ્રભાવ છૂટે. જાગ્રત સ્વપ્ન અને સુષુપ્તિ સીવાયની સંધિની જે અવસ્થા હોય ત્યાં જપ ચાલે છે. એવો અજપા જાપ બની રહ્યો છે. નામ સ્મરણમાં હરિ, નારાયણ, રામ, કૃષ્ણ મંત્રરૂપ છે. માટે માળા ફેરવવાની કરી છે. મુમુક્ષુઓએ તો વિષયોનો ત્યાગ કરી સત્ શાસ્ત્રના અભ્યાસમાં તથા ગુરૂ સુશ્રુષામાં કાળ ક્રમ કરવો. ગુરૂને પ્રશ્ન કરીએ એ પણ એક સેવા છે. ચિત્ત રૂપી બાળકને શાસ્ત્રમાં લલચાવો. જ્ઞાન થાય કે પ્રપંચની ફાંસી છૂટે છે. મનમાં સમદ્રષ્ટિ કરવી. કીડીથી બ્રહ્મ પર્યંત એકજ સ્વરૂપ છે. દરેક દાગીનામાં સોનું જ છે. બ્રાહ્મણ શ્રેષ્ઠ, શુદ્ર કનિષ્ટ એ કયો ન્યાય છે? નૌકાને નાવિક લઈ જાય છે. પણ નૌકા નાવિકને લઈ જાય છે, એ વાત ભૂલવી જોઇએ નહીં. આત્મદ્રષ્ટિ તૃષ્ણાને દૂર કરી નાંખે છે. અને તૃષ્ણા ત્યાગ આત્મદ્રષ્ટિ કરાવે છે. અભ્યાસની અવધિના આનંદનો અભાવ નથી. અવિનાશી આનંદ છે. આત્માનું દર્શન તો સદા છે જ. પણ તે જાણવું એટલે સ્વભાવ જાણવો. વસ્તુ લપટાયલી છે, પરભાવમાં દેખાયલી છે. પણ સ્વભાવમાં દેખાવી જોઇએ. નામરૂપના લપેટામાં ભેદ ભાસે છે. જે જાણવું રૂપ જે તેજ આત્મ સ્વરૂપ છે. આકારોને દુર કરે. અનુભવ તેજ જ્ઞાન તેમ સ્વરૂપ છે. કહેનાર તો ઘણું કહે. પણ જોવું કહેવું પોતાના હાથમાં છે. બીજનો ચંદ્રમા સામાએ જોયો તે પોતાના જોયા વિના કહેવાય નહીં. નિચું જોઇને ઉંચો ચંદ્ર જોવાય કેમ? તેને જોવાને તો નીચી નજર છોડી ઉંચી નજર કરવાની જરૂર છે.

ધર્મા ધર્મૌ સુખં દુઃખં માનસાની ન તે વિભો ॥
ન કર્તાસિ ન ભોક્તા સિ મુક્ત એવા સિ સર્વદા. ॥ ૧ ॥

ઓમ્ શાંતિઃ શાંતિઃ શાંતિઃ।

તથાસ્તુ.